ગંગાચીલની પાંખ

લક્ષ્મીનંદન બોરા
અનુવાદક
લાભુબહેન મહેતા

નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, નવી દિલ્હી

1979 (શક 1900)

રૂ. : 9.00

Original Title : Ganga Chilaneer Pakhi
(*Assamese*)
Gujarati Title: Gangachilani Pankh

પ્રકાશક: ડાયરેક્ટર, નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી 110016
મુદ્રક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન, અમદાવાદ 380 014

ભૂમિકા

અસમિયા નવલકથાની રૂપરેખા તૈયાર કરવી એ એક ભારે લાંબી પ્રક્રિયા છે. મધ્યયુગનાં કાવ્યો કે લોકકથાઓમાં એનો ક્યાંય ઉલ્લેખ નથી. વર્તમાન અસમિયા ગદ્યનો પ્રારંભ આસામની પ્રથમ પત્રિકા 'અરુણોદય' (1846–82)થી થયો. એ સમયમાં લગભગ છ લાંબી વાર્તાઓ—ચાર અનુવાદ, બે મૌલિક—પ્રગટ થઈ. 'યાત્રિકર યાત્રા' (યાત્રાળુની યાત્રા, 1851), 'એલોકેશિર બેસ્યા' (વેશ્યા એલોકેશીની કથા, 1857), 'કામિનીકાંત' (1877) અને 'ફૂલમણિ આરુ કરુણા' અનુવાદિત રચનાઓ છે 'સુધર્માર ઉપાખ્યાન' (સુધર્મની કથા, 1884) તથા 'બાહિરે રંગ ચંગ ભીતરે કોવા ભાતુરી' (ચળકે એટલું સોનું નથી હોતું, 1876) મૌલિક રચનાઓ છે. અનુવાદો અમેરિકાના બૅપ્ટિસ્ટ મિશનરીઓએ કર્યા છે. એક મૌલિક રચના પદ્માવતી ફુકન નામની લેખિકાએ લખી છે ને બીજી સુપ્રસિદ્ધ કોશનિર્માતા તથા વ્યંગકાર હેમચંદ્ર બરુઆએ લખી છે. ખ્રિસ્તી વાર્તાઓમાં શિક્ષણનો ઉદ્દેશ ધર્મપરિવર્તન હતો. 'કોવા ભાતુરી'માં પહેલી વાર આપણને સ્વસ્થ, સાહિત્યિક અને સંપન્ન ગદ્યનું દર્શન થાય છે. આમ તો એ એક વ્યંગાત્મક નવલકથા છે. વાર્તારસ અને ચરિત્રચિત્રણનું પણ એમાં ધ્યાન રાખવામાં આવ્યું છે.

અસમિયા નવલકથાનો બીજો સીમાસ્તંભ છે સાહિત્યિક પત્રિકાઓ 'જોનાકી' (1889) અને 'બિજુલી' (1890). 'જોનાકી'માં એલ. એન. બેઝબરુઆની 'પદુમ કુંવરી' (1905) ક્રમશઃ પ્રગટ થઈ હતી તથા 'બિજુલી'માં પદ્મનાથ ગોહાંઈ બરુઆની મહત્ત્વપૂર્ણ રચના ભાનુમતી પ્રગટ થયેલી. ભાનુમતી ભાવપૂર્ણ કથાના સાતત્યને લીધે પ્રથમ અસમિયા નવલકથા મનાય છે. પદ્મનાથની 'લાહોરી' (1892)માં પણ આ રીતનાં લખાણો મળે છે. બંનેની તુલના કરવામાં આવે તો 'પદુમ કુંવરી' કાંઈક સપાટીની લાગે છે. આ બધી નવલકથાઓ પ્રતિદ્વંદ્વી ઉમેદવારોની વાતો છે. એટલે એમાં નાયક-નાયિકાને સ્પષ્ટ રૂપમાં ઓળખી શકાય છે. એમાં શૃંગાર રસ મુખ્ય છે અને 'પદુમ કુંવરી'માં સામૂહિક આત્મહત્યાનો પ્રસંગ વર્તમાન લેખક લંબોદર બોરાની આલોચનાનું કારણ બન્યો. એ તો જાહેર છે કે નવલકથામાં સામાજિક અને નિષ્ઠાયુક્ત ઉદ્દેશ હોવો જોઈએ તેવું વિવેચક ઇચ્છતા હતા.

આસામમાં નવલકથાલેખન ઓગણીસમી સદીના સમાજ પર, ભારતીય

નવજાગૃતિની માનવ પર થયેલી અસરનું પરિણામ હતું. રજનીકાંત બાર્દો-લોઈની ઐતિહાસિક નવલકથાની ઉત્સાહપૂર્ણ કથા, ચરિત્રો અને ઘટનાઓની ક્રિયા-પ્રતિક્રિયા, ભાવાત્મક વર્ણન અને દેશભક્તિથી પરિપૂર્ણ કોઈ ખાસ ઐતિ-હાસિક ભૂતકાળનો અવાજ, ગુણાત્મક રીતે ભિન્ન તથા ખાસ રીતથી અસમિયા ઉપન્યાસના રૂપમાં એક નવા કલારૂપના આગમનનું સૂચક માની શકાય છે. એમના આદિવાસી જીવન પર આધારિત 'મીરી જિયારી' (મીરી કન્યા, 1894) નવલકથાને કથાસાહિત્યની શરૂઆત ગણવામાં આવે છે. એમની ઐતિહાસિક નવલકથા 'મનોમતિ' (1900), 'રંગીલી' (1909), 'નિર્મલ ભક્ત' (1926), રાધા-રુક્મિણી (1925), 'તામ્રેશ્વરી મંદિર' (1936) અને 'દંદુવા દ્રોહ' (1928) પૂર્વ બ્રિટિશ યુગમાં બર્મી આક્રમણ અને આસામના આંતરયુદ્ધ જેવી તોફાની ઘટનાઓથી થયેલી ઊથલપાથલ અને રૂંધામણ પર આધારિત હતી. ચરિત્રો દ્વારા સંસ્કૃતિ, ધર્મ, સામાજિક વ્યવહાર અને ચારિત્ર્યની નૈતિકતા પર સારો પ્રકાશ પડે છે. વાર્તા મોટે ભાગે ઉધાર લેવાતી હતી ને પ્રેમીઓની આસપાસ ફરતી હતી. 'તામ્રેશ્વરી મંદિર'માં બર્માના આક્રમણથી તીક્ષ્ણ બનાવેલી તાંત્રિક-પીટિકાની વિરુદ્ધ પ્રેમીના સંઘર્ષનું ચિત્રણ છે. 'મનોમતિ'ની કથા ઘણી સૂક્ષ્મ અને બળવાન છે. એમાં પ્રેમી માત્ર આક્ર-મણથી થયેલા હુમલાઓનો જ નહીં બલ્કે રોમિયો અને જુલિયેટની જેમ કુટુંબના સંઘર્ષનો સામનો કરે છે. 'નિર્મલ ભક્ત' બર્માના આક્રમણથી ઉપસ્થિત થયેલા કુંઠન ઉપર શુદ્ધ પ્રેમના કુંઠનની કથા છે. 'દંદુવા દ્રોહ'માં લેખક 'પદુમ કુંવરી'ની કથાને સારા ચરિત્રચિત્રણ તથા વાર્તા દ્વારા ચિત્રિત કરે છે. અવાર-નવાર આવતા અસંગત ઉપદેશોને બાદ કરીએ તો બધું જોઈ શકતા બાર્દોલોઈએ એમના સમયની કલાની જરૂરિયાતને પૂરી કરી છે.

ઐતિહાસિક નવલકથાનો રસ ઘણો ઓછો થઈ ગયો લાગે છે, તો પણ કેટલાક લેખકો આ ક્ષેત્રમાં ક્યારેક ક્યારેક પોતાનું યોગદાન આપતા રહ્યા છે. એના સાતત્યને હીતેશ્વર બરબરુઆની 'માલિતા' (1914), શરદચંદ્ર ગોસ્વામીની 'પાનીપથ', અને એચ. એન. દત્તબરુઆની 'ચિત્રદર્શન' તથા દંદીનાથ કલિતાની 'જનવિપ્લવ' સાચવી રાખ્યું છે.

સમાજની લૌકિક માનવીય શક્તિના ઉત્કર્ષની સાથોસાથ આસામમાં સામાજિક નવલકથાનો પણ ઉદ્ભવ થયો. ઐતિહાસિક વાતાવરણથી ખુલ્લો કરાયેલો પ્રેમ, નિષેધ મૂકીને અકારણ દાબી દીધેલા યૌનને કુદરતી અને

માનવીય આધાર પર ઊભા કરવાના હતા. આ શરૂઆતના સમયના લેખકોના લખાણની ચર્ચા અહીં જરૂરી નથી. આ લેખકોમાં કેટલીક સ્ત્રીઓ પણ હતી. આ બધાએ મળીને ત્રસ્ત વ્યક્તિઓની સમસ્યા તરફ આપણું ધ્યાન દોરવાની કોશિશ કરી. બીજા જૂથમાં દંદીનાથ કલિતા અને દૈવચંદ્ર તાલુકદાર જેવા લેખક ગાંધીવાદી સમાજસુધારાથી પ્રભાવિત થયા, પરંતુ એમને પોતાની નવલકથાઓમાં કલા અને સુધારાવાદની સુંદર, તટસ્થ અભિવ્યક્તિ દેવામાં ખાસ સફળતા ન મળી. એમનો મૂળ ફાળો હતો સમાજસુધારકને નાયકના રૂપમાં રજૂ કરતાં ઉત્પન્ન થતો ખેંચતાણ તથા પરિસ્થિતિને ઓળખવાનો. કલિતાની 'સાધના'(1925)નો નાયક દીનબંધુ શાળામાં ભણાવે છે, પરંતુ સ્ત્રીની રક્ષા અને ગરીબના સન્માનની રક્ષા કરવાની નૈતિક હિંમત એનામાં છે. સંભવિત નિંદાખોરોથી પોતાની જાતને બચાવી લેવા માટે આદર્શવાદ અને ઉપદેશની ઝલક ઘણી વાર દેખાય છે.

તાલુકદારની નવલકથામાં આદર્શવાદ તથા ચરિત્રોના વર્તનની વિષમતાનું ચિત્રણ મળે છે. એક સામાન્ય પ્રશંસનીય વાત છે નબળી વાર્તા અને અમૂર્ત ચરિત્રોમાં સ્વભાવગત ઊઠી આવતું લેખકનું મંતવ્ય, જે 'વિદ્રોહી'(1948)માં દર્શાવ્યું છે. આગ્નેય ગિરિનો કાર્તિક એટલી હિંમત મેળવી શકે છે કે તે એક બાળવિધવા સાથે લગ્ન કરી લે છે અને સમાજ-સુધારામાં પણ રસ લે છે.

દીનાનાથ શર્માની 'સંગ્રામ' (1954) જેવી નવલોમાં નીચલા વર્ગનાં સામાજિક કુંઠનોને સહાનુભૂતિ અને ભાવુકતાથી વ્યક્ત કર્યાં છે. 'સંગ્રામ'નો શિક્ષિત બુદ્ધિરામ બેકાર છે, કારણ કે માનવતાહીન અને ઓછી શરતો પર કામ કરવા તે તૈયાર નથી. અને શટલકોકની જેમ એક પછી બીજી પરિસ્થિતિ સાથે ઝઘડતો ઝઘડતો એ એક સ્વપ્નસુંદરીની કલ્પનામાં ડૂબેલો રહે છે તે છેવટે ખતમ થઈ જાય છે. 'નદાઈ'માં વળી આપણને એક મહેનતુ ખેડૂત મળી જાય છે, જે પોતાની સારી આર્થિક સ્થિતિને પામવાનો જ હતો ત્યાં એક નકામી પરિસ્થિતિમાં ફસાઈ જાય છે, જ્યાં નવી પેઢી એની ઇચ્છા પ્રમાણેનાં મૂલ્યોનો અનાદર કરે છે. આ રીતની ભાવુક માનવતાને આધારે સન 30ની આસામની જિંદગીનું વધુ તટસ્થ ચિત્રણ બીના બારુઆની 'જીબનોર બાટર'(જીવનના રસ્તા પર, 1945)માં મળે છે. એમાં શૈલી અને

વિષયવસ્તુ એવી રીતે એકબીજામાં સમાઈ જાય છે કે પરિસ્થિતિઓ અને ચરિત્રોની પારસ્પારિકતા વિશ્વાસપાત્ર અને વર્ણન સારાં જણાય છે.

[૨]

ઑગસ્ટની ક્રાન્તિ અને બીજા વિશ્વયુદ્ધ પછીના નવલકથાકારોની બે પેઢીઓ સામે આવી. યુદ્ધ, સ્વાધીનતા અને ક્રાન્તિની વિનાશક ઘટનાઓએ પહેલી પેઢીની કલ્પના પર પોતાની અસર મૂકી. બીજી પેઢીએ આ બધું સાંભળીને જાણ્યું, સ્વાધીનતાનો ખટમીઠો સ્વાદ તેઓ ચાખી ન શક્યા. આ લેખકોનું એક જૂથ છે, સ્થળસંકોચને લીધે એ બધા વિશે કાંઈ પણ કહેવાની મારી ઉત્સુકતાને હું રોકી દઉં છું. એક ખાસ વ્યક્તિગત કારણથી હું મારી નવલકથાઓ વિશે પણ કશું નહીં કહું.

જ્યારે નવલકથા લેખકોનું ધ્યાન માનવતા તરફ આકર્ષાયું ત્યારે વિષય-વસ્તુની શોધમાં (વ્યક્તિગત સ્વભાવ, વિશ્વાસ અને અનુભવના આધાર પર) જીવનનાં અસ્પૃશ્ય ક્ષેત્રો આગળ આવવા લાગ્યાં, પરંતુ બધા લેખકોએ પોતાના લખાણને વાસ્તવિકતા પર આધારિત કર્યું હોય એવું નથી. અનેક નવલકથા-ઓમાં શૃંગારનું પ્રાધાન્ય રહ્યું. જોગેશદાસની 'ડાવર આરૂ નાઈ'(વાદળ વિખરાઈ ગયાં, 1955)માં આસામના ચાના બગીચામાં કામ કરનાર એક પ્રામાણિક માણસના સંઘર્ષની વાત યુદ્ધના પ્રત્યક્ષ અને નૈતિક વિનાશની પીઠિકા પર લખાઈ છે. રસના બરુઆ(બીના બરુઆ અથવા ડૉ. બિરિંચિકુમાર બરુઆ)ની 'સેઉજી પાતેર કાહિની'(લીલાં પાનની વાર્તા, 1959)માં એક ચાના બગીચાના ક્ષેત્રના ઉપનિવેશક જીવનની ઉત્તેજક અને વિરોધી સંસ્કૃતિનું મંત્રમુગ્ધ કરી દેનારું વર્ણન મળે છે. ટૂંકી વાર્તાના લોકપ્રિય લેખક સૈયદ અબ્દુલ મલિકે સ્વતંત્રતા પછી નવલકથા લખવી શરૂ કરી. એમની નવલ-કથા જોતાં લાગે છે કે એમણે એક શૈલી અને એક શૃંગારપ્રધાન કલ્પનાનો પ્રયોગ કર્યો છે. 'સૂરજમુખીર સ્વપ્ન' (1960) સ્થાનિક મુસ્લિમ ગ્રામજીવનની એક જીવંત અભિવ્યક્તિ છે. પ્રાદેશિક નવલકથાને એક સફળ કથા બનાવવા માટે એમાં એ બધી વિશેષતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'અઘોરી આત્માર કાહિની'માં ત્રસ્ત નાયિકાના એક ખુશનુમા અંત માટે જીવંત વાર્તા-લાપ અને વિષમ કથાનકનો સમન્વય કરવામાં આવ્યો છે જે વર્ણન ગેરુદાસની 'સાંજુઈ ખેદી'(મૃગતૃષ્ણા)માં મધ્યમ વર્ગની એક શિક્ષિત નિર્વાસિત સ્ત્રીની

આંતરિક યંત્રણાનું, પ્રફુલ્લદત્ત ગોસ્વામીની 'કેચા પાતર કપની'(કંપતાં નવ-પલ્લવ, 1950)માં એક મકાનમાલિકના એક શિક્ષિત પુત્રની અશાંત વેદનાનું વર્ણન છે, જે આદિવાસી ભાડૂતોની સાથે વર્ગભેદનો સંઘર્ષ અને વિલાસ સાથે સાથે ભોગવતા રહે છે. રાધિકામોહન ગોસ્વામીની 'ચાકનૈયા' (વમળ, 1954) અને 'આમરલી'(તોફાન, 1958)માં ઉપરછલ્લી આધુનિકતા અને જીવન પર એના પ્રભાવનું લક્ષ્ય દેખાય છે. હોમેન બરગોહાંઈ ને આધ્યાત્મિક દૃષ્ટિકોણ સાથે સેક્સ એક રહસ્ય લાગે છે. એમના પુસ્તક 'તાંત્રિક'(1967)માં એ સ્પષ્ટ છે. એમની એક શરૂઆતની કૃતિ 'સુબાલા'માં બરગોહાંઈએ એક વેશ્યાની વાત અંતઃપ્રેરણાત્મક દૃષ્ટિકોણથી કરી છે. નવકાંત બરુઆની પ્રાદેશિક નવલકથા 'કપિલી પરિયા સાધુ' (કપિલી પરિયાની વાત, 1954) એક ગ્રામ ભાવુક યુવતી રૂપાર્ઇની નાજુક વાત છે, જેનાં માતાપિતાની કશી માહિતી નથી અને જેના ધર્મપિતા એને એક પૂરગ્રસ્ત સ્થળેથી લઈ આવ્યા છે. લેખકે કપિલીમાં અતિમાનવીય ગુણ દર્શાવ્યો છે. ચંદ્રપ્રસાદ સૈકિયાની 'એ દિન' (એક દિવસ, 1951) એક વિચારશીલ અને પ્રયોગાત્મક રચના છે. એ રાષ્ટ્રીય સ્વતંત્રતા અને પ્રગતિના આદર્શોથી પ્રેરિત છે.

જીવનને ક્ષેત્રીય અથવા વિભાગીય રૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન સમકાલીન અસમિયા નવલકથાકારોમાં પ્રધાનપણે દેખાય છે. એનો ઇશારો પ્રથમથી જ કરાઈ ચૂક્યો છે. પદ્મ બાર્કતકીની 'મનર દપન' (મન દર્પણ), પશુપતિ ભારદ્વાજ કૃત 'ઉરંત મેઘાર કર' (ઊડતાં વાદળોની છાયા), નિરૂપમા બરગોહાંઈ કૃત 'સેઈ નદી નિરબધિ' (અનવરત વહેતી નદી), એક યુવાન લેખકની 'એઈ પદુમની' અને એક બીજા યુવક લૂમ્મેર દાઈની 'પૃથિબીર હાહિ'(પૃથ્વીનું અટ્ટ-હાસ્ય)માં એ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. 'એઈ પદુમની' એક એવા કઢંગા ગ્રામ્યજીવનની કહાણી છે કે જે ઔદ્યોગિક પ્રક્રિયાથી પ્રભાવિત થઈ ચૂક્યું છે. મહિલા લેખકોનો ઉદય પણ એક મહત્ત્વપૂર્ણ વિકાસ છે. નિરૂપમા બર-ગોહાંઈ સાથે 'આકાશબંતી'ની લેખિકા નીલિમા દત્ત, 'ઉત્તરાયન'ની લેખિકા પ્રવીણા સૈકિયા પણ યોગ્ય લેખક તરીકે આગળ આવે છે. લેખકોની એક લાંબી યાદી છે, જેવા કે મહમ્મદ પિયાર, નિરોદ ચૌધુરી, હિતેશ દેકા અને કુમાર કિશોર વગેરે લોકપ્રિય રહ્યા છે. ગરીબી, શૃંગાર અને સેક્સ સંબંધી વિષયવસ્તુઓનો અવિવેકપૂર્ણ ધંધાદારી પ્રયત્ન થયો છે, પરંતુ એમાંનો મોટો ભાગ કલાની શ્રેણીમાં નથી આવતો.

[૩]

નવલકથા લેખનમાં લક્ષ્મીનંદન બોરા તુલનાત્મક દૃષ્ટિએ નવાગંતુક છે. એમની કૃતિઓમાં વિષમતા છે. એમની કેટલીક નવલકથાઓ નિશ્ચિતરૂપે સેક્સ સંબંધી છે અને એમની બધી કૃતિઓને કલાત્મક કહી પણ ન શકાય. 'ગંગા ચિલનીર પાખી'(ગંગાચીલનું પંખી, ૧૯૬૩)માં એમની પ્રારંભિક લઘુકથાઓની ઝલક મળે છે, ખાસ તો જ્યારે આધુનિકતાથી પ્રભાવિત થયેલા ગામનું દૃશ્ય આવે છે ત્યારે. અસમિયા નવલકથાના જન્મથી માંડીને આજ સુધી સ્ત્રીઓ પ્રત્યે એક ઉત્કંઠા(જેનું વર્ણન લગભગ ઉત્સાહભરી રીતે કરવામાં આવ્યું છે)નું વર્ણન વાંછિત માત્રામાં અહીં મળે છે. વાસંતીના ચરિત્રનો વિકાસ માનવીય છે અને એનો ભય પરિસ્થિતિજન્ય હોવા છતાં પણ માનવતાનું પ્રતિનિધિત્વ કરે છે. પુરુષ પાત્રોમાં ધનંજય પૂરતા પ્રમાણમાં એકરૂપ છે અને 'કપિલી પરિયા સાધુ'ની રૂપાઈની યાદ દેવડાવે છે. મને લાગે છે કે ભોગરામ અને મથુરાના ચરિત્રનિર્માણમાં કશીક ન્યૂનતા રહી ગઈ છે. ખાસ કરીને એ જ્યારે વ્યભિચાર કરે છે, ચોરીછૂપીથી અફીણની આયાત-નિકાસ કરે છે, મથુરાનો અનપેક્ષિત અકસ્માત વાર્તાની આંતરિક આવશ્યકતા કરતાં વધારે બહારનાં કારણોથી પ્રેરિત હોય તેવું લાગે છે. જ્યારે લેખક ઘરની યાદમાં આતુર બનીને સોનાઈ નદીના કિનારાનું જીવન, આઝાદી પછીની ચૂંટણી સંબંધી રાજકારણ, વિકાસકાર્યો અને આધુનિકીકરણની વાત લાવે છે, તે પુસ્તકનો આકર્ષક ભાગ છે. આ પ્રસંગ વાસ્તવિકતાનો તો માત્ર એક જ અંશ છે એમાં સંદેહ નથી, પરંતુ પૂર્ણતઃ ચિત્રિત કરવામાં આવ્યો છે.

આ ટૂંકા સર્વેક્ષણથી એ વાત સિદ્ધ થાય છે કે બોરાની નવલકથા ક્ષેત્રીય છે અને અસમિયા નવલકથાલેખનમાં પ્રચલિત શૈલીનું પ્રતિનિધિત્વ કરે છે. આ અનેકમાં એક છે. અસમિયા ન જાણનાર વાચક આ વાંચીને આસામના ગ્રામજીવનની એક ઝલક લઈ શકે.

ખારઘુલિ,
ગૌહાટી–૪

બીરેન્દ્રકુમાર ભટ્ટાચાર્ય

એક

એ માણુસ પરમ દિવસે પણ વાસંતીને ઘેર આવ્યો હતો. વાસંતીએ યાદ કરી જોયું કે અત્યાર સુધીમાં એ જ માણુસ એને ઘેર ત્રણ વાર આવી ગયો છે. પરંતુ એ એના વિશે કશું નથી જાણતી. એ કોણ હશે? માને પૂછું? ના, એ આવી વાત ન પૂછી શકે. મા ખિજાય, એના વિશે જાણવાની ઉત્સુકતા જોઈને મા કદાચ કહેશે.... બહુ પૂછે છે, પસંદ પડી ગયો છે કે શું? હા, એ વાત ખરી તો છે, શંકા તો જરૂર પડશે. આ માણુસ નહીં — નવયુવાન ક્યાંથી આવતો હશે ભલા? રાયડિંગયાથી? પાભચિલાનો પણ હોઈ શકે. જલમઈ ગામના બાદુલા બાઈનના ઘરનો હશે શું? ખલપિયાના મુંકદ સાટોલાનો છોકરો પણ હોઈ શકે. એ ક્યાંનો પણ હોય પણ અમારી સોનાઈ નદીની આ બાજુનો નથી. સોનાઈના ઉત્તર કાંઠાનાં કેટલાંય ગામો એણે યાદ કર્યાં: જલમઈ ગામ, પાભચિલા, રાયડિંગયા, ડેવડા, કુંજી, ચાણુકધરા, કહુંવા વગેરે. બીજાં પણ કેટલાંય ગામ છે. એના ઘેર પહેલાં પણ કેટલાય લોકો આવ્યા છે અને હજુ પણ આવશે. ભાઈ વેપારી માણુસ છે. જાતજાતના લોકો સાથે એમને પરિચય છે. જુવેદ અલી મુનશીની સાથે જે રીતે પોતાપણું બતાવે છે, કુંજીના બસૂકા કલિતાનો પણ એ જ રીતે આદરસત્કાર કરે છે. કોણ કેટલું પોતાનું છે એ કહેવું કઠિન છે. વેપારી માણુસની વાતચીતમાંથી કાંઈ જાણુવા નથી મળતું. આ નવયુવાન સાથે પણ ભોગરામને આત્મીયતા છે એવું અનુમાન વાસંતીએ કર્યું.

એ અજાણ્યો માણુસ, જેના નામ-સરનામાની પણ એને કશી ખબર નથી તોપણ એ શા માટે એના વિશે આટલો બધો વિચાર કરે છે, એને લજ્જા આવી. અચાનક એનું મન મૂંઝવણુમાં મુકાઈ ગયું. આજ સવારે એણે

એ વિચારવાનું હતું કે ટુવાલનાં બાકી રહેલાં ફૂલ ક્યારે વણશે, પાભચિલાની રુકોણીમાસીને ત્યાં કીર્તન થવાનું છે એમાં એક દિવસ વહેલી જાય કે બે દિવસ, વગેરે. પરંતુ મનનાં ઊંડાણમાં તો એ પેલા નવયુવાનને જ શોધતી રહી. વહેતા પાણીમાં નૌકાના હલેસાને પકડી રાખવું જેટલું કઠિન છે તેટલું જ મનને બાંધી રાખવાનું કઠિન છે.

એણે ક્યાંકથી સાંભળ્યું હતું કે કાચમારી તળાવનું ઊંડાણ કોઈ માપી નથી શકતું, એવી જ રીતે મનની વાતનો પણ છેડો નથી મળતો. એક અપરિચિત પુરુષ પ્રત્યેના એકાએક આટલા આકર્ષણે એના યુવાન મનને ડામાડોળ કરી નાખ્યું. એ બેચેન બની ગઈ. એનું સ્વાભાવિક મન ઉદાસ બની ગયું. રોજ ઝાડુ કાઢવું, અને વીજળીની ગતિથી ઘરનું કામ કરવું. સાળ પર ઝડપથી પગ ચલાવી સાળમાં પ્રાણ રેડી દેવો, અને બે વાર ખાણિયામાં ધાન કૂટીને પડોશીઓને બતાવવું કે ઘરમાં એક નવયુવાન, લાલી-ભરી, તંદુરસ્ત શરીરની, કાઠું કરેલી ચંચળ છોકરી છે. આજે તો જાણે એના શરીરમાં દુનિયા આખીની આળસ આવી ભરાણી છે, સાળમાં દોરાની કોકડી ચાલતી રહી. સાળ પર ચાલવા ટેવાયેલા ચરણના સ્વરો અટકી ગયા.

હવે સૂરજ માથે આવી ગયો છે. શરીરને તાપ લાગે છે. આજે હજી તો ઘણું કામ બાકી છે. ચોખા ખાંડવાના હતા, હંસોને છોડીને એમનો કુંડ સાફ કરાવાનો હતો. ચબૂતરો લીંપવાનો હતો. ઘરનાં બીજા માણસો કામમાં ગૂંથાયેલા છે. ભત્રીજો દેવકણ અને ભત્રીજી ચિરૂણી આંગણામાં રમે છે. હાથ પહોળા કરીને, ગોળ ગોળ ફરીને પડે-આખડે છે. મોટાભાઈ ભોગરામ સવારે ત્રાજવાં અને કાટલાં સાઇકલ પર બાંધીને ઢલપુરિયા ગામ ગયા છે. ભાભી કદાચ પાછળ દોરી પર કપડાં સૂકવા રહી છે. વૃદ્ધ મા આંગણામાં બેઠી બેઠી ગણગણે છે: 'ભાલ ભાલ, ભાલ ભાલ, ભાલ નાચે મદન ગોપાલ.' માત્ર પોતે જ ચોખાના કોઠારની સામે મોટા લાકડા પર બેઠી છે ને પગના અંગૂઠાથી માટી ખણી રહી છે. ઘરની પાસેથી કદાચ કોઈ વૃદ્ધ પસાર થયું હશે. દેવકણ અને ચિરૂણી ભારે તોફાની છે. તેઓ કૂદડી ફરવાનું છોડીને બૂમો પાડવા લાગ્યાં: 'વાંસનો મૂડો, બોરનો થેલો, ક્યાંથી આવ્યો ગુસ્સાવાળો બુઢ્ઢો!' એ વખતે જ ભાભીનો અવાજ આવ્યો: 'તમે લોકો બહુ બગડી ગયાં છો. રસ્તે ચાલતા લોકોને ચીડવવાની મજા ચાખજો.'

થોડી જ વારમાં ભાભી એની પાસે આવી, માથાથી પગ સુધી એક વાર એને જોઈને, જમીન પર ઢસરડાતો પોતાનો છેડો કમરમાં ખોસીને બોલી : 'વાસંતી, ઠન ઠન મદન ગોપાળ બનીને બેઠી છો તો ખબર છે કે નહીં, અહીં સૂરજ માથે ચડ્યો છે ને તને તો કદાચ ભાનેય નથી કે હજુ કેટલું કામ બાકી પડ્યું છે.'

વાસંતી ઊભી થઈ ગઈ. એને શરમ પણ આવી. કદાચ ભાભી સમજી ગઈ હશે. કામ છોડીને આવી રીતે બેઠેલી વાસંતીને ભાભીએ ક્યારેય જોઈ નહોતી. વાંક છુપાવવા વાસંતી બોલી : 'આજ સવારથી તબિયત ઠીક નથી લાગતી. માથું ભારે ભારે લાગે છે.'

ભાભીએ મોકો જોઈ ટોણો મારતાં કહ્યું : 'ખરેખર? મને તો એમ હતું કે દિલની જ બીમારી છે. આજકાલની જુવાન છોકરીઓને દિલની બીમારી જ વધારે થાય છે. હા, દોષ જુવાનીનો છે.'

'મજાક શા માટે કરે છે ભાભી, આજકાલ તો હું કાંઈક કહું છું તો તું બીજું જ સમજે છે.'

'મને તું શું સમજાવવાની હતી?'

'તું શું સમજી?'

'કે તું એક ડાહી છોકરી છે ને હું તો મૂરખ સ્ત્રી છું. આથી વધારે વળી બીજું શું સમજવાની હતી?'

આમ કહીને ભાભી હસી પડી, પણ વાસંતી હસી ન શકી, એનું દિલ ધડકી ઊઠ્યું.

'ભાભી, દેવકણનાં બે કપડાં ધોવાનાં રહી ગયાં લાગે છે.'

'અત્યારે એની જરૂર નથી. આજ તને રજા આપું છું. બીજાને ઘેર જઈશ ત્યાં આ રીતે આરામથી બેસીને વિચારવાનો સમય ક્યાંથી મળશે?'

'ઓ...હો... આજ ભાભીને થઈ શું ગયું છે?'

'આ રીતે અજાણ્યા બનવાથી શું વળવાનું? કહેવાય છે કે સો ચૂહે મારકે બિલ્લી હજકો ચલી!' પછી ભાભી એના જવાબની રાહ જોયા વિના જ ઘરમાં ચાલી ગઈ અને લગ્નગીતની બે કડી એના કાને અથડાણી, 'ફૂલ આછે ફૂલી, કદમ આછે હાલી, કીય આઈ દેવ ચિંતા કરા રામ નાહે બુલિ.'

એ સમજી ગઈ કે એને ખીજવવા માટે જ ભાભી અંદર જઈને લગ્નનું

ગીત ગાય છે. એને અત્યારે ભાભી પર ખૂબ જ હેત ઊભરાયું. કેવી રંગીલી અને પ્યારી ભાભી છે! દુઃખ જેવી કોઈ ચીજ જ એના મનમાં નથી. હા... દુઃખી હોય પણ શા માટે? ભોગરામ એના પર કેટલો પ્રેમ રાખે છે! પરંતુ આ ભાભી બીજાના મનની વાત કેટલી જલદી સમજી જાય છે તેની તો વાસંતીને આજે જ ખબર પડી.

એના ઘરની પાછળની વાડી ખૂબ ભરચક છે. સોપારી અને પાનનાં ઝાડ જ કદાચ અઢી વીસું (વીસ) હશે. બે કાળાં જાંબુનાં ઝાડ પણ છે. પાભચિલાથી લાવીને લગાડેલી બે નારિયેળીને પણ ફળ આવ્યાં છે. આ વખતે પપનસનાં ત્રણ ઝાડમાંથી એક પર કાઠઆલુનો વેલો ચડ્યો છે. બગીચો સારો એવો સાફસૂથરો છે. ત્યાં તો જાણે ફૂંક મારીને જ ભોજન કરી શકાય. મન ઉદાસ થાય ત્યારે વાસંતી મોટે ભાગે બગીચામાં જ આવી જાય છે. એક નાની એવી ખૂરપી લઈને બટાટા, અળવી અને આદું-હળદરના છોડવાની આસપાસ જમીન ખોદવા લાગે છે. આજે પણ તે પાછળની વાડીમાં ચાલી ગઈ. એને જોઈને એક ખિસકોલી માથું હલાવી તીરની ઝડપથી સોપારીના ઝાડની ટોચે પહોંચી ગઈ. પોલીસટોપી જેવાં માથાંવાળી ચકલીઓ, લક્કડખોદ ઠેકરોના ઝાડ પર થોડી વાર ચિચિયારી કરીને પછી ચૂપ થઈ ગયાં. કણુકાકાની વાડીના વાંસનાં વૃક્ષોનાં ઝુંડ તરફ જોતાં એની નજર એક જહાંમાલ (વૃક્ષ પર ચડી શકે તેવો એક પ્રકારનો ચિત્તો, જેના શરીરમાંથી આસામના 'જોહા' ચોખાની સુગંધ આવે છે) પર પડી. તે વાંસના એક વૃક્ષ પરથી બીજા તરફ જતો હતો. વાસંતીને લાગ્યું કે આ બધાંય એના મનની વાત પામી ગયાં છે. પશુપક્ષી સર્વજ્ઞાની હોય છે. અને એમાં આશ્ચર્યની વાત શી છે તે પણ જાણી શકે છે, અને તેથી કદાચ એનું સ્વાગત કરે છે. છી ...પોતે આવું બધું શા માટે વિચારે છે! માણસોને શું આવા વિચારો આવતા હશે? પોતે ગાંડી તો નથી થઈ ગઈ ને? આ બધી અણસમજની વાતો છે.

પરંતુ સોનાઈપિરિયા ગામની છોકરી આ જ રીતે વિચારે છે. એ સમજે છે કે સોનાઈની આસપાસનાં વૃક્ષો, વેલાઓ, પશુપક્ષી અને વિશાળ શ્યામલ મોહનીય પ્રકૃતિ એ બધાં એમનાં મનની નજીક હોય છે. આ લોકો કુદરતથી અભિન્ન છે. એટલે જ કોયલ, કેતકી પણ મનની વાતો કહે છે. સોનાઈનાં ચમકતાં ઉજ્જ્વળ પાણીના સ્રોતમાંથી જીવનનું સંગીત પામે છે. તે સોનાઈને

છોડી ન શકે. સોનાઈ પાસેથી તો તે જીવનની દીક્ષા લે છે. સોનાઈ તો એની સાથે વાતો કરે છે, નાચે છે, હસે છે, રડે છે.

વાડીની પેલી બાજુ દોઢ વીસું હાથ જમીનમાં વાંસ છે. માત્ર બે જગાએ 'ભોલુકા વાંસ' છે. બાકી બીજા બધા નાના કદના છૂટા છૂટા વાંસ છે. એની વચ્ચેના રસ્તેથી સોનાઈના ઘાટ પર જઈ શકાય છે. પાછલા આંગણાના રસ્તેથી પણ સોનાઈ જોઈ શકાય છે. ત્યાંથી તો સોનાઈ બે મિનિટનો રસ્તો છે, એટલે જ્યારે પણ પાણીની જરૂર પડે છે ત્યારે લાવવામાં ભાભી કે વાસંતીને કશી તકલીફ પડતી નથી. ગમે તેવાં કપડાં પહેર્યાં હોય તોય જઈ શકાય. સોનાઈ નદી પર જવા માટે બીજા કોઈનું આંગણું વટાવીને કે જાહેર રસ્તેથી જવાની જરૂર પડતી નથી. પોતાની વાડીની પાછળ જ સોનાઈ વહે છે. હાથી-ચુંગ ગામના માણસોને જેમ પછવાડે કૂવા છે તે જ રીતે વાસંતીને માટે સોનાઈનો ઘાટ છે. આ ઘાટનું એક નામ પણ છે — ઠનુઆ ઘાટ. એના કોઈ પરદાદાનું નામ કદાચ ઠનુઆ કલિતા હતું. તેઓ બહુ મોટા માછીમાર હતા. કહેવાય છે કે એમની જેમ વાંસડો નાખીને માછલી પકડનારું કદાચ આ ઇલાકામાં બીજું કોઈ જન્મશે નહીં. આ જ ઘાટ પર વાંસડો નાખીને પકડેલી એક હાથ ને એક મુઠ્ઠી જેટલી મોટી માછલીને બાંધીને તેઓ જીવતી રાખતા હતા! આ રીતે કેટલીય રોહી માછલી રાખતા હતા. તેઓ બહુ પ્રખ્યાત માણસ હતા. એમના નામ પરથી જ આ ઘાટનું નામ છે.

નાહવા માટે વાસંતી ઘાટ પર ગઈ. સામે પાર જ્યાં સુધી એની નજર પહોંચી શકતી હતી ત્યાં સુધી જોવાની એણે કોશિશ કરી. કયું ગામ ક્યાં હોઈ શકે એ વિચારવા લાગી. આ ખોલપિયા છે, પેલું ચાણુકધરા. આંખોની બરાબર સામે પાભચિલા. એ જ્યાં ઊભી છે ત્યાંથી સોનાઈ પાર કરીને લગભગ ચાર વાંસ દૂર પૂર્વની તરફ જે ઘાટ છે ત્યાંથી જ એ નવયુવાન નદી પાર કરે છે. મોટે ભાગે સાઇકલ લઈને જ પાર કરે છે, પરંતુ ક્યાંથી આવતો હશે? પાભચિલા, ખોલપિયા, કુંજી કે પછી કોહુઆ આટી ગામનો? એનું નામ શું છે, ઘરમાં કોણ કોણ છે, પરણેલો છે કે નહીં. એને ઓળખતી નથી. એક દિવસ મોટાભાઈને શોધતો આવ્યો હતો. સાઇકલ વાંસના ગેટ પાસે ટેકવીને ઝડપથી દીવાનખાના તરફ ચાલ્યો. એને આજે એ બધું બરાબર યાદ આવ્યું. બે કછોટી મારીને ધોતિયું પહેર્યું હતું. ખમીસ પણ બગલા

જેવું સફેદ પહેરેલું. વાસંતીના મોટાભાઈની જેમ છાતી પરનાં બટન ખુલ્લાં હતાં, અને ખમીસની બાંયો ઉપરની બાજુ વાળેલી હતી. ભાઈના મોઢાની જેમ એના મોઢા પર ઘાસ જેવી દાઢી નહોતી. હજામત એકદમ સાફ બનેલી હતી. ગોરા સુંદર મુખ પર કાળી મૂછો હતી અને ચહેરો લાલ હતો. સારું કદ, અવાજ પણ કેવો ગંભીર. મરદનો અવાજ તો એવો જ હોવો જોઈએ. એના ગંભીર સ્વરમાં જાણે 'ગગના'(વાંસનું નાનું એવું ગ્રામ્ય વાદ્ય)નો એક જુદો જ સ્વર છે. આવા સ્વરવાળા મનુષ્યોને પોતાના પર ઘણો વિશ્વાસ હોય છે. બીજાં માણસોએ પણ આવા માણસો પર વિશ્વાસ રાખવો જોઈએ. આવો અવાજ સાંભળીને ભલા એવી તે કોણ છોકરી હોય જેનું દિલ ધડકી ન ઊઠે ?

એણે ઘરના ઉંબરા પર પગ રાખીને પૂછ્યું : 'ઘરમાં કોઈ છે ? ભોગરામભાઈ નથી કે ?' બાજુના ઓરડામાંથી વાસંતીએ જવાબ આપ્યો, 'નથી. શું કામ છે ?'

'તો તું જ સાંભળી લે, એક કામ છે.'

વાસંતી દીવાનખાનામાં આવી. એણે કહ્યું, 'ઠી...ક, તો તું જ કદાચ વાસંતી છે. ભોગરામભાઈ રોજ વાસંતીનું નામ લે છે. હું તો સમજતો હતો કે કોઈ નાની એવી છોકરી હશે. અત્યારે જોઉં છું તો ભારે સુંદર, ઘરની શોભા વધારે તેવી છોકરી છે.'

'બેસો.'

'ના, બેસવું નથી. ખૂબ કામ છે. એક ખબર આપવા આવ્યો હતો. ભાઈને કહેજે, પાભચિલાથી ચાકીરામે સમાચાર મોકલ્યા છે કે એમની પાસે એક ગાડી ચોખા છે. કાલ સુધીમાં તોળીને લઈ જવા કહ્યું છે.'

'સારું, કહી દઈશ.'

માણસ જેવો આવ્યો હતો એટલી જ ઝડપથી ચાલ્યો ગયો. એની સાથે વાતચીત કરવામાં જે કાંઈ થોડો સમય મળ્યો તે નવયુવાનના મુખ તરફ જોવામાં જ વીતી ગયો. નામ પૂછવાનું પણ યાદ ન આવ્યું. ભાભીએ પણ એને દીવાનખાના તરફ આવતાં જોયો હતો. પરંતુ એણે ભાભીને પૂછ્યું નહીં કે તે કોણ છે ? ભાભી એટલી ઝડપી છે કે જવાબ દેતાં પહેલાં જ કહી દેશે કે બહુ પૂછે છે તે પસંદ આવી ગયો છે કે શું ?

ફરી એક વાર પણ તે આવ્યો હતો. પરંતુ તે દિવસે મોટાભાઈની સાથે જ વાતો કરતો રહેલો. વાસંતી એમને ચા આપીને ચાલી આવી હતી, પરંતુ તે દિવસે એના દિલમાં એક કોમળ એવું તીર વાગતું હતું. એણે વાત કરતાં કરતાં બે વાર છાનાંમાનાં એની તરફ જોયું હતું. એક વાર તો એની સુંદર આંખોની તીરછી નજર વાસંતીની જોબનવંતી છાતી પર આવીને અટકી ગઈ હતી. એ વખતે વાસંતી પર આખી દુનિયાની શરમ આવી ગઈ હતી. બેભાનાવસ્થામાં એને ઉંબરાની ઠોકર લાગી ગઈ ત્યારે એને વળી એથી પણ વધુ શરમ ઊપજી.

સોનાઈમાં ઘૂંટણ સુધી ઊતરીને હાથેથી પોતાના પર પાણી ઉછાળી આખું શરીર. ભીંજવતી ભીંજવતી આવા જ વિચારમાં પડી ગઈ. ભીના શરીરને તડકે સૂકવતી હતી. ડૂબકી મારીને નાહવાનું પણ તે ભૂલી ગઈ હતી. એ છેલ્લી વાર આવ્યો ત્યારની વાત એ યાદ કરતી હતી.

પોતે દીવાનખાનામાં ઝાડુ મારતી હતી, એ જ વખતે તે આવી પહોંચ્યો. આ વખતે એણે ખૂબ જ સ્વાભાવિક રીતે બેસવાનું કહ્યું. એક મૂડા પર તે બેસી ગયો. ઝાડુ દીવાલ સાથે ટેકવીને એણે પોતે જ કહ્યું, 'ભાઈ નથી, ફૂલગુડી બજારે ગયા છે.' ભાભી ઘરમાં નહોતી એટલે એનામાં બોલવાની હિંમત આવી હતી. બપોરે બદો મંડલના ઘરમાં ત્રણ બકરી કાપીને જમણ કરવામાં આવ્યું છે. શાકભાજી વગેરે સુધારવામાં મદદ કરવા ભાભી ત્યાં જ ગઈ છે. દેવકણ અને ચિકૂણી આંગણામાં રમે છે.

'ઠીક, તો પછી તું જ આ વાત કરી દેજે. એમણે મને કહેલું કે પોતે કાલે શહેરમાં જવાના છે. આ કાગળ તને આપું છું, એમાં કેટલીક દવાઓ-નાં નામ છે અને આ પૈસા છે. એમને કહેજે કે દવાઓ ખરીદી લાવવાનું કહ્યું છે. પરમ દિવસ સુધીમાં કોઈ પણ દિવસે આવીને હું લઈ જઈશ.'

એટલું કહીને એણે કાગળ અને પાંચ રૂપિયાની એક નોટ નજીકના પાટલા પર મૂકી દીધાં. વાસંતીએ બધું પોતાના હાથમાં લઈ લીધું. થોડી વાર બંને ચૂપ રહ્યાં. વાસંતીને થયું કે આ રીતે ચૂપ રહેવું એ ખરાબ લાગે. દીવાનખાનાની નિઃસ્તબ્ધ પ્યારી હવામાં એનો ઝડપથી ચાલતો શ્વાસ રૂંધાઈ ગયો. નવજવાન બુદ્ધિમાન છે. છેવટે એ પોતે જ ઊંડા આત્મવિશ્વાસ અને મધુર કંઠે બોલ્યો : 'વાસંતી, ઘરમાં કોઈ આવે તો એને તું દુશ્મન માની બેસે

છે શું?' આમ કહીને એણે માટેથી હસવાનો પ્રયત્ન કર્યો. નિઃસ્તબ્ધ દીવાનખાનું એકાએક મુખર થઈ ઊઠ્યું. વાસંતીનું મન સાફ થઈ ગયું. એણે પોતાના લાલ હોઠ જરા વાંકા કર્યા. આ હાસ્યે એના જીવનમાં પહેલી વાર પ્રેમ અને વાસનાનો એક અનુભવ કરાવ્યો હોય એવું એને લાગ્યું. પહેલાં એનું હાસ્ય નિષ્કલંક હતું. શરદકાળના સોનાઈના પાણી જેવું નિર્મળ હતું, પરંતુ એનું પ્રથમનું હાસ્ય કેવું યુક્તિપૂર્ણ અને અર્થવાહી. જાણે એમાં અણસમજુ પ્રેમની મેંદી લાગી હોય.

'આપ બેસો, હું જરા ચા બનાવી લાવું.'

'ચા નથી જોઈતી. સુંદર છોકરી છો. તું આવી તકલીફ ભલા શા માટે લે? ચાને બદલે કાંઈક બીજી વાતો જ કરીએ. હું ઘરેથી સારી પેઠે ચા-નાસ્તો કરીને આવ્યો છું. ચા બનાવવાનો જેટલો સમય હોય તેટલો સમય તારી સામે જોઈ રહેવાથી સારું લાગશે.'

પુરુષના મોઢે પોતાના રૂપની પ્રશંસા સાંભળીને વાસંતી શરમથી બિડાઈ ગઈ. પગના નખથી જમીન ખોતરવા લાગી. થોડી વાર પછી બોલી: 'એક પાન તો ખાઈ લો.'

'તને ખરાબ લાગે છે તો ખાઈ જ લઉં.' કહીને એણે પોતાની સંમતિ આપી.

મુખ પરના સ્મિત સાથે હાથની પાનદાન નીચે મૂકતાં તે બોલી: 'આજનું ગણીને આપ ત્રણ વાર આવી ગયા, પરંતુ તમારા નામની ખબર ન પડી.'

એણે કહ્યું: 'તો એનો અર્થ એ થયો કે તેં બીજા કોઈને પૂછ્યું પણ નથી. એટલે કે તને મારા વિશે કોઈ પ્રકારનું કુતૂહલ નથી એ વાત નક્કી.'

વાસંતીએ કહ્યું: 'અરે, બીજા કોઈને કેવી રીતે પૂછી શકાય?'

આ વખતે એણે હસતાં હસતાં કહ્યું: 'ઓહ...સમજ્યો, એનો અર્થ કે તને સૌથી વધુ કુતૂહલ છે. પણ તારો સંકોચ...'

એ પણ હસી પડી. એ હાસ્યથી જાણે સોનાઈના પૂરનાં પાણીનો ખળખળ અવાજ અટકી ગયો.

'ધાર કે મારું નામ ગંધેલા!'

'છી... આવા માણસનું નામ કદી ગંધેલા હોઈ શકે ખરું?'

'તો સમજ કે મારું નામ રાજકુમાર છે.'

'હું સરખી રીતે પૂછું છું ત્યારે તમને આ રીતે ખોટાં ખોટાં નામ કહેવામાં શો આનંદ મળે છે?'

'આનંદ કરવાનો અવસર ફરી ક્યાંથી મળશે? ઠીક, ધાર કે મારું નામ અર્જુન છે, જેનું નિશાન નક્કી છે.'

'મને ચીડવવાનો આ માણસને ઠીક મોકો મળી ગયો છે.' આ વખતે તે વધારે ખીલી ઊઠયો. નાટકના અભિનેતાની જેમ બોલ્યો : 'અર્જુન, ફાલ્ગુની, સવ્યસાચી, ધનંજય, કીર્તિ, વિભત્સુ, શ્વેતવાહન, વિજય. આ આઠ નામોમાંથી એક નામ શોધી કાઢ, તારે માટે આ એક ઉખાણું છે.'

એટલું કહીને એ ઘર બહાર નીકળી ગયો. વાસંતી આંગણામાંથી જ જોરથી બોલી : 'ભલે, કહો તો વિજય કે ધનંજય?' એણે જવાબમાં કહ્યું : 'મારું નામ સવ્યસાચી ન હોઈ શકે એની શી સાબિતી છે?' એ એની તરફ આગળ આવીને બોલ્યો : 'આ ત્રણ નામોમાંથી કયું નામ પસદ કર્યું?'

'પસંદ કરવા-ન કરવાની તો કોઈ વાત જ નથી. જે નામથી લોકો તમને ઓળખે છે તે જ નામ જોઈએ છે, બસ. સવ્યસાચી નામ તો મેં સાંભળ્યું જ નથી ભાઈ.'

'લોકોએ મને કોઈ પણ નામથી જાણવાની જરૂર નથી. જેઓ મને ઓળખે છે તેઓ નામ ન જાણતા હોવા છતાં ઓળખી લેશે. એટલે તું આ બધાંમાંથી કોઈ પણ નામ નક્કી કરી લે. ધાર કે મારું નામ ધનંજય.'

'ન હોઈ શકે.'

'તો વિજય.'

'હા, હોઈ શકે.'

'પરંતુ અસલમાં તો મારું નામ ધનંજય જ છે.'

'ઓહ ! તો હવે પછી તમારું નામ નહીં પૂછું. તમે જે નામ કહેશો તેના પર વિશ્વાસ જ નહીં બેસે.'

નાહ્યા પછી વાળ ઓળતી વખતે વાસંતી આવું બધું વિચારતી હતી. એણે પરમ દિવસે આવવાનું કહેલું અને એ પરમ દિવસ તો આજે જ છે.

ભાભીના સૂવાના ઓરડામાં એ છાનીમાની ઘૂસી અને ખૂબ જ સાવધાનીથી ઓરડાનું નિરીક્ષણ કર્યું, પરંતુ ક્યાંય કશું ન મળ્યું. છેવટે પથારી

નીચે એક પોટલી દેખાણી. એણે ઝડપથી પોટલી છોડી અને જોયું તો એમાં દવાની કેટલીક બાટલીઓ બાંધેલી હતી. બધી જ બાટલીઓ એક જ પ્રકારની છે. આવી બાટલીઓ હોમિયોપથી દાક્તરો જ ખરીદે છે. કેટલીક બાટલી પર પલ્સેટિલા ૩૦, કેટલીક પર નક્સવમિકા અને સાથે એક નંબર. એણે હતી તે રીતે જ પોટલી બાંધીને મૂકી દીધી. એની જિજ્ઞાસાનો એક ભાગ તો પૂરો થઈ ગયો. એને યાદ આવ્યું કે શહેરમાંથી ભાઈને જે દવાઓ લાવવાની કહી હતી તે આ જ છે.

એનો અર્થ કે એને આકર્ષનારો પહેલો પુરુષ હોમિયોપથીનો દાક્તર છે. પછી યાદ આવ્યું કે તો પછી એ દિવસે એની પાસે દાક્તરી બૅગ કેમ નહોતી, તરત વિચાર આવ્યો કે એવી રીતની બૅગ હાથમાં નથી લેતા. સાઇકલ પર ખાખી રંગની જે બૅગ હતી એમાં જ કદાચ એની દાક્તરી બૅગ રાખી હશે.

આજે અજાણતાં જ વાસંતીનું મન નાચી ઊઠ્યું. સોનાઈમાંથી આવતી ઠંડી હવા પણ એના શરીરને ઠંડી પહોંચાડી ન શકી. એક અજબ પ્રકારની ઉત્તેજનાએ એના લોહીનું ભ્રમણ વધારી દીધું. આવી ઠંડીમાં પણ એને તાવ જેવો પસીનો આવવા લાગ્યો. બપોરે તે પૂરું જમી પણ ન શકી. અર્ધોએક કોળિયો ખાઈને હાથ ધોઈ નાખ્યા. લગભગ અર્ધા કલાક પછી ભૂખ લાગી ત્યારે એને યાદ આવ્યું કે પોતે ખાધા વિના ઊઠી ગઈ હતી તેથી પેટ ખાલી છે.

સાંજ પડી ગઈ, થોડી વારમાં તેઓ આવશે. આજે આવવાનું કહ્યું છે એટલે જરૂર આવશે. પુરુષ માણસ એક જ વાત કરતો હોય છે અને વળી જે આ રીતના ઇલાજો કરતા હોય એના વચનનું મૂલ્ય ઘણું વધારે હોય. સૂરજ નમવાને વધુમાં વધુ બે કલાકની વાર છે. ઘરની સામેવાળા સોપારીના વૃક્ષનો પડછાયો ઘણો લાંબો થઈ ગયો છે.

સારાં કપડાં પહેરવાનું એને મન થયું, પરંતુ પહેર્યાં નહીં. પહેરવાથી બીજાને જિજ્ઞાસા થશે ને પૂછશે કે ક્યાંય બહાર જાય છે કે શું? પરંતુ એને તો ક્યાંય જવાનું ન હતું ને કદાચ જાય ને એ વખતે જ તેઓ આવી પહોંચે તો? એટલે રોજ પહેરવાનાં કપડાંમાં જે સૌથી સારાં હતાં તે પહેરી લીધાં. જરી-કામવાળું પીળું બ્લાઉઝ એને આજે જ ગમ્યું. મોઢા પર થોડોક હિમાની સ્નો પણ લગાડ્યો. પછી પાઉડર લગાવ્યો. ચહેરાના દેખાવ અને રંગમાં સારો એવો ફરક પડ્યો છે એવું અરીસામાં જોતાં જ એને લાગ્યું. પોતાના

મુખશ્રીની શોભા જોઈને વાસંતી ખુદ વિસ્મિત બની. અરીસા સામે બેત્રણ વાર જુદી જુદી મુદ્રાઓમાં હસીને જાતે જ તૃપ્ત થઈ ગઈ.

કાંસકી શોધતી ભાભી એ જ ઓરડામાં આવી. એને આટલી કાળજીથી મુખને પ્રસાધન કરતી જોઈને ભાભીએ પૂછ્યું: 'ક્યાંય જાય છે કે શું?' તેણે અચકાયા વિના જવાબ આપ્યો. 'ના...રે. એ તો મોં જરા સૂકું સૂકું લાગતું હતું એટલે થોડો હિમાની સ્નો લગાડ્યો.'

'જવું હોય તો કહે, હું પણ આવું. રજીતા ઘણા દિવસોથી બોલાવે છે.'

'નથી જવું, તબિયત સારી નથી.'

'હા, એ તો ભાણામાં ખાવાનું પડતું મૂક્યું એ પરથી જ જાણી ગઈ હતી. પેટ ખરાબ છે કે શું?'

'ના, એમ જ. ભૂખ નથી લાગતી. હાં ભાભી, તમને એક વાત પૂછવી જ ભૂલી ગઈ હતી. પથારી નીચે જે પોટલી છે એમાં શું બાંધ્યું છે?'

'એ આપણી ચીજ નથી. ધનંજયે મોટાભાઈને શહેરમાંથી દવા લાવવાનું કહ્યું હતું. પોટલીમાં એ બધી દવાઓ છે.'

'ઠીક સમજી, પણ ધનંજયનું ઘર ક્યાં છે?'

'પાભચિલ્લામાં.'

એણે વાતવાતમાં ઘણી વાતો કઢાવી લીધી. તો એનું નામ ધનંજય છે અને એનું ઘર પણ એના અનુમાનની જગામાં જ છે. એણે બીજાં નામો કહીને આ રીતે મૂંઝવણમાં નાખવી નહોતી જોઈતી.

એ જ વખતે મોટાભાઈ ક્યાંકથી ઘેર આવ્યા અને અંદર આવીને કહ્યું: 'દીવાનખાનામાં બે કપ ચા મોકલાવજો.' આ સાંભળીને વાસંતીને ખાતરી થઈ ગઈ કે ધનંજય આવ્યો છે. એક-બે વાર ડોકિયું કરીને એણે ધનંજય વિશે ખાતરી કરી લીધી. ભાભીના આદેશ અનુસાર એણે ચૂલો સળગાવ્યો. જ્યાં સુધી પાણી ગરમ ન થાય ત્યાં સુધી એ બંનેની વાતો સાંભળી શકાય તો કેવું સારું! ધનંજય મોટાભાઈ સાથે શી વાતો કરતો હશે? એ ઉંબરા પાસે ઊભી રહીને એમની વાતો સાંભળવા લાગી.

વાસંતીએ ધનંજયનો અવાજ સાંભળ્યો. 'એનું મૂળ કારણ એ કે કરજ દેનારો શરાફ ઠગ છે. ખેડૂતોને ખેતી કરવાથી શું મળશે? બધો લાભ તો એ લોકો જ લઈ લે છે. ખેડૂતને યોગ્ય કિંમતે અનાજ વેચવાની તક જ

નથી મળતી.'

ભોગરામનો અવાજ પણ એના કાને પડ્યો. 'પણ આ લોકોયે એવા જ છે, આ લોકો તો શરાફોને જ પોતાના ઉદ્ધારક માને છે. માંકડની જેમ એ લોકો એમનું લોહી ચૂસી લે છે એની એમને ખબર જ નથી.'

વળી ધનંજયનો અવાજ: 'એટલે જ પાલચિલામાં એક સહકારી સમિતિ રચવાનું વિચારી રહ્યો છું. કારણ કે જો અત્યારથી જનતા જાગ્રત નહીં થાય...'

એ જ વખતે ભાભીએ વાસંતીને બૂમ પાડી. તે રસોડામાં ગઈ. ભાભીએ કહ્યું: 'પાણી ઊકળી ગયું છે. તું જ બહાર જઈને ચા આપી આવ. મારાં કપડાં મેલાં છે.'

ચા આપતી વખતે વાસંતી ધનંજય તરફ જોઈ ન શકી. મોટાભાઈ સામે હોવાને કારણે એની તરફ જોવાનો એને સંકોચ થયો. એણે પણ એને કાંઈ ન પૂછ્યું. તોપણ આખો દિવસ બનીઠનીને એણે જે રીતે એની પ્રતીક્ષા કરી હતી તે નકામી નથી ગઈ એટલું જ એણે વિચાર્યું.

બે

વાસંતીની મા સુજલા હવે ઘણી વૃદ્ધ બની ગઈ છે. શરીર વાંકું વળી ગયું છે. વાળ સફેદ થઈ ગયા છે. કફ કે વાયુનો કોઈ ને કોઈ રોગ બારેય મહિના ચાલુ રહે છે. ડોશી સાલનો હિસાબ કરીને પોતાની ઉંમર નથી કહી શકતી, પરંતુ એટલું કહે છે કે છેલ્લે જે ભારે ધરતીકંપ થયો હતો તે એને યાદ છે. એના પરથી અનુમાન કરી શકાય કે એની ઉંમર ચાર વીસ અને પાંચ વરસ એટલે કે પંચ્યાશીથી વધારે હશે. એને માટે દવાદારૂનું ખર્ચ કોઈ કરે તો કહેશે 'મરેલા હંસ માટે ચટાઈ શા માટે બિછાવો છો?' દાંત ગયા, નખ મરી ગયા, શરીર પર કરચલીઓ પડી ગઈ છે. એક એક કરીને આ બધી નિશાનીઓ યમદૂતને ઘેર જવાની તૈયારીરૂપ છે. મને પોતાનેય જવા માટે

કોણ જાણે હવે કેટલા દિવસ બાકી હશે.' પરંતુ વહુ-દીકરો ડોશીની વાત કાને ધરતાં નથી. બીમાર પડે કે તરત જ દવાની તજવીજ કરે છે. ડોશી પણ સૌની આભારી છે. 'ઘરડી તો થઈ જ ગઈ છું, છઆઠ મહિનામાં ચાલી જઈશ. આ બધાં તો હવે મોટાં થઈ ગયાં છે. ડોશી નહીં હોય તોય ઘર ચાલશે.' એટલે જ્યાં સુધી એ જોરથી કણસતી નથી ત્યાં સુધી એની માંદગીની ઘરનાંને ખબરેય પડતી નથી. ડોશી ક્યારેય કહેતી નથી. પણ ન બોલવાથી શું વળવાનું? વાસંતી અને એની ભાભી તરુલતાને ડોશી માટે ખૂબ જ પ્રેમ છે. જરાસરખી માંદગી આવે તો બંને ખૂબ જ ચિંતામાં પડી જાય છે. આજ લગભગ એક મહિનાથી એટલે કે માગશરની શરૂઆતથી જ સુજલા ડોશી ચાલતાં ડગમગી જાય છે. એક દિવસ લાકડીને ટેકે પાનની શોધમાં કણુપાયીને ઘેર જતી હતી પરંતુ, કણુપાયીને ઘેર પહોંચી ન શકી. ભૂલથી મણિપુરિયાના ઘર પાસેના કચરાના ઢગલા પર ચડી ગઈ હતી. મણિપુરિયાનો બળદ ભારે તેજીલો અને મારકણાં શીંગડાંવાળો છે. એના પેટને કોઈ હાથ લગાડી ન શકે. હળ હાંકનાર સિવાય તે કોઈના કાબૂમાં રહેતો નથી. સૌ કોઈને શીંગડાં ભરાવે છે. એ વખતે જ તે કચરાના ઢગલા પાસેના દૂધીના વેલાનાં પાન ખાતો હતો. ડોશીને નજીક આવતી જોઈને તે એની તરફ કૂદી પડ્યો. શીંગડું મારીને ડોશીને પછાડી જ દીધી. મણિપુરિયાના છોકરા લસંગે જો ન જોયું હોત તો બળદે ડોશીને કચડી જ નાખી હોત.

તે દિવસથી વહુ-દીકરાએ સુજલાને બહાર નીકળવાની મના કરી દીધી. છતાં ફરી એક વાર સુજલાને માથે એક આફત આવી પડી. નારિયેળના વૃક્ષ નીચે ડોશીને નાહવા માટે એક બાલદી પાણી મૂકવામાં આવતું. ડોશી પોતાને હાથે ફંફોળતી ફંફોળતી બાલદી શોધી કાઢતી. કોઈ કોઈ વાર પાણીની પાસે મૂકેલો લોટો કે પ્યાલો ન મળે તો હાથેથી પાણી ઉછાળી ઉછાળીને નાહી લેતી. બે દિવસ પછી એક બીજી દુર્ઘટના બની. ડોશી ઘરની પાછળ ફરવા નીકળી હતી. લગભગ અર્ધા કલાક સુધી પાછી ન આવી, એટલે તરુલતા અને વાસંતી ચિંતામાં પડી ગયાં. ઘરના બધા ઓરડામાં તપાસ કર્યા છતાં ન મળી એટલે બંને બગીચામાં ગયાં ને જોયું તો વાંસનાં વૃક્ષોની પશ્ચિમની તરફ માટીના ટેકરા પર ચાર હાથ ઊંડો ખાડો છે એમાં ડોશી પડી ગઈ હતી.

હવે તો બધાંને પાકી ખાતરી થઈ ગઈ હતી કે ડોશી આંખે બિલકુલ

અંધ છે, પણ ભોગરામ આ વાત જાણતા નથી, ધંધાર્થે ફરતા જ રહે છે. ચકલાં, કબૂતરાં જેટલો સમય એના માળામાં રહે એટલો સમય તે ઘરમાં રહે છે. વાસંતીને મા પર ગુસ્સો પણ આવ્યો. આંખે દેખાતું નથી એ વાત માએ પહેલેથી જ ઘરવાળાંને કહી દેવી જોઈતી હતી. જો બધી માંદગીના ઇલાજ થાય તો આંખના અંધાપાની સારવારની વ્યવસ્થા કેમ ન થઈ શકે? મા જો પડીને મરી ગઈ હોત તો એમને જ દોષ લાગત ને!

પરંતુ વાસંતીએ મા પર ગુસ્સો ન કર્યો. પ્રેમથી પૂછ્યું : 'મા! તારી આંખમાં પીડા થાય છે કે ચળ આવે છે? પાસેથી પણ નથી દેખાતું શું?'

માએ દીકરીના વાંસામાં હાથ ફેરવીને કહ્યું: 'હા, કેટલાક દિવસથી નજીકની ચીજો પણ દેખાતી નથી. પણ એને મારી આંખની વાત કહેવાથી ફાયદો નથી. ઉંમર થઈ ગઈ છે. આંખમાં જાળાં થઈ ગયાં છે. એટલે એમાં કાંઈ નવી વાત નથી. દાંત ગયા, આંખો ગઈ. દરેક ચીજ યમદૂતને ઘેર જવા માટેની સાક્ષી છે. જન્મમરણ વિધિનાં લખેલાં છે. દાક્તર-વૈદ પણ આપણા જેવા જ માણસો છે ને!'

માની વાત સાંભળીને વાસંતીને ખૂબ જ દુઃખ થયું. આ જ તો જીવન છે. છતાં માણસને કેટલો ગર્વ છે. એણે માના મોઢા તરફ એક વાર જોયું. માનું વ્યથાપૂર્ણ મુખમંડળ જાણે એના આખા જીવનનો ઇતિહાસ કહેતું હતું. એની મા જીવતી રહે તોપણ વધુમાં વધુ બીજાં પાંચ વરસ. પરંતુ આ પાંચ વરસ પણ પૃથ્વીનાં કિરણો અને સોનાઈ પારનું પ્રકૃતિસૌંદર્ય જોયા વિના કોના ભરોસે અને કઈ પ્રેરણાથી જીવતી રહેશે. માને તો એ ખબર પણ નહીં પડે કે સોનાઈની છાતી પર ચમકતાં સૂરજનાં કિરણો કેટલાં સુંદર દેખાય છે. એણે આ જ માતાના ગર્ભમાંથી જ આવીને પૃથ્વીનું કિરણ જોયું છે. વિચારીને છેવટે એણે નક્કી કર્યું કે જ્યાં સુધી માની આંખો સારી નહીં થાય ત્યાં સુધી એ જડ વસ્તુ જેવી જ લાગે. એ કદી નહીં બને, કદી નહીં. છેલ્લા ત્રણ દિવસથી મોટાભાઈ ઘેર નથી આવ્યા. દરગિયાલ ગામ ગયા છે. ત્યાં મોટો મેળો ભરાયો છે. અસંખ્ય માણસો એકઠાં થયાં છે. બજાર વગેરે ભરાયાં છે. ભોગરામ પણ ત્યાં ગંજી, ખમીસ, બ્લાઉઝ, શીમીજ, કામળા વગેરે તૈયાર કપડાં વેચે છે. વાસંતીએ ભાભીને મા વિશેનો પોતાનો વિચાર કહ્યો. તરુલતાએ પણ સંમતિ આપી.

બપોરે ભીના કપડાથી માનું શરીર લૂછતી વખતે વાસંતીએ માને કહ્યું :

'મા, મને લાગે છે કે મોટાભાઈ આવે એટલે હું એમને તને એક વાર શહેરમાં લઈ જવાનું કહું. ત્યાં દાક્તર પાસે જાળાં કપાવી નાખવાથી તને પહેલાંની જેમ દેખાવા લાગશે.'

થોડી વાર માટે તો મા સુજલાને જરા આનંદ થયો. એણે પૂછ્યું : 'સાચે જ ! તને કેમ ખબર પડી?'

'ગયા ભાદરવામાં માસીને ઘેર ગયેલી ત્યારે જાણેલું. ત્યાં યોગેન મંડલ નામનો એક તલાટી છે. એની માને પણ આંખોનું આવું દર્દ હતું. એણે શહેરમાં જઈને જાળાં કપાવી નાખ્યાં. ત્યાર પછી ડોશીને દેખાવા લાગ્યું. પરંતુ જાળાં કપાવ્યા પછી ચશ્માં પહેરવાં પડે છે.

વાસંતીને લાગ્યું કે માએ એની વાત ધ્યાનથી નથી સાંભળી કારણ કે તે ફરી વાર દુઃખી બની ગઈ. માથું ઊંચું કરીને ચિંતામાં પડી ગઈ. થોડી વાર એમ જ રહીને પછી એક બગાસું ખાઈને બોલી : 'આંખે દેખાય તે ચોક્કસ સારું છે. પરંતુ તને મારા સોગન છે, જો તું મોટાભાઈને કાંઈ કહે તો. બિચારો દુઃખી થશે. તું જુએ તો છે કે આ આખો મહિનો એણે કેટલી મહેનત કરી છે. તડકે રખડી રખડીને એના શરીરનો રંગ પણ કેટલો કાળો થઈ ગયો છે, આવી સ્થિતિમાં એણે મારે માટે તકલીફ ન લેવી જોઈએ.'

'પરંતુ હું કહ્યા વિના કેમ રહી શકું?'

'હું તો હવે ઘરડી થઈ ગઈ છું. મારું ભાન પણ ઓછું થવા લાગ્યું છે. હવે તો હું તમારા લોકોનાં મોઢાં જોઈને જ જીવું છું. તમને લોકોને જો મારે કારણે તકલીફ પડે તો હું કેવી રીતે જીવી શકું? મેં તરુને પણ કહ્યું છે કે આ બે મહિના મારી આંખની તકલીફ વિશે ભોગરામને કાંઈ જ નહીં કહેવાનું. જો તું કહેશે તો મને મોત જેટલી પીડા થશે.'

'મોટાભાઈ તો લગભગ રોજ શહેરમાં જાય છે. તને પણ ગાડીમાં લઈ જવામાં એમને કશી જ અગવડ નહીં પડે.'

'પરંતુ શહેર જવાથી શું બધું ઠીક થઈ જશે? કેટલું ખર્ચ થશે? તું તો જુએ છે કે આપણને પાળવાપોષવા માટે એને કેટલું કષ્ટ ઉઠાવવું પડે છે. કાંઈ રસ્તો સૂઝતો નથી.'

થોડા દિવસ મોટાભાઈને પોતે કાંઈ નહીં કહે એવું વચન તો વાસંતીએ માને આપી દીધું, પણ પછી એનું મન ભારે થઈ ગયું. માની એક વાતની એને

ભારે નવાઈ લાગી. એ ખાસ્સી ઘરડી થઈ ગઈ છે, એને આંખે દેખાતું નથી, પણ મનમાં એનું કશું દુઃખ નથી. ઘરડી થયાનો જરાય અફસોસ નથી. પતિના વિયોગનું દુઃખ ચુપચાપ આબરૂભેર સહન કરે છે. એટલે વાસંતીને એની માની યુવાનીથી માંડીને આજ સુધીના વીતેલા જીવન વિશે જાણવાની ઉત્કંઠા થઈ.

શિક્ષણ અને અનુભવના એના મર્યાદિત જીવનમાં વાસંતી કેટલાય જટિલ પ્રશ્નોનો સામનો કરે છે. જીવન પ્રત્યેનું એનું કુતૂહલ વધતું જાય છે.

રાત્રે સૂતી વખતે માને કેટલાય પ્રશ્નો કરે છે. અને મા તુરત જ એના બધા ભાવો સમજી લે છે, તે જોઈને વાસંતીને ખૂબ જ આશ્ચર્ય થાય છે. માએ એને કહ્યું કે આજની સ્થિતિથી એના મનમાં માત્ર દુઃખ નથી. માને એના જીવનમાં ઘણુંય મળ્યું છે. જીવનમાં પૂર્ણતા મળી છે એટલે હવે શેનોય પસ્તાવો નથી થતો. જેને વીતેલા દિવસોમાં કશું જ મળ્યું નથી હોતું એવા ભૂતકાળના ગુમાવેલા અવસરની વાતોનું સ્મરણ કરવાથી એના વ્યાકુળ જીવનની હરેક પળ વિષમય બની જાય છે.

આ બધી વાતો માએ ઘણી જ સહજ રીતે કહી દીધી. અને એના જીવનબોધમાં કશી કૃત્રિમતા નહોતી. આ બાબતને વાસંતી સારી રીતે સમજી હતી. આ બધી વાતોથી એના જીવવા વિશે એને વિશ્વાસ બેઠો.

છંદમય, ગતિશીલ જીવનમાં ઘણી ઘટનાઓ એવી બને છે કે ઝંઝાવાત મચાવી દે. જીવનમાં નવા રંગ આવી જાય છે, પરંતુ કાળ એને ભૂલી જાય છે. કાળ યૌવનની વાસનાને ક્ષમા નથી કરતો. સદીઓથી વહેતી સોનાઈ વાસંતીને હંમેશાં આ જ કહે છે. સોનાઈ એના કલકલ સ્વરમાં અલિખિત ભાષાથી ઘણી વાતો કરી વાસંતીનું મન બહેલાવે છે. પ્રેમની વાત, જિવાતા જીવનની વાત અને જીવનની નશ્વરતાની વાત. આ સોનાઈમાં કેટલાયની પ્રીત ખીલી છે. અને કોણ જાણે કેટલાયની પ્રીત આ જ સોનાઈની ઝળહળતી લહેરોમાં લોપાઈ ગઈ હશે. અને કોણ જાણે કેટલાયની પ્રીત એનાં હવાપાણીથી નવા સ્વરૂપે અંકુરિત થશે! સોનાઈની શાંત શ્યામલ પ્રકૃતિની વચ્ચે એણે ધનંજયને સ્વાભાવિક નવીન સ્વરૂપમાં જોયો. એમાં નવી ચેતનાનો ઝબકારો થયો. એ સમજી ગઈ કે પોતે યુવાન બની ગઈ છે. પોતાની જાતને કોઈ પર ન્યોછાવર કરવાનો અને હૃદયથી પ્રેમ કરી ગ્રહણ કરવાનો સમય આવી ગયો છે. ધનંજય ફરી વાર એને ઘેર નહીં આવે શું? કદાચ આ દસ દિવસ એ પાભચિલામાં નયે હોય,

અને આવે તોપણ એકલાં મળવાની તક મળશે ખરી? સોનાઈપરિયાના ભેંસના ગોવાળે વાંસળી વગાડી, મન વ્યાકુળ કરનારા આ સૂરે ઠનુઆ ઘાટને એની નજર સામે જીવંત કરી દીધો. ઘડામાં પાણી ભરતી વખતે એના દિલમાં વીજળી ઝબકી ગઈ. અકારણ જ તે વિચારવા લાગી કે ધનંજય પહેલાંની જેમ એક દિવસ અચાનક જ આવી ચડશે અને તે એની સાથે પ્રેમની વાતો કરશે.

માની બંને આંખો અત્યાર સુધી સારી થઈ શકી હોત, પરંતુ માંના હુકમનું ઉલ્લંઘન ન કરવા ખાતર એણે ભોગરામને કાંઈ કહ્યું નથી અને કહેવાનો મોકો પણ નથી મળ્યો. એ આજકાલ દિવસે તો ઘરમાં રહેતા જ નથી. સોમવારે સવારે જ સાઇકલ પર દસ માઈલ દૂર શહેરમાં પહોંચી જાય છે. કેરિયર પર ભારે બોજો મૂકીને રાત્રે જ પાછા આવે છે. શહેરમાંથી ખરીદેલા માલને તેઓ કોઈને અડવા નથી દેતા. પોટકામાં એમના વેપારનો સામાન રહે છે, જેમ કે ખમાસ, સસ્તાં ધોતિયાં, અર્ધોક બંડલ સૂતર, નાનાં બાળકોનાં ફ્રોક વગેરે કપડાં અને નાનકીન કાપડનો નાનો તાકો, નહીં તો એકબે સસ્તા કામળા. મંગળવારની સવારે આ બધી ચીજો સાઇકલ પર લઈને જાજોરીના બજારમાં લઈ જાય છે અને સાંજ પડી જાય પછી જ ઘેર આવે છે. બુધવારે ફરી એ જ કામ માટે શહેરમાં જાય છે ને સાંજે જ ઘેર આવે છે. આગલે દિવસે લાવેલો માલ ગુરુવારે દલંગઘાટની બજારમાં વેચીને જ્યારે હાંફતાં હાંફતાં ઘેર પહોંચે ત્યારે સૂર્ય નમવા આવ્યો હોય છે. શુક્રવારે ફરી વાર શહેરમાં જાય છે અને શનિવારે એનો વેચવાનો સામાન ફૂલગુડીની બજારમાં વેચે છે. ફૂલગુડીમાં ભારે મોટું બજાર ભરાય છે. આખો દિવસ ત્યાં જ રહે છે. એટલે શનિવારે તેઓ ગોધૂલિ પછી જ ઘેર પહોંચે છે. એમને એટલું દુઃખ છે કે એટલું દુઃખ તો તેઓ જ સહન કરે. એટલી તકલીફ ન ઉઠાવે તો બીજો કોઈ ઉપાય પણ નથી. ઘરનાં આટલાં બધાં લોકોને કેવી રીતે પોષી શકે? ખેતીની જમીન તો માત્ર ત્રણ હાલિસા (વીઘાથી પણ ઓછી), જેમ એક તપેલી શાકમાં મરચાંનો એક ટુકડો. આ રીતે વેપાર ન કરે તો ઘરનું દેવાળું નીકળી જાય. એમના ખાવા, સૂવાનો કોઈ સમય નથી. દિવસે પણ જમવાનો સમય નક્કી નથી. સવારે ભૂખ લાગ્યા પહેલાં જ એમને ભાત ખાઈ લેવો પડે છે અને જ્યારે સાચેસાચી ભૂખ લાગે છે ત્યારે તો મોટે ભાગે તેઓ બજારમાં હોય છે. આવી અનિયમિતતાને લીધે હમણાં એમને પિત્ત થઈ

આવ્યું છે. એટલે ખિસ્સામાં સોડાનું પડીકું લઈને ફરે છે. મોટાભાઈની હાડમારી જોઈને વાસંતીને એમના પર ખૂબ દયા આવે છે. એ લોકોને પોષવા માટે એમને કેટલી બધી જહેમત ઉઠાવવી પડે છે ? માએ બરાબર જ કહ્યું હતું, 'આ થોડા મહિનાઓ એને માટે ભારે કષ્ટના છે. મારી વાત કરવાથી એના દુઃખમાં વધારો થઈ જશે.' આટલી બધી મહેનત કર્યા પછી પણ પૈસાની તંગી તેઓ દૂર કરી શકે છે ખરા ? નફાના પૈસાથી માંડ માંડ બે છેડા મેળવી ઘર ચલાવે છે.

છતાં પણ વાસંતી મા વિશે મોટાભાઈને કહેવા માટે અવસરની શોધમાં છે. કહેવા માટે કોઈ મોકો મળતો નથી. તેઓ એટલા બધા થાકીને ઘેર આવે છે કે એમને કહેવાનું દિલ જ નથી થતું. ઉપરાંત ક્યારેક ક્યારેક તો તેઓ ગુસ્સામાં હોય છે. એ દિવસોમાં કદાચ એમને વેપારમાં નુકસાન થતું હશે. જે થોડો સમય ઘરમાં રહે છે ત્યારે એમની નાની એવી નોટબુકમાં કાંઈ ને કાંઈ લખીને ખૂબ જ ધ્યાનથી નફાનુકસાનનો હિસાબ કરતા હોય છે. એ વખતે એમને બોલાવતાં પણ ડર લાગે છે.

પરંતુ ભોગરામની નજર કાંઈ ઓછી નથી. ઘરમાં થોડો સમય રહેવા છતાં પણ એમનું મા તરફ ધ્યાન ગયા વિના ન રહ્યું. મા એક વાર ટેકરાના ખાડામાં પડી ગઈ હતી, એની એને ખબર નહોતી, પરંતુ માની આંખનું તેજ પહેલાં જેટલું નથી રહ્યું તે વાત એની વ્યવસાયી તીક્ષ્ણ બુદ્ધિ અને સૂક્ષ્મ દૃષ્ટિથી તેઓ સમજતા હતા એટલે વાસંતી અને તરુલતાને આ વાત છુપાવ્યાને એક પખવાડિયું પણ નહીં થયું હોય ત્યાં એમણે પોતે જ વાત જાણી લીધી. જમતી વખતે એમણે વાસંતી અને તરુલતાને ગુસ્સે થઈને કહ્યું, 'હું સમજું છું કે મા મને નથી કહેતી, એને લાગે છે કે એની સારવાર કરાવવામાં મને તકલીફ થશે, પરંતુ તમે લોકોએ મને કેમ ન કહ્યું ?'

તરુલતા ચૂપ રહી. વાસંતીએ જ એ બેયનો વાંક ઓઢી લીધો. છેવટે ભોગરામે કહ્યું, બે દિવસ પછી પોતે બળદગાડીમાં માને લઈને શહેરમાં જશે. અત્યારે શણ વેચવાની મોસમ નથી એટલે આપણાં ગાડાંનાં પૈડાં કાઢી નાખ્યાં છે, ગાડીમાં બેસવાની ગાદી પણ ખરાબ છે એટલે એણે લદરના ઘરની ગાડી અને ગાડી હાંકનારની પણ વ્યવસ્થા કરી લીધી છે. પોતે દાક્તર કે હૉસ્પિતાલની બાબતમાં કશું જાણતો નથી એટલે ધનંજયને પણ સાથે લઈ

જશે. એણે પણ આવવાની હા પાડી છે.

બળદગાડીની ગાદી ચોખાની પરાળ નાખીને નરમ બનાવી દીધી છે. ચટાઈની સાથે એક તકિયો પણ મૂકી દીધો છે. ડોશી ગાડીમાં બેઠી. પહેલાં તો એણે હઠ કરેલી કે પોતે જશે જ નહીં. ઘણી સમજાવટ પછી જ તેઓ ડોશીને લઈને શહેર જવા નીકળ્યા.

ધનંજય હોમિયોપથીની ચિકિત્સા કરતો હતો છતાં પણ શહેરના ઘણા લોકો સાથે એને પરિચય છે. ઘણાય દાક્તરોને તે ઓળખે છે. એણે સરકારી ઇસ્પિતાલમાં ડોશીને તપાસડાવી. જે દિવસે આંખોનાં જાળાં કાપ્યાં તે દિવસે દાક્તરે એને ઘેર જવાની રજા ન આપી. એટલે ભોગરામ એકલો જ બળદગાડીમાં ઘેર પાછો આવ્યો. જો એ ત્રણ-ચાર દિવસ શહેરમાં રહી પડે તો વેપારમાં એને ભારે નુકસાન થાય, જો એ ગુરુ અને શનિવારે બજારમાં ન જાય તો એ અઠવાડિયું ઘર ચલાવવું પણ એને માટે મુશ્કેલ થઈ પડે. ભોગરામના કહેવાથી ધનંજય જ ડોશી પાસે રોકાયો.

આંખનાં જાળાં કાપ્યા પછી ડોસીની આંખે ત્રણચાર દિવસ પાટો રહ્યો. ચાર દિવસ પછી ઘેર જવાની રજા મળી ગઈ. પેલી બાજુ વાસંતીના દિલમાં કેટલીય કલ્પનાઓ આવી. ધનંજય પણ પૂરતો વ્યવસાયી માણસ છે, છતાં પણ તે એની મા સાથે ચાર દિવસ શહેરમાં રોકાઈ ગયો, એનું કારણ શું એ જ છે કે તેને પરોપકાર કરવાથી આનંદ મળે છે! જો તે એટલો જ નિઃસ્વાર્થી હોય તો તે માણસ નહીં પણ દેવતા છે. પરંતુ એનું મન એ રીતે સમજવામાં સંમત ન થયું. આવે વખતે મોટાભાઈ અને માને પોતાના બનાવીને ધનંજય એને મળવાનો રસ્તો સહજ બનાવતો હોય એવું પણ કારણ હોઈ શકે? આ પ્રશ્ન એના મનમાં આવતાંની સાથે કેટલીય જાતના ભાવોની એક લહેરખી ઊડતા રૂની જેમ દૂર સુધી ફેલાઈ ગઈ. એકાંતમાં છુપાયેલા મનની સાથે મિત્રતા કરીને એ પુલકિત બની ગઈ. એને એક અજાણ્યા કંપનનો અનુભવ થયો. ઘેર આવીને વૃદ્ધ મા બે દિવસ શાંતિથી રહી, થોડા દિવસ પછી આંખોનો પાટો કાઢી નાખ્યો. વૃદ્ધા ચીજો ઓળખવા લાગી. ભોગરામ અને ધનંજયે વૃદ્ધાને દૃષ્ટિદાન દીધું.

વૃદ્ધાને શહેર લઈ જવાને દિવસે ધનંજય બીજી જ રીતે વ્યસ્ત હતો. ચા આપતી વખતે વાસંતીએ સીધું જ એની સામે જોઈ ને હસી દીધું. બસ એટલું જ. પરંતુ જવાબમાં એણે એનાથી પણ અર્થવાહી રીતે હસીને એનું સ્વાગત કર્યું. એક સુંદર છોકરીને પોતાના રૂપ પર સ્વાભાવિક વિશ્વાસ હોવાને લીધે બધી યુક્તિઓથી ધનંજયના વ્યક્તિત્વની મૂળ વિશિષ્ટતાઓ છોડીને એણે ઘમંડથી માન્યું હતું કે વૃદ્ધા માટે ધનંજયને આટલી બધી કાળજી શા માટે હોય? કેવળ વૃદ્ધાની અસહ્ય હાલતથી જ શું ધનંજયે આટલી આત્મીયતા અને ઉદારતા બતાવી છે? એનું સૌથી મોટું કારણ કદાચ વાસંતીની વૃદ્ધ મા જ લાગે છે.

વૃદ્ધા જે દિવસે શહેરથી આવી તે દિવસે ધનંજય પણ આવ્યો હતો. વૃદ્ધાને કારણે શહેરમાં એને કેવી તકલીફ પડી હતી એ બધું એણે વિસ્તારથી ભોગરામને કહ્યું હતું. એ વખતે વાસંતી ત્યાં જ ઊભી હતી. મંત્રમુગ્ધ બની એની વાતો સાંભળતી હતી. વાત કરવાની એની રીત પણ ઘણી મોહક છે. એ કેટલી સારી રીતે વાત કરી શકે છે અને અવાજ પણ પૌરુષવાળો લાગે છે. માણસ પણ ભારે શાણો છે. શહેરમાં એનો કેટલો પ્રભાવ છે તેની જાણ વાસંતીને એની આ વાતો પરથી થઈ ગઈ.

તે દિવસે સાંજે જ એ લોકો ઘેર આવ્યા હતા, એટલે રાતે જમવા માટે ધનંજયને રોકી રાખ્યો હતો. એને માટે વાસંતીએ બહારના ઓરડામાં પથારી પણ પાથરી દીધી હતી.

તે દિવસે ધનંજયે જ એને બોલાવીને વાતચીતની શરૂઆત કરી હતી. એણે કહેલું: 'વાસંતી, આજનું ગણીને અત્યાર સુધીમાં હું તારે ઘેર પાંચ વખત આવી ગયો છું, પરંતુ તેં અત્યાર સુધી મને બોલાવ્યો જ નથી. કાંઈ પૂછું તોપણ ઘણી તકલીફ સાથે જવાબ આપે છે. હું શું 'ગોરિયો'(સ્થાનિક મુસલમાન)ને ઘેર ગુસાંઈ થઈ ને આવ્યો છું?'

વાસંતીએ કશો જવાબ ન આપ્યો અને એના મોં સામે જોતી રહી ને હસવા લાગી. હસતી વખતે એના બંને ગાલમાં સુંદર ખાડા પડવા લાગ્યા હતા. એ ખૂબ જ આકર્ષક લાગતી હતી. યુવાન છોકરીની સ્વાભાવિક બુદ્ધિથી તે સમજી ગઈ હતી કે એ ફરિયાદ કરવા માટે આ બધું કહેતો નહોતો. એ તો એની સાથે વાતો કરવાનો રસ્તો શોધતો હતો. કદાચ એ એના મનની વાત બહાર કઢાવવા માગતો હતો અથવા તો વાતો કરીને પોતા તરફ

ખેંચવા માગતો હતો, કારણ કે યુવાન છોકરી પાસે દરેક પુરુષ ઘેટું બની જાય છે અને કેટલીક વાર ઘણો ગંભીર માણસ પણ આવા ખાસ પ્રસંગે વરસાદના મોરની જેમ નાચવા લાગે છે. એવે વખતે પુરુષનું દઢ કઠણ મન પણ ડામાડોળ થઈ જાય છે.

વાસંતીએ જવાબ તો ન આપ્યો, તોપણ એની સાથે વાત કરવાની ઇચ્છા તે દબાવી ન શકી. એ પૂછવા લાગી, 'બીજાને માટે કષ્ટ વેઠવાનું તમને આટલું સારું કેમ લાગે છે?' ત્યાર પછી અચાનક જ 'તમે કેટલા સારા છો!' એવું વાકય એના મોંમાંથી સરી પડ્યું. એ ખૂબ જ ધ્યાનથી એની વાતો સાંભળતો હતો અને જવાબ દેવા માટે થોડી વાર વિચારમાં પડેલો પણ દેખાતો હતો. ધનંજયે ધીરેથી કહ્યું : 'સાંભળ વાસંતી, માણસ હમેશાં બધાં કામ પોતાના ભલા માટે જ નથી કરતો. પોતાનો સ્વાર્થ છુપાવી બીજા પર ઉપકાર કરવાનું હવે લોકોએ શીખી લીધું છે.'

એ જ વખતે અંદરથી મોટાભાઈનો અવાજ સંભળાયો. તેઓ વાસંતીને બોલાવતા હતા. એ એકદમ ભાઈ પાસે દોડી ગઈ. ભાઈએ કહ્યું, 'મારા ઓરડામાં ખીંટી પર એક ધોતિયું છે તે ભાઈસાહેબને બદલવા માટે આપી આવ.' એ વખતે ભાભી રસોડામાં રસોઈ કરવામાં ગૂથાયેલી હતી. વાસંતી જ્યારે ધનંજયને ધોતિયું આપવા ગઈ ત્યારે તે એની ખૂબ જ નજીક ઊભો રહીને કહેવા લાગ્યો : 'હે વાસંતી, દિવસે નવરાશને વખતે કયારેક કાંઈ વિચારતી નથી શું?' વાસંતી ચૂપ રહી. એણે બંને હાથથી મુખ ઢાંકી દીધું અને ઘણી વાર સુધી અચલ ઊભી રહી. એણે અત્યંત મીઠાશભર્યા સ્વરે કહ્યું : 'તું ખૂબ જ સારી છોકરી છે એટલે મારા પ્રશ્નનો સીધો ઉત્તર આપી શકતી નથી. એ હું સમજું છું. અને એક રીતે મને જવાબ પણ મળી ગયો છે.'

આ વાત સાંભળ્યા પછી વાસંતી એની પાસે ઊભી ન રહી શકી. કશું પણ કહ્યા વિના રસોડા તરફ ચાલી ગઈ. એનું દિલ જોરથી ધડકી રહ્યું હતું.

ધીમે ધીમે ધનંજયની પાસે જવાનો વાસંતીનો સંકોચ દૂર થઈ ગયો, કારણ કે ઘરના બધા માણસો એની ખરા દિલથી પ્રશંસા કરતા હતા. મા કહે છે, 'એ કોઈક જન્મે મારો દીકરો હશે. મને પહેલાં લાગતું હતું કે મારે માત્ર એક જ દીકરો છે પણ હવે તો ધનંજયબાબુ પણ મારો દીકરો જ

છે.' ભાઈ કહે છે, 'ધનંજય જેવો નવયુવાન વિરલ જ હોય. એની જેમ જો હું પણ એટલો જ ઉદાર થઈ શકું તો! આવા લોકોના સંપર્કમાં આવવું તે મોટા ભાગ્યની વાત છે.'

આ બધું સાંભળીને વાસંતીને ખૂબ જ પ્રસન્નતા થાય છે. ધનંજય સાથે એને ખૂબ જ આત્મીયતા લાગે છે. યુવાન થયાને પાંચ વરસ પછી એકાએક પોતાનાં મન અને આકાંક્ષાઓમાં થતાં પરિવર્તનને જોઈને તે આશા-નિરાશાથી લગભગ ચોંકી ઊઠે છે.

ત્રણ

પાભચિલાના બધા માણસોને ધનંજય ગમે છે. ધનંજય કેવા પ્રકારનો માણસ છે એ પણ બધા જાણે છે, પરંતુ એ ક્યાંનો છે અને ક્યાંથી આવીને અહીં વસી ગયો છે, એ બધા વિશે કોઈ કશું નથી જાણતાં. તોપણ પાભ-ચિલાના લોકો એને પોતાના ગામનો જ એક માને છે.

પચાસની સાલમાં જે ભૂકંપ થયો હતો એ જ વખતે તે ક્યાંકથી અહીં આવી ગયો હતો. એનામાં ઘણા સારા ગુણો છે. બધા સાથે મીઠાશથી વાત કરવાનું જાણે છે. તકલીફમાં એની જ સલાહ કામ આવે છે. બીજી બાજુ તે હોમિયોપથીનો ડૉક્ટર પણ છે. લોકોને એના પર સાચા દાક્તર કરતાં પણ વધુ વિશ્વાસ છે. રોગીનો ચહેરો જોઈને તે માંદગીનું રૂપ સમજી જાય છે. એના આવ્યા પછી ગામની સારી ઉન્નતિ થઈ છે. એના વિના માધ્યમિક શાળા આટલી જલદી તૈયાર ન થાત. પાભચિલાથી બોરબોરી સુધી જે સડક બની છે એ માટે એણે જ બધાંની સહીઓ એકઠી કરી સરકાર સામે કેવી લડાઈ કરેલી, તે સાંભળીને તો અચરજમાં પડી જવાય. પાભચિલામાં એક પશુ-ચિકિત્સાલય બનાવવા પાછળ પણ એની જ મહેનત હતી. એ વાતની લોકો ના નથી પાડતા. હમણાં તે એક સહકારી મંડળી

ખોલવા માટે લોકમત તૈયાર કરી રહ્યો છે. એ માટે જો પ્રયત્ન ન કરવામાં આવે તો ખેડૂતને સરકાર તરફથી સારાં ખાતર અને બિયારણ વગેરે ન મળી શકે.

પચાસની સાલના કોઈ એક મહિનામાં ધનંજય અચાનક પાભચિલામાં આવી પહોંચ્યો. ગામના કેટલાક લોકોને એણે મમતાથી કહ્યું કે પોતે ઉત્તર આસામના કોઈક શહેરમાંથી સરકારી નોકરીનું રાજીનામું આપીને ધંધો શોધવા આવ્યો છે. એ મૅટ્રિક પાસ છે, તે ઉપરાંત હોમિયોપથીની ચિકિત્સા પણ જાણે છે. પાઠશાળા પાસે કચરો નાખવાની જગા પર લોકોએ એને એક ઘર બનાવી દીધું.

ત્યાર પછી એના વર્તનથી ગામવાળા મોહિત થઈ ગયા. હોમિયોપથીની સારવાર કરીને પણ તે પૈસા કમાવા લાગ્યો. હોમિયોપથીની દવાની કિંમત પણ ઓછી છે. સોનાઈપરિયાના ગરીબોની પાસે એથી વધુ કીમતી દાક્તરની દવાઓ ખરીદવા માટે પૈસા નથી તદુપરાંત બાળબચ્ચાં અને બીમાર સ્ત્રીઓ માટે હોમિયોપથી દવા જ સાચી ચીજ છે, પરંતુ ધનજય માત્ર હોમિયોપથીની જ ચિકિત્સા કરે છે એમ કહેવું ખોટું છે. દવા અને ખોરાક આપવામાં તે ચિકિત્સાશાસ્ત્રના જાતિકુળનો વિચાર નથી કરતો, મુખ્યત્વે હોમિયોપથીની ચિકિત્સા કરવા છતાં પણ તે મલેરિયામાં ક્વિનાઇન જ આપે છે. ઉધરસમાં ચ્યવનપ્રાશ ખાવા આપે છે. દર્દી નબળો હોય તો સારીબાદી સાલસા (કાઢો) આપે છે. હૉસ્પિતાલ વિનાના, અને જ્યાં પાણી અને કીચડ ખૂંદીને કોઇ ડૉક્ટર ન આવે એવા ગામમાં ધનંજય જ એકમાત્ર સારવાર કરનાર અને અસહાય લોકોનો સારથિ છે.

લોકોએ જે સ્થાન પર એને ઘર બનાવી દીધું હતું તે જગા એણે સુંદર બનાવી દીધી છે. જમીનનો એ ટુકડો ધુલારામ સૈકિયાનો હતો. એણે હપતાથી પૈસા આપી એ જમીન ખરીદી લીધી અને પોતાના નામનો પટ્ટો બનાવીને હાથમાં લઈ લીધી. ચાર ઓરડાનું એક મકાન બનાવ્યું. એક ઓરડામાં દર્દીઓને તપાસવા માટેની ખાસ જુદી ગોઠવણ કરી. ધીમે ધીમે એણે સ્ટેથોસ્કોપ, કબાટ અને સાઇકલ ખરીદી લીધાં. માધ્યમિક શાળાના હેડમાસ્તર બનવા માટે આ વર્ષે લોકોએ ખૂબ જ આગ્રહ કર્યો હતો, પણ એણે એ વિનંતીનો સવિનય અસ્વીકાર કરતાં કહ્યું, 'એક હાથે બે માછલી પકડી ન શકાય.'

આજ સુધી તે લોકોની સેવા કરતો અને એકાંતમાં ચિકિત્સાનાં પુસ્તકો વાંચતો. દર્દી એને માટે ઘસાઈ ને આત્મસંતોષ મેળવતો હતો. જૂના દિવસોના અસહ્ય બનાવોનું સ્મરણ હવે એને સતાવતું નથી. એના જીવનને એક ગતિ મળી ગઈ હતી. એને જીવવાનો હેતુ મળી ગયો હતો. કાલે વાસંતી પાસેથી પાછા ફર્યા બાદ એને જીવવા માટેનો એક વધુ ઊંડો હેતુ મળ્યો, તોપણ એને ઘણી ભારે બેચેની થઈ. એનામાં પહેલાં જેવી આત્મસંતોષી, મનઃયોગ અને વાસ્તવિકતાને નિરાસક્ત રીતે ગ્રહણ કરવાની ક્ષમતા એકાએક શિથિલ થઈ ગઈ. છૂપી રીતે જુદી જુદી જાતના રંગીન ભાવો એના મનમાં ઊભરાવા લાગ્યા. આશા-આકાંક્ષા વધી. પોતાને સમજવાનો પ્રયત્ન કર્યો. એના મનમાંયે ઘણાબધા પ્રશ્નો ઊઠ્યા. સાચું સુખ ક્યાં છે? શંકર ગુરુએ કહ્યું છે, 'હરિ-ભક્તિમાં. હરિને કિંકર સમજીને, એનામાં આપણને સમર્પિત કરવામાં.' સ્વામીજી કહેશે: 'માનવસેવામાં. દરિદ્રનારાયણની પૂજામાં.' એના મનમાં ભારે અસંતોષ હતો. એને જો વધુ ભણવા-લખવાનો સુયોગ મળ્યો હોત તો! અત્યારે પણ જો પુસ્તકો વાંચવાની સગવડ મળે તો! તો એને એના કેટલા બધા પ્રશ્નોના ઉત્તર મળી જાત. ઉત્તર અંશમાત્ર હોય એમ બને, જીવનના આ આકાશી ખેલ-માં કદાચ કોઈ નેય પૂરું સમાધાન નહીં મળતું હોય તોપણ એ લોકોનું ભલું કરવામાં સુખ પામે છે, આ સુખ આત્મવ્યાપી છે. યંત્રણાઓએ એના સુખની અનુભૂતિનું જ્ઞાન વધારી દીધું છે.

આજે એ કાલનો વિચાર કરતાં કરતાં વધારે જાગ્રત બની ગયો છે. પોતાના મનની વાત વાસંતીને કહીને એણે ભૂલ તો નથી કરી? ના નથી જ કરી. એણે કેવો સરસ જવાબ આપેલો! જાણે એ એ જ જવાબ આપવા માટે દિવસો ગણતી હતી.

પોતાની જાતને ઓળખવા માટે એણે પહેલાંના કેટલાક બનાવોની મદદ લીધી. જોકે બંને ઘટના નાની એવી હતી. એમાંની એક ઘણી જ તાત્પર્યવાળી ગણાય. પાભચિલાના સરુકણને તાવમાં સન્નિપાત થઈ ગયો હતો. ચૌદ દિવસ પછી માંદગી વધુ ગંભીર થઈ ગઈ. પોતે એ દિવસે દર્દીની પાસે બેઠો હતો. રાત્રે શરૂઆતમાં દર્દી બડબડતો હતો. પરંતુ બે વાર દવાના ડોઝ આપ્યા પછી એને ઊંઘ આવી ગઈ હતી. એની પત્ની નિશ્ચિંત બની ત્યાં પાસે જ સૂઈ ગઈ હતી. પત્ની યુવાન હતી. અસાવધાનીથી અચાનક ઊંઘ આવી

જવાને કારણે એનાં વસ્ત્ર અસ્તવ્યસ્ત થઈ ગયાં હતાં. દીવાના ધીમા પ્રકાશમાં એના ગોળ ગોરા મોહક ઉરુપ્રદેશ અને અર્ધી ઢંકાયેલી છાતી જોઈને એ ચંચળ બની ગયો. કામની અશાંત વાસનાએ એને દઝાડી દીધો હતો. એને થયું કે જો તે અત્યારે એનો હાથ પકડી લે અને બત્તી બુઝાવી નાખે તો એ એની ઇચ્છા ચોક્કસ જ પૂરી કરી શકે. આ વિચાર હરપળે એના મનમાં પ્રબળ બની રહ્યો હતો. સોનાઈના ઉત્તર ભાગને પોતાનું કેન્દ્ર બનાવી તેમાં વિકસતું જતું એનું ભવિષ્ય અને એની પ્રતિષ્ઠા... પરંતુ અચાનક એક અજાણી શક્તિએ એમાં વિક્ષેપ નાખ્યો. એણે ધારેલું કે તે સ્ત્રી અસહાય છે એટલે લાચાર બની એનો દેહ અર્પણ કરી દેશે. સમર્પણના કારણ રૂપે કદાચ વિચારશે કે સરુકણને જિવાડવાનો છે અને જ્યારે સરુકણ સાજો જઈ જશે ત્યારે તે જિંદગી પર્યંત ધનંજય પ્રત્યે મનોમન ધિક્કાર સેવશે. એક સ્ત્રીની ઘૃણા એની આખી જિંદગીને કલુષિત કરી નાખશે. આ નીતિનો પ્રશ્ન છે. પોતાની લોકપ્રિયતાનો લાભ લઈને તે હીન ન બની શકે. મન અને ઇન્દ્રિયોનું દમન કરીને તે ધીમેથી દર્દી પાસેથી ખસી ગયો હતો. બીજે દિવસે ગામના સૌથી મોટા વડીલ શ્રીધર બાયનની પાસે ગયો હતો. બાયનની ઉંમર લગભગ એંશીની. ગામના ટંટાફિસાદ તેઓ જ પતાવતા. જ્ઞાની વ્યક્તિ છે. એણે બાયનને કહ્યું, 'બાપુ, મને થાય છે કે થોડા મહિનાઓ માટે આ બધાં કામોમાંથી મુક્ત થઈ જાઉં. મને મારા પર અવિશ્વાસ આવવા લાગ્યો છે.' બાયને આશ્ચર્યથી કારણ પૂછ્યું હતું. એણે ખૂબ જ આવેશમાં આવીને કહેલું, 'લોકોએ મને આટલો બધો પ્રેમ આપીને ભૂલ કરી છે. મને દેવતુલ્ય સમજીને વધારે ભૂલ કરે છે. માણસ આખરે માણસ જ છે. માણસ દેવતા નથી બની શકતો.' એની ઇચ્છા એક બીજી વાત પણ કહેવાની હતી કે એની અંદર પણ એક ઝેરી સાપ છુપાયો છે, પરંતુ તે એવું બોલી ન શક્યો. એ શું કહેવા માગતો હતો તે શ્રીધર બાયન બરાબર સમજી ન શક્યા. તોપણ એમણે ઘણી સારી સારી વાતો કરીને એના મનનો સંતાપ ઓછો કર્યો.

આ પરથી એને સમજાયું કે પોતાના મનની દબાવેલી ઇચ્છા તરફ વાસંતીનું ધ્યાન દોરીને એણે કશી ભૂલ કરી નથી. માણસને જીવતા રહેવા માટે બીજું પણ કાંઈક જોઈએ. થોડોક કામાસક્ત અનોખો પ્રેમ. અને વાસંતી પણ એને પ્રેમ કરે છે. એ વાત એની આંખો કહી આપે છે. મેં

પરથી જણાઈ આવે છે. શરીરનું હલનચલન કહી આપે છે. અને વળી એ તો એની સાથે ઘર માંડવાનો છે.

બપોરે સોનાઈ પાર કરીને તે દક્ષિણકાંઠે પહોંચ્યો. સાથે સાઇકલ નહોતો લાવ્યો. વાસંતીને ઘેર જતાં એને સંકોચ થયો. પહેલાં ભોગરામને ઘેર જવામાં અને હવેના જવામાં ખૂબ ફરક પડી ગયો છે. એના મનમાં થયું કે હવે એમના ઘેર જવામાં એને એવું લાગશે કે જાણે ઘરની દીવાલનું દરેકદરેક છિદ્ર આંખકાન બનીને એના તરફ જ તાકી રહ્યું છે. સોનાઈને કિનારે કિનારે ચાલતો કનુઆ ઘાટ પહોંચી ગયો હતો. અચાનક તે ચોંકી ઊઠ્યો. એને આવી આશા નહોતી. ઘાટની પાસે કેળનાં વૃક્ષની છાયામાં ગાલ પર હાથ રાખી વાસંતી કાંઈક વિચારમાં અન્યમનસ્ક બની બેઠી હતી. એણે બૂમ પાડી: 'વાસંતી!' એ ચીસ પાડીને એકદમ ઊભી થઈ ગઈ ને બોલી: 'ઓહ, તમે છો?'

ધનંજયે આદેશભર્યા સ્વરે કહ્યું: 'બેસ.' તે બેસી ગઈ. એણે કહેવાનું શરૂ કર્યું: 'તારી સાથે થોડી વાતો કરવાના વિચારથી આવ્યો છું. નહીં કહું તો મને શાંતિ નહીં થાય. હું સાવ એકલો છું અને એ એક બહુ વિચિત્ર વાત છે કે તારી સાથે થોડી દુઃખની વાતો કહેવાથી મને સારું લાગશે.' એટલું કહીને તે પોતે પણ બેસી ગયો. ખરા બપોરના સમયે સોનાઈને કાંઠે ભારે સૂનકાર છવાઈ જાય છે. દૂરથી ગંગાચીલનો અવાજ ચાલ્યો આવે છે ને નીરવતાને વધુ પુલકિત કરે છે. આટલામાં જ મચ્છુચકલી (કિંગ ફિશર) પણ બોલે છે. મંદ હવાથી પેલી પારનું 'કહુઆ' વન (નદીપારનું ઊંચું ઘાસ) ધ્રૂજી રહ્યું છે. પશ્ચિમના ક્ષિતિજમાં એકબે નૌકાઓ પાતળી રેખાની જેમ અદૃશ્ય થઈ રહી છે. યુવાન છોકરા-છોકરીનાં હૃદય કંપી રહ્યાં છે. એ લોકો પોતામાં જ મગ્ન છે. ધનંજય કહે છે, 'વાસંતી, હું કોણ છું તે તો તું હજુ સુધી જાણતી નથી?' વાસંતીએ કહ્યું: 'વધુ જાણવાની જરૂર છે ખરી?' એણે ખૂબ જ શાંતિથી પોતાનું દુઃખ એને કહીને પોતાના મનનો બોજ હળવો કર્યો.

'વાસંતી, તું કદાચ નહીં જાણતી હો પણ આ રીતે સમાજનું કામ કરવા પાછળનું કારણ મારી જાતને ભૂલવાનો એક ઉપાય માત્ર છે.'

'એમ કેવી રીતે બની શકે?'

'સાચું કહું છું. ઘણા દિવસ પછી સાચું કહેવાથી મનને હળવાશ લાગે છે. ગામવાળાને હું જે કાંઈ કહું છું તેને લોકો સાચું માને છે. સોનાઈ-પરિયાના લોકો કેટલા સરળ છે! એટલે જ આ જગા મને મારા જન્મસ્થાન જેવી લાગે છે. એમણે મને પૂછ્યું નથી કે હું શા માટે મારે ઘેરથી ચાલ્યો આવ્યો છું, મારા કુટુંબમાં કોણ છે?'

'કહેતા જાઓ.'

'હા, હું મારું જીવન તારી સામે ખુલ્લું કરું છું. ત્યારે કદાચ તને મારા પર દયા આવશે. અને કદાચ એટલા જ માટે તું મને કદી ભૂલી પણ નહીં શકે.'

'એવું કેમ કહો છો? મને શું દુઃખ નથી થતું?'

'આ સાંભળીને સારું લાગે છે વાસંતી. બહુ જ સારું લાગ્યું.'

વાસંતીની બંને આંખો ભીની થઈ ગઈ. ધનંજયનો અવાજ કંપનથી અસ્થિર અને વિનંતીથી ભરેલો હતો.

વાસંતીએ એની છાતીનો ટેકો લીધો. વચ્ચે વચ્ચે એ એની નરમ આંગળીઓનો સ્પર્શ કરીને અને ક્યારેક એના મુલાયમ વાળ પર હાથ ફેરવીને પોતાના વીતેલા જીવનની વાત સંભળાવવા લાગ્યો.

લખીમપુરના કોઈક ગામમાં એનું ઘર છે. બાળપણમાં જ એના પિતાનું મૃત્યુ થઈ ગયું હતું. કાકાને ઘેર રહીને માએ એને ને એની બહેનને મોટાં કર્યાં. ગરીબ સ્થિતિમાં પણ બીજાનાં ઘરકામ કરીને માએ એને હાઈસ્કૂલનાં બેત્રણ ધોરણ સુધી ભણાવ્યો, પરંતુ મા પણ નોકરડીની જેમ દિવસો વિતાવવા લાગી, મનનાં દુઃખને કારણે તેઓ કેટલાય દિવસ જમી પણ નહોતાં શકતાં એની કોઈને પડી નહોતી. કેટલીય રાતો એ લોકોએ રડી રડીને જાગતાં વિતાવી. પરંતુ એથીય કોઈનું દિલ પીગળ્યું નહીં, જ્યારે કાકા એમનાં બાળકોને એશઆરામમાં ઉછેરતા હતા. એમનું જમવાનું ને પહેરવાનું ધનંજય અને એની બહેન કરતાં જુદું રહેતું. મોટો થયો ત્યારે આ બધું તે સમજ્યે અને એક દિવસ જ્યાં એની માને બાળી હતી તે સ્મશાનમાં જઈને બૂમો પાડી પાડીને રડ્યો. એને પોતાના મનની વાતો કહી. સ્મશાનના ગંભીર અને ભયંકર વાતાવરણે એની વેદનાને વધારે અસહ્ય બનાવી. પરંતુ ભગવાન એના તરફ દયાળુ ન બન્યા. કદાચ એની સ્વર્ગસ્થ માએ એને આશીર્વાદ આપ્યા હશે તોપણ તત્કાળ તો એનું કશું ફળ ન મળ્યું. નાની બહેન મનતરા પર કાકીઆનો ત્રાસ દિવસે દિવસે

વધવા લાગ્યો. એક દિવસ એ ઘેર આવ્યો ત્યારે એનાથી એની બહેનનું દુઃખ જોઈ ન શકાયું. એક દિવસ ખાનગીમાં એણે મનતરાને કહ્યું : 'એક દિવસ આ લોકોને હું બતાવી દઈશ, ઘર છોડીને ચાલ્યો જઈશ. આ લોકો મને ઘરમાં રહેવાનું નહીં કહે તે હું સમજું છું. ક્યાંક જઈને નોકરી કરીશ. તને નિયમિત પૈસા મોકલીશ. તું આ લોકોના દબાણમાં આવ્યા વિના આનંદથી રહેજે. મારી સ્થિતિ જરા સારી થતાં જ હું તને લઈ જઈશ. અને એક દિવસ આવીને હિંમતપૂર્વક આપણી જમીન-જાગીર માટે માગણી કરીશ. નહીં આપે તો અદાલતમાં જઈશ.' મનતરાએ પણ એની વાતને સંમતિ આપી.

એણે ઘર છોડી દીધું. આવીને પહેલાં દિબ્રૂગઢમાં એક ચાની દુકાનમાં રહ્યો અને નોકરી શોધવા લાગ્યો. આ રીતે બે મહિના નિષ્ફળતામાં વીતી ગયા તોપણ એના મનનું બળ તો વધતું જ ગયું. વીસ રૂપિયા ખિસ્સામાં નાખીને તે ફરી ઘેર આવ્યો. ચાની દુકાનમાં ફરી વાર નોકરી કરવાનું એને મન નહોતું. એને જોઈને કાકાએ જરાય સહાનુભૂતિ ન બતાવી. માત્ર એની પત્નીને કહ્યું, 'આ ક્યાં જતો'તો, એનામાં કેટલી ત્રેવડ છે એ શું હું નથી સમજતો? સમજે છે કે? બાપની જમીનનો ભાગ લેવા આવ્યો છે!' ઘરમાં બીજા કોઈએ એની સાથે વાત ન કરી. કાકાનો છોકરો નરેન બરાબર એના જેવડો છે. એણે પણ જોઈને મોં ફેરવી લીધું. માત્ર મનતરા જ એને પકડીને મનભરીને રડી. પરંતુ તે ચૂપ રહ્યો. વધારે પડતો કઠોર બની ગયો. મનતરાના હાથમાં પંદર રૂપિયા આપીને કહ્યું : 'મન, આમાંથી એક જોડી સારાં કપડાં બનાવડાવી લેજે.' આટલું કહીને એની વાત માન્યા વિના, માત્ર પાંચ રૂપિયાની મૂડી પર જીવનસંગ્રામ માટે આ કરુણાહીન પૃથ્વી પર નીકળી પડ્યો. આ વખતે તે દિબ્રૂગઢ ન ગયો. મરાન જવા માટે બસની એક ટિકિટ લીધી. બસ-કંડક્ટર એનો ઓળખીતો હતો. એ જે ચાની દુકાનમાં કામ કરતો હતો ત્યાં આ કંડક્ટર ઘણી વાર આવતો હતો. ખોઆંગમાં બસ રોકાઈ ત્યારે એણે ધનંજયને પૂછ્યું : 'ક્યાં જઈશ?' આ કંડક્ટર બીજાનાં દુઃખદર્દ સમજનાર માનવી હતો. ધનંજયને જોતાં જ તે સમજી ગયો હતો કે એ એકદમ નિરાધાર છે. ખૂબ સહાનુભૂતિપૂર્વક એણે એના જવાના સ્થળ વિશે પૂછ્યું અને ધનંજયે પણ ટૂંકમાં પોતાનું દુઃખ કહ્યું. કંડક્ટર પણ છોકરા જેવો જ હતો. એની ઉંમર વીસ-એકવીસથી વધારે નહોતી. કંડક્ટરની બાજુની સીટમાં જ

ધનંજયને બેસવાનું હતું. ચાલતી બસે રસ્તામાં એણે ધનંજયને પૂછ્યું : 'તું ક્યાં સુધી ભણેલો છે?' એણે જવાબ દીધો : 'આઠમા ધોરણમાં ચાર મહિના ભણ્યો છું.' એણે દિલાસો આપીને કહ્યું, 'ઠીક છે, હું તારે માટે એક નોકરીની વ્યવસ્થા કરું છું. હું પણ તારી જેમ જ એક અસહાય જીવ છું. મારું આ કામ માત્ર પેટ માટે નહીં પણ ભવિષ્ય માટેય છે. મેં ટ્રાન્સપોર્ટ ઑફિસમાં કહીને એવી વ્યવસ્થા કરી લીધી છે કે રોજ ચાર વાગ્યા પહેલાં દિબ્રૂગઢ પાછો આવી શકું. રાતની કૉલેજમાં હું ભણું છું. આ વખતે આઈ. એ-ની પરીક્ષા આપીશ.' સાંભળીને ધનંજય અવાક બની ગયો. કંડક્ટર થઈને રાત્રે કૉલેજમાં ભણનાર આ છોકરામાં તો અસીમ મનોબળ છે! વળી કંડક્ટરે કહ્યું : 'દુઃખનો આ ખરાબ યોગ તો ચાલતો જ રહે. મારી જેમ સમજી ગન કે લોકો પર ગમે તેટલું કષ્ટ આવે તોપણ આપણે એટલા જ દૃઢ બનવું પડશે. નહીં તો આપણો કોઈ ઉગારો નથી. અને નાના સ્થાન પરથી જ લોકો મોટા બને છે.'

આ બધી વાતો પરથી ધનંજયમાં હિંમત વધી. એ જ દિવસે સાથેસાથ જ કંડક્ટરે એને એક નોકરીમાં રખાવી દીધો.

ચાના બગીચામાંથી નિવૃત્ત થઈને પેન્શન મેળવતા એક દાક્તરે એક નવી ફાર્મસી ખોલી હતી. એમાં થોડીક જ દવાઓ હતી. એમને મદદ માટે એક છોકરાની જરૂર હતી, પરંતુ કમ્પાઉન્ડર રાખવાની એમની શક્તિ નહોતી. અંગ્રેજી જાણનારો એક છોકરો મળી જાય તોયે એમનું કામ ચાલે. શીખવવાથી મિક્શ્ચર બનાવી આપે અને દાક્તર ન હોય તો એ પોતે ગ્રાહકોને દવા વેચી શકે. એટલે કંડક્ટર જ્યારે ધનંજયને એના પરિચિત દાક્તરની પાસે લઈ ગયો ત્યારે દાક્તર ખુશ થઈ ગયા. મહિને માત્ર વીસ રૂપિયામાં ધનંજય ફાર્મસીમાં નોકરીએ રહી ગયો. એ જ વખતે એણે ચિકિત્સાનું ઘણું જ્ઞાન મેળવી લીધું હતું. ફાર્મસીમાં રહીને એને ખબર પડી હતી કે ઘણા લોકો હોમિયોપથીની દવા પસંદ કરે છે. એ ઉપરાંત કેટલીક માંદગીમાં હોમિયોપથી ચિકિત્સાનું બહુ ઊંચું સ્થાન છે. મરાનની પશ્ચિમ બાજુએ રહેનારા હોમિયોપથી દાક્તરોનો ધંધો બહુ સારો ચાલે છે. ધનંજયને પણ હોમિયોપથીની વિદ્યા પ્રાપ્ત કરવાની ખૂબ ઇચ્છા થઈ. એ વિદ્યા શીખવાનું પણ સહેલું છે. એનાં પુસ્તકો બંગાળી કે આસામી ભાષામાં લખેલાં છે. મરાનમાં રહેતો હતો એ વખતે જ એણે બેત્રણ પુસ્તકો

વાંચ્યાં પણ ખરાં ને એક મોટું એવું પુસ્તક ખરીદી લીધું.

મરાનમાં રહેવાનું એને ગમતું હતું, પણ એણે વિચાર્યું કે આવી રીતે રહેવાથી ખાસ વિકાસ નહીં થાય. એકએ જણાંને કહીને એણે નાના એવા ગામમાં શાળાના શિક્ષકની નોકરી લઈ લીધી, કારણ કે શિક્ષકનું કામ કરવાથી શાળામાં ભણ્યા વિના પણ મૅટ્રિકની પરીક્ષામાં બેસી શકાય છે. ત્યાં રહીને જ એણે મૅટ્રિક પાસ કરી. એની ઇચ્છાઓ વધતી જ ગઈ. એણે કંડકટરની જેમ કૉલેજમાં ભણવાનો પણ વિચાર કર્યો. એક નવી ઊઘડેલી ઑફિસ (હિસાબ કચેરી)માં એ કારકુન તરીકે જોડાઈ ગયો. ઑગસ્ટ મહિનામાં કૉલેજમાં દાખલ થવાનું વિચારેલું. એ પચાસની સાલનો ઑગસ્ટ મહિનો હતો. અચાનક પ્રલયકારી ધરતીકંપ થયો. કેટલાય લોકો મરી ગયા. કેટલી ગાય-ભેંસો લુઈત (બ્રહ્મપુત્રા) નદીમાં તણાઈ ગઈ એની તો કશી ગણતરી નથી. કેટલાય લોકો હમેશને માટે અનાથ બની ગયા.

આટલું બધું કહીને ધનંજય થોડી વાર માટે ચૂપ બેસી રહ્યો. એનું અત્યારે ધ્યાન ગયું કે વાસંતી એની છાતી પરથી પોતાનું માથું ખસેડી લઈ ને ગાલ પર હાથ રાખી ખૂબ જ ધ્યાનથી એની વાત સાંભળે છે.

તે અચાનક બોલી ઊઠી: 'ધનભૈયા!' અને પોતાને પોતાનો અવાજ સાંભળી આશ્ચર્ય થયું.

એણે ધીમેથી પૂછ્યું: 'તને શું કાંઈ તકલીફ થાય છે વાસંતી?'

'મારા સમ, તમે આગળ કહો.'

'મારી દુઃખદ સ્થિતિની વાત સાંભળીને દુઃખી તો નહીં થા ને?'

'થાઉં તોપણ શું? પરંતુ હું પણ જો તમારી વાત ન માનું તો?'

'સાંભળ, મારી બહેન માટે પણ થોડાં આંસુ પાડ.'

'તમારી બહેન માટે? તે શું ધરતીકંપમાં મરી ગઈ?'

'મરી નથી. મરી ગઈ હોત તો સારું જ હતું. ધરતીકંપનો પ્રલય જોઈ ને મારું દિલ એને માટે તડપી ઊઠ્યું. મનમાં થતું હતું કે મનતરાનું શું થયું હશે. ઘેર ગયો. જોયું તો અમારા ઘરનો પાયો નદીમાં તણાઈ ગયો છે. અમારી જમીન લુઈતે પોતાની ગોદમાં લઈ લીધી હતી. ખેતીની જે જમીન હતી તે પણ સૂકી રેતીથી ભરાઈ ગઈ હતી. ત્યાં હવે કદી ખેતી થઈ શકે નહીં. લુઈતનાં પાણીથી ખેતર ભરાઈ ગયું હતું. આ છે લુઈતની કીર્તિ.'

'તમને તમારા ઘરમાં કોઈ ન મળ્યું?'

'કોણ ક્યાં ગયું છે તે કોઈ કહી ન શક્યું. લગભગ એક મહિના પછી ખબર મળ્યા કે કાકા એમનાં બાળકો સાથે શિવસાગર એમના સાસરે ચાલ્યા ગયા હતા. એમણે ત્યાં જ ચાના બગીચામાં એક નોકરી શોધી કાઢી હતી.'

'અને મનતરા?'

આ વખતે ધનંજય ઘણો જ બેચેન બની ગયો. બે વાર ઠંડો નિસાસો નાખી પોતાને સ્વસ્થ કરવાની કોશિશ કરી અને પછી બોલ્યો: 'શું કહું? એમાં મારો જ વાંક છે. સાંભળ્યું છે કે બે મહિના પહેલાં કાકાએ ખૂબ જ પૈસા લઈને એનું લગ્ન એક વૃદ્ધ સાથે કરી નાખ્યું છે. તે ભણીગણી પણ નહોતી. મને સમાચાર પહોંચાડવાનો એકેય રસ્તો એની પાસે નહોતો. કહે છે કે એને બળજબરીથી હવનકુંડ પાસે બેસાડી હતી.'

વાસંતીએ લાંબો નિસાસો નાખ્યો. ધનંજયે જોયું કે એની આંખમાંથી આંસુનાં બે ટીપાં ખર્યાં. તેણે એના ખભા હલાવીને નાટકીય ઢંગથી કહ્યું: 'તું જ કહે વાસંતી, આટલું બધું સાંભળ્યા પછી પણ હું કેવી રીતે ધીરજ ધરીને શહેરમાં આવું ને ફરીથી કામે લાગું? મનતરા જ એક મારો આધાર હતી. એની જ જો આવી સ્થિતિ હોય તો હું કોને માટે મહેનત કરું? અને મોટા નામી પુરુષ બનવાથી મને શો ફાયદો?'

ધનંજયે વાસંતીના ખભા પરથી હાથ ઉઠાવી લીધો. અને એ વખતે પોતાને જ કહેવા લાગ્યો, 'તે દિવસે લુઈતની રેતી પર બેઠો બેઠો ખૂબ જ હતાશ બની ગયો હતો. ધાર્યું કે શિવસાગર અને લખીમપુર કોઈ પણ શહેરમાં રહીશ તો કદાચ મનતરા મળી જશે અને હું પણ એને મળવાની ઇચ્છાને દાબી નહીં શકું. અને કદાચ જો હું એને મળું તોપણ શું કહીને એને સાંત્વન આપીશ? એને એક બુઢ્ઢાની પત્નીના રૂપમાં કેવી રીતે સાંખી શકીશ?'

વાસંતીના બંને હોઠ ધ્રૂજવા લાગ્યા. કાંઈક પૂછવા માટે તે વ્યાકુળ બની ગઈ. પરંતુ શબ્દો મુખમાંથી બહાર નીકળી ન શક્યા. તે પૂછવા ઇચ્છતી હતી કે 'તમે તો ઘણુંય સ્થળે રહ્યા છો અને છોડી પણ દીધાં છે. હવે આ સોનાઈ કિનારો પણ છોડી દેશો તો?'

પરંતુ તે પૂછી ન શકી. વિચાર્યું કે તે સોનાઈના કિનારાને છોડી નહીં શકે, કારણ કે ધનંજય વાસંતીને છોડી નહીં શકે. ધનંજયને એક બીજી શંકા

થઈ. એણે આટલી બધી વાતો કરી પણ પોતાની જાતિની બાબતમાં તો કહેવાનું જ રહી ગયું હતું. એણે જાતે જ કહ્યું: 'આટલું બધું કહ્યું, પરંતુ મેં મારા વંશનો પરિચય જ ન આપ્યો. વાસંતી મારી જાત શી છે તે જાણે છે?'

એકાએક વાસંતીનું દિલ ધડકવા લાગ્યું. કોણ જાણે, તે કોઈ એવી જાતનું નામ લે કે જેની એને કદી કલ્પના પણ ન હોય! કદાચ તે નીચ કુળનો હોય તો! એ બેચેન અને ચિંતામગ્ન બની ગઈ. ધનંજયે ખૂબ વિતૃષ્ણાથી કહ્યું: 'જાતનો હું બ્રાહ્મણ છું, અમુક સમયે જનોઈ પહેરીને અમારે લોકોએ બીજી વાર દ્વિજ થવું પડે છે. બાળપણથી જ સાંભળતો આવ્યો છું કે બ્રાહ્મણ જો નીચ કુળના માણસને અડી જાય તો એને નાહવું પડે.'

વાસંતીએ બંને આંખો બંધ કરી લીધી. થોડે દૂરથી ભાઈ ભોગરામનો અવાજ સંભળાવાથી તે સાવધાન બની ગયો. જલદીથી બંને જુદાં પડી જઈને જુદી જુદી દિશામાં ચાલ્યાં ગયાં.

ચાર

ગઈ કાલના બનાવનો વિચાર કરતાં કરતાં વાસંતી ક્યારેક ક્યારેક રોમાંચિત બની જતી હતી છતાં એને એક વાતનો પસ્તાવો થાય છે. વારંવાર તે એક જ વિચાર કરે છે કે એનાથી ભૂલ થઈ ગઈ છે કે શું? ઈશ્વરની કૃપાથી ધનંજય સાથે એકાંતમાં વાત કરવાનો એને મોકો મળી ગયો હતો, પણ પહેલે જ દિવસે એને પોતાના હાથ પર એનો હાથ રાખવા દેવો જોઈતો હતો? એ કારણે જ ધનંજય કદાચ એને હલકા પ્રકારની છોકરી સમજી લેશે તો? એના વાળમાં હાથ ફેરવ્યો એ કેવું લાગે?

વાસંતીએ ઘણી દલીલોથી પોતાને સાંત્વન આપવાની કોશિશ કરી. ના, એણે કશી ભૂલ નથી કરી. એથી તો એની વાતો કહેવાનો એને ઉત્સાહ મળ્યો

હતો. એકબે વાર વાત કરીને પછી એ એની આંગળીઓ તરફ જોઈ રહ્યો. એ વખતે એના ચહેરા પર એવો ભાવ દેખાતો હતો કે જાણે એ આંગળીઓ જ એને સાંત્વના આપી શકશે. બંને હાથથી એ એની આંગળીઓ પંપાળતો હતો. એથી તો એ પોતાના મનની દુ:ખની વાત કહી શક્યો હતો. એના સ્પર્શ માટે વ્યાકુળ વેદનાગ્રસ્ત ચિત્તને અસહાયતામાંથી મુક્તિ મળી હતી. એ પોતાના હાથ એના હાથમાં મૂકીને એનું મોં જોતી રહી અને વિચારવા લાગી કે એની આંગળીઓ સાચે જ એટલી સુંદર છે. અને એને આજે જ ખબર પડી કે પુરુષના પ્રથમ સ્પર્શે એના દિલમાં ધડકાર પેદા કરી દીધો, મન ડામાડોળ થવા લાગ્યું, શરીરમાં ધ્રુજારી આવવા લાગી. એ પોતાની જાતને ખોઈ બેઠી હતી. અને ધનંજયનું મુખ પણ કેટલું સુંદર છે. ઘણો નિર્દોષ લાગે છે. ચહેરા પર બાળક જેવી પવિત્રતા છે. એ જ્યારે એની બહેનની વાત કરતો હતો ત્યારે એના પગ ધ્રૂજતા હતા. બંને આંખો ભયાનક દ્વેષથી નાનીમોટી થતી હતી. અવાજ પણ અટકી જતો હતો. વાસંતીને થયું કે એ એકાંતમાં બેઠો બેઠો આ બધી વાતોનો વિચાર કરતો રડતો હશે. વાસંતીના મનમાં એ બિચારા માટે ખૂબ જ મમતા ઊભરાઈ આવી. એનું દિલ રડવા જેવું થઈ ગયું હતું અને તેથી જ કદાચ અજાણતાં એનો હાથ એના માથા તરફ વળી ગયો હતો. ખૂબ પ્રેમથી તે એના માથામાં હાથ ફેરવવા લાગી હતી. એણે બગાસું ખાધું, છતાં પણ એણે એનો બીજો હાથ પકડી રાખ્યો. એની પકડમાં કેટલું દુ:ખ, કેટલો સંકલ્પ, કેટલી વ્યાકુળતા હતી તેની અનુભૂતિ એ ભૂલી શકી નહોતી.

હવે તે સ્થિર બુદ્ધિથી નિર્ણય પર આવી કે પોતાને સ્પર્શ કરવા દેવામાં એણે કશી ભૂલ કરી નહોતી. છતાં પણ એનાથી એક મોટી ભૂલ થઈ ગઈ હતી. એ જ્યારે એનો સ્પર્શ કરતો હતો ત્યારે એ જ વખતે એણે એનો ચરણસ્પર્શ કરીને પ્રણામ કરવા જોઈતા હતા. એના જ આધારે આત્માની નિશ્ચલ દૃષ્ટિથી એના તરફ જોઈ ને એને સમજાવી દેવું જોઈતું હતું કે એ આજથી એની થઈ ગઈ છે. અને એની સાથે ઘર માંડ્યા પછી એ જ એકમાત્ર આ જીવનમાં એનો પોતાનો થઈ ને રહેશે. એનાં સુખદુ:ખની સમભાગી પણ એ જ હશે. એનાં સુખદુ:ખમાં એ પણ સરખો ભાગ પડાવશે. એ બંનેનાં સુખદુ:ખ જુદાં જુદાં નહીં હોય. સંતાન વિશે બંને સાથે જ વિચારશે. બંને સાથે જ વૃદ્ધ થશે, જીવન વિશે એક જ મત, એક જ ધારણા ગ્રહણ કરીને મરણની

રાહ જોશે. એણે એ જ રીતે પ્રણામ કરીને, મનમાં ને મનમાં એને સ્વામી સમજીને એની પાસે જવું જોઈતું હતું. એણે આવેશમાં આવી જઈને એની છાતી પર માથું મૂકી દીધું હતું. અને એનો પ્રેમ મેળવીને જ એનું દિલ શાંત થયું હતું. આ જ ભૂલ એનાથી થઈ ગઈ હતી. પરંતુ એટલા સંયમિત બનવાની ધીરજ એનામાં નહોતી. એ સોનાઈપરિયાની છોકરી છે. સોનાઈનાં હવાપાણીનો જ કદાચ એ દોષ છે. બપોરના નિર્જન વાતાવરણમાં, પવનના મૃદુ હિલોળાથી ફરકતાં ઉલવન અને કહુંઆવનના દૂર દૂર સુધી ફેલાયેલા શ્યામલ વિસ્તારની વચ્ચે અને સોનાઈના અવિશ્રાંત સ્રોતની લહેરોમાં તે ખોવાઈ ગઈ હતી. મોહક પ્રકૃતિની વચ્ચે એણે ધનંજયને પણ એના એક અંશ તરીકે જ જોયો હતો. એણે સંકોચ વિના પ્રેમની ભેટ ધરી દીધી હતી.

વાસંતીને એની મા માટેનો પ્રેમ અને ભક્તિ વધી ગયાં છે. એને આ ઘર છોડવું પડશે. જે ઘરમાં જન્મ્યા હોઈએ તે છોડવાનું કેટલું કઠિન છે! કેટલી માયા! વૃદ્ધ મા તો કુંવારી દીકરીને થોડી વાર માટે રોકાઈ પડેલી મધમાખી સમજે છે. એ પોતે જ તો પોતાનું જન્મસ્થાન છોડીને આવી હતી.

આંખનાં જાળાં કપાવ્યા પછી વૃદ્ધ માના વર્તનમાં ઘણું પરિવર્તન આવ્યું. હમણાં હમણાં તો એ દીકરીને લગભગ ઉપદેશ જ આપે છે. ખૂબ આદરમાન આપે છે. કહે છે: 'જો દીકરી, મારે મરવા આડે હવે કાંઈ વધુ દિવસો નથી. હું જીવતી હોઉં ત્યાં સુધીમાં તારું લગ્ન જોઈ શકું તો કેટલું સારું થાય. એકને તો પાર કરી દીધી. છોકરો પણ જાતે કમાવા લાયક થઈ ગયો છે. મને કેવળ તારી જ ચિંતા છે.' વાસંતીએ ખૂબ ધ્યાનથી સાંભળ્યું પણ પોતે કશું બોલી નહીં.

આજે સૂતી વખતે માએ કહ્યું: 'વાસંતી, હમણાં હમણાં તું જુદી કેમ સૂએ છે? બૂઢી મા સાથે સુવાનું નથી ગમતું કે શું?' વાસંતીએ કહ્યું: 'આમ માઠું શા માટે લગાડે છે મા? તને અગવડ પડશે એમ માનીને...'

'માની પડખે દીકરી સૂએ તો કઈ મા એવી હોય કે એને ખરાબ લાગે? વળી હમણાંનું મારું મન પણ ઉદાસ રહે છે.'

વાસંતી સમજી ગઈ કે જો તે માની સાથે નહીં સૂએ તો માને ઘણું માઠું લાગશે. માની એ ઇચ્છા વિશે ભાભી પણ જાણે છે. ભાભીએ પૂછ્યું: 'વાસંતી, તું માની સાથે કેમ નથી સૂતી? આ ઘરમાં હવે તું કોણ જાણે કેટલા દિવસ

રહેવાની? યુવાન છોકરીને બીજાને ઘેર જવા માટે તૈયાર રહેવું પડે છે.' ભાભીની વાતનો વ્યંગ સમજી જઈને શરમાઈ જઈ એ બોલી: 'જા, મોટી આવી કહેવાવાળી.'

રાત્રે માએ એની સાથે ઘણી વાતો કરી. વાસંતીના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે આટલા દિવસો માએ આવી વાતો કેમ ન કરી, ક્યાંય કશી વાત ચાલે છે કે શું?

'વાસંતી, તું તો જોતજોતામાં ઝાડની જેમ વધી ગઈ. હવે બરાબર યુવાન થઈ ગઈ છે. તારો ચહેરો જોઈને મને એમ લાગે છે કોઈનો સ્વીકાર કરવાની તારી ઉંમર થઈ ગઈ છે. હમણાં તું પહેલાંની જેમ ખિલખિલાટ હસતી પણ નથી, પરંતુ દીકરી, એટલું નક્કી છે કે જન્મ, મરણ, વિવાહ એ ત્રણેય વાતો દેવતાથી પણ અજાણ છે. એટલા માટે હું મારું માથું પકવી રહી છું.'

માને જોરથી વળગી પડીને વાસંતી સજળ નયને બોલી: 'મા, આજે એકાએક આવી બધી વાતો કરીને તું મને શા માટે દુ:ખી કરે છે? હું તમારા સૌ માટે દુ:ખરૂપ છું શું?'

જરા પણ વિચલિત બન્યા વિના માએ ગંભીર અવાજે કહ્યું: 'દુ:ખરૂપ નહીં, પણ ખરી રીતે તો એક મોટો બોજો છે. તારું લગ્ન ન થાય ત્યાં સુધી મને ને તારા ભાઈને, કોઈને પણ શાંતિ નહીં મળે. યોગ્ય ઉંમરે દીકરીનું લગ્ન કરી નાખવાથી જ અમને પુણ્ય મળશે.'

'મા, તું જે કાંઈ કહે તે હું સાંભળી શકું છું, પરંતુ આવી બધી વાતો તું મને ન કહે. આ બધું મને કહેવાથી શો ફાયદો?'

'હું એટલા માટે કહું છું કે તું હમણાં હમણાં ઘાટ પર બહુ મોડે સુધી બેસી રહે છે. ઘરમાં પણ સૂનમન બની કાંઈ કાંઈ વિચાર્યા કરે છે.'

વાસંતી આ વખતે કશું બોલી ન શકી. માએ જાણે કે સર્વજ્ઞ થઈને એની સાથે વાત કરી હોય એવું એને લાગ્યું. રાત્રે એને ઊંઘ ન આવી. માએ કહેલી વાતો એના કાનમાં ગુંજ્યા કરી. માએ કહ્યું હતું કે જો સ્ત્રી સારી હોય તો કોઈ પણ પુરુષ સાથે રહીને સંસારને સુખી બનાવી શકે છે. જો એક વાર પણ સ્ત્રીનો પગ લપસી જાય તો એક દોષ ઢાંકવા માટે હજાર દોષ કરવા પડે છે. અને તે દિવસથી સુખશાંતિ એની પાસેથી વિદાય લે છે. પરંતુ એક વાતનો મર્મ હજુ સુધી એને નથી સમજાયો. માએ કહેલું, ભગવાને

નારીને એક વિશેષ ગુણ આપ્યો છે તેથી તે ગમે તેવી હાલતમાં પણ જીવન નિભાવી શકે છે. પરંતુ આ બધી વાતો તો માએ શરૂઆતમાં જ શીખવવી જોઈતી હતી. રાત્રે મા વાત કરતી રહી ને વાસંતી વગર બોલ્યે એક નાની બાલિકાની જેમ સાંભળતી ગઈ. ધ્યાનથી વિચારતાં એક નૈતિક જાગૃતિએ એને બેચેન બનાવી દીધી.

બીજે દિવસે પ્રાતઃકાળનાં કિરણો પણ એના દિલનું અંધારું દૂર ન કરી શક્યાં. કામ કરીને મન બહેલાવવાનો પ્રયત્ન કર્યો. ઘણાં બધાં મેલાં કપડાં ઘાટ પર લઈ જઈ ઘણી વાર સુધી ધોયા કર્યાં. ઘરવાળાં ઊઠયાં એ પહેલાં એણે ત્રણ ટોપલી ધાન ખાંડી લીધું હતું. બપોર પછી એણે ત્રણ 'કાઠી' કપડાં વણ્યાં. સાંજે પણ મા અને ભાભીથી આઘી આઘી જ રહી. ધૂપ કરીને બધા ઓરડામાં ધુમાડો કર્યો હતો. ગૌશાળાની પાસે કચરો સળગાવી એનો ધુમાડો પંખા દ્વારા ગૌશાળા તરફ વાળ્યો, જેથી મચ્છરો ભાગી જાય. સાંજે જમ્યા પછી પથારીમાં પડી પડી ભગવાનનું નામ રટવા લાગી હતી. બીજે દિવસે સવારે ઊઠયા પછી એને સારી તાજગીનો અનુભવ થયો. રાત્રે એને ઊંઘ સારી આવી હતી.

સવારે ઊઠીને તે રોજ ઘર વાળતી હતી. ભાભી જો સવારે ઊઠીને બગીચામાં કામ કરે તો એ ઘરની સામેનો ઉંબરો સાફ કરી નાખતી. ઘરની પાછળ નારિયેળીના ઝાડથી નદીના ઘાટ સુધી વૃક્ષવેલાની વચ્ચે માથાના સેંથા જેવો બે હાથ પહોળો જે રસ્તો છે ત્યાં પણ ઝાડુ મારી આવતી. રાતરાણીનાં બંને વૃક્ષોનાં થડની આસપાસ પણ સાફ કરી દેતી. આજે પણ એટલું જ ઝાડુ માર્યું. બધું સાફ કર્યા પછી, ઘરની સામે ઉંબરાની બંને બાજુ જે બે પારિજાતનાં વૃક્ષો છે એની નીચેથી થોડાં ફૂલ વીણીને ખોળામાં લઈ લીધાં. એ ફૂલોની વેણી બનાવીને પોતાના અંબોડે બાંધી દીધી. બીજી માળા સામે-વાળા ઘરમાં રાધાકૃષ્ણની છબીને ચડાવવા જતી વખતે ઘરની સ્થિતિ જોઈ એને ઘણો ગુસ્સો આવ્યો. આટલા દિવસો સુધી એને ખ્યાલ જ ન આવ્યો કે સામેવાળો ઓરડો કેટલો ગંદો પડયો છે. આજે જ એને લાગ્યું કે જે ઘરમાં જુવાન છોકરી હોય તેનો સામેનો ઓરડો તો જોતાં જ દિલ ખુશ થઈ જાય તેવો હોવો જોઈએ.

ઓરડાની દક્ષિણે રાખેલી ચોખાની ત્રણ ગૂણો એ ગમે તેમ કરીને

ખેંચીને એક ખૂણામાં લઈ ગઈ અને તેના પર કોઈની નજર ન પડે માટે ચટાઈથી ઢાંકી દીધી. ચોખાના બે મોટા ટોપલા કોઠારના સામેના છેડે રાખી દીધા. ઓરડાની ઉત્તર તરફ ઉંબરા પાસે મહેમાનો માટે રાખેલી પાટ પર એક રંગીન ચાદર પાથરી દીધી. લાકડાની ખીંટી પર ટાંગેલાં હરણનાં બે શીંગડાં સાફ કર્યાં. નાનું ટેબલ, બે ખુરશીઓની વચ્ચે મૂકી દીધું. બે મૂડા અને બે પાટલા ગોળાકારમાં ગોઠવી દીધા. ટેબલ પર ફૂલવાળો એક ટેબલ-ક્લૉથ પાથરી દીધો. બાટલીમાં ફૂલ ગોઠવી એને પણ ટેબલ પર મૂકી દીધી. દીવાનખાનાની સૂરત જ બદલાઈ ગઈ. મનના આ બાહ્ય પ્રકાશથી તે પોતે વિસ્મિત બની ગઈ.

ભાભી કાંઈ ઓછી ચતુર નથી. વાસંતીનું આ બધું કામ જોઈને એને કાંઈક શંકા પડી. એણે હસીને કહ્યું : 'હં... મને તો આજે જ તારું કામ પસંદ પડયું. જો કોઈ છોકરી જોવા આવે તો છોકરી પસંદ કરતા પહેલાં ઓરડો જોઈને જ ખુશ થઈ જશે.' વાસંતી રોષથી થોડી વાંકી વળી ગઈ. ભાભીએ ફરી કહ્યું : 'સાંભળી લે, હવે વધારે દિવસો નથી. એ દિવસ પણ આવશે. તારા ભાઈએ એક જગાએ વાત ચલાવી છે.'

'ભાભી, જો તમે આ રીતે મારી મજાક કરશો તો હું તમારી સાથે વાત જ નહીં કરું.'

'અરે વાહ, સાચું કહીએ એમાંય ગુસ્સો ?' હવે તો વાસંતીનો બધો સંકોચ દૂર થઈ ગયો. ભાભીને આ રીતે બોલતી જોઈને વાસંતીને બીજી વાતની ખબર ન પડી. કાંઈ વાંધો નહીં. ધનંજય ઘેર આવશે ત્યારે એ એની સામે તો આવી શકશે અને વાતચીત પણ કરી શકશે, પરંતુ આ બધી વાત ચાર દિવસ પણ છાની ન રહી. શનિવારે ભોગરામ સૂર્ય અસ્ત થયા પછી જ બજારમાંથી ઘેર આવે છે એટલે તે દિવસે ઘરના બધા માણસો જમી લે છે, કેવળ તરુલતા જ પતિની પ્રતીક્ષામાં રહે છે. એ સામે બેસીને પાન ચૂંટતી હતી. એ જ વખતે છોકરી દોડતી આવી. તરુલતાએ ગુસ્સાથી છોકરી તરફ જોઈને કહ્યું, 'ઘાટ પર એકલા જવાની ના પાડી હતી ને! બોલ કેમ ગઈ હતી? બહુ હિંમત વધી ગઈ છે શું?'

દીકરી માલસની ઉંમર સાત વરસની છે. એને હજુ ઝાઝી સમજ નથી. માનો ગુસ્સો જોઈને એણે ડરતાં ડરતાં કહ્યું : 'હું એકલી નહોતી ગઈ.

વાસંતીફોઈ પણ સાથે આવી હતી.' તરુલતાએ ખોટો ગુસ્સો રોકીને રાજી થઈને કહ્યું, 'હા, કોઈની સાથે જવું, સમજી? એ બાજુ મોટો ઢાળ છે. જો પગ લપસી જાય તો નદીમાં પડી જા. તારી ફોઈ આવી કે નહીં?'

'હજી નથી આવી. ઠીક મા, મને કહેને કે આજે મારા બાપુ મારા માટે લાલ ફરાક લાવશે કે નહીં?' તરુલતાએ માલસની વાતનો જવાબ દીધા વિના પહેલાંની જેમ જ ગુસ્સાથી પૂછ્યું, 'ફોઈ હજુ સુધી શું કપડાં જ ધુએ છે?'

'હજુ ધોયાં જ નથી.'

'તો શું સાલનાં લાકડાં કાપે છે?'

'ફોઈ ખૂબ ખુશ છે. ખૂબ હસતી હતી, પુરુષની સાથે વાત કરતાં જ હસે છે. એ પુરુષ પણ હસતો રહે છે.'

'પુરુષ! કયા પુરુષ સાથે વાત કરે છે? કહેતી કેમ નથી? મૂરખની જેમ જોઈ શું રહી છે?'

'એ જ, જેઓ બુઢ્ઢી માને શહેરમાં લઈ ગયા હતા, એ જ દાક્તર. અને ફોઈની પણ કેટલી હિંમત! આવડા મોટા માણસને ફોઈ તું કહીને બોલાવે છે.'

તરુલતા ખૂબ ચિંતામાં પડી ગઈ. પાનની ટોપલી જોરથી જમીન પર મૂકી દીધી અને આંગણામાં આવીને ઘાટ તરફ જોવા લાગી. વાસંતીને ધીમે ધીમે આવતી જોઈ. સામે આવતાં જ વાસંતીને માથાથી પગ સુધી જોઈ લીધી અને મેણું મારીને કહ્યું: 'તને ઘાટ પર આટલી વાર કેમ લાગે છે એ હવે હું સમજી. અમારી છોકરીને પુરુષદેવતા મળી ગયા છે!'

વાસંતી પર જાણે વીજળી પડી. એ ઊભી ને ઊભી જ રહી ગઈ. કાંઈ ન બોલવાથી ખરાબ લાગશે એટલે ગભરાતી ગભરાતી બોલી, 'શું થયું? મેં એવું શું કર્યું?'

'હવે અજાણી ન થા. તેં શું કર્યું છે એનો જવાબ પણ શું મારે જ દેવો પડશે? હવે એટલું જ કહેવાનું બાકી છે. તને સાચી વાત કહેવાનો મને અધિકાર નથી શું?'

'ભાભી!'

વાસંતીનો અવાજ વિનંતીભર્યો હતો. ભાભીએ અત્યંત કોમળ સ્વરે પૂછ્યું:

'શું?' એટલે અંતરના પૂરા આવેગથી વાસંતીએ કહ્યું: 'ભાભી, જો હું તારી સામે મારું દિલ ખોલીને બતાવી શકતી હોત તો...'

ભાભી માથું નીચું રાખીને ચૂપ જ રહી.

પાંચ

વાસંતીનું મન ભુલાવામાં પડયું છે એ જાણવા છતાં તરુલતાએ એને સાવચેત ન કરી. માત્ર વાસંતી ક્યારે હનુઆ ઘાટ જાય છે ને ત્યાં કેટલો સમય રહે છે તેના પર જ નજર રાખવા લાગી. તરુલતા એની પાછળ પડી છે અને જાસૂસની જેમ કામ કરે છે તે સમજતાં વાસંતીને વાર ન લાગી. એ તો પહેલાંની જેમ જ ઘાટ પર જતી-આવતી રહી. નાટક-કથામાં પણ જવાનું ચાલુ રાખ્યું. છતાં પણ તે પહેલાં કરતાં વધુ પરાધીન બની ગઈ. પહેલાં જેવા મુક્ત મન અને ગૂંચવાડા વિનાના સરળ સ્વભાવને પ્રેમના છૂપા સ્પર્શે કચડીને તરણાની જેમ મસળી નાખ્યો હતો. હંમેશાં ઘરમાં રહેનારી, સ્વભાવમાં જરાય મિજાજીપણું ન રાખનારી આ છોકરી, પહેલાંની જેમ દિવસ વિતાવતી હોવા છતાં પણ પહેલી વાર અનુભવ કરે છે કે પોતે પિંજરાનું પંખી છે.

જે ભાભીએ એને આટલા પ્રેમથી રાખી એને પણ લાગવા માંડયું કે પિંજરાનું પંખી ક્યારેક ઊડી જવાનું. ત્રણ બાળકોની મા તરુલતા ઘરની જંજાળમાં, બાળકોને ઉછેરવામાં, કૌટુંબિક જીવનની યંત્રણામય દશામાં એ ભૂલી ગઈ કે પોતે પણ એક વાર જુવાન હતી અને વાસંતીની જેમ જ એનું મન પણ વ્યાકુળ હતું. માણસની પાસેથી વાસંતીના દિલ દીધા-લીધાનો નિશ્ચિત અણસાર જાણ્યા પછી તરુલતા એને પહેલાંની જેમ સદ્‌ભાવથી સ્વીકારી ન શકી. એ વિચારવા લાગી કે વાસંતીને આ સર્વનાશી રસ્તેથી બચાવવાનું એનું કર્તવ્ય છે. તો જ એ વાસંતીનું ભલું કરી શકશે.

તોપણ વાસંતીએ તરુલતા પ્રત્યે કૃતજ્ઞભાવ રાખ્યો. અને ડરતી ડરતી રહેવા લાગી. કૃતજ્ઞ બનવાનું પહેલું કારણ એ હતું કે એ વાતને આજ બે દિવસ થઈ ગયા છતાં પણ તરુલતાએ એ વાત એના પતિ ભોગરામને નથી કહી. એના વર્તનથી જ વાસંતી સમજી ગઈ હતી કે કદાચ માને પણ નથી કહી, કારણ કે મા તો પહેલાંની જેમ જ એની સાથે વાતો કરતી હતી. પરંતુ આ રીતે તે કેટલા દિવસ રહેશે? જ્યારે મમતા જાગી છે, સ્નેહ સાથે વિધાતાએ એના મનઃપ્રાણ બાંધી લીધા છે તો બીજો શો ઉપાય છે? નિષ્ઠુર નિયમથી બંધાયેલા વંશપરિવારનાં પ્રાચીન બંધનો તોડવાની એને અદમ્ય ઇચ્છા થઈ. જાણે એ ખુલ્લા પ્રદેશમાં યૌવનથી ઉન્મુક્ત બનેલી વાંસળીના સ્વર સાંભળી રહી છે અને સસ્કારના કૂંડાળાને કચડી-તોડીને બહાર નીકળી પડવા માટે વ્યાકુળ બની ગઈ છે.

ગામડાની એક છોકરી જેટલા આવેગ અને મનોવેદનાથી પોતાની વાતને હૃદયંગમ અને સહાનુભૂતિ જગાડનારી કરી શકે એટલા જ આવેગ અને મનોવેદનાથી એણે ભાભીને બધી વાત કરી. એની વાત સાંભળીને સાથેસાથ જ તરુલતાને અનુકંપા થઈ. સારાખોટાનો અભિપ્રાય આપ્યા વિના એણે કહ્યું: 'વાસંતી, હું તારું મન સારી રીતે સમજી શકું છું, પરંતુ એક વાત વારંવાર મારા મનમાં આવે છે કે એવા કેટલા લોકો હશે જે પોતાના મનના ખોદેલા તળાવનું પાણી પી શકે છે! દીકરી, તારો દેહ સાચવીને રાખજે. યાદ રાખજે કે જેટલો નશો હશે એટલું જ આપણું કશું નહીં રહે ને એટલી જ દુઃખી થઈશ.'

વાસંતીએ નિરાશાભર્યો નિસાસો નાખ્યો. તરુલતાએ આટલી સહાનુભૂતિ બતાવી છતાં બીજે દિવસે જ્યારે ધનંજય ઘેર આવ્યો ત્યારે ચા અને પાન આપવા માટે એણે વાસંતીને તક ન આપી. એને મનોમન ભાભી પર બહુ જ ગુસ્સો આવ્યો અને રસોડામાં વાસણ પછાડવા લાગી. ભાભીની કડક નજરને કારણે બારણાંની તિરાડમાંથી જોવાનું પણ નસીબ નહોતું.

તરુલતા વાસંતી અંગે ભારે ચિંતામાં પડી ગઈ. વાસંતી હમેશાં ચૂપ રહેવા લાગી. પહેલાંની જેમ વ્યવસ્થિત રીતે વાળ ઓળવાનું પણ છોડી દીધું. પોતાની મેળે લગ્નનાં ગીતો ગણગણવાનું પણ છોડી દીધું. ધનાશ્રી રાગની મધુરતા જાણે અચાનક કરુણ મૂર્છામાં સ્તબ્ધ થઈ ગઈ. તરુલતાએ ખાનગીમાં

સાસુને બધી વાત કરી. સુજલાએ એની જેમ ઉત્કંઠા ન બતાવી, પણ માત્ર એટલું જ કહ્યું : 'તો જલદીથી એની વ્યવસ્થા કરવી પડશે. આ બધી પાયમાલીને જલદીથી દૂર કરવી પડશે. નહીં તો ભારે થશે. કોનું મન કોની તરફ જાય છે તે કોણ જાણે છે? વળી પુરુષનું મન તો ફાગણની મોસમ જેવું. ઘણો સમય વળગીને રહેવાથી સ્ત્રીને જ પસ્તાવું પડે છે.'

'ઠીક, મા. છોકરો કેવો છે?'

'કાંઈ નક્કી નથી કહી શકતી, જોવા-સાંભળવામાં તો સારો છે. એથી વધુ ધ્યાન નથી આપ્યું. વાતચીત ઉપરથી તો મને એમ લાગે છે કે તે ચાલાક લોક માંહેનો નથી.'

સાંજે વાસંતી માની પાસે જ હતી. આંખો ખરાબ થયા પછી મા હમણાં પુસ્તક વગેરે વાંચી નથી શકતી. વાસંતી માને પુસ્તક વાંચી સંભળાવતી હતી. કીર્તનનાં પદ સૂરમાં ગાતી હતી એટલે ક્યાંય અટકવાનું નહોતું આવ્યું. અચાનક એ અન્યમનસ્ક બની ગઈ. ઘરની સામે સાઇકલની ઘંટી સંભળાઈ, ટ્રિંગ ટ્રિંગ કરીને બે વાર ઘંટી વાગ્યા પછી ફરી બે વાર ઘંટી વાગી હતી. એના કાન એ ઘંટીથી પરિચિત હતા. એણે પુસ્તક વાંચવાનું બંધ કરી દીધું હતું ને અધ્યાય સમાપ્ત કર્યા વિના વાંચવાનું બંધ કેમ કરી દીધું એ માનો સવાલ એણે સાંભળ્યો નહીં. કાનની ચપળતાથી એ જાણી ગઈ હતી કે એણે સાઇકલ ટેકાવી દીધી છે. થોડી જ વારમાં દીવાનખાનામાંથી એનો અવાજ સંભળાયો. એ એને જવાબ દેવા માટે બહાર જવા ઇચ્છતી હતી, પરંતુ માને એના મનની સ્થિતિનો ખ્યાલ આવી ગયો હતો તેથી ગુસ્સાથી એને એની જ જગાએ બેસી રહેવાનું કહીને એ ધીરે ધીરે સામેના ઓરડા તરફ ચાલી ગઈ. ધનંજયની સાથે થોડી વાત કરીને એને વિદાય કર્યા પછી અંદર આવીને વાસંતીને ખૂબ જ દુઃખપૂર્વક એના મનની વાત કરી, 'બેટા, તેં આ શું કર્યું? હું એની આંખોમાં તારો સર્વનાશ જોઉં છું.'

વાસંતી ધ્રુસકે ધ્રુસકે રડી હતી. માએ પોતે જ ફરીથી કહ્યું, 'ત્રણ કાળ મેં જોઈ નાખ્યા છે. અત્યારે પણ માણસને ઓળખતાં મને વાર નથી લાગતી. ધનંજયને જોઈને મને લાગ્યું કે તે લાયક માણસ નથી. કેટલાક લોકો એવા હોય છે જે બધી રીતે સારા હોય છે. ધનંજય પણ એવો જ છે, છતાં પણ એને જોઈને એવું લાગે છે કે તે સંસાર વસાવીને રહે તેવો માણસ નથી.

એવા પણ કેટલાક માણસો છે જે બધું જ કરી શકે છે, પ્રેમ આપી શકે છે, પ્રેમ લઈ શકે છે. પરંતુ તે એક જ સ્થાન પર ટકી નથી શકતા. 'સાઈથિા' ચકલીની જેમ આકાશમાં ઊડવાનું જ પસંદ કરે છે. ધનંજય પણ કદાચ એવા જ ઊડવાવાળા માંહેનો એક છે.

વાસંતીનાં ડૂસકાં બમણાં થઈ ગયાં. બીજે દિવસે ઘાટ પર પાણી લેવા જતી વખતે એણે ધનંજયને સામે પાર એકલો બેઠેલો જોયો હતો. તે વનની હરિણીની જેમ એના તરફ જોઈ રહી. તરુલતા ક્યારે આવીને એની પાસે ઊભી રહી તે એને ખબર ન પડી. ધનંજય તરુલતાને જોઈને એક ઝાડની પછવાડે સંતાઈ ગયો હતો.

વાતની ગંભીરતા જોઈને મા અને તરુલતાએ ખાનગીમાં ખૂબ વિચાર કર્યો. એમણે નક્કી કર્યું હતું કે છોકરીનું મન જો એકમાં લાગી ગયું હોય તો એને સોંપી દેવી એ જ સારું છે. ભોગરામને આ બધું કહેવાનું નક્કી કર્યું. સાંભળીને એ કદાચ ગુસ્સે નહીં થાય ને લગ્ન કરી આપશે. એટલે એ લોકોની ચિંતા દૂર થઈ જશે. વાસંતીને થોડા દિવસ મામાને ઘેર મોકલવાનું નક્કી કર્યું. માએ કહ્યું, એના મગજમાં શનિ ભરાયો છે, એમાં ખરાબ ગ્રહ બેઠો છે. થોડું હરીફરી આવશે તો કદાચ કાદવમાં ફસાયેલું મન સાફ થઈ જશે. ત્યાં થોડા દિવસ રહેવાથી એની ચિંતા પણ કદાચ ઓછી થઈ જશે.

પરંતુ આ વાત ભોગરામ પાસે કરી શકાઈ નહીં. આ મહિને એને વેપારમાં નુકસાન થયું છે. જે થોડો સમય ઘરમાં રહે છે ત્યારે બૂમો પાડ્યા કરે છે. નાનકડી વાત પર પણ એને ગુસ્સો આવે છે. ભોજનના સ્વાદમાં થોડો ફેરફાર થાય છે તો થાળી પછાડે છે. બાળકોના જરાસરખા અવાજથી એ ઉગ્રરૂપ ધારણ કરી લે છે.

આ બાજુ મામાને ઘેર મોકલી દેવાનો આગ્રહ જોઈને વાસંતીને મા અને તરુલતા પર ખૂબ ગુસ્સો આવ્યો. એણે એ લોકોને સ્પષ્ટ કહી દીધું કે એ નહીં જાય. મા સુજલાને એની દીકરી તરફ અત્યારે સાચા અર્થમાં ગુસ્સો આવ્યો. એના પેટની દીકરી હોવા છતાં અત્યારે મોટી મોટી વાતો કરતી થઈ ગઈ છે? એક સામાન્ય પરદેશી છોકરા માટે માની અવજ્ઞા કરવાની હિંમત એનામાં આવી ગઈ છે.

'વાસંતી, તું જશે કે નહીં તે બરાબર કહે.'

'શા માટે જવાનું છે એ કેમ નથી કહેતાં? હું તમારી મફતમાં મળેલી ગુલામડી છું કે જ્યાં જવાનું કહો ત્યાં દોડીને પહોંચી જાઉં?'

'તારી મામી તને ઘણા દિવસથી તેડાવે છે એટલે.'

'હું સમજી ગઈ છું કે તું મને ચુપચાપ અનાથ કરવા ઇચ્છે છે.'

'મોં સંભાળીને બોલ. કુંવારી છોકરી થઈને આવી વાત કરતાં તને શરમ નથી આવતી?'

'મેં કહી દીધું છે કે હું નહીં જાઉં, નહીં જાઉં, નહીં જાઉં. મારી એક જ વાત છે બસ. તમારે માટે જો હું એટલી આપત્તિરૂપ છું તો ગળામાં ઘડો બાંધીને સોનાઈમાં ડૂબી મરવાનું કેમ નથી કહેતાં?'

'તું તો ખરાબ રસ્તાની વાત કરે છે દીકરી!'

બે દિવસ મા અને તરુલતા વાસંતી સાથે ન બોલ્યાં. ત્રીજે દિવસે મા સુજલાને દીકરી માટેની મમતા જાગ્રત થઈ. સૂતી વખતે દીકરીના માથા પર હાથ ફેરવવા લાગી. વાસંતી પણ માના ગળામાં હાથ નાખીને રડી પડી. માએ કહ્યું: 'દીકરી, તને સાચી વાત કહું છું એમાં તું મને તારી દુશ્મન શા માટે સમજે છે? તારા માટેનો મારો પ્રેમ ઓછો થઈ ગયો છે કે શું?'

એણે શાંત બાળકની જેમ માની વાતો પર ધ્યાન આપ્યું. મા એની પાસે સોનાઈપરિયાની જીવનધારા અને તત્ત્વજ્ઞાનની ઇતિકથા સંભળાવવા લાગી.

સોનાઈપરિયા ગામનું જીવન વિપદથી ભરેલું છે. સોનાઈને આધારે જ અહીંના ગ્રામ્યજીવનનું રૂપ ઘડાયું છે. દરેક વર્ષે સોનાઈ એના કાંઠાની માટી પર ખાતર પાથરીને એને શસ્ય-શ્યામલા બનાવે છે. કેટલાંક વરસોથી સોનાઈ કદાચ રોષે ભરાઈ છે. પૂરનાં પાણી ધાનના કોઠારની છત સુધી પહોંચી ગયાં હતાં. ધાન અને શણ પાણીની નીચે જામી ગયાં. સોનાઈપરિયાના લોકો ખૂબ મુસીબતમાં જીવન જીવે છે, બીમારી ફેલાઈ છે, દુકાળ પડ્યો છે. એની સામૂહિક જીવનયાત્રા એવી છે કે વહેણ જ જીવનની ગતિનું નિર્ણાયક છે. પ્રકૃતિના ભીષણ વૈષમ્યમાં પણ સોનાઈ ઉપરથી આવ-જા બંધ કરવાનું પરવડે નહીં. તદુપરાંત વરસાદમાં પાંચછ હાથ ઊંડાં પાણીમાં ખેતી કરવાનું પણ કાંઈ સહેલું નથી. નસીબ નબળું હોવાથી કોઈ પણ સ્થાનમાં ઝેરી નાગ ફેણ કાઢીને

ઊભો રહેતો હોય છે. પાણીમાં ડૂબકી મારીને શણ કાપતી વખતે 'મછંદરી'- (કાળી પીઠવાળી એક પ્રકારની મોટી માછલી) સાથે અથડાઈ પડતાં કાળજું ફાટી જાય છે. કાળ વૈશાખની આંધી અને વાવાઝોડાં વગેરે તો છે જ. આંધીમાં ઘર ઊડી જાય. જોરદાર હવાથી ઘર પડીને લોકો કચડાઈ જાય, વાવાઝોડામાં શ્વાસ બંધ થઈને લોકોનું મોત થાય એવી ઘટનાઓ તો સોનાઈપરિયાના લોકો માટે વાર્ષિક સમાચાર છે. વાર્ષિક બલિ દેવાની પ્રથા છે. કયારે કોના ભાગ્યમાં શું છે તે કોઈ નથી જાણતું. ન જોયેલા માણસ પર ભરોસો મૂકી સોનાઈપરિયાના લોકો હિંમતથી જીવન વિતાવે છે. સ્થાનિક વિશ્વાસ, સામાજિક નીતિનિયમ અને કુસંસ્કારોથી જ તે જીવનના છંદ, પરંપરા સાચવીને ચાલે છે. પ્રકૃતિને સંતોષવા માટે 'લાલુગ' (આસામની તળેટીની એક માનવજાતિ) લોકો સંયુક્ત સર્પપૂજા કરે છે. વૃક્ષના થડને સિંદૂર ચોપડીને પૂજા કરે છે. કોઈ સ્થાનિક અધિષ્ઠાત્રી દેવીને બકરી, હંસ કે કબૂતરનો બલિ ચડાવે છે. મોરાપુર, બોરબોરી, દરગિયાલ, માઝગાંવ વગેરેનાં મંદિરોમાં કથાકીર્તન થાય છે. તિથિ અને બીજા ઉત્સવોમાં દરેક મંદિરમાં શંકર માધવ ગુંજી ઊઠે છે. માંદગી, દુષ્કાળ, સનાતન સંકટ, પૂર અને આકસ્મિક આપત્તિઓના શિકાર બને છે. પરંતુ હારતાં નથી. અને એ લોકો તો સોનાઈ છોડીને કયાંય જઈ પણ શકતા નથી. દુ:ખની ચિંતા સાથે જીવવામાં જ એમને આનંદ આવે છે. મુશ્કેલીને હિંમતથી તુચ્છ બનાવી દેવાનો જ સોનાઈપરિયા લોકોનો સ્વભાવ છે.

પરંતુ પુરુષોને જ સોનાઈપારની બધી જાતની તકલીફોનો સામનો કરવો પડે છે. સ્ત્રીઓ માત્ર જમીનમાં વાવણી કરે છે, ધાન કાપે છે અને ઘરકામ કરે છે. સોનાઈ પારના લોકોમાં એવી માન્યતા પ્રચલિત છે કે પુરુષ એની રોજિંદી તકલીફભરી જિંદગી અને એની લાચાર અવસ્થામાં પોતાની સ્ત્રી પર જ આધાર રાખે છે. ઘરની સ્ત્રી જો સાચા મનથી દિવસ વિતાવે, અન્ય પુરુષને પ્રેમ ન કરે, ગેરકાનૂની પ્રેમથી મનને પાગલ ન બનાવે તો એ નારીના સતીત્વના બળ પર જ પળપળની વિપદ સામે ઝૂઝતો પુરુષ કુળનો ઉદ્ધાર કરે છે. આ જ છે સોનાઈપરિયા પુરુષનું કૌટુંબિક તત્ત્વજ્ઞાન.

પરંતુ વાસ્તવિક જીવન નિયમનું પાલન નથી કરતું, પ્રચલિત તત્ત્વજ્ઞાનને નથી માનતું, સંસ્કારને નથી સ્વીકારતું. કયારેક કયારેક સોનાઈને બીજે કાંઠે પ્રીતિ થઈ પણ જાય છે. મદનનું બાણ કાયદાને ધ્યાનમાં રાખીને

યુવક-યુવતીને નથી વીંધતું. 'બિહુ' (આસામનો વસંતોત્સવ) ગીતનો સૂર બિહુ 'પેપા'(શરણાઈ જેવું વાંસનું વાદ્ય)નો સૂર ઢોલના લગાતાર તાલ અને જંગલ વીંધીને વહી આવતા 'વનઘોષ'(લોકગીત)ની ફળદ્રૂપ અશ્લીલતા સામાજિક નિયમનાં બંધન તોડી નાખે છે, અને સુજલા જેવી કેટલીય સમજુ સ્ત્રીઓ માને છે કે પુરુષના દુઃખનું કારણ સ્ત્રીજાતિનું પાપ જ છે.

સૂતી વખતે દીકરીના માથે હાથ ફેરવતાં માએ કહેલું : 'ગંધકલાઈ શણ કાપવા ગયો ત્યારે સોનાઈમાં ડૂબી ગયો હતો, કારણ કે એની સ્ત્રી પાપનું કામ કરતી. એ દિવસે સોનાઈમાં તોફાન પણ નહોતું ને નૌકા પણ ઘણી મજબૂત હતી.'

વાસંતી ગંધકલાઈની વહુ ચિત્રાની વાત જાણે છે. પતિ ઘેર હોય ત્યારે તે સ્વરૂપ દુકાનદાર પાસે જતી હતી. સ્વરૂપે એને જરીકામવાળી રેશમની 'મેખલા' (આસામની સ્ત્રીઓનો પહેરવેશ) આપી હતી. સુગંધી તેલ, જે એ રોજ માથામાં નાખતી હતી તે પણ સ્વરૂપની જ ભેટ છે.

માની વાત એને સાચી લાગી. એનું હૃદય હલી ગયું હતું. માએ આગળ કહ્યું : 'જાનકીના મોટાભાઈને જંગલમાં વાંસ કાપતી વખતે ખરા બપોરે સાપ કરડ્યો હતો. ક્ષણમાં એનો જીવ ઊડી ગયો. જોકે એની ઘરવાળી સારી સ્ત્રી હતી. બધા અનર્થનું મૂળ એની નાની બહેન જાનકી હતી, એ જ ઘરની દુર્લક્ષણી, એને કારણે જ ઘરનો નાશ થયો હતો, કારણ કે કમાનાર મોટો ભાઈ પણ મરી ગયો. એણે એક વાર ગર્ભપાત કરાવેલો તે કોણ નથી જાણતું ?'

માએ આમ કહ્યું કે તરત જ વાસંતી ચીસ પાડી ઊઠી. એને કારણે જો ભોગરામને કાંઈ થઈ જાય તો આખું ઘર ચોક્કસ જ વેરાન થઈ જાય. પિતાના મૃત્યુ પછી આ દશ વરસ એમણે જ ઘરને સાચવ્યું છે. એ લોકોને બે વખત બે મુઠ્ઠી ખવડાવવા માટે તેઓ ચંદ્રસૂરજની જેમ રાતદિવસ બહાર ફરે છે. વાસંતીનો આર્તનાદ સાંભળી એને સાંત્વન આપવાનો પ્રયત્ન કરતાં મા બોલી, 'સ્ત્રી જ ઘરની લક્ષ્મી છે. એના ધર્મથી જ વંશના ત્રણ કુળનો ઉદ્ધાર થાય છે. હજુ પણ સમય છે દીકરી, તું હજુ છે કેટલાં વરસની ! ધીરજથી કામ લે. ઊંધી વાતો મનમાંથી કાઢી નાખ. તારી શક્તિ પર અમે પણ તરી જઈશું. તું જેના ઘેર જશે એ ઘરના લોકો પણ ઝડપથી પ્રગતિ કરશે. આ

કુટુંબ બચશે ને એ કુટુંબ સમૃદ્ધ થશે. તું મારી છેલ્લી દીકરી છે. વૃદ્ધાવસ્થામાં માની આટલી વાતેય નહીં માને શું?'

આ બધી વાતો કરતાં સુજલાનો અવાજ કંપતો હતો. વાસંતીનો એક હાથ પકડી, હલાવી હલાવીને એની વિનંતીની તીવ્રતા પ્રકટ કરતી હતી. ઊંડી ઊતરી ગયેલી આંખોમાં બત્તીના પ્રકાશથી આંસુ દેખાતાં હતાં. વાસંતી માના ખોળામાં રડતી હતી અને અનિચ્છાથી થોડા સમય માટે પ્રથમ પુરુષનાં પ્રેમ, મહોબ્બત અને આકર્ષણને તિલાંજલિ આપી મનોમન વારંવાર પ્રતિજ્ઞા કરતી હતી કે તે ધનંજયની છાયાથી પણ દૂર રહેશે. સાંજે ક્યાંકથી પાછા ફરતી વખતે એ જ્યારે સાઇકલની ઘંટડી વગાડીને ઇશારો કરશે ત્યારે પોતે કાન બંધ કરી દેશે, ક્યારેક તે ઘેર આવશે તો પોતે ઘાટ પર ચાલી જશે. એને ઘાટની સામે પાર જોશે તો પોતે દોડીને ઘેર આવતી રહેશે. એમ કરવાથી તે એની આશા છોડી દેશે. એને તો મુક્તિ મળી જશે. પોતે તો પવિત્ર રહેશે. જો ભાગ્યના બળે કદાચ એની સાથે એનું લગ્ન થશે તો પોતે એને પોતાનો સમજશે.

બીજે દિવસે સવારે એણે એની માને કહ્યું કે પોતે થોડા દિવસ માટે કહીંગુરીવાળા મામાને ઘેર જશે. વાત સાંભળીને મા અને તરુલતાના માથા પરથી જાણે ભારે બોજો ઊતરી ગયો. બે દિવસ પછી વાસંતી માની સાથે કહીંગુરી ચાલી ગઈ. જતી વખતે તરુલતાએ એના કાનમાં કહ્યું, 'હું તમારા મોટાભાઈને વાત કરીશ. બીજું કાંઈ નહીં કહું, પણ માત્ર એટલું જ પૂછીશ કે ધનંજય તારે માટે કેવો ગણાય?'

ભાભી પ્રત્યેની કૃતજ્ઞતાથી વાસંતીની આંખમાં આંસુ આવી ગયાં. માની નજરથી બચવા સાડીના છેડાથી આંખો લૂછીને એ સ્વાભાવિક બની ગઈ.

૭

જુદી માન્યતા હોવાને કારણે અને જૂના જમાનાની એક નિષ્ઠાવાન સ્ત્રી હોવાને લીધે સુજલાનો અભિપ્રાય અને ઇચ્છા-અનિચ્છા કશા કામમાં આવતાં નથી. વાસંતીને મા તરફથી કોઈ વિશેષ આશા નથી. તરુલતા પર જ એનો બધો આધાર છે. એના પ્રત્યે તરુલતા જ સહાનુભૂતિશીલ છે. એના પર જ એની આસ્થા છે. સ્ત્રીનું મન બગડે તે ઘર માટે ખરાબ અને પુરુષ માટે વિપદકારક છે. સોનાઈપરિયાઓની આ માન્યતા વિશે એ જાણે છે એટલે જ એ સહન કરી રહી છે. છતાં પણ ભાભી ભોગરામને કહેશે અને ભાઈ પણ કદાચ ધનંજયને પસંદ કરશે. અને સામાજિક રીતથી જ એનું લગ્ન થઈ જશે એવી એને આશા છે. પરંતુ છેલ્લા ચાર મહિનાથી, એટલે કે વાસંતીનું મન ધનંજય પર લાગ્યું તે અગાઉના એક મહિનાથી ભોગરામ એક એવા સંકટમાં આવી પડ્યો છે કે એમાંથી પાર ઊતરવાનું તો દૂર રહ્યું, પણ એનું ભવિષ્ય પણ ધૂંધળુ બનતું જાય છે. એનું ભાવિ એટલે કુટુંબના સાત માણસોનું ભવિષ્ય. સોનાઈપરિયાના જીવનમાં પરિવર્તન આવતું જાય છે. સામાજિક જીવનમાં નવા મૂલ્યબોધ વધતા જાય છે, ખેડૂતજીવનમાં બાધા ન આવવા છતાં પણ લોકો નવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. અછત વધતી જાય છે. સાથોસાથ લોકો સ્વાર્થી બનતા જાય છે. જૂના વખતની માનવતામાં ઊણપ આવતી દેખાય છે. સોનાઈપરિયા લોકોનાં મન 'બીનગીત'(આસામનું લોકગીત)ની કોમળ લાલીભરી મસ્તીમાંથી અથવા તો 'વરગીત'(આસામનાં બીજાં ભક્તિગીત)ના આધ્યાત્મિક તાત્પર્યમાંથી અથવા પ્રકૃતિના ઉદાર રૂપથી જાણે કે સંતોષ મેળવી શકતાં નથી. જીવનમાં જટિલતા આવતી જાય છે. જીવનસંગ્રામ સંગીત થતો જાય છે. એ કારણે કેટલાક તો હીન બની ગયા છે. નૈતિક તાત્પર્ય સમજી

જ શકતા નથી. નવી પરિસ્થિતિમાં કેટલાક હોશિયાર અને કેટલાક વધુ ચતુર બની ગયા છે. જૂના ગાભરુ લોકો ગરીબ બનતા જાય છે અને કેટલાંક નવાં કુટુંબો ઊંચાં આવી રહ્યાં છે.

સોનાઈપરિયા ગામની વસ્તી વધતી જાય છે. ખેતી માટે જમીન ઓછી પડે છે. કોઈના બાપદાદાએ આપેલી ત્રીસ-ચાળીસ વીઘાં જમીન પર દરેક પેઢીના ભાઈઓના ભાગ પડયા પછી હવે કદાચ એક કુટુંબ માટે બેચાર વીઘાં જ રહી છે. એ ઉપરાંત અંગ્રેજ શાસનના કાળથી આજ સુધી નવી નવી યુક્તિઓ અજમાવીને શોષક ટોળી લોહીના કોષની માફક ઉત્પન્ન થયા જ કરે છે. સોનાઈપરિયાના કાચા રસ્તા પર મોટા મોટા પથ્થરો પાથરીને રસ્તાનું બાંધકામ ચાલે છે. કેટલીય જગાએ સરકારી વિભાગની સફેદ ઑફિસો નજરે પડે છે અને દરેક ગામમાં ત્રણચાર ઠેકેદાર, રસ્તાના મુનશી અને ટોળીઓ બાંધવાવાળા ચાલાક લોકોનાં પાકાં ઘર ગામના વિસ્તારની શોભામાં વૃદ્ધિ કરવા લાગ્યાં છે. તોપણ સાધારણ લોકોની સ્થિતિ પહેલાં કરતાં ખરાબ થતી જાય છે. નવી પરિસ્થિતિમાં સોનાઈપરિયાના લોકો નિષ્ઠુર થઈ ગયા છે, જૂદા બનતા જાય છે. જૂના અને નવાની ખેંચતાણમાં આશાહીન બનતા જાય છે. શિક્ષણના પ્રચારની ખામીને કારણે લોકોનાં મનમાં નવી નીતિનું જ્ઞાન પ્રવેશ્યું નથી. સોનાઈપરિયા લોકો ઉદારતાથી જીવનને જોતાં શીખ્યા નથી. કોઈ એક યુગની ઉપયોગી પુરાણી પ્રથાને હજુ સુધી પકડી રાખી છે.

ભોગરામ પણ નવી પરિસ્થિતિ સાથે પોતાની જાતને ભેળવીને ચાલવાની કોશિશ કરે છે, પરંતુ દિવસે દિવસે તે લાચાર બનતો જાય છે. ભોગરામના પિતા એને માટે વધારે જમીન-જાયદાદ નહોતા મૂકી ગયા. માત્ર એકબે વીઘાં જમીન હતી, પરંતુ એને માટે તે કદી ભૂલથી પણ બાપને દોષ દેતો નથી. એ લોકોના જમાનામાં જમીન એટલી કીમતી ચીજ નહોતી. સોનાઈનો કિનારો સામગ્રીથી ભરેલો હતો. વિપુલતાએ એમને ભાવિનો વિચાર કરતાં રોકયા હતા, એટલે જ દીકરા માટે વધારે જમીન-જાયદાદ મૂકી જવાનું ઉપયોગી લાગ્યું નહોતું. એમના જીવનકાળમાં ખેડૂતનું જીવન સ્થિર અને સ્વચ્છ હતું. એવા સમયમાં મનુષ્યની ઉચ્ચ આકાંક્ષાઓ અને સામાજિક ઉન્નિતિના મોહનું શિથિલ થવું સ્વાભાવિક જ હતું. એ વખતે માણસોને ચિંતા હતી બીજા જન્મની સદ્‌ગતિ માટેની. ધર્મની મૂળ સમજણે પણ લોકોને

કાર્યથી વિમુખ કરી દીધા હતા. આ બધાએ માનવના સામાજિક ઇતિહાસમાં કેવળ પૂર્વ પુરુષની પરંપરા જ પ્રતીત કરી છે.

ભોગરામને પિતાના મૃત્યુ પછી જ ખબર પડી કે તેઓ જે જમીન મૂકી ગયા છે એને આધારે એનું ભવિષ્ય બની શકશે નહીં. એમના જીવતાં જ ભોગરામને લાચારીથી ખેતીનું કામ છોડવું પડયું હતું અને એ વેપારધંધામાં લાગી ગયો હતો.

ભોગરામનો વેપાર કાંઈક વિચિત્ર પ્રકારનો જ હતો. મહા મહિનાથી વૈશાખ સુધી ગામેગામ જઈ ને ચોખા, દાળ, રાઈ વગેરે ખરીદે અને અઠ-વાડિયે એકબે ગાડી માલ વધારે ભાવથી શહેરમાં વેચે. વૈશાખથી શ્રાવણ સુધી ફુલગુરી, બાજોરી અને દલંગઘાટના બજારમાં સીવેલાં કપડાં વેચે અને બાકીના ચાર મહિના શણનો વેપાર કરે. બેત્રણ દિવસ ફરીને દસબાર મણ શણ એકઠું કરીને એક દિવસ શહેરમાં જઈ વાણિયાને વેચી આવે. આ કામ ઘણી હિંમતનું છે. શણનો વેપાર જુગાર રમવા જેવો છે. એક ગાડી શણમાં સો રૂપિયાનો નફો પણ થાય અને ભાવ ઘટે તો મૂળ કિંમત પણ જાય. શણનો બજારભાવ સમજવો અને સુંદર છોકરીનું મન સમજવું જાણે એક જ વાત છે. તોપણ સાધારણ રીતે ભોગરામને નુકસાન થતું નથી. વેપાર કરતાં કરતાં એ સમજુ થઈ ગયો હતો. એ સામાનમાં એક બળદગાડી, એક જોડી બળદ, એક ત્રાજવું, થોડાં કાટલાં અને શણ તોળવાનો એક કાંટો છે. મૂડી પણ બસો-ત્રણસોની જ જોઈએ. એનાથી એક ઘર નભી જાય છે. બચેલા પૈસાથી એણે પોતાનું લગ્ન કર્યું ને રૂપંતીને પણ કહીંગુરીમાં પરણાવી. અડતાળીસની સાલમાં શણના ભાવ ખૂબ વધ્યા હતા. એ વર્ષે એ ઘણા પૈસા કમાયેલો. મકાનને સારું કર્યું, એક ગાડું ચલાવનારો પણ રાખી લીધો. સાઇકલ પણ ખરીદી લીધી. ઘૂંટણ સુધીનું ધોતિયું પાની સુધીનું થઈ ગયું. એ 'ભદ્રલોક' બની ગયો. ખિસ્સામાં ફાઉન્ટનપેન પણ લગાવવા માંડચો. લાલ કપડાથી બાંધેલા હિસાબના ચોપડામાં પોતાનો હિસાબ લખવા લાગ્યો. ભાતની સાથે અથાણું ખાવા લાગ્યો. ચાની સાથે ગાયના ઘીમાં તળેલી પૂરી ખાવા લાગ્યો. મજૂર ભોગરામ, વાણિયો ભોગરામ બની ગયો.

અડતાળીસની સાલ જેટલો લાભ ન થવા છતાં કેટલાંય વરસથી એનો વેપાર સારી રીતે ચાલતો હતો. મૂડીમાં પણ વધારો થયો, એ શ્રીમંત ન

બન્યો છતાં મોરાપુર ગામના ગોપાલ મંડલ, કેરપાઈ મહરી, જોગેરા બાયન અને જયરામ પંડિત કરતાં એની સ્થિતિ સારી થઈ હતી. પરંતુ છેલ્લાં બે વરસથી કાંઈક વાંકું ચાલતું હતું, કોઈ પણ રીતે કામ જામતું નહીં. ચોમાસામાં થોડુંક જ શણ વેચાય ને ખાસ નફો પણ ન થાય. કારણ કે હવે શણના ભાવમાં જલદી જલદી વધઘટ પણ નથી થતી. ચોખા અને રાઈનો વેપાર પણ એ જ રીતે મંદ છે તેથી એને વેપાર કરવાનું આકરું લાગવા માંડ્યું. વેપારના નફામાંથી જ ઘર ચલાવવું પડે છે. એટલે એ તક જોઈને દરેક પ્રકારના નાનામોટા વેપારમાં હાથ નાખીને, ખેંચતાણ કરીને ઘર ચલાવે છે. તૈયાર કપડાંનો વેપાર હાથમાં ન લીધો હોત તો ઘર જ ન ચાલત. છેવટે ગાડાવાળો રાખવાની જરૂર જ ન રહી. બળદગાડી વરસમાં માત્ર બે મહિના ચાલે છે અને તે પણ શણના વેપારના ટાણે. ભાડે રાખેલો માણસ જ ગાડું ચલાવી લે છે.

પાંચછ વરસથી ભોગરામ જુએ છે કે સોનાઈપરિયાના લોકો પહેલાંની જેમ ધાન વેચી શકતા નથી. રાઈનાં ખેતરમાં પણ 'આહુ' (વરસાદ પહેલાં કપાતું ધાન) ધાન વાવે છે. પાણી ન હોય ત્યારે એ જ જમીન પર કોબીજ, રીંગણ વાવે છે. એમાં જ એક વરસ મૂકીને બીજે વરસે રાઈ છાંટી દે છે, છતાં પણ લોકો ધાન કે રાઈ વેચી નથી શકતા. એક પખવાડિયું ફરે ત્યારે એક જ ગાડી શણ વેચી શકે છે. પરંતુ આ રીતે વેપારનો માલ એકઠો કરવાથી વેપાર ન ચાલે. એણે આ વેપાર છોડી જ દીધો.

દેશમાં ખાવાવાળાની સંખ્યામાં વધારો થયો. ખેતરની લક્ષ્મીથી મોં ભરવાનું મુશ્કેલ થવા લાગ્યું. જમીનની ફળદ્રુપતા ઓછી થઈ ગઈ છે કે શું? સોનાઈપરિયા ભોગરામને આ બે કારણ સાચાં માનતાં આકરું લાગ્યું. પરંતુ શણની ફસલ હજુ સુધી પહેલાંની જેમ જ છે, સમય પર ખરીદી પણ શકાય છે, પરંતુ શણ ખાઈ નથી શકાતું. તે ઉપરાંત શણ વાવવાથી એક જ ભાગ જમીનમાં બે વાર ખેતી કરી શકાય છે, કારણ કે શણ કાપ્યા પછી પાણી ઓછું થવાથી જ 'શાલિધાન' (શિયાળામાં પાકતું ધાન) વાવી શકાય છે. આ વિસ્તારમાં શણ વાવનારાં કેટલાંક કુટુંબોની સ્થિતિ જ સારી છે. જેની જમીન શણ વાવવા લાયક નથી એ લોકોની સ્થિતિ ઘણી ખરાબ છે. એક સમય એવો હતો જ્યારે સોનાઈપરિયાના લોકો શણનું

મૂલ્ય સમજતા જ નહોતા. ગાય બાંધવાના દોરડા માટે જ બેચાર વાર જમીનમાં શણ વાવી દેતા હતા. પહેલા વિશ્વયુદ્ધ પછી જ એની ખેતી પ્રત્યે લોકોને આકર્ષણ થયું.

ભોગરામની સ્થિતિ ખરાબ થતી હતી છતાં એને એક બાબતનું આશ્વાસન હતું કે ધાનનો વેપાર ખરાબ થાય છે એનું કારણ એ છે કે 'આઉધાન'- (એક જાતનું ધાન)ની જમીનમાં શણ વાવવામાં આવે છે અને સોનાઈને કાંઠે શણનો પાક થવાને કારણે એનો વેપાર પણ ચાલતો રહેશે. એ ઉપરાંત શણ વેચીને લોકોને જે રૂપિયા મળશે એનાથી તેઓને ખર્ચ કરવાની હિંમત પણ વધશે. તેથી એનો તૈયાર કપડાં વેચવાનો વેપાર પણ ચાલુ રહેશે. પરંતુ છેલ્લા બે મહિનાથી એ બહુ જ હતાશ થયો છે. બેબેજિયાથી હાથીપુર સુધીના રસ્તા પર પથ્થર નાખવાનું કામ પૂરું થઈ ગયું છે. રસ્તો ઠીક ઠીક પહોળો કરવામાં આવ્યો છે. એ જ રસ્તો આગળ જતાં સોનાઈ પારનાં ચાર ગામને મળશે. ગયે વર્ષે ઢીંચણ અને કમર સુધી કીચડ અને પાણીથી રસ્તો ભરેલો રહેતો હતો. પરંતુ હવે પથ્થર નાખવાને કારણે રસ્તો સારો થઈ ગયો છે. હવે શણની ગાડી લઈને શહેરમાં જવાનું બહુ સરળ થઈ જશે. પછી તો જે કાંઈ સગવડો થવાની હોય તે ખરી. પરંતુ હમણાં તો ભારે ખોટ આવે છે. રસ્તાના પથ્થર ખૂબ અણિયાળા છે. હાથીચુંગથી બેબેજિયા સુધી ડામર નાખેલો છે છતાં પણ મુખ્ય રસ્તે પહોંચતા પહેલાં પથ્થર અને કાંકરા એની સાઇકલને ઓછો ત્રાસ નથી દેતા. ભોગરામને દોઢ મહિનામાં બે ટાયર બદલવાં પડચાં. ટાયરના ભાવમાં તો જાણે આગ લાગી છે. એક ટાયરના દસ રૂપિયા. સાધારણ દુકાનોમાં તો દસ રૂપિયાથી પણ કાંઈક વધારે. દોઢ મહિનામાં જો સાઇકલ માટે જ વીસ-પચીસ રૂપિયા ખર્ચાઈ જાય તો વેપાર કેમ ચાલે ?

બે વરસથી ભોગરામ બાપનું શ્રાદ્ધ પણ કરી શકતો નથી. ચાપાર્ટી કે એક જમણવાર કરવા માટે પણ એની પાસે સગવડ નથી. આ વખતે ત્રણ દિવસ સુધી એણે એના બાપને સ્વપ્નમાં જોયા. એને લાગ્યું કે શ્રાદ્ધમાં ફક્ત કાચા દાળચોખાનો પ્રસાદ અને જરા પોથી વંચાવીને શ્રાદ્ધ પતાવી દીધું તેથી પિતાના આત્માને કષ્ટ થયું છે. એટલે મોલાઈ મોહરી પાસેથી પચીસ રૂપિયા ઉધાર લઈને જેઠ મહિનાની અઠ્ઠાવીસમી તારીખે કોઈ પણ ભોગે

બાપના શ્રાદ્ધમાં તેણે લોકોને બોલાવ્યા. આજે બે મહિના થઈ ગયા, પણ મોહરીને રૂપિયા પાછા આપી શકાયા નથી.

માને અને વાસંતીને મામાને ઘેર મૂકી આવ્યાને બીજે જ દિવસે મોલાઈ મોહરી વહેલી સવારે પૈસા લેવા આવ્યો હતો. મોહરીએ મેણાં માર્યાં. ભોગરામે જિંદગીમાં ક્યારેય આવું અપમાન સાંખ્યું નહોતું. જે મોલાઈ મોહરી એક દિવસ એને ઘેર દૂધ દેતો હતો અને પૈસા લઈને બગીચામાં કામ કરતો હતો એ જ મોલાઈ મોહરીના મોઢે આવી કડવી વાણી સાંભળતાં પહેલાં એના કાન બહેરા કેમ ન થઈ ગયા? ભોગરામના શરીરે આગ લાગી ગઈ. એણે ખૂબ જ ધીરજ રાખી અને મોહરીને માર્યો નહીં. એણે પ્રતિજ્ઞા કરી કે બે દિવસની અંદર જ એ પૈસા પાછા આપી દેશે.

સાઇકલ ખરાબ થઈ ગઈ હતી. તેથી બે અઠવાડિયાંથી તે ફુલગુડીની બજારે જઈ શક્યો નહોતો. બીજે દિવસે શનિવાર હતો એટલે કપડાંની પોટલી સાઇકલ પર મૂકીને ફુલગુડીના બજારમાં પહોંચી ગયો. પહોંચતાંવેંત એ મૂંઝવણમાં મુકાઈ ગયો. સીવેલાં કપડાંની દસબાર દુકાનો થઈ ગઈ હતી. બધા વેપારીઓ શહેરના હતા. ફુલગુડીનો જ ધાન તથા શણનો વેપાર કરનાર ગેરુઆ વાણિયો પણ આ વેપારમાં લાગી ગયો હતો. એણે પણ એક મોટી દુકાન ખોલી હતી. આ દુકાનોમાં રંગબેરંગી વિવિધ જાતનાં મનપસંદ કપડાં હોવાને કારણે ખરીદનારાં ત્યાં ટોળે વળ્યાં હતાં તે ઉપરાંત આ શહેરી દુકાનદારોની વેપાર કરવાની રીત પણ કેવી અનોખી! એ લોકો ગ્રાહકોને આદરમાનથી બોલાવીને બીડી-સિગારેટ પણ પીવડાવે છે. એટલે આ મામૂલી કપડાંની દુકાનવાળા ભોગરામ તરફ જોનાર તો કોઈ જ નથી. એ તો સપનામાં રાચતો હતો પણ દસ વાગ્યા સુધીમાં એને કશું વેચાણ જ થયું નહીં. ભારે મનથી એણે બધાં કપડાં સમેટી લીધાં. એના મનમાં ઘણા પ્રશ્નો ઊભરાવા લાગ્યા. ગામમાં દિવસે દિવસે મિલનાં કપડાંનું વેચાણ વધવા લાગ્યું છે. સ્ત્રીઓને પણ મિલની તૈયાર પાતળી ચાદર ન પહેરે તો જાણે ચેન નથી પડતું. આવો નકામો શોખ ક્યાંથી પેદા થયો? મોજશોખમાં વૃદ્ધિ થતી જોઈને થાય છે કે શું લોકોની સ્થિતિ સુધરી ગઈ છે? પરંતુ ના, હજુ સુધી સુધરી નથી. આ તો માત્ર એકબીજાની દેખાદેખીની અસર છે. પરંતુ આ તો ગાંધીનો દેશ છે. આંદોલન વખતે નેતાઓએ જનતાને કહ્યું હતું કે એક ઘરમાં એક ચરખો ચલાવવાનો

અર્થ વિલાયતમાં યંત્રોથી ચાલતી એક મિલ બંધ થાય એવો છે. પોતાનાં કપડાં જાતે જ વણવાનો અર્થ સ્વાવલંબી થવું એવો થાય છે. કહેતા હતા કે ચરખા પર જ દેશની ઉન્નતિ નિર્ભર છે. આવી વાતો ગાંધીજી આખી જિંદગી કહેતા રહ્યા અને પોતે પણ સૂતર કાંતતા રહ્યા. હવે ગાંધીજી નથી એટલે ચરખાનો ગુનગુન ગુંજારવ બંધ થઈ ગયો કે શું? પહેલાં ભાષણ કરનારા નેતાઓએ પોતાનો માનસપલટો કરી લીધો છે કે શું? સૂતર કાંતવાનું લોકોને આળસ આવે છે કે શું? ગામની બધી જ સ્ત્રીઓ ફૂવડ બની ગઈ છે કે શું?

નિષ્ફળ મનોરથો અને દુઃખી મનથી બજારમાંથી પાછા વળતી વખતે ભોગરામ વિચારવા લાગ્યો કે ગામના લોકો જો સ્વરાજ્યના દિવસોની જેમ હાથે કાંતેલા સૂતરનાં કપડાં પહેરતા હોત તો આ વેપારીઓ આટલી સરળતાથી લોકોને ભડકાવી ન શકત અને તે પણ આજે આટલી ચિંતાભરી સ્થિતિમાં પણ એમની સામે હાર ન માનત. લોકોને પહેરવા-ઓઢવાની પહેલાં જેવી ટેવ હોત તો તે પોતાના ઘરની બે સાળથી જ પૂરતા પૈસા કમાઈ શકતો હોત.

બજાર છોડીને મુખ્ય રસ્તે પહોંચતાં બજારનો એક બીજો વેપારી તિલક મળ્યો. આ વખતે તિલકે આ બજાર વરસના વીસ હજારના કૉન્ટ્રાક્ટ પર લીધું છે.

'કેમ ભાઈ મહાજન, આટલું જલદી બજાર છોડી દીધું?'

'હા ભાઈ, વાત પૂછો નહીં. કાંઈ વેચાણ જ ન થયું. સિલહટિયા વેપારીઓએ અમારા પેટ પર લાત મારી દીધી છે. એ લોકો સાથે કોઈ રીતે તાલ મેળવી શકાય તેમ નથી. હેં, પણ અચાનક આટલા બધા લોકો ક્યાંથી આવી પડ્યા?'

'ઓહ, તો તને પણ ઘણી વાતોની ખબર નથી. આજ આઠ દિવસ થઈ ગયા, આ તરફ દિવસમાં ત્રણ વાર સર્વિસ બસ આવે છે. એક ભૂરબંધા સુધી જાય છે અને એક મયોગ ને બીજી રહા સુધી જાય છે. બસ ચાલે છે એટલે જ આ લોકો આવવા-જવા લાગ્યા છે. બજાર પણ પહેલાં કરતાં મોટું થઈ ગયું છે.'

તિલકની વાત સાંભળીને ભોગરામે કશો અભિપ્રાય ન ઉચ્ચાર્યો. એણે દુઃખભર્યો નિસાસો નાખ્યો. હવેથી ફુલગુડીની બજારમાં આવવાનો કશો ફાયદો

નહીં થાય. જાજોરી ને દલંગઘાટના બજારમાં જ એ વેપાર કરી શકશે. એણે ભગવાનને પ્રાર્થના કરી કે એના આ હાટમાં શહેરના સિલહટિયા વેપારીઓ પહોંચી ન શકે.

બપોરના ભોજન પછી પત્નીએ વાસંતીનાં લગ્ન જલદી કરી નાખવાની વાત કાઢી કે તુરત જ એ ગુસ્સાથી બૂમ પાડીને બોલ્યો: 'તમારે સ્ત્રીઓને બીજી ચિંતા નથી. માત્ર લગન, લગન અને લગન. એને માટે વરનો આટલો દુકાળ પડયો છે તો ઝાડ નીચે બેઠેલા બાબાજીને જ કેમ નથી આપી દેતા! સ્ત્રીઓમાં ધીરજ જેવી કોઈ ચીજ જ નથી.'

'આટલો ગુસ્સો શા માટે કરો છો? હું શું કાંઈ દુનિયામાં ન થઈ શકે એવા કામ માટે કહું છું? અને તમારી જેમ જ ઘણાય પુરુષો પણ એક જ અવાજે કહેશે, 'જુવાન છોકરી વનના વાઘ જેવી.'

'અને હું પણ એ વાઘના મોંમાં લગામ બાંધવાનું જાણું છું, સમજી તરુ? આ બધી ચિંતા હવે છોડી દે. એકબે મહિનામાં જ સમજી જઈશ કે વાસંતીનો ભાઈ એનાં લગ્ન કરવાનું બાજુએ રાખી એનું ભરણપોષણ પણ કરી શકશે કે નહીં, એની શંકા છે.'

'આજે તમે કેવી વાતો કરો છો? મને કશું સમજાતું નથી.'

ભોગરામે પહેલાં કરતાં જરા સ્વસ્થ થઈ ને તે દિવસે ફુલગુડીના બજારમાં એની જે દુર્દશા થઈ એ વિશે ભારે દુ:ખી મનથી વાત કરી. તરુલતાનું મન એકદમ ભાંગી પડયું. વાસંતી વિશેની ખાનગી વાત કહેવાની જરૂર ન લાગી. કદાચ એ ગુસ્સામાં સળગી ઊઠે, હિત કરતાં વિપરીત થઈ પડે.

તે રાત્રે ભોગરામને ઊંઘ ન આવી. ઘણી બધી શંકાઓ કીડાની જેમ એના મનની શાંતિને કરડવા લાગી. બે મહિનામાં જ 'ગઢ કપ્તાની' વિભાગનો પથ્થર-કાંકરાવાળો રસ્તો બેબેજિયાથી જાજોરી સુધી પહોંચી ગયો. એના ગામ સુધી પહોંચતાં હવે કેટલા દિવસ લાગવાના? દેશમાં રસ્તા, સડકો સારા થવાથી લોકોનું કલ્યાણ થાય છે, એ ખુદ જનતા સ્વીકારે છે અને છાપાંઓ પણ વારંવાર એમ જ લખે છે, પરંતુ એને આજે જ સમજાયું કે આ નવા રસ્તાઓ જાણે કાળસર્પની જેમ એને વીંટળાઈ વળશે. લેમલેમીરનો લાકડાનો મજબૂત પુલ જો તે પળેકમાં સળગાવીને રાખ કરી દઈ શકે તો? બેરચુકનો વાંસનો પુલ તોડીને હવે લાકડાના થાંભલા ખોડવામાં આવે છે. એનો અર્થ

એ કે બધા પુલ લાકડાના બની જશે. લાકડાના પુલ થવાથી સોનાઈપાર સુધી મોટરો ચાલશે. મોટરનું નામ લેવાથી જ એનું દિલ કંપી ઊઠે છે! મોટરોને કારણે જ એને ફુલગુડીના બજારમાંથી ચિર વિદાય લેવી પડી.

તે દિવસથી ભોગરામ દલંગઘાટ અને જાજોરીના બજારમાં જવા લાગ્યો અને બીજો વેપાર પણ ગમે તેમ કરીને કરવા લાગ્યો, પરંતુ એમાં પહેલાં જેટલો ઉત્સાહ નહોતો રહ્યો. એ વ્યથા ગળી જઈને દિવસ વીતાવતો હતો. સાધારણ વાતમાં પણ એને ગુસ્સો આવતો હતો. ઘણી વાર કોશિશ કરવા છતાં તરુલતા વાસંતી વિશેની મૂળ વાત કરવાની હિંમત ન કરી શકી.

મા અને વાસંતી કાંહીગુરીથી એક દિવસ પાછાં આવી ગયાં. ભોગરામે એ લોકોને મામાના ઘર બાબત કશું પૂછ્યું નહીં. એને તો બસ એક જ ચિંતા છે. એને મોટી રકમની જરૂર છે, નહીં તો એ વેપાર કરી ન શકે, પરંતુ મૂડી ક્યાંથી મળે? આ ત્રણ મહિના પણ નફાની રકમમાંથી ઘર ચલાવી શકાયું નથી. વેપારમાં નાખેલા રૂપિયા દિવસે દિવસે ઓછા થતા જાય છે.

સાત

ચોમાસું આવ્યું. આકાશે નવાં નવાં રૂપ દેખાડયાં. તળાવ-નદીઓને યૌવન મળ્યું. સોનાઈ પાણીથી ભરપૂર થઈ ગઈ. લીલીછમ લક્ષ્મીના ભારથી ખેતરો ઝૂકી પડયાં. 'શરાલી' (એક પ્રકારનું જળપક્ષી), વનહંસ, અને કામપક્ષીના વર્ણવૈવિધ્યે ખેતરની નીરવ ગંભીરતાને મુખર કરી દીધી. વિવિધ વનપક્ષીઓએ ટોળે વળીને વાદળાં અને માટીની વચ્ચે મિત્રતા સ્થાપી. પાભચિલા, જલમઈગામ અને મેરાપુરના વનને સુશોભિત કરતા મોરલાએ શ્યામવર્ણાં વાદળોની ગર્જનાથી આત્મવિસ્મૃત બની નૃત્ય કર્યું. 'ડાઉક' અને મછુઆરા પક્ષીના અવાજોથી ખ્યાલ આવ્યો કે લીલી લક્ષ્મીથી ઢંકાયેલા ઉજ્જવળ જળધોધમાં મેઘાલી, સોનાલી અને રૂપાલી માછલીઓ છલકાઈ રહી છે.

કામપક્ષીના પગ, જાણે આઉધાનની વચ્ચે, સેંથા જેવા પાણીના રસ્તેથી નૌકાની જેમ આવનજાવન કરવા લાગ્યા.

ફૂલોમાં કળીઓ ઊગી. કહુંવા વિરિણા (જાત જાતનું ધાન) પણ લીલા રંગથી પ્રાણમય બની ગયા. નાળાં, ખાડા બધું જ પાણીથી ભરાઈ ગયું. દેડકાંના ખુલ્લા અવાજોમાં, જાણે સોનાઈમાં સ્ફૂર્તિભર્યાં વહેણનો વેગ વધી ગયો. સોનાઈપરિયા ગામ, પ્રકૃતિની નવીન ભેટથી ખીલી ઊઠ્યું. વરસાદના વ્યાકુળ સ્વચ્છંદ પ્રાણમય વૈષમ્યની સાથે તાલ મેળવીને ચાલવા માટે માનવે પણ અનુરૂપ હિંમત એકઠી કરી. માછલી પકડવાનો નશો શરૂ થયો. સોનાઈના પટ પર કુશળતાથી નૌકા ચલાવી, જોખમી રીતે જીવતાં રહેવાનો નશો શરૂ થયો. આ જ સમય છે શણ કાપવાનો, શણ ભીંજવવાનો અને શણ છોલવાનો. આ જ સમય છે શણ વેચીને આખા વરસના પૈસા કમાઈ લેવાનો.

ખેતરમાંના ભીના શણની ગંધ ખેડૂતોમાં પહેલાંની જેમ જ ધનની લાલચ જગાડી આંગણે આંગણે, વાંસના ખેતરની ધારે, દીકરીઓ ને વહુઓ શણ પાથરીને શરદપૂર્ણિમાનાં સ્વપ્નાં જોવા લાગી. સોનાઈપરિયાના કર્મમય જીવનના લયમાં એક વનગીત મળી ગયું.

જ્યારે શ્રાવણની ચકમકતી વીજળીએ અશાંત આકાશની જળની ધારાએ નદી-તળાવનાં પાણી વધાર્યાં ત્યારે નાની નદીઓનાં પણ પાણી વધ્યાં અને લોકોનો ઉત્સાહ પણ વધી ગયો. પરંતુ ભોગરામનું મન પહેલાં જેવું જ રહ્યું. કારણ કે નદીના પાણીની જેમ શણની કિંમત પણ વધતી ગઈ, છતાં એના વેપારમાં વધારો ન થયો. પોતે જાતે નૌકા ચલાવીને દિવસમાં બેત્રણ વાર સોનાઈને આ પાર ને પેલે પાર ગયો. ઘેર ઘેર શણની શોધમાં હાડકાંનો ભૂકો અને લોહીનું પાણી કર્યું, પરંતુ આઠદસ દિવસમાંય નફો થાય એ કિંમતે એક દોરડા જેટલું શણ પણ ન મેળવી શક્યો. બધા લોકો સમજુ થઈ ગયા છે, તેઓ કિંમતની બરાબર ખબર રાખે છે. પહેલાં તો કાંટો વાંકો કરીને, માપમાં આમતેમ કરીને તે નફો કાઢી લેતો હતો. હવે તો એનો પણ સંભવ નથી. આ બધી ચાલ લોકો સમજી ગયા છે. પરંતુ એક વર્ષમાં જ લોકો આટલા હોંશિયાર કેવી રીતે થઈ ગયા? એના જેવો જ વેપાર કરનાર સાફીરામે કહ્યું કે શણ કાપવા પહેલાં સોનાઈપરિયા ગામમાં કેટલાક મારવાડી વેપારીઓ આવ્યા હતા. તેઓ બાનું આપી ગયા હતા ને લોકોને કહી ગયા

હતા કે શણ હમેશાં 'પદમ કાંટા' (એક પ્રકારનું ખાસ ત્રાજવું) પર જ તોળીને વેચવું જોઈએ. ખિસ્સામાં રહે તેવા નાના કાંટાનું વજન બરાબર નથી હોતું. પથ્થર નાખેલો પાકો રસ્તો સોનાઈની દક્ષિણ સુધી આવી પહોંચ્યો. શહેરના બધા વેપારીઓને જે રસ્તે આવવાની તક મળી એ જ રસ્તો સાધારણ વેપારીઓનો કાળ બન્યો.

લેમલેમીરનો પુલ અને હાથીચુંગ જાજોરીની વચ્ચેનો પુલ ચૈત્ર-વૈશાખમાં જ બની ગયો હતો. શ્રાવણમાં ઇજનેરે પરીક્ષા કરીને કેટલા વજનવાળાં વાહનો પુલ પરથી જઈ શકશે તેનો નિર્ણય આપી દીધો. પુલની સામે સાઇનબોર્ડ લગાડી દીધું. 'મૅક્સિમમ ટન' લખાઈ ગયું. બેબેજિયાના દલંગઘાટ સુધી તૈયાર કરેલા નવા રસ્તા પરથી ટ્રક, બસ વગેરેને પસાર થવાની રજા સરકારે આપી દીધી. એના જ પરિણામે ભોગરામ અને એના જેવા ઘણાને જીવવું ભારે થઈ પડયું.

દલંગઘાટ સોનાઈનો જ એક ઘાટ છે. ભોગરામના ગામ મોરાપુરની પશ્ચિમે કદાચ એકાદ માઈલ જેટલું દૂર હશે. સોનાઈથી નૌકામાં આવવાથી કદાચ એકાદ ફર્લાંગ ઓછું થાય. દર વર્ષે શિયાળામાં આ ઘાટ પર એક વાંસનો પુલ બાંધવામાં આવે છે એટલે એનું નામ 'દલંગઘાટ' એટલે કે 'પુલઘાટ' કેટલાય સમયથી પડી ગયું છે. એનું ઠામઠેકાણું સોનાઈપરિયાના માણસો નથી જાણતા. દલંગઘાટની દક્ષિણે 'મનીપુર-બરિ' નામની જમીન ગાય ચરાવવાની જમીન સાથે જોડાયેલી છે. એ જ ઘાટની નજીક દલંગઘાટનું બજાર ભરાય છે. એ જ બજાર ઉત્તર બાજુના ને દક્ષિણ બાજુના લોકોને મળવાનું સ્થળ છે. ભોગરામનાં સીવેલાં કપડાંનો વેપાર અહીં સારો ચાલે છે. વરસાદની ઋતુમાં સોનાઈની સામેની બાજુનાં દૂરનાં ગામના લોકો નૌકા દ્વારા અહીં શણ લાવે છે. ભોગરામ અહીંથી જ ઓછી મહેનતે શણ ખરીદીને, શહેરમાં વેચીને, નફો કરતો આવ્યો છે. પરંતુ આ વરસાદની ઋતુમાં એનું નસીબ મંદ છે. દલંગઘાટના બજારમાં શણ ઘણું આવ્યું છે, પરંતુ કિંમત ખૂબ વધી ગઈ છે. આટલું મોંઘું ખરીદવાથી એને નફો નહીં મળે.

પથ્થરનો પાકો રસ્તો સોનાઈ સુધી આવ્યાને એક પખવાડિયા પછી

જ એક રવિવારે એને એટલાં સંકટો અને હતાશાનો સામનો કરવો પડચો કે તે પોતાની હયાતી છે કે કેમ એ વિશે શંકાશીલ બની ગયો. બજારના દિવસે ખાલી બળદગાડીની પાછળ તે સાઇકલ ચલાવતો આવતો હતો. દલંગઘાટની બજારમાંથી શણ ખરીદવાનો એનો ઉદ્દેશ હતો પરંતુ રસ્તામાં મોટી મોટી ટ્રકોની ઊડતી ધૂળને કારણે એ અને એની બળદગાડી હેરાન થઈ ગયાં. બજારમાં જઈને જોયું તો શહેરના શણનો વેપાર કરનાર ધનિક મારવાડીઓ ત્યાં પહોંચી ગયા છે. મોટા થાંભલા ખોડી મોટા મોટા 'પદ્મ કાંટા' ટિંગાડી અભિરામ શણ તોળી રહ્યા છે. થોડા સમયમાં પહાડ જેવડા શણના ઢગલાને ટ્રકમાં ભરીને શહેરમાં લઈ જાય છે. એ ક્યાંયથી એક મણ શણ પણ ખરીદી ન શક્યો. મનમાં દુઃખ લાગવાથી અને પોતાની ક્ષુદ્ર શક્તિનું ભાન થવાથી એણે શરમના માર્યા કાંટો ખિસ્સામાં છુપાવી દીધો. હવે લોકોને એને શણ વેચવાની જરૂર નથી. જે જે વેપારીઓને તે શણ વેચીને નફો કરતો હતો તે વેપારીઓ જ હવે જાતે બજારમાં આવીને શણના માલિક પાસેથી સીધું જ શણ ખરીદતા હતા. ચિરપરિચિત દલંગઘાટમાં ઓળખીતા ખરીદનારા અને વેચનારા સામે તે પોતાનું મોં બતાવતાં શરમ અને અપમાન અનુભવવા લાગ્યો. દસ વાગ્યા પહેલાં જ એ બજારમાંથી પાછો ચાલ્યો આવ્યો. ઘેર આવીને પહેલાં તો એ ઘર પાછળના હનુઆ ઘાટ પર મોડે સુધી બેસી રહ્યો. એકાંતમાં સોનાઈ પાસે રડી પડચો. એના જીવનની આ જ સૌથી મોટી હાર થઈ. આ હાર એક દિવસ એને ખતમ કરી દેશે. દરિદ્રતા એના જીવનની બધી આશા, વિશ્વાસ અને સુખસંપત્તિ ઝૂંટવી લેશે અને દારિદ્ર જેવી વસ્તુ પ્રત્યે તો એને અંતરથી જ ઘૃણા છે.

બે દિવસ સુધી એ ઘરમાં જ ભરાઈ રહ્યો. ઘરમાં કોઈએ એની સાથે વાતચીત ન કરી અને મુખ પર ચિંતાની રેખા જોઈને ઘરમાં પણ કોઈએ એને બોલાવવાની હિંમત ન કરી. આ નવા સંકટમાંથી ઉગરવાનો કોઈ નવો રસ્તો એને મળતો નહોતો. સોનાઈપરિયા વૈભવ અને પ્રકૃતિનું માધુર્ય જ એને જાણે સતાવતું હતું. એને લાગ્યું કે સમયે એની સામે વેર લીધું છે. પ્રિય સોનાઈ આજથી એની ક્રૂર સાવકી મા જેવી બની ગઈ!

છતાં પણ તે પરાજયની ગ્લાનિ સહી લેવા કબૂલ ન થયો. ખિસ્સામાં કાંટો લઈને સોનાઈપારનાં બધાં ગામમાં તે ફર્યો. પરંતુ ચારપાંચ દિવસ

ફર્યા છતાં એક ગાડી શણ મેળવી ન શક્યો. આ દરમ્યાન ખરીદનારાઓનું મન પલટાઈ ગયું હતું. ઘણા લોકો તો દલંગઘાટના બજાર દ્વારા જ વધુ પૈસાદાર બનવાનાં સપનાં જોતા હતા. આ બજારમાંથી લેવાથી જ જો શહેરનો ભાવ મળે તો અપમાન સહીને સ્થાનિક વેપારીને શણ વેચવાની શી જરૂર? એ ઉપરાંત દલંગઘાટમાં જે મારવાડી વેપારીઓ શહેરમાંથી આવતા ને તેઓ જે ભાવ કહેતા તે જ બજારભાવ રહેતો. તેઓ જ વધારો-ઘટાડો કરનાર અને વિધાતા હતા. એમનું ખરીદેલું શણ સીધું કલકત્તાની મિલમાં મોકલાતું હતું.

ભાદરવો પૂરો થતાં પહેલાં જ ભોગરામ સારી પેઠે ભાંગી ગયો. વેપારનો ખરો સમય આવતાં પહેલાં જ એના પર મોટી આફત આવી. જોતજોતામાં ચાર મહિનામાં જ એને ફુલગુડીની બજારમાં પણ સીવેલાં કપડાં વેચવાનું બંધ કરી દેવું પડયું. સોનાઈપિરિયા ગામમાં શણ ખરીદવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. દલંગઘાટના બજારમાં શણ વેચનારને કિંમત પૂછતાં પણ તે ડરવા લાગ્યો. છેવટે એણે વિચાર્યું કે એની પાસે બીજો કોઈ ઉપાય નથી. જાજોરી અને દલંગઘાટની બજારમાં એ કપડાં વેચીને અનાજનો સંગ્રહ કરી શકશે, કારણ કે હજુ સુધી શહેરથી સોનાઈપાર સુધી સર્વિસ બસ ચાલુ નથી થઈ. એટલે શહેરના ઢાકઈપટ્ટીના વેપારી આ બંને બજારમાં પહોંચી શક્યા નથી.

આઠ

આશા-નિરાશા અને ઘણીય નાનીમોટી ઘટનાઓને પાછળ મૂકીને સમય આગળ વધતો ગયો. છેલ્લા કેટલાક મહિનાના વાસંતીના વર્તનથી સુજલા અને તરુલતા ખુશ થઈ ગયાં છે. હમણાંથી વાસંતી ઘરમાં જ રહે છે. ઠનુઆ ઘાટ જાય તોપણ ત્યાં વધારે વાર રોકાતી નથી. રોજ માને પોથી વાંચી સંભળાવે છે. મનની બધી આશાઓ-આકાંક્ષાઓ સૂતરના લાંબા તારની માફક સાળમાં અટકી પડી છે. સાળ પર પહેલાં કરતાં વધુ ધ્યાન આપીને

તે વણે છે. ગામડાની છોકરીને પ્રીતનો સ્પર્શ પણ અસીમ ધીરજ પ્રદાન કરે છે. હવે ધનંજયનું સ્મરણ એના યુવાન મનને બેચેન નથી કરતું. એની સાથે લગ્ન ન થાય ત્યાં સુધી એના વિશે વિચારવાનો પણ એને કશો અધિકાર નથી. નાનકડી ગોળાકાર 'મેરઘર' માછલીની નાની આંખથી ન જોઈ શકાય તેવા છિદ્રમાંથી પાપ રૂપી સાપને પ્રવેશ કરવા ન દઈ શકાય. આ પાપ સોનાઈ-પરિયાની માન્યતાનું પાપ છે. હોમ અગ્નિની સાક્ષીએ મંત્રઉચ્ચારણ કર્યા પછી સોનાઈપરિયા નવયુવતી મનમાં કામવાસનાને આશ્રય આપી શકે છે. દેહની ચંચળતાને પણ આત્મસમર્પણથી સહનીય બનાવી શકે છે. આ જ છે સોનાઈપરિયાનો પારંપરિક નૈતિક બોધ. વાસંતી એના યુવાન મનને કાબૂમાં રાખીને જ ભાવિનાં રંગીન સપનાં જુએ છે. આજકાલ ઠનુઆ ઘાટની આજુબાજુ ધનંજય દેખાતો નથી. સાંભળ્યું છે કે હમણાંથી તે મેરાપુર થઈને શહેરમાં જાય છે.

એને કેવળ માની ચિંતા છે. આંખમાં જાળાં કપાવ્યા પછી ચશ્માંથી એને થોડા દિવસ તો ફાયદો લાગ્યો હતો, પરંતુ હવે ફરીથી જોવામાં તકલીફ પડવા લાગી છે. ચશ્માં પણ કશું કામ નથી આપતાં. હાથ ફંફોળી ફંફોળીને મા હાલેચાલે છે તે એનાથી સહન નથી થતું. પરંતુ હવે સારવાર કરાવવાનું પણ અસંભવ છે. ઘરની સ્થિતિ દિવસે દિવસે કથળતી જાય છે તોપણ એક દિવસ મોટાભાઈને કહી જોયું. કહીંગુરીમાં મેં સાંભળેલું કે બે જાતના ભાગ પાડેલા એવા કોઈ નવી જાતનાં ચશ્માં નીકળ્યાં છે, એ કાચમાં ઉપરના ભાગમાંથી દૂરની ચીજ ઓળખી શકાય છે અને નીચેના ભાગમાંથી નજીકની ચીજ જોવાની સગવડ છે. આ જાતનાં ચશ્માંની લગભગ દસ રૂપિયા કિંમત હોય છે. તે દિવસે મોટાભાઈ દલંગઘાટની બજારમાંથી પરાજયનો ભાર લઈને ઘેર આવ્યા હતા. તેઓ બજારમાં સીવેલાં કપડાં વેચી નહોતા શક્યા. આ બજારમાં પણ કુલગુડી જેવી સ્થિતિ હતી. ત્રણ દિવસ પહેલાંથી એટલે કે ઑગસ્ટની પંદર તારીખથી નગાંવથી દલંગઘાટ સુધી રોજની બે બસ સર્વિસ ચાલુ થઈ છે. દલંગઘાટનું રવિવારનું બજાર ઢાકાઈપટ્ટીના વેપારીઓથી ભરાઈ ગયું છે. મંગળવારે જાજોરી બજારમાં પણ એની એ જ હાલત થશે. આ મહિનામાં જ એને વેપાર છોડી દેવો પડશે. એ પૈસા ખતમ થઈ ગયા પછી એની વહાલી સાઇકલ પણ વેચવી પડશે. એના પછી કદાચ કુકન

પઠારની ત્રણ ‘હલિસા’ (બે હલિસાનું એક વીઘું થાય) જમીન મોલાઈ મોહરીને વેચવી પડશે. મોલાઈએ કરજના પચીસ રૂપિયા માગ્યા હતા ત્યારે એને અપમાન લાગ્યું હતું, પરંતુ મોલાઈની વાત સાચી જ નીકળી. એક દિવસ એવો પણ આવશે કે ભોગરામને પોતાની પૈતૃક સંપત્તિ આપવી પડશે.

આવી માનસિક સ્થિતિમાં વાસંતીની મા માટે ચશ્માં ખરીદવાની વાતે ભોગરામને જાણે કે ઝાળ લાગી ગઈ. એણે પીધેલી બીડીના ટુકડા વિતૃષ્ણાથી ફેંકી દઈ ને વાસંતીને ધમકાવી, ‘તમે બધાં બૈરાંઓએ મારું માથું ખાઈ નાખ્યું. હું જ્યાં સુધી મારવાડીનો ગાડીવાળો નહીં થઈ જાઉં ત્યાં સુધી તમે લોકો મને છોડશો નહીં, એની મને પૂરી ખાતરી છે. તારી માને ચશ્માં જોઈએ છે, તને ચશ્માં નથી જોતાં શું? હવે તો છોકરીઓને ચશ્માં પહેરી ફેશન કરીને સડક પર ફરવાનો જમાનો આવી ગયો છે.’

એને હતું કે મોટાભાઈ એને ખૂબ ચાહે છે, આજ સુધીમાં એમણે આવું તો ક્યારેય એને કહ્યું નહોતું એટલે અત્યારે અચાનક આવી મેણાંભરી વાત સાંભળીને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ત્યાંથી એકદમ ચાલી ગઈ ને સુવાના ઓરડામાં પેસી ગઈ. રાત્રે સુજલા અને તરુએ ઘણી સમજાવી છતાં તે જમવા ન ગઈ. આખી રાત એણે રડયાં કર્યું. આંસુથી તકિયો ભીંજાઈ ગયો. સોનાઈપરિયા નવયુવતીની સહનશીલતા હારી ગઈ. ભોગરામને એ શત્રુ માનવા લાગી. જન્મદાતાનું ઘર કેદખાનું લાગવા માંડયું. સુજલા અને તરુની પ્રેમભરી વાતોમાં પણ એને કપટની જ ગંધ આવવા લાગી. એની સજળ આંખોમાં ધનંજય દેવતા જેવો દેખાવા લાગ્યો. એના સોનાઈપરિયા સંયમનો બંધ વિશૃંખલ અનિયમિત પૂરે આવીને તોડી નાખ્યો. એણે જાણે અમાસની રાત્રે ખરતા તારાનું કિરણ જોયું. જીવનમાં આવેલા પ્રથમ પુરુષની સાચી ચિંતા અને પ્રેમના સંજીવની સ્પર્શે એના મનની બધી નબળાઈ દૂર કરી દીધી. બીજા દિવસથી એ ફરી વાર પહેલાં જેવી વાસંતી બની ગઈ. એના પૂરક મોહક દેહ સાથે મને મિત્રતા કરી લીધી. મધુર અતૃપ્તિ અને આશાથી ભરેલી નદીમાં એના મનને પૂર્ણતા મળી. ઠનુઆ ઘાટનાં આંબા, જામફળી, કદંબ અને કેળાંનાં વૃક્ષોની છાયામાં બેસી રહેવું એને સારું લાગવા માંડયું. શરદ ઋતુની સોનાઈનાં નિર્મળ જળમાં એણે સંસારનું પ્રતિબિંબ જોયું. સોનાઈમાં છળ છળ કરીને હલેસાં મારી ચાલ્યા જતા ખલાસીના ગીતમાં એને દૂર-સુદૂરની વાણી સંભળાઈ.

વાસંતી સોનાઈના કિનારા પર મોડે સુધી એકલી બેસી રહેવા છતાં કંટાળતી નહોતી.

વાસંતીએ બહારના ઓરડા પહેલાંની જેમ શણગાર્યો. સુવાના ઓરડાની છતમાંથી પાણી ટપકે છે. ઘાસની છતવાળા મકાનમાં બે થાંભલામાં ઊધઈ લાગી ગઈ છે. રસોડાની દીવાલમાં કૂતરાં ઘૂસી આવે એવાં બાકોરાં પડી ગયાં છે. ધાનનો કોઠાર ઉત્તરની બાજુ ઢળી ગયો છે. ઘરમાં બધાય ખૂણા ઉપરાંત માણસોના ચહેરા અને પોશાક પરથી પણ ગરીબનું ચિહ્ન દેખાય છે. એ સ્થિતિમાં બેઠકના ઓરડાને શણગારવાનું કાગડાની પીઠ પર મોરનાં પીંછાં લગાવવા જેવું લાગે, છતાં વાસંતીને કાંઈ અજુગતું ન લાગ્યું. કોને ખબર કયારે, પણ ધનંજય આવી ચડે તો! એના ઘરની બહારની સ્થિતિ જોઈને તે ચોક્કસ જ એના મનની સ્થિતિ જાણી જશે.

સૂકાં વૃક્ષમાં જાણે નવાં પાન ફૂટીને વસંત ઋતુ એના ગૌરવની ઘોષણા કરે છે. એ જ રીતે વાસંતીને પ્રેમતૃષ્ણાએ દરરોજની દૈન્યતાને પણ મધુર બનાવી દીધી છે. પ્રેમનો અપાર્થિવ વિકલ્પ હાડચામનું રૂપ લઈ ને એની રંગીન માધુરીની વહેંચણી કરે છે.

વાદળોમાં નિત્ય નવા રંગ ભરીને શરદ ઋતુ વીતી ગઈ. હેમંતના આગમનથી સોનોઈપરિયા જીવનમાં વિશ્રામ આવ્યો. વૃક્ષોને ફળ આવ્યાં. ધાનના છોડવાને અંકુર ફૂટયા. સૂકી મોસમથી તળાવ-નાળાનાં પાણી સુકાઈ ગયાં. માછીમારોએ સોનાઈમાં મોટી જાળ નાખી 'રોઉ-સીતલ' પકડી. ઘેર ઘેર પખવાજ-મૃદંગની થાપોએ હેમંતના શાંત વાતાવરણને ખીલવી દીધું. સોનાઈને કાંઠે વાગતાં વાંસળી, 'પેપા' અને 'ગગના'ના અવાજોથી મન નાચી ઊઠયું. ફસલ લણવાની આશામાં સોનાઈપરિયા કંગાળ કાર્તક મહિનાનું દુ:ખ ભૂલી ગયા.

આખરે એક દિવસ ધનંજય એમને ઘેર આવ્યો. હમણાં હમણાં ભોગરામ લગભગ ઘરમાં જ રહે છે. એણે થોડી વાર સુધી ભોગરામ સાથે વાત કરી. વાસંતી બે વાર ત્યાંથી પસાર થઈ. એ બંનેને આજે શહેરમાં જવાનું છે. ભોગરામ પાસે જેટલા 'હલિસા' જમીન છે તેના પર જ મન લગાડીને ખેતી કરવાનો નિશ્ચય કર્યો છે. પરંતુ ખેતી માટે બળદ નથી, એટલે ખેતીલોન લેવાનું વિચાર્યું છે. એણે એક દરખાસ્ત મૂકી છે. ધનંજયને શહેરમાં ઘણા સાથે ઓળખાણ છે. અને તે અધિકારીને સમજાવીને વાત કરી શકે તેમ છે

એટલે ભોગરામે ધનંજયની મદદથી કરજે રૂપિયા મેળવવાની આશા રાખી છે. અને એટલે જ ધનંજય ભોગરામની વિનંતીનું માન રાખીને ઘણા દિવસો પછી અહીં આવ્યો છે. અત્યારે એ વાસંતીના વર્તનથી સંતુષ્ટ હતો. ત્રણ મહિના પહેલાં જ્યારે આવેલો ત્યારે એ એની સામે નહોતી આવી. ઠનુઆ ઘાટ પર પણ એ દિવસ એને જોઈને ભાગી ગઈ હતી.

ધનંજયને બહાર બેસાડી ભોગરામ અંદર જમવા ગયો. ધનંજય જમીને આવ્યો છે એટલે એને ચા આપવાનું ભોગરામે કહ્યું. વાસંતી ચા લાવીને એની સામે ઊભી રહી. એણે મુખ ફેરવી લીધું. કશું બોલ્યાં નહીં. વાસંતીએ 'ચા' એમ કહ્યું તોપણ એણે ન સાંભળ્યું કરી દીધું. વાસંતીની આંખો ભીની થઈ ગઈ. ડૂસકાંનો અવાજ સાંભળીને ધનંજયનું પુરુષહૃદય છેવટ કોમળ બની જ ગયું. શોકભર્યા સ્વરે આતુર બની એ બોલ્યો : 'વાસંતી !'

'ધન !'

વાસંતીએ બંને આંખો છેડા વતી લૂછી નાખી.

'તેં મને કેમ ન કહ્યું કે તું મને તારો સમજે છે. હું એક સાધારણ માણસ છું. અહીંતહીં રખડનારો માણસ છું. મારે મા નથી, બાપ નથી, કોઈ જ નથી. હું એક પરદેશી છું.'

'તમે ક્યારથી આવા કઠોર બની ગયા છો? મને કષ્ટ આપીને તમને શાંતિ મળે છે શું? આ ચાર મહિનામાં તમે એક વાર પણ ન આવ્યા?'

'મને સમય ન મળ્યો. પાભચિલામાં કૉલેરા ફેલાયો હતો. કૂતરાં-બિલાડાં-ની જેમ માણસોનાં મોત જોઈને હું બધું જ સારહીન માનવા લાગ્યો હતો, એ લોકો માટે અવિરામ મહેનત કર્યા છતાં એક ચિંતા મને કાંટાની જેમ ખટકતી હતી. તું પણ મને...'

'હવે એ બધી વાતો મનમાં ન લાવો ધન! મારા સમ! મારાથી ભૂલ થઈ ગઈ હતી. મને ક્ષમા કરી દો.'

'વાસંતી, મારી સામે જોઈને તું એક વાત કહી શકશે?'

'હું અંતરથી કહું છું કે હું તમારે માટે બધું જ છોડી શકું છું.' ડૂસકાં-ની વચ્ચેથી નીકળેલા એના સ્વરથી ધનંજય પૂરેપૂરો પ્રભાવિત થયો હતો, એણે એને કહ્યું, 'હું અત્યારે તારા મોટાભાઈને વધુ તકલીફ દેવા નથી માગતો. એમનો વેપાર પડી ભાંગ્યો છે. ખેતીમાં લાગવાથી જો એમની સ્થિતિ સુધરી

ગઈ તો હું એમની સાથે એક દિવસ વાત કરીશ. ઠીક છે ને?'

ધનંજયના મોઢે આવી વાત સાંભળીને એણે નિર્વાક વિસ્મયથી એની તરફ જોયું. એટલામાં અંદરથી ભોગરામનો અવાજ સંભળાયો :

'દાક્તરને પાન આપ્યું કે?' એનું ભોજન પતી ગયું હતું. બહારથી એનો અવાજ નજીક આવવા લાગ્યો એટલે વાસંતી ઝડપથી ધનંજય પાસેથી ચાલી ગઈ અને અંદર જઈને સોપારી કાતરવા લાગી. એના મનમાં વીજળી ચમકી ગઈ.

ધનંજય અને ભોગરામને શહેરમાં જતા જોઈને વાસંતીને થયું કે સાળા-બનેવી તરીકે એમની જોડી સારી શોભશે. એણે ભગવાનને પ્રાર્થના કરી કે ભોગરામને આજે જ ઘણા પૈસાની લોન મળી જાય. જલદીથી તે ઉત્તમ ખેડૂત બની જાય. ધાનના દાણાથી ભરેલા કોઠારનો તે માલિક બને. મનમાં ને મનમાં એણે 'જુરિયા નામઘર'(સમૂહમાં ભજન કરવાનું સ્થળ)ને બે જોડી તેલના દીવા કરવાની માનતા માની.

નવ

સાંજે ભોગરામ ઘેર આવ્યો. આંગણામાં આવતાં જ બાળકોએ એને ઘેરી લીધો. નાનાએ ધોતિયું પકડયું, માલસ સાઇકલના પેડલ પર પગ મૂકવાનો પ્રયત્ન કરવા લાગી. વચલી 'બાપુજી હું ચડીશ' કહીને હઠ કરવા લાગી. રોજ જ આ લોકો આમ કરે છે. પરંતુ આજે ભોગરામે માલસના મોં પર એક એવો તમાચો માર્યો કે જાણે એના કાનનાં તમરાં ઊડી ગયાં. બીજાં છોકરાં ભયનાં માર્યાં આમતેમ ભાગી ગયાં. એ બૂમો પાડીને બોલવા લાગ્યો, 'બહારથી આવ્યા નથી કે આ લોકો ઘેરી વળે છે. મરતાં પણ નથી!'

વાસંતી બહારના ઓરડામાંથી બધું જોતી હતી. એનું હૃદય બેસી ગયું. ભોગરામને લોન નથી મળી એટલું ચોક્કસ. ઘરમાં આવતાં જ એનાં લક્ષણો

દેખાઈ ગયાં. મૂળ વાત પણ સાચી જ હતી. ધનંજયે શહેરના પૈસા ધીરનાર એ અધિકારીને ઘણી વિનંતી કરી, ભોગરામે પણ પોતાની ગરીબ સ્થિતિ વિશે જેટલું કહી શકાય તેટલું કહ્યું, પરંતુ કઠોર અધિકારીનું દિલ પીગળ્યું નહીં. એણે કહ્યું, 'વેપારી લોકોને કોઈ સ્થિતિમાં ખેતીની લોન આપી ન શકાય. સાચા ખેડૂતોની જ કેટલીય અરજીઓ એના મેજ પર પડી છે. એમને આપવા માટે પણ રૂપિયા પૂરા નહીં પડે. એ ઉપરાંત આ રીતનું કરજ આપવા માટે કેટલાય સરકારી નિયમો છે. બધા નિયમનું પાલન કરીને મળી શકે એવું કરજ આપવામાં પણ ઓછામાં ઓછા છ મહિના નીકળી જાય છે. અધિકારીની વાત સાંભળીને ધનંજયને ગુસ્સો આવી ગયો. આસામના ખેડુજીવનનાં દુઃખે એને હતાશ કરી દીધો. સરકારી અધિકારીના સહાનુભૂતિના અભાવે એને બેચેન કરી દીધો.

કરજ મળવાની જરા પણ આશા ન મળવાથી ભોગરામ અત્યંત નિરાશ થઈ ગયો હતો. એના ઉદ્ધારના બધા રસ્તા બંધ થઈ ગયા. પરંતુ છેવટે એના ભાગ્યનો ઉદય થયો. એક દિવસ એક પ્રતાપી વ્યક્તિ એને ઘેર આવી અને એને કારણે જ એના જીવનની ગતિમાં પરિવર્તન આવ્યું.

સોનાઈપરિયા ગામ, પાંચ વર્ષ પછી, ફરી વાર એક જુદા પ્રકારની ઉત્તેજના અને ચળવળથી ભરાઈ ગયું. સોનાઈપરિયાએ ખેતરની લક્ષ્મી 'માઘ-બિહૂ'- (મહા મહિનામાં ફસલ લણવાનો ઉત્સવ. એને 'ભોગાલિ બિહૂ' પણ કહે છે.) ઊજવ્યો. બિહૂના પેપા, ઢોલ-નગારાંની મનોહારી થાપો અને મહા મહિનાની કડકડતી ઠંડીએ નવયુવાન અને નવયુવતીઓનાં મનને ઊડતા રૂ જેવાં બનાવી દીધાં. પાતળી કમરવાળી નર્તંતી છોકરીઓનો યૌવનછંદ ડગલે ડગલે ઝણકવા લાગ્યો. કોઈકે સેવતી-માલતીનાં દિલ કોઈકની યાદમાં ધડકી ઊઠ્યાં. ટૂંક સમય માટે ગરીબાઈથી મુક્તિ મેળવી, બૂઢા, આધેડ બધાં જ ભક્તિરસમાં ગદ્‌ગદ થઈ ગયાં. 'ભોગાલિ'એ, 'કંગાળી'[1] શોકયને પોતાની ઉદારતાથી ક્ષમા આપી દીધી.

સોનાઈ ઉપર ઠેર ઠેર વાંસના પુલ બન્યા. આ કાંઠો ને સામો કાંઠો બધું એક જ થઈ ગયું. દેવડા, પાભચિલ્લા અને બિહૂ મનનાં ચોગાનોમાં

1 કારતક મહિનાનો બિહૂ ઉત્સવ, જ્યારે ગામમાં અનાજની અછત હોય છે.

ભેંસોની લડાઈ કરાવી. બાઉ-ધાન, સાલી-ધાનના છોડવાઓથી પીળાં લાગતાં મોટાં મેદાનોમાં લોકો એકઠા થવાથી રોનક આવી ગઈ. એની સાથે સાથે જ વોટની લડાઈ શરૂ થઈ. આ વખતે કોને મત આપીને શિલોંગ મોકલવા? વાક્ય વેચનારા વકીલને વોટ આપવો કે બાળપણથી ઓળખતા હોઈ એ તેવા આ ક્ષેત્રના એક માણસને દેવો? 'અમુક'ને દેવાથી તે શિલોંગમાં અંગ્રેજી બોલી નહીં શકે અને અમુકને દેવાથી તે પટપટ અંગ્રેજી બોલશે, પણ પછી આપણી સામે પણ નહીં જુએ. દર વખતે એને વોટ દેવાથી આપણને શો ફાયદો થયો? દેડકાની પીઠ પર અમસ્તા વાળ નથી ઊગતા. બીજા લોકો, આપણને તારી નથી શકતા એ સાચું જ છે, ઊંડો વિચાર કરનારાએ પોતાનો અભિપ્રાય જણાવ્યો, 'જે લંકા જાય છે એ જ રાક્ષસ બની જાય છે.'

મહા મહિનાની શરૂઆતમાં જ તોફાન જેવો ગડગડાટ કરીને વોટ દેવાનું પર્વ આવ્યું છે. રસ્તા પર જાણે સુંદર સુંદર મોટરોનાં સરઘસ શરૂ થયાં. સોનાઈના આ કાંઠે પણ, સૂકી રેતીને, શહેરમાં આરામથી ઊછરેલા લોકોના સુકોમળ ચરણયુગલનો, સ્પર્શ મળ્યો છે. આ દેખાવડા લોકો હવે સભા-સમિતિઓમાં સારી સારી વાતો કરવા લાગ્યા છે. સોનાઈને કાંઠે આજકાલ વસંત આવી છે. સોનાઈપરિયાએ આ નવી વિચિત્રતાને આવકારી લીધી છે. કેટલાક મૌન થઈ ગયા છે. કેટલાયને બોલવાનો મોકો મળ્યો છે અને ઘણાએ રંગીન સપનાં જોયાં છે.

એવા જ એક દિવસે મહા મહિનાના ચાર દિવસ વીત્યા પછી એ માણસ ભોગરામના આંગણામાં આવીને ઊભો રહ્યો. એણે એમને આદરથી અંદર બોલાવી બેસાડયા. એ મામૂલી માણસ નથી. તેઓ તો શહેરના પ્રસિદ્ધ વકીલ સુબોધ સાઈકિયા છે. દેશમાં એમના જેવા અને એમનું નામ ન જાણે તેવા કોઈ નહીં હોય. એમની રિદ્ધિસિદ્ધિ રાજા જેવી છે. એમની ક્રુદ્ધ દૃષ્ટિથી શહેરના મોટા મોટા લોકો ડરી જાય છે અને કૃપાદૃષ્ટિથી સાધારણ માણસ પણ ગંધેશ્વર–અંહેશ્વર (મોટો) બની જાય છે.

સુબોધ સાઈકિયા ખુરશી પર બેસી ગયા. પહોળી દાંડીવાળાં ચશ્માં ઉતારી રૂમાલથી લૂછતાં લૂછતાં બોલ્યા, 'તમારું જ નામ ભોગરામ છે?'

ભોગરામે નમ્રતાથી કહ્યું, 'હા, સાહેબ.'

એમણે ચશ્માં પહેરીને કહ્યું, 'હા, તમારું નામ તો ઘણા દિવસોથી

સાંભળું છું, પણ મળવાની તક આજે જ મળી.'

ભોગરામ પ્રસન્ન થયો. દારિદ્રે એને એટલો નમાવી દીધો હતો કે મોટા માણસની એક વાતમાં જ જાણે એને મોટી આશાઓનું કારણ દેખાઈ ગયું. કુટુંબની ચિંતા અને હતાશાએ એને એટલો નિર્બળ બનાવી દીધો છે કે એ પોતાનું પોતાપણું ભૂલી ગયો છે. આજકાલ એ સફળ જીવનવાળી વ્યક્તિ પર શ્રદ્ધા રાખવા લાગ્યો છે. ધનિકને બધાના માલિક સમજવા લાગ્યો છે. અને પોતે ગરીબ હોવા છતાં એના જેવા ગરીબો પ્રત્યે દિલથી ઘૃણા કરવા લાગ્યો છે. સાથોસાથ પોતાનું વ્યક્તિત્વ પણ ખોઈ બેઠો છે.

'ભોગરામ, હું તારી સાથે એક ખાસ વાત કરવા માગું છું. હું કેવળ એટલા માટે જ આવ્યો છું.'

ભોગરામનું મન ડામાડોળ થવા લાગ્યું. એણે નમ્રતાથી હસીને કહ્યું, 'હું શું એટલો લાયક થઈ ગયો છું, સાહેબ?'

'તું લાયક છે કે નાલાયક એ વાત તો તું જ વધારે સમજે, પરંતુ હું તને એનાથી પણ ઊંચું સ્થાન આપું છું. બેતાળીસના આંદોલનના સમયમાં આ ક્ષેત્રની વાત નીકળતાં સૌથી પહેલું તારું જ નામ યાદ આવે છે.'

સન બેતાળીસમાં ભોગરામના પિતા જીવંત હતા, એ વખતે એ બેફિકર હતો અને કૉંગ્રેસનો વૉલંટિયર બની ગયો હતો. સરઘસની પહેલી હારમાં જ એ હતો. ગામેગામ જઈને વિદેશી કપડાં અને મિલનાં કપડાં સળગાવી દેતો હતો. 'વિદેશી વસ્ત્રો તજવાં જોઈએ' એ જ વાત એણે સોનાઈપરિયાની જનતાને સમજાવી હતી. પરંતુ કાળની ગતિ કાંઈક એવી વાંકી થઈ કે પાછળથી એને જ મિલનાં તૈયાર કપડાંનો વેપાર કરવો પડ્યો. સબ ડેપ્યુટી ઑફિસના દરવાજાની સામે સૂઈને એણે અને ઘણાએ પિકેટિંગ કર્યું હતું. ઑફિસમાં રાષ્ટ્રીય ઝંડો ફરકાવવા માટે એણે ને એના સાથીઓએ પોલીસનો સામનો કર્યો હતો. એના બાવડા પર બેયોનેટ વાગી ગઈ હતી. એ જખમનો ડાઘ હજુ પણ ભોગરામના શરીર પર છે. ઘાયલ સ્થિતિમાં જ તે પકડાઈ ગયો હતો. જેલમાં એની સારવાર થઈ હતી. એણે છ મહિના સુધી જેલના રોટલા ખાધા હતા. આજે સુબોધ સાઈકિયાના કહ્યા પછી એને આ બધી વાતો જાણે કોઈ બીજા માણસની વાત હોય તેવી લાગી.

સાઈકિયાએ કહ્યું, 'તારે આ વખતે મને મદદ કરવી પડશે. મને ખબર

છે કે અહીંના માણસો તારી વાત માને છે. આ વખતે હું આ પ્રદેશમાંથી ઊભો રહ્યો છું.'

સાઈકિયા ભારે ચાલાક માણસ છે. એણે વિચાર્યું હશે કે ભોગરામ તો વેપાર માટે ફરતો રહે છે એટલે સોનાઈપરિયા ગામના લગભગ બધા જ માણસો એને ઓળખે છે. અને કયો માણસ કેવો છે તે પણ એ જાણે છે. એટલે એવો એક માણસ પોતાની સાથે રાખવો સારો. એ ઉપરાંત બેતાળીસ-નો એનો રેકર્ડ તો છે જ. તેથી એને મોંએ બોલાયેલી દેશના લાભની વાત વધુ કામ આવશે. વોટ પર્વમાં આવો માણસ ધન-કુબેર, વ્રજ-મોહન નંદ-લાલ જેવો કામ લાગશે.

ભોગરામે સાઈકિયાની વાત સાંભળીને જરા વાંધો દર્શાવ્યો. એણે કહ્યું કે પોતે કોઈ પણ રીતે ઘરખર્ચ નથી ચલાવી શકતો, આ બધી ચિંતાઓ એને હેરાન કરે છે. આવી પરિસ્થિતિમાં સમાજનાં આ કાર્ય માટે ફરવાનું એને મન પણ નથી. અભિલાષા પણ નથી. હેરાનગતિથી જ એ તંગ આવી ગયો છે.

સહેજ કુટિલ સ્મિત કરીને સાઈકિયાએ ભોગરામની વાત કાપી નાખી. એની ક્ષમતાને હોશિયારીપૂર્વક છુપાવીને એણે એને માત્ર ઇશારો કર્યો કે તે એને ઘણી મદદ કરી શકશે. ચતુર ભોગરામ પણ સમજી ગયો હતો. બીજે દિવસે સવારે જ સાઈકિયા ફરી વાર આવ્યો. આ વખતે બંને વચ્ચે સાફ સાફ વાત થઈ. સાઈકિયાએ કહ્યું કે આજકાલ 'વીવિંગ લોન' તરીકે એક પ્રકારનું કરજ આપવાનો નિયમ થયો છે. ભોગરામના ઘરમાં ત્રણ સ્ત્રીઓ છે એટલે દોઢ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. આ કરજ જલદી પાછું આપવાની પણ જરૂર નથી. ઘણાં વરસો માટે મફત રકમ મળવા જેવું જ છે. સાઈકિયા જલદીથી આ કરજની મંજૂરી અપાવી શકે તેમ છે. આમ થાય તો ભોગરામને બીજો ધંધો કરવાની ચિંતા કરવી ન પડે.

સાઈકિયાની મહેરબાની જોઈને ભોગરામને તો જાણે સ્વર્ગ મળી ગયું.

બીજે દિવસે સુબોધ સાઈકિયા ફરી વાર આવ્યા ને કહ્યું કે બે હજાર રૂપિયાની 'વીવિંગ લોન' મંજૂર થઈ ગઈ છે. મહા મહિનામાં જ સુજલા અને તરુના નામે બધી રકમ મળી જશે.

આટલું કહીને એણે ડ્રાઇવરને બૂમ પાડી. ડ્રાઇવર જીપમાંથી એક

નવી ચમકતી સાઇકલ લઈ આવ્યો. સુબોધ સાઈ કિયાએ કહ્યું, 'ભોગરામ, આ સાઇકલ તારે માટે છે. હવે તને ફરવામાં સગવડ રહેશે. તું જેની સાથે જાય એને પણ સાઇકલની જરૂર હોય તો કહેજે. ડ્રાઇવર, લીફલેટ વગેરે લઈ આવ.' ડ્રાઇવરે મોટા મોટા અક્ષરો છાપેલા કાગળો અને અપીલ જેવી છાપેલી નાની પુસ્તિકાઓનું એક બંડલ સાઈ કિયાની સામે મૂકી દીધું. સાઈ કિયાએ આ બધું ભોગરામના હાથમાં આપતાં કહ્યું, 'તારે પ્રચાર કરતી વખતે એક ખાસ વાત લોકોને કહેવી પડશે. કહેજે કે 'સોનાઈકાંઠા સુધીનો પાકો રસ્તો મારી મહેનતથી જ થયો છે. સર્વિસ બસની લાઇન પણ મેં જ મંજૂર કરાવી હતી.'

આ વાત સાભળતાં જ ભોગરામનું આખું શરીર ગરમ થઈ ગયું. એની બંને આંખો એકાએક પહોળી થઈ ગઈ, આક્રોશથી બંને કાન લાલ થઈ ગયા. રેતી-પથ્થર નાખેલો રસ્તો કેવી રીતે એનો કાળ બન્યો એ બધી વાતોનું વર્ણન એણે ખૂબ જ આવેગથી સાઈ કિયા પાસે કર્યું. સાઈ કિયા ખૂબ જ ધીરજ-પૂર્વક આ બધું ભાષણની જેમ સાંભળી રહ્યો. પછી બોલ્યો, 'હજારો રૂપિયા ખર્ચીને રસ્તો બનાવાયો છે એ તો સાચું છે ને? તારે માટે એ દુઃખદ નીવડ્યો તોપણ સાચું કહેવામાં શો વાંધો છે?'

'હવે વધુ ન બોલો સાહેબ, આ જ રસ્તાએ મને દેવાળિયો બનાવી દીધો અને આ રસ્તાને કારણે જ સોનાઈપરિયાના લોકોની સુખશાંતિ લૂંટાઈ જશે.'

'તું ઘણો સીધો ને ભોળો છે, ભોગરામ. મૂળ સ્થિતિ અને સમયની તું કદી પણ અવહેલના ન કરી શકે. માણસે સમયની કિંમત સમજીને પોતાને માટે નવી તકો શોધી લેવી જોઈએ.'

સાઈ કિયાએ બીજું પણ ઘણુંબધું કહ્યું. પ્રવીણ વકીલની યુક્તિમાં ભોગરામ આવી ગયો. એણે સાઈ કિયા સામે માથું ઝુકાવી દીધું. બીજા જ દિવસથી ભોગરામે પોતાની તદ્દન નવી ભૂમિકા સ્વીકારી લીધી. સોનાઈપરિયાના લોકો દ્વારા તે ફરીથી આશાનાં નવાં કિરણો જોવા લાગ્યો.

દસ

સોનાઈને કિનારે રહેતા લોકોને જે કહેવામાં આવે તેને તેઓ સાચું માને. મત આપવાના દિવસો નજીક આવતા જાય છે. ઘણી સભાઓ થાય છે. જુદા જુદા દળના લોકો સોનાઈપરિયાના લોકોને જાતજાતની વાતો કહે છે કે વોટ મેળવવા માટે કોણ યોગ્ય છે, દેશની ઉન્નતિ માટે કોણ વધારે કામ કરશે. આ પ્રકારની વાતો તેમને માટે મહત્ત્વની થઈ ગઈ. સીધાસાદા ગામના લોકોને ફોસલાવવાનું સહેલું છે. સોનાઈપરિયા 'રાજકારણ' નથી સમજતા. એક વખત જ્યારે 'ગાંધીરાજા' હતા ત્યારે સમજતા હતા. હવે તો એ લોકોની સ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જાય છે, પરંતુ એને માટે એ લોકો પોતાની દીર્ઘદૃષ્ટિની ખામીને જ દોષ આપે છે.

શિલોંગની વિધાનસભા માટે ત્રણ ઉમેદવારો ઊભા રહ્યા છે. બીજા બે જણા છે સંજીવ બરુઆ અને લોકનાથ તામુલી. સંજીવ બરુઆની પાર્ટીમાં ઘણા વધારે લોકો છે. એમણે બેતાળીસના આંદોલન વખતે આ પ્રદેશમાં ઘણું કામ કર્યું હતું. એમને પકડવા બ્રિટિશ સરકારે દસ હજારનું ઇનામ જાહેર કર્યું હતું. સોનાઈપારના ગામમાં છૂપી રીતે રહ્યા ત્યારે ગામના મુખ્ય લોકો સાથે ગાઢ સંબંધ બંધાઈ ગયા હતા. આ પ્રદેશના લોકોનાં દિલમાં હજી પણ એમને માટે પ્રેમ છે. તેઓ પણ ગામમાં આવ-જા કરતા રહેલા. પૂર અને પ્લેગને વખતે તેમણે જ ગામના લોકોની સેવાશુશ્રૂષા કરી હતી.

ચૂંટણીના ચાર દિવસ પહેલાં ખબર મળી કે ખાસ હરીફાઈ તો સુબોધ સાઈકિયા અને સંજીવ બરુઆ વચ્ચે થશે. સંજીવ બરુઆની પાર્ટીના લોકો કહેતા, 'ભાઈઓ, આ વખતે આપ લોકોના વોટના બળ પર જ સરકાર

બદલાઈ જશે, આપ લોકોનાં દુઃખ દૂર થઈ જશે. સુબોધ સાઈકિયાને વોટ દેવાની ભૂલ તમે ન કરતા. આપ લોકો જાણો છો કે સાઈકિયા મીટિંગ કરીને જેલમાં ગયેલા. કહેવાય છે કે ત્યાં એમને ઘી-માખણ ખાવા મળતાં હતાં, અને અમારા સંજીવ બરુઆ? જેને બ્રિટિશ સિંહ પણ પકડી ન શક્યા તે.'

સુબોધ સાઈકિયાની પાર્ટીના લોકોએ સમજાવ્યું, 'સાથીઓ! સાઈકિયા મહોદય આ વખતે ચૂંટાશે તો પ્રધાન બનશે. ત્યારે આપણા સોનાઈપરિયાનાં દુઃખ દૂર થઈ જશે. બંધ બંધાશે, પુલ બનશે, શાળાઓ બંધાશે. સોનાઈપરિયા લોકોને સારી સારી નોકરીઓ મળશે, અને સંજીવ બરુઆ એક નબળી પાર્ટીના સભ્ય તરીકે શું કરી શકશે? પોતાનું ભથ્થું લઈને શિલોંગમાં બેસી રહેશે...'

સોનાઈપરિયા ગામના લોકો આ પાંચ વર્ષથી ગરીબ જરૂર હતા, પરંતુ એ લોકોની વચ્ચે એકતા હતી. બ્રાહ્મણો લાલુંગ(આસામની હલકી જાતિ)ને નીચા સમજતા હતા. ખલપિયા, પાભચિલાના મૈમનસિંગ લોકો અલગ ધર્મના છે એ વાત પણ હવે તેઓ સમજ્યા છે. કલિતા જાતિમાં પણ પાની કલિતા, નટ કલિતા, કુમાર કલિતા, સોનાર કલિતા વગેરે અલગ અલગ સ્તર છે, એવી પણ ઘણાને ખબર પડી છે.

વોટની લડાઈમાં ભોગરામ સક્રિય રસ લેવા લાગ્યો. મોઢેથી મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. એની યોગ્યતા ઘણી વધી ગઈ. સુબોધ સાઈકિયાએ એને એ દિવસો માટે એક જીપગાડી આપી છે. એના હાથ નીચે ઘણા કેન્વાસરો કામ કરે છે. એણે સુબોધ સાઈકિયાને કહીને એ લોકોને પણ એક એક સાઇકલ અપાવી દીધી છે અને હાથખર્ચ માટે પૈસા પણ અપાવ્યા છે. લોકોને કેમ ને શું સમજાવવું તે પણ શીખવી દીધું છે. ઉત્તર કાંઠે મોટર નથી જતી એટલે ત્યાં સમય વધારે જાય છે, એ લોકોને ખાવાપીવાનો પણ સમય મળતો નથી, છતાં પણ આ બધી જગાએ ફરવાનો એ લોકોને નશો થઈ ગયો છે.

સોનાઈપરિયા ગામ તો જાણે તાંડવનૃત્યમાં મગ્ન છે. કસમયના વસંતે રસ્તાની માટી-ધૂળને પણ જીવંત કરી દીધી. બેકાર, આળસુ અને ટાપટીપ કરી ફળવરાવા નવયુવાનોને જાણે પ્રજાસત્તાક રાજ્યના અધિકારો વિશે હવે જ

કાંઈક સમજણ પડી. શહેરના કાળા બજારના વ્યાપારી પણ પોતાના સ્વાર્થ અંગે ભાષણો આપે છે. સુબોધ સાઈકિયાના નૈતિક માનદંડ વિશે વાતો કરે છે. સ્વાર્થમાં અંધ બનેલા ધંધાદારીઓ પણ અહીં આવીને દાતા હોવાના અસામાન્ય દાખલા બતાવે છે. 'શાયલોક' જેવા ધનિક ધંધાદારીઓ પણ ધનની મજબૂત ગાંઠ ખોલી નાખે છે. ભારેમાં ભારે ઘમંડી લોકો પણ ધૂળ-માટીમાં પડેલા હલકા લોકોને પોતાનાં મીઠાં વચનોથી રાજી કરે છે.

ભોગરામની પાર્ટીએ જલમઈ ગામ, રાઈડિંગયા અને થાણુકધરાના લોકોનાં મન પલટાવી દીધાં છે, પરંતુ પાભચિલા, કુંજી અને બોરબોરિમાં વાત જુદી છે. આ પ્રદેશોમાં ધનંજયનો ઘણો પ્રભાવ છે. અહીંના લોકો એના સિવાય બીજા કોઈની વાત માનતા નથી. સોનાઈના ઉત્તર કાંઠાવાળા માટે તે દેવતા છે. માંદગીમાં એ એમની સારવાર કરે છે. મુસીબતમાં મદદ કરે છે. એ બધાંને સમાન ગણે છે. આથી વધારે સોનાઈપરિયાના લોકોને શું જોઈએ? બધાને એકઠા કરીને ધનંજયે કહ્યું : 'યાદ રાખજો ભાઈઓ, કે ચળકતું એટલું બધું સોનું નથી હોતું. આપણે એવા માણસોને ચૂંટવાના છે કે જે પોતાને જનતામાંના એક સમજે ને જનતાના દુઃખને પોતાનું દુઃખ સમજે. જે લોકો ઊભા રહ્યા છે તેમાં સંજીવ બરુઆ જ સૌથી વધુ લાયક માણસ છે. એમનો ઉદ્દેશ સાચો છે ને માર્ગ પણ સાચો છે. સાઈકિયાનો ઉદ્દેશ સાચો હશે, પણ માર્ગ સાચો નથી. એવા લોકો દેશનું ભલું નથી કરી શકતા.'

જનતાએ પોતાનો ટેકો આપ્યો. એક સામાન્ય, અતિ સામાન્ય, ક્યાંકથી આવી ચડેલા છોકરાને લોકો માની લે, આશ્ચર્ય કહેવાય! પ્રબળ પ્રતાપી સાઈ-કિયાને પોતાની ભૂલ દેખાઈ. ભોગરામના મનમાં તોફાન જાગ્યું. એ વિચારવા લાગ્યો, લોકોને સમજાવવાનું કેટલું કઠણ છે! છેવટે ધનંજયે પણ એની સામે શત્રુતા કરી. પોતાના નાના ભાઈની જેમ એને ચાહ્યો હતો. ઘરમાં પાટલા પર બેસાડી એને ચાપાણી પાયાં હતાં. હવે એ જ ભોગરામની સામે કાળો નાગ બનવા લાગ્યો. ભોગરામને લાગ્યું કે ચૂંટણીને કારણે ઊઘડતું જતું એનું નસીબ કેવળ ધનંજયને લીધે જ કચડાઈ જશે. સાચું છે, પરદેશીનો ભરોસો નહીં. ક્યારેય કશુંય ન બોલનાર માણસો ભારે ઊંડા હોય છે.

સુબોધ સાઈકિયા પણ પાભચિલા ગયા હતા. એમને માટે ભોગરામ

એક પણ મીટિંગ કરી શક્યો નહીં. કહે છે કે ગામના નવયુવાનોએ સાઈ કિયા અને ભોગરામનું અપમાન કર્યું હતું. સાઈ કિયાને ધનંજય પર ગુસ્સો આવ્યો, પરંતુ કશું બોલી ન શક્યો. આ સમય એને માટે જનતાનાં ચરણોની ધૂળ લેવાનો સમય છે. એના મનમાં તો વિષ ભર્યું છે. છતાંય મુખમાં અમૃત લાવીને ધનંજયને પોતાની તરફ ખેંચવાનો એણે પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો. કદાચ ધનંજયે એને કહ્યું હતું : 'બધાને ખરીદી નથી શકાતા સાઈ કિયા. તમને સત્તાનો મોહ લાગ્યો છે. તમે અમારે ત્યાં પાપ લાવ્યા છો.'

એ વાત સાચી છે. બે દિવસ પહેલાં તે મોરાપુર તરફ ગયો હતો. ત્યાં છોકરાઓના એક ટોળાએ એને ઘેરી લીધો હતો. છોકરાઓ એને ગાળાગલોચ કરવામાં પણ પાછા નહોતા પડયા. એકે તો ગળા પરથી ખમીસ પકડી લીધેલું, પરંતુ આ છોકરાઓનાં માબાપને માટે ધનંજય પણ પોતાના છોકરા જેવો જ છે. સુબોધ સાઈ કિયા પાસેથી પૈસા લઈને આ બધા છોકરાઓ ગુંડા જેવા બની ગયા છે. મારવાડીએ આપેલી નવી સાઇકલ મેળવીને આ લોકો મોટાનું માન સાચવવાનું પણ ભૂલી ગયા છે. શરાબ પીએ છે, પૈસા હજમ કરી જવાનું શીખી ગયા છે. સુબોધ સાઈ કિયાની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે. ભોગરામ જેવો ભલો માણસ પણ દુષ્ટ બની ગયો છે. સોનાઈને કાંઠે પાપ ઘૂસી ગયું છે.

ચૂંટણીને આગલે દિવસે પાભચિલામાં એક મોટું તોફાન થઈ ગયું. માધ્યમિક શાળાની સામે એક પીપળાનું વૃક્ષ છે. એની છાયામાં બપોરે, સાંજે, ગામના લોકો એકઠા થઈને સુખદુઃખની વાતો કરતા. આજે પીપળાના થડ પર દરેક પ્રકારની ચૂંટણીની જાહેરાતે 'જનતાનો જય હો!'...'ને વોટ આપીને નિશ્ચિંત બનો.' 'પેટી છે કલ્પતરુ, નેતા જનતાનો જરૂર,' વગેરે. ભોગરામ પણ સવારે આવી એના પક્ષનું પોસ્ટર ત્યાં લગાડે કે આજુબાજુ ભેગા થયેલા નવયુવાન છોકરાઓ એને ફાડી નાખે. પછી ભોગરામના પક્ષના છોકરાઓ પણ આવી પહોંચે અને બંને ટુકડી વચ્ચે ખૂબ મારામારી થાય. મુક્કા-મુક્કી અને થપ્પડો પછી ઈંટોનો વરસાદ શરૂ થાય. એ જ વખતે ધનંજય ક્યાંકથી આવી પહોંચે. સ્થાનિક પક્ષ તરત જ શાંત થઈ જાય. ભોગરામના પક્ષકારોની જીભ ચાલુ હોય. ધનંજય જુએ કે ભોગરામનું ખમીસ ફાટીને ચીરા થઈ ગયું છે, દાંતમાંથી લોહી નીકળે છે! એણે પાભચિલાના છોકરાઓને

ધમકાવ્યા. એ બધા પળમાત્રમાં શાંત થઈ ગયા. માત્ર એક જણાએ બીજાને કહ્યું, 'આ લોકો બે દિવસ સુધી સોનાઈપાર ન કરી શકે એવી વ્યવસ્થા કરી દીધી છે. હોડીવાળાઓને કહી આવ્યો છું કે આ લોકોને કોઈ પાર ન ઉતારે. આ બધાંને અહીં જ સડવા દો.'

ધનંજય એની વાત ન સાંભળ્યા જેવી કરીને ચૂપ રહ્યો. એ ચિંતામાં પડી ગયો. આ તોફાન કરનાર યુવાનોથી તો તકલીફ જ વધતી જાય છે. આ લોકોને મારપીટ કરવાથી સંજીવ બરુઆનું ખરાબ જ થશે. એ જમીન પર પડેલી સાઇકલોની પાસે આવ્યો. એકેએક સાઇકલ ઊભી કરતાં ખબર પડી કે પાભચિલાના છોકરાઓએ ટાયરોમાંથી હવા કાઢી નાખી છે! એકની તો સીટ પણ નથી. ધીરે ધીરે ભોગરામ પાસે આવીને એણે કહ્યું, 'ભાઈ, ક્ષમા કરજો, મારા રહેવાના સ્થળે જ આવું બધું થવા લાગ્યું, એ માટે હું...'

ભોગરામના શરીરમાં આગ લાગી ગઈ. એ સહન કરી લે તેવો માણસ નથી. એ બોલવા લાગ્યો, 'સાલા, નફ્ફટના દીકરા, હવે ખોટો આદર બતાવવા આવ્યો છે! આ બધા લોકોને ચડાવી મારીને હવે તું ધર્મવીર યુધિષ્ઠિર બને છે. તને પણ જોઈ લઈશ. હું જો ભોગરામ હોઈશ તો આનો બદલો જરૂર લઈશ.'

ધનંજયે ગુસ્સો ન કર્યો. બીજા માણસ સાથે વાત કરતો હોય એમ બોલ્યો કે 'પોતે હમણાં દલંગઘાટમાં સુધના નાવિકને જઈને કહેશે કે આ બધાને પાર ઉતારી દે.' આ પછી પણ ભોગરામે ધનંજય પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ ન બતાવ્યો, કારણ કે એને પૂરી ખાતરી હતી કે પોતે ઘાટવાળાને વધારે રૂપિયા આપીને નૌકા ચાલુ કરાવી શકશે. સાંજે દલંગઘાટ પર ફરીથી ધનંજય અને ભોગરામ સામસામા મળી ગયા. એણે જ પહેલાં બૂમ પાડી. ભોગરામનું દિલ કદાચ થોડું નરમ પડ્યું. એણે પૂછ્યું, 'સંજીવ બરુઆ માટે કામ કરવાથી તને શો ફાયદો થશે?'

ધનંજયે નમ્રતાથી કહ્યું, 'માણસ બધાં કામ લાભનુકસાન માટે નથી કરતો. એક ખાસ નીતિ પર ચાલનારા માણસ પ્રત્યે મને શ્રદ્ધા છે. એટલે મારો ખ્યાલ છે કે સંજીવ બરુઆ જેવા માણસ પ્રતિનિધિ બને તો જ ગણતંત્ર સબળ થઈ શકે.'

ગણતંત્ર શબ્દ ભોગરામના કાનને તદ્દન અજાણ્યા સૂર જેવો લાગ્યો.

એણે ધનંજય સાથે વધુ વાત ન કરી. એ જ દિવસે સાંજે તે કેટલાંક ગામોમાં શરાબ પીવા માટે ઘણાબધા રૂપિયા આપી આવ્યો. એક-બે મુખીઓને પૈસા ખવડાવીને પોતાની તરફ ખેંચી લીધા. બે ગામમાં સુબોધ સાઈકિયાના કહેવા અનુસાર દરેક ઘરને વીસ વીસ રૂપિયા વહેંચ્યા. દેવડા અને ફૂંજીમાં સંજીવ બરુઆએ જે એજન્ટો નીમ્યા હતા તેમણે ત્રણસો ત્રણસો રૂપિયા લઈને પક્ષ બદલી નાખ્યા. એક જ રાતમાં ચૂંટણીનું વાતાવરણ બદલાઈ ગયું.

ચૂંટણી થઈ ગઈ. સુબોધ સાઈકિયા આગિયાર સો ઓગણપચાસ વોટથી જીતી ગયા. સોનાઈકાંઠાની ધામધૂમ પૂરી થઈ ગઈ. પહેલાં જેવી જ સ્થિતિ થઈ જવા છતાં લોકો પહેલાં કરતાં ઊંડા થઈ ગયા છે, સ્વાર્થી થઈ ગયા છે. કામ કરવા કરતાં એમને ભાષણ કરવામાં ને વાતો કરવામાં વધુ મજા આવવા લાગી છે. જનતાના અજ્ઞાનનો લાભ લઈને ભોગરામ જેવા એક વર્ગનો ઉદય થયો. ભાંગેલી સાઇકલ ચલાવનારો નિર્ધન ભોગરામ માત્ર એક જ પખવાડિયામાં મોટો માણસ બની ગયો. સુબોધ સાઇકિયાએ ચૂંટણી માટે આપેલા આઠસો રૂપિયા પોતાના ખિસ્સામાં મૂકી દીધા. બે જગાએ થિયેટર બનાવવા માટે એણે સાઈકિયા પાસેથી એક હજાર રૂપિયા લીધા હતા, તે રકમ પણ એણે પોતાની પાસે રાખી લીધી.

ફાગણ આવતાં પહેલાં જ ભોગરામને બાર હજાર રૂપિયાનો એક કૉન્ટ્રાક્ટ મળ્યો. કામ શરૂ થતાં પહેલાં જ એનું છ હજાર રૂપિયાનું રનિંગબિલ પાસ થઈ ગયું. આંખ ઉઘાડતાં જ ભોગરામ જામી ગયો. સોનાઈપરિયા હોવા છતાં પણ એના મનમાં એમ ન આવ્યું કે પોતે નીતિનો ભંગ કર્યો છે ને પોતાનું સ્વત્વ ખોઈ બેઠો છે.

ચૂંટણીના સાધારણ પરિણામે અભાગી વાસંતીને પણ છોડી નહીં. એને ખબર પડી ગઈ કે ચૂંટણીના આ દિવસોમાં જ ધનંજય અને ભોગરામને સાપનોળિયાનો સંબંધ થઈ ગયો છે.

વૈશાખમાં સોનાઈકાંઠાની કુદરતી શોભા વધી ગઈ. સોનાઈને ફરી યુવાની આવી. ખેતરો કામના લયમાં મગ્ન થઈ ગયાં. સુરીલી સોનાઈને કાંઠે કોયલ, કેતકીના મધુર સ્વરોમાં પ્રેમ ગુંજી ઊઠ્યો. કેસૂડાંનાં વૃક્ષોએ સોનાનો ગજરો પહેર્યો. 'અજાર'(લાલ ફૂલોનું મોટું વૃક્ષ)નાં પાંદડાં ઘેરાં લીલાં બની ગયાં. અજારનાં ફૂલોએ સોનાઈના કાંઠાને અમરાવતીના જંગલ જેવો બનાવી દીધો.

ધરતી ઉતાવળી બની. કુદરત-સૃષ્ટિના રહસ્યથી ફળદ્રુપ થઈ. કેટલીય નવી વહુઓના ફળતા દેહમાં મા બનવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. આ વૈશાખમાં કોણ જાણે કેટલીય યુવતીઓનાં દેહ-મનના મેળ મળ્યા ! કેતકીના મધુર સ્વરે કદાચ કેટલીય યુવાન છોકરીઓનાં મન સૂનાં કરી દીધાં હશે !

ખેડૂતોએ વર્ષાઋતુનું સ્વાગત કર્યું. હળને છેડે ધાન ભરાવા લાગ્યું. ફળદ્રુપ જમીનમાં ફસલ ઊગી આવી. પવનની સાથે સાથે ધાન અને શણના છોડવાની ક્યારીઓ જાણે નૃત્ય કરતી હતી. સોનાઈપરિયાએ ભવિષ્યનાં રંગીન સપનાં જોયાં.

'બિહૂ'ના દિવસે વાસંતીએ ઘાટ પર સાંભળ્યું. 'આઈનાનું મન કેવું સાથી, આઈનાનું ગણ કેવું સાથી, રાખી શકુ હાથમાં ખોબો પાણી પણ રાખી ન શકું મન... !'

એનું મન બેચેન બની ગયું. ધનંજય હવે એને ઘેર ક્યારેય નહીં આવે. કહે છે કે એણે ભોગરામનું અપમાન કર્યું હતું. રાત્રે તે વધુ ચિંતામાં પડી ગઈ. બેઠકખાનામાં મોટાભાઈ કોઈકને કહેતા હતા : 'સુબોધ સાહેબને કહીને જો પાભચિલામાં એક ઇસ્પિતાલ ખોલવામાં આવે તો આ ધનંજય કોના જોર પર મોટાઈ બતાવવાનો છે ? ઇસ્પિતાલમાં દાક્તરો આવી જશે કે એની હોમિયોપથી એક ફૂંકમાં ઊડી જશે. ક્યાંકથી જે રીતે ખાલી હાથે આવેલો તે જ રીતે ખાલી હાથે જવું પડશે.'

અગિયાર

વૈશાખની અધવચ્ચે જ ભોગરામના કૉન્ટ્રાક્ટનું કામ પૂરું થઈ ગયું. એણે પુષ્કળ પૈસો એકઠો કરી લીધો. એનું કામ ઓછું થઈ ગયું. રહેવાનું ઘર ઠીક કરાવવા માટે આ વરસાદના દિવસો સારા નહીં, એટલે ધર્મતુલથી માત્ર બે ગાડી શાલવૃક્ષના થાંભલા લાવ્યો. રહેવાનો અને બેઠકનો ઓરડો, બંને તોડાવીને એક સુંદર બંગલો બનાવવાની યોજના કરી. શિયાળો બેસતાં જ પોતે એ કામમાં લાગી જશે. એને બીજી કોઈ સમસ્યા નથી. બહેનને કોઈ સારા છોકરાને સોંપી શકે તો એનું કામ પૂરું થઈ જશે.

જે ચિંતામાં વાસંતી આટલા દિવસથી હતી તે જ આખરે થયું. એક દિવસ ખૂબ જ ગુસ્સામાં ભોગરામ ઘેર આવ્યો. પત્નીએ કારણ પૂછ્યું તો વધુ ગુસ્સે થયો :

'તરુ, હવે મારે તમારા લોકો પર ભરોસો રાખવાનો નહીં; ખરું ? એક બાજુથી કહ્યા કરો છો કે જુવાન દીકરી દૂધ પાયેલા સાપ જેવી.'

'શું બોલ્યા કરો છો, ચોખ્ખેચોખ્ખું કેમ નથી કહેતા ?'

'હું આ બધું શું સાંભળી રહ્યો છું ?'

'શું સાંભળો છો ?'

'બાયનના ઘરની છોકરીને ફોસલાવવાની તક આખરે એક પરદેશીને મળી જ ગઈ. અને તમે લોકો આંખ બંધ કરીને જોઈ રહ્યાં ? સમજ્યો. આ બધી તમારી સ્ત્રીઓની ચાલ છે.'

'મન તો કાંઇ સમજાતું નથી.'

'હા, સમજતી હોઈશ તોયે નથી સમજી એવો દેખાવ કરીશ. સ્ત્રીઓનો

સ્વભાવ જ એવો હોય છે. પેલો કૂતરો ધનંજય, મારી બહેન સાથે ઘાટ પર વાતો કર્યા કરે છે. સામે પારથી ચંપક મેધાએ જોયું છે. હરિસિંઘ મંડલે જમીન માપવા આવતી વખતે એમની વાતો પણ સાંભળી છે ને હજુ સુધી તું જ આંખ બંધ કરીને અને કાનમાં પૂમડાં ભરાવીને બેઠી હોઈશ કાં ? કેવી ભોળી છોકરી ! જાણે કોઈ વાત જાણતી જ નથી !'

'બીજાએ કહેલી વાતો પર શા માટે ભરોસો મૂકો છો ?'

'મારા મગજમાં શું છાણ ભર્યું છે કે વાત સાચી છે કે ખોટી એની ખબરેય ન પડે ? ઠીક, તો એટલા માટે તું એના વિવાહની વાતો કરતી હતી ખરું ? છોકરી પ્રેમ કરે ને તારા ડોશલીના દિલમાં જાણે શૂળ ઊઠતું હોય ! કેવો કાળ આવ્યો છે ? હરણને વાઘની દોસ્તી કરવી છે !'

તરુલતામાં જવાબ આપવાની હિંમત ન આવી. રાત્રે પણ તે રાક્ષસી રૂપ રાખીને રહ્યો. બાળકો પણ ભયથી થીજી ગયાં. વાસંતી આખી રાત ઊંઘી ન શકી.

સવારે એણે માને બધી વાત કહી, પરંતુ માએ એને ટેકો ન આપ્યો. એને લગભગ 40 વર્ષ પહેલાંની વાત યાદ આવી. એક દિવસ અચાનક એને ભોગરામના પિતા પ્રત્યે અદ્ભુત પ્રેમ જાગ્રત થયો હતો. વનની નિર્દોષ હરણીને જાણે પ્રાતઃકાળનું પહેલું રંગીન સૂર્યકિરણ નજરે પડયું. થોડા જ દિવસોમાં પોતાને રેખામય બંધનમાં બાંધી લીધી હતી. એની છાતી પર માથું રાખીને, આનંદાશ્રુ વહાવીને પ્રાણની ચિનગારી બુઝાવી હતી. એક દિવસ એ પણ પહેલા જ પુરુષની સાથે ચુપચાપ સોનાઈપારથી ચાલી આવી હતી, અને સુખી સંસાર વસાવ્યો હતો. એ વખતે સોનાઈ પણ પ્રેમની કિંમત સમજતી હતી. લોકો પણ એ વખતે એનું અકૃત્રિમ મૂલ્ય આપવાનું સમજતા હતા. પરંતુ હવે કેવા દિવસો આવી ગયા છે. આજે દીકરો પણ મા પાસે બહેનની બદનામીની વાત કરી શકે છે. હવે પ્રેમે પહેલાં જેવી ગંભીરતા ગુમાવી દીધી છે. આજના લોકો પ્રેમને ચાલાકી જ સમજે છે.

એણે વિચાર કરીને દીકરાને કહ્યું, 'પરંતુ ધનંજયમાં શું ખામી છે ? એના જેવો લાયક છોકરો મારી નજરે બીજો કોઈ દેખાતો નથી. એ બંનેની જોડી સારી લાગશે. આમાં છોકરીનો શો વાંક છે ? આ ઉંમરે મન આવી રીતે ભટકવા જ લાગે છે.'

'મા, તું પણ જો આ રીતે વાત કરશે તો દેશની શી સ્થિતિ થશે ? હું ધનંજયને રગેરગથી ઓળખું છું. એણે તો સાત સમંદરનાં પાણી પીધાં છે. છોકરીનું સત્યાનાશ કરવા તૈયાર થયો છે. વળી બાયનના ઘરની છોકરી એના જેવા માણસને કેવી રીતે આપી દઉં ? એ તો ચલતા પુર્જા છે. કયાં ઘર, કઈ જાત, કાંઈ પણ ખબર નથી. પોતાને બ્રાહ્મણ કહેવડાવવાથી શું વળે ? પાભ-ચિલ્લામાં બેઠો છે એટલે તો લાગે છે કે એ કદાચ લાલુંગ છે, જાણી જોઈને છોકરીને બળતી આગમાં હું ફેંકી ન શકું.'

મા ચૂપ રહી. એ મા છે છતાં એનું નથી ચાલતું. ત્રણેય કાળમાં નારી સ્વતંત્ર નથી. બાળપણમાં માબાપની નીચે, પછી પતિની દેખરેખ નીચે, અને વૃદ્ધાવસ્થામાં એને પુત્રના શાસન તળે રહેવું પડે છે. ભોગરામની ઇચ્છાવિરુદ્ધ ઊભા રહેવાની એનામાં શક્તિ નથી. છતાં જો તે કોઈ સારો છોકરો શોધી લાવશે તો વાતનો ઊંડાણથી વિચાર કરવો પડશે. ધનંજયે જો એને ફોસલાવી હોય તો એ લોકોનો પ્રેમ કુદરતી ન કહેવાય.

બીજે દિવસે ભોગરામે ઘરમાં કહ્યું કે એને એક સારો છોકરો મળી ગયો છે. એ પટવારીનું કામ કરે છે. મા, બાપ, ભાઈ— એમ એનું આખું ઘર સુખી છે, ખાનદાન કુટુંબ છે. શુદ્ધ કલિતા. ઘરની સ્થિતિ પણ સારી છે, ખાંડેલા ધાનના બે ભંડા, જમીન-મિલકત પણ ઘણી સારી છે, બાપે કલેકટર થઈને પેન્શન લીધું હતું.

એ કોણ હોઈ શકે તે કહ્યા વિના જ સુજલા અને તરુને ખબર પડી ગઈ હતી. કલેકટરના છોકરા મંડલનું નામ લેવાથી જ બધા લોકો મથુરાને સમજી જાય છે. મથુરાનું ઘર પણ મોરપુરથી લગભગ ચાર માઈલ દૂર સોનાઈને કાંઠે જ દરંગિયાલ ગામમાં છે. આ ગામની બરાબર વચ્ચે થઈને પાકો રસ્તો નીકળે છે. સોનાઈ પણ સાથે જ વહે છે. મોરપુરને રસ્તેથી પણ ત્યાં જઈ શકાય છે અને નૌકા દ્વારા પણ જવાય છે.

જૂનો જમાનો હોત તો ભગીરથ કલેકટરનો દીકરો મથુરા ભોગરામ જેવા માણસની બહેન સાથે કદીય લગ્ન ન કરત. ભગીરથ ઘણો મોટો આબરૂ-દાર માણસ છે. પરંતુ ભોગરામ પણ હવે આબરૂદાર અને શ્રીમંત બની ગયો છે, એટલે કલેકટરના ઘર સાથે સંબંધ થવો એ ભોગરામ પરિવારને માટે ગર્વનું એક પગથિયું ઉપર ચડવા જેવું થશે. હમણાં હમણાં ભોગરામ અહંકારી બની

ગયો છે. હમણાં હમણાં એ માન-અપમાનની વાતોનો વિચાર કરવા લાગ્યો છે. કલેક્ટરના ઘર સાથે સંબંધ બંધાવાની શક્યતા જોઈને એ પોતાને ધન્ય સમજ્યો. ભાગીરથ કાનૂનગો પહેલેથી જ કૌટુંબિક રીતે પ્રભાવશાળી માણસ હતા. કહેવાય છે કે એમના બાપના જમાનામાં એમના ઘરમાં બે હાથી હતા. એમનું ઘર હજુ પણ હાથીના માલિકના નામે ઓળખાય છે. ભોગરામના વ્યાપારી જીવનકાળમાં તો એ એમના ઘરમાં જતાં પણ ડરતો હતો, પણ હવે નસીબનું બળ કાંઈક એવું નીકળ્યું કે ભાગીરથે પોતે જ એના દીકરા મથુરાના લગ્નનું સૂચન મૂક્યું. આથી મોટું માન બીજું શું હોઈ શકે?

જેઠ મહિનાની એકમે વરપક્ષના લોકો વીંટી પહેરાવવા આવ્યા. મા, બાપ અને બહેન જાતે આવ્યાં હતાં. વર નહોતો આવ્યો. ભોગરામે એને કઈ રીતે વાસંતીને બતાવી દીધી હતી એની વાસંતીને ખબર જ નહોતી પડી.

એ લોકો આવ્યા ત્યારે વાસંતીના દિલના ધબકારા વધી ગયા. એ કોઈ પણ રીતે નવાં કપડાં પહેરવા ઇચ્છતી નહોતી. એણે સ્પષ્ટ જવાબ આપી દીધો હતો કે એ એ લોકોની સામે જશે નહીં. મા સમજાવવા લાગી, 'એમાં શરમ શાની દીકરી! અમને નકામું નકામું દુ:ખ શા માટે પહોંચાડે છે?'

એણે કહ્યું, 'શું છોકરીને પોતાના મન જેવું કશું નથી હોતું?'

મા ન સાંભળ્યું કરીને અજાણી બની ગઈ. તરુભાભીએ પણ કહી જોયું, 'વાસંતી, દીકરી છો એટલે ઘરનો હુકમ માનવો જ પડશે. જો માની વાત નહીં માને તો તને પાળીપોષીને મોટી કર્યાનો અમને શો લાભ? કોઈની વહુ બનીને જવાની યુવાન દીકરી પહેલાં ના પાડે તે સ્વાભાવિક છે. પરંતુ એનો અર્થ એવો નથી કે છોકરી ઘરમાં જ ઘરડી થઈ જાય. અમે પણ એક દિવસ અમારાં માબાપનું ઘર છોડીને બીજાને ઘેર નથી ચાલ્યાં આવ્યાં શું?' આ વખતે વાસંતી ખૂબ જ નિરાશ થઈ ગઈ ને બોલી, 'ભાભી, શું તું પણ મારા મનની વાત નથી સમજતી?'

તરુએ જવાબમાં કહ્યું, 'એ બધો ઉંમરનો દોષ છે, વાસંતી. કોઈ કોઈ વાર કુંવારી છોકરીને કોઈ માણસ પસંદ પડી જતો હોય છે. તારું મન પણ થોડા દિવસ માટે જાણે કળણમાં ફસાઈ ગયું હતું બસ, એટલું સમજી લે.'

વાસંતી માટે ભારે મૂંઝવણ ઊભી થઈ. એ મા, ભાભી અને ભાઈનું માન ન રાખે કે સોનાઈપરિયા લોકો માટે અપરિચિત, જેનું ક્યાંય કશું ન હોય

એવા ધનંજય માટે અનિશ્ચિત સમય સુધી પ્રતીક્ષા કરે ? અને પ્રતીક્ષા કરવાથી કદાચ પોતાનું અનિષ્ટ તો નહીં થાય ? એ શું ખરેખર જ એને છેતરીને એના દેહનું સુખ લેવા ઇચ્છતો હતો ?

થોડા વખત પછી જ્યારે ભાઈએ એની પાસે આવીને કહ્યું, 'વાસંતી, છેવટ તું પણ મને બદનામ કરવા માગે છે ? જો બેટા, એક વાર મારા મોં તરફ જો.' ત્યારે વાસંતીને લાગ્યું કે ઘરનાં બધાંને એને માટે પ્રેમ છે. એમના પ્રેમમાં તે પીગળી ગઈ. એને થયું કે ભોગરામ ન હોત તો આટલા દિવસોમાં એમના ઘરની શી સ્થિતિ થઈ હોત. ખર્ચ પૂરું નહોતું પડતું ત્યારે પણ તે કેટલી મહેનત કરીને કુટુંબને પાળતો હતો ? બીજો કોઈ હોત તો એને બીજાને ઘેર ધાન કાપવા મોકલી આપત.

એ આંસુ દબાવીને વરપક્ષના લોકો સામે જવા તૈયાર થઈ. તરુએ એને સરસ રીતે શણગારી. એક હાથમાં પાનદાન લઈને તે મા અને તરુની સાથે બેઠકના ઓરડા તરફ ચાલી.

છોકરી જોઈને સૌએ પસંદ કરી. એક-બે પ્રશ્નો પૂછી મથુરાના માબાપને પણ સંતોષ થયો, પરંતુ જેવી વીંટી આંગળીમાં પહેરાવી કે વાસંતી અજાણતાં જ ભડકી ઊઠી. વરની માને એમાં કશું ખોટું ન લાગ્યું. એમણે કહ્યું, 'બેટા, દિલગીર શા માટે થાય છે ? કુંવારી દીકરી અને અટકી પડેલી મધમાખી બંને એકસરખાં છે. એક દિવસ તો બીજાને ઘેર જવું જ પડે છે. અને બે દિવસ પછી અમે લોકો તારા શું પોતાનાં નહીં બની જઈએ ?'

વાસંતી અંદર ચાલી ગઈ. અંદરથી એણે વરના બાપને બોલતા સાંભળ્યા, 'મને બે મહિના પહેલાં જ ખબર પડી કે તમારે એક બહેન પણ છે. સાચું જ કહે છે, જ્યાં લેખ લખ્યા હોય ત્યાં જ વિવાહ થાય. અમે મથુરા માટે કેટલી જગાએ છોકરીઓ જોઈ.'

બાર

ધનંજયને પહેલાં કશી ખબર નહોતી પડી. ગયું અઠવાડિયું ગામમાં દર્દીઓની સારવારમાં રોકાયેલો રહ્યો હતો. ચોમાસાની શરૂઆતમાં જ પુષ્કળ પાણી વરસ્યું હતું. સોનાઈનું પાણી છલકાયું નહોતું છતાં નાળાં, તળાવ, મેદાન, બધું જળબંબાકાર હતું. સોનાઈપરિયાને માછલી પકડવાની તક મળી. 'ટેક-દલંગા' (માછલી પકડવાની એક પ્રકારની જાળ) નાખીને માછલી પકડી. 'લાંગી' (આ પણ એક પ્રકારની જાળ હોય છે) જાળમાં કાવે, માગુર, માછલીઓ પકડી, પરંતુ જ્યારે પાણી સુકાવા લાગ્યું ત્યારે સોનાઈપરિયાને ઘણી મુશ્કેલી પડી. અળસિયાં, કીડા મરી જવાથી ચારે તરફ દુર્ગંધ ફેલાઈ ગઈ. સડેલી સૂકી માછલીઓની દુર્ગંધે અને સડતા કચરાની દુર્ગંધે હવાને વિષમય કરી નાખી. માખી, મચ્છરોનું રાજ્ય થઈ ગયું. ઘરની ભીની જમીન પર બીમારી-નાં બીજ ઊગવા લાગ્યાં. લોકોમાં માંદગી વધી ગઈ. સન્નિપાત આવ્યો, મુદતિયો તાવ ફેલાયો, કોલેરાથી એકેએક ગામ થરથરવા લાગ્યું. ઉત્તર-કાંઠાના લોકોના જીવનનું કશું જ મૂલ્ય રહ્યું નહોતું.

ધનંજયે પોતાની શક્તિ પ્રમાણે ખરાબ પરિસ્થિતિમાં લોકોની સેવા કરી. વાસંતીની ખબર કાઢવાનો એની પાસે સમય જ નહોતો. એ ઈશ્વર પર ભરોસો રાખે છે. ઉત્તર લક્ષ્મીપુરના ભારે ધરતીકંપને સમયે જે સ્વામીજી મળેલા એની જેમ પોતે પણ એમ માનતો થઈ ગયો છે કે દરિદ્ર-નારાયણની સેવા દ્વારા જ અસલી નારાયણનું સંધાન થઈ શકે છે.

પરંતુ કોઈને મોઢેથી વાસંતી વિશેની બધી વાતો જાણી ત્યારે એ ઠંડીથી નિર્જીવ બની ગયેલા એક વૃક્ષની જેમ નિશ્ચલ બની ગયો. એનું ધ્યાન, ધારણા અને સેવાનો અદમ્ય ઉત્સાહ ભાંગી પડયાં. ચાણકપરા અને દેવરામાં

કોલેરા ફેલાયેલો, પણ હવે શાંતિ છે. કૂંજીમાં માત્ર ચાર જણ બીમાર છે અને નવા લોકોને બીમારીનો ચેપ લાગ્યો નથી. વાસંતીની વાત સાંભળીને એ એવો હતાશ બની ગયો કે એના વિશે વધુ વિચારી ન શક્યો. એના ભગ્નહૃદયને એવું લાગ્યું કે તે પણ બીજાં ઘણાંની જેમ એક અશક્ત માણસ છે. એનું હોમિયોપથીનું જ્ઞાન અને આયુર્વેદનું સામાન્ય શિક્ષણ મહામારીનો સામનો કરવા માટે તદ્દન વ્યર્થ છે. એ તો માત્ર પ્રયત્ન કરીને, ઉપકાર કરીને આત્મસંતોષ મેળવી શકે છે. કાળસર્પરૂપી મહામારીના વિષના દાંત ખેંચી લઈ નથી શકતો. એ બીજાં પણ ઘણું કામ નથી કરી શકતો. પાકા રસ્તા પરથી જનારા દક્ષિણ કાંઠાના લોકો પર, મોરાપુર, દરંગિયાલ ગામના લોકો પર આ નવી પરિસ્થિતિએ નિષ્ઠુર બનીને કરેલું નૈતિક સ્ખલન અને માનસિક જટિલતાને એના જેવો માણસ મિટાવી નહીં શકે. સમય અને આકસ્મિક સુવિધાથી અહંકારી, સ્વાર્થી અને સુવિધાવાદી બની ગયેલા આજના શ્રીમંત પ્રતિષ્ઠિત ભોગરામને તે પહેલાં જેવો ભોગરામ નહીં બનાવી શકે.

વાસંતી માટે એને ક્રોધ કે દ્વેષ ન થયો. એના મનમાં તો વારંવાર એક જ વાત આવતી હતી કે છેવટ એને પણ પાભચિલા છોડીને જવું પડશે શું? ક્યારેક ઉનાળામાં કદાચ દલંગઘાટ ઉપર લાકડાનો પુલ બનશે? ગઢકપ્તાની વિભાગના રસ્તેથી લોકો સોનાઈના ઉત્તર કાંઠાના ગામ સુધી પહોંચશે ત્યારે ત્યાંના લોકો કદાચ વધુ જટિલ બની જશે. કદાચ ક્યારેય ન સંતોષાનારી વેપારવૃત્તિ અહીંના લોકોના નિર્દોષ પ્રેમ અને મહોબ્બતને હાંકી કાઢશે.

જે છોકરીને એ પોતાની સમજ્યો હતો, જેની સંગાથમાં એક નાના શા સંસારનો પાયો નાખવાનું વિચારી રહ્યો હતો, જેના મધુર વિચારો ચિરવસંતની કોયલ-કેતકી જેવા હતા, તે જ વાસંતી પારકી થઈ જશે. આ ચિંતાએ એને માત્ર દિવસના અજવાળામાં જ નાહિંમત ન બનાવ્યો, પરંતુ રાતના અંધકારે પણ, રાતના અંધકારની નીરવતા પ્રકટ કરનારાં તમરાં અને ઘુવડના અવાજોએ જીવનની વિશૃંખલતાને વધારે ભયાનક સમજીને, મનને અસ્થિર કરનાર દેડકાના અવાજે પણ એને વધારે લાચાર બનાવી દીધો. એણે ખૂબ વિચાર કર્યો. પથારીમાં જાણે કાંટા વાગતા હોય તેમ આખી રાત તે પાસાં

બદલતો રહ્યો. વાસંતીએ એનો વિશ્વાસઘાત કર્યો છે એવો વિચાર તો તે કરી જ નહોતો શકતો. એની નજર સામે એની છબી તરી આવી ને એનું મન પ્રસન્ન બની ગયું. આખી રાત વિચાર્યા પછી નક્કી કરેલી વાતો ઘણી ઉપયોગી હોય છે. ધીમે ધીમે એને પોતાને ખાતરી થઈ. રાતના અંધારામાં સંપૂર્ણપણે સંતાયેલો આવેગ જ અસ્પષ્ટ ચિંતાને આકાર આપે છે. ચિંતાઓ રક્તમાંસનું રૂપ લે છે, પરંતુ સવાર થતાં જ એ બધી ચિંતાઓ ઝાકળના બિંદુની જેમ વિશ્રામ લે છે. તડકો એને વરાળ બનાવીને ઉરાડી મૂકે છે, પરંતુ ઉષાના પ્રથમ ધૂંધળા ધૂંધળા કિરણે ધનંજયના મનને જીવંત બનાવી દીધું. એના સિદ્ધાંત રાતના વિચારોની જેમ સ્પષ્ટ અને અવયવ દૃઢ બની ગયા. દિવસની વાસ્તવિકતા રાતના વિચારોને વરાળ ન કરી શકી. તે પ્રતિજ્ઞામાં દૃઢ બન્યો. પોતે આજે જ રૂપુક બુઢ્ઢીને બધી વાત કહેશે ને એના દ્વારા વાસંતીને એક કાગળ મોકલશે. એક દિવસ લાગ જોઈને રાત્રે એને ઠનુઆ ઘાટ પરથી ઉપાડી જશે. આજે દાઢી કરીને સારાં કપડાં પહેરી સ્થિર ડગલે એ રૂપુક બુઢ્ઢીના ઘર તરફ ચાલ્યો. છેલ્લી વાર એણે પોતાની જાતને પ્રશ્ન કર્યો કે એને ભગાડવાથી પોતાની બદનામી થશે! દલીલ કરીને એણે પોતાને જવાબ આપ્યો, આ પ્રદેશમાં છોકરીને ભગાડી જવી એ બહુ સ્વાભાવિક છે. એમાં પૌરુષ છે, પ્રેમની તીવ્રતા છે, અજાણી માદકતા છે. આ પ્રદેશમાં 'પલ્લવગ્રાહીને' જે એકથી વધારે સ્ત્રીઓ સાથે સંબંધ રાખે છે તેને અપયશ મળે છે.

અહીં કોઈ વિધવા માની એક માત્ર છોકરી ભાગી જાય તો છોકરી ઘરમાં નથી તેથી સૂનું લાગે તેનો જ માત્ર અફસોસ કરે છે. એની માને છોડીને બીજા કોઈ પાસે જવાથી છોકરી યૌવનની ધર્મરક્ષા કરે છે એમ મનાય છે. એટલા માટે 'બિહૂ'(આસામનો વસંતઉત્સવ)માં અને 'ભાઉના'-(ગામડાનું નાટક)માં એવા બનાવો બનતા હોય છે. આ બધી ઘટનાઓ માટે ખાસ વધારે ચર્ચા ન થાય કે ટીકાટિપ્પણ પણ ન થાય. આ સોનાઈ-પરિયા, 'ઉજાનન'(માછલીની ઈંડાં મૂકવાની મોસમ)ની જેમ જ સમયસાપેક્ષ અને સ્વાભાવિક છે. ધનંજયની દૃઢ માન્યતા છે કે આ રીતે વાસંતીને લઈ જવાથી લોકોનું એના પ્રત્યેનું માન ઓછું નહીં થાય. એમના ઉપરનો પ્રભાવ પણ ઓછો નહીં થાય. બલકે એમ કરવાથી નવાસવા શ્રીમંત બનેલા ભોગરામના અહંકાર અને મર્યાદાબોધમાં ધક્કો લાગવાને કારણે ઘણાંને તો સારું

જ લાગશે. અને લોકો શું કહેશે એનો જ જો દર વખતે વિચાર કરીએ તો પોતાના મનની સ્વતંત્રતા ક્યાં રહી ? લોકો શું ધારશે, જે લોકો આ રીતે પોતાને અને પોતાના મનને જાગ્રત રાખે છે એવા લોકો કદી સુખી નથી થઈ શકતા. પરિસ્થિતિએ એમને આત્મકેન્દ્રિત કરી દીધા છે. એણે પોતાનું દર્શન શોધી લીધું છે. એણે વિચારી લીધું છે કે ભલે મને કોઈ સારો ન માને, કોઈ મારામાં ભરોસો ન રાખે, કોઈ મને માન ન આપે, તો હું પણ કોઈને માન નહીં આપું. બસ એટલું જ, પરંતુ મને વાસંતી જોઈએ. વાસંતીને મધ્યમાં રાખીને જે ભવિષ્ય બનશે, એ ભવિષ્યમાં વિરોધ કરવાનો કોઈને અધિકાર નથી. માન-સન્માનનો, માનદંડનો, અપશયનો કે બીજા કોઈ માણસનો...

રૂપુક બુઢ્ઢીને એણે બધી વાત કરી બુઢ્ઢીને ખૂબ જ આશ્ચર્ય થયું. એણે પૂછ્યું, 'ધન, બેટા છેવટ તું પણ... ?'

એણે કહ્યું, 'સાચું છે બહેન, આમ કરવા માટે હું લાચાર થઈ ગયો છું. નહીં તો વાસંતી જિંદગીભર આનંદમાં નહીં રહી શકે, અને હું પણ નહીં રહી શકું.'

ધનંજયનાં સજળ નેત્રોમાં બુઢ્ઢીને ઊંડા દુ:ખનો સંદેશો વંચાયો. બોલી, 'પરંતુ તારા જેવા છોકરાને પણ આ રીતે છોકરી લાવવી પડશે શું ? બધા લોકો જોઈ-સાંભળીને હરિ હરિ બોલશે.'

'હા, થોડા દિવસો માટે તો લોકો આશ્ચર્ય અનુભવશે, પરંતુ બહેન, લોકોનાં મનમાં વાતને રાખી મૂકવાની શક્તિ બહુ ઓછી હોય છે. હું જલદીથી જ પહેલા જેવો ધનંજય બની જઈશ. પરંતુ હમણાં જો હું શ્રદ્ધા અને સન્માનને પકડીને બેસી રહું તો આ ભૂલ મારી આખી જિંદગીને બરબાદ કરી દેશે. હું પણ એક સાધારણ માણસ છું. અહીં રહીને હું બરાબર અહીંના લોકો જેવો જ બની ગયો છું. મને બહુ મોટું સ્થાન આપીને લોકોએ ભૂલ કરી છે. મારા પ્રત્યેનો બીજા લોકોનો ઊંચો અભિપ્રાય મારે માટે દુ:ખકર બની ગયો છે. કેવળ ઈશ્વર જ બધા ગુણોથી સંપૂર્ણ હોઈ શકે છે. માનવ એવો નથી થઈ શકતો.'

બુઢ્ઢીને કાંઈ બહુ ખબર ન પડી. એણે કહ્યું, 'તોપણ, ધન બેટા, ફરી એક વાર વધારે વિચારી જો. તું નાની ઉંમરનો છે, એટલે થાય છે કે, કદાચ

તું ભૂલ કરતો હો.'

ધનંજય બોલી ઊઠયો, 'હું ભૂલ કરું છું એવો વિચાર હું કદી નહીં કરી શકું. તું પણ વિચારી જો બહેન, કે જો પોતાની ઇચ્છામાં વિઘ્ન નડતું હોય તો એ વિઘ્ન દૂર કરવાનો દરેક માનવીનો અધિકાર છે. એને માટે માણસને લડવાનો પણ અધિકાર છે. વાસંતીને મેળવવામાં ઘણી મુશ્કેલીઓ છે. હું એને ઘરમાંથી ઝઘડી, મારીને તો નથી લાવી શકવાનો એટલે એને આ રીતે લઈ આવવાનો મને અધિકાર છે. જે છોકરીનું મન મેં મેળવ્યું છે, જે છોકરીને મેં જ પહેલો પ્રેમ શીખવ્યો એ છોકરીને આ રીતે ઘેર લાવવાનો મને કોઈ અધિકાર નથી શું ? અને વાસંતીને આ રીતે લાવવાથી જ એનો ઉદ્ધાર થશે. જો ન લાવું તો મેં એને છેતરી ગણાય. સ્ત્રી દુર્બળ હોય છે. સમય જતાં એનું મન વધારે દુર્બળ બની જાય છે. સ્ત્રીઓ એકલી વિઘ્નનો સામનો નથી કરી શકતી. દુઃખના વહેણમાં તણાઈ જાય છે'

માનસિક આવેગથી એક વક્તાની જેમ ધનંજય ઘણું બધું બોલી ગયો. રૂપુક બુઢ્ઢીને હવે વાત બેઠી. દાંત વિનાના મોંમાંથી થોડું હસવાથી એનું મુખ ઉજ્જવળ બની ગયું. ધનંજયને લાગ્યું કે જાણે દાંત આવ્યા ન હોય તેવું નાનું બાળક હસી રહ્યું છે. એ જોઈ ને એને ઊંડું સાંત્વન મળ્યું. બુઢ્ઢીએ એને મજાકમાં કહ્યું, 'સાચું છે, સ્ત્રી પ્રેમ કરે તો જટાધારી શિવ પણ જાગી ઊઠે છે. તેં સાચું જ કહ્યું છે. આ ભોગરામ પ્રખ્યાત રુકમવીર છે. 'ભાઉના'માં રુકમવીરને જોયો છે ને ? નહીં તો શા માટે ભગવાન કૃષ્ણને લાચાર બનીને રુક્મિણીદેવીને ભગાડીને લઈ જવી પડે ?'

આ સાંભળીને ધનંજયના મનમાં કોઈ બે પુરુષ અને બે સ્ત્રીઓની વાત એકદમ યાદ આવી ગઈ. એ બધાં પુસ્તકનાં પાનાંમાં લોહી-માંસ, આશા, આકાંક્ષા અને કામના-વાસનાથી જીવિત પુરુષ-નારી જ છે. શાશ્વત વસુધાએ યુગયુગથી એ લોકોને માટીનો સ્પર્શ અને ફૂલોની સુગંધ પ્રદાન કર્યાં છે. તે છે ઉષા, અનિરુદ્ધ, સુભદ્રા, અર્જુન અને કદાચ બીજાં કેટલાંક. રૂપુક બુઢ્ઢી ધનંજયના કહ્યા પ્રમાણે કામ કરવા તૈયાર થઈ ગઈ. ધનંજયે બુઢ્ઢીની વિદાય લેતી વખતે કહ્યું : 'બાઈ, હજી પણ જો તું એમ માનતી હો કે મારાથી ભૂલ થઈ છે તો મારે હવે તને વધુ કાંઈ કહેવાનું નથી. આપણા માનવોમાં ભૂલ-ચૂક તો થાય. જુઓને, જે રામ પિતૃવચનપાલન માટે વનવાસી થઈ શકે છે

તે જ રામે છુપાઈને વાલીનો વધ કર્યો, કારણ વિના સીતાને વિસારી મૂકી.' બુઢ્ઢીએ હસીને કહ્યું, 'સમજાવવાની જરૂર નથી. આ જો ભૂલ હોય તો ચાળીસ વર્ષ પહેલાં મેં પણ ભૂલ નહોતી કરી શું?'

ધનંજયે પૂછ્યું, 'આવા જ કારણે શું?'

રૂપુક બુઢ્ઢી અચાનક ધનંજયની નજરમાં યુવતી બની ગઈ. બુઢ્ઢીના લજ્જાશીલ હાસ્યમાં ઉંમરનું લક્ષણ જાણે ઓગળી ગયું. ઘરમાંથી નીકળતી વખતે બુઢ્ઢીએ પાછળથી કહ્યું, 'ઇતુ કથા પરમ ગુપ્ત, આનક હિત નાહીં જુગુત. સારું, ધન બેટા, કાલે જ જવું પડશે શું?'

ધનંજયે પગથિયા પરથી કહ્યું, 'ના, પરમ દિવસે. હું કાલે ફરીથી આવીશ. કાગળ આપવાથી જ એને ભરોસો પડશે!'

ધનંજય આનંદભેર ઘેર પાછો ફર્યો.

તેર

વરસાદના દિવસોમાં દક્ષિણ કાંઠાના લોકો ઉત્તર કાંઠે જતા જ નથી. ઉત્તર કાંઠાના લોકો દક્ષિણ કાંઠે જરૂર જાય છે એમ કહેવાય. પરંતુ તે ખાસ જરૂરી હોય તો જ. સોનાઈ પાર કરવાનું ઘણું કઠિન છે. નિપુણ નાવિક નાની નૌકા લઈને સોનાઈની લહેરો પર રમતા રહેવાથી પણ, દક્ષિણ કાંઠાના લોકો ઉત્તર કાંઠે ઓછા જ નજરે પડે છે. સ્ત્રીઓ તો ક્યારેય જતી નથી, પરંતુ રૂપુક બુઢ્ઢીની વાત જુદી છે. તે રેશમ અને શણનાં કપડાં વેચવા ઘેર ઘેર ફરે છે. એનો આ વેપાર સારો ચાલે છે. આ જ ધંધો કરીને એ એની બે જુવાન છોકરીઓનું પાલનપોષણ કરે છે. પોતે પણ સારી રીતે રહે છે. પુરુષ વિનાના આ ઘરને ચલાવવામાં એને જરા પણ તકલીફ નથી પડતી. બુઢ્ઢી નાનીમોટી તકલીફોની પરવા નથી કરતી. ભર ચોમાસે સોનાઈ ગમે તેટલી ભયાનક હોય, ગમે તેટલી નૌકાઓ ડૂબવાના સમાચાર આવે તોપણ બુઢ્ઢી

એની પરવા નથી કરતી. જરૂર પડે તો નાની નૌકાથી જ દક્ષિણ કાંઠે આવે છે. ઘાટિયા, નૌકાવાર 'મારનૌકા'(મોટું વહાણ, જેનાં હલેસાં જોરથી મારવાં પડે છે.)ના માલિક, બધા જ એને ઓળખે છે. નાવિકો જેટલા સાહસિક છે તેટલી જ તે પણ સાહસિક છે. એ કહે તો કોઈ પણ નાવિક એને પાર ઉતારવાની ના ન પાડે. તેઓ જાણે છે કે રૂપુક નદીની માછલી જેવી જ છે. એ માંદી થઈને મરશે, પણ નદીના પાણીમાં કદી નહીં મરે. એ ચાર રીતે તરતાં પણ જાણે છે. સોનાઈના બંને કાંઠાના લોકો જેટલો ધનંજયને ઓળખે છે એટલી જ રૂપુકને પણ ઓળખે છે, કારણ કે રૂપુકની ઊઠબેસ સ્ત્રીઓ સાથે વધારે છે ને ધનંજયની પુરુષો સાથે.

ખરે બપોરે રૂપુક ભોગરામને ઘેર આવી. એને હમણાં હમણાં આ લોકોને ઘેર આવવું ગમતું નથી. શ્રીમંત થયા પછી આ લોકોની બુદ્ધિ બદલાઈ ગઈ છે. ભોગરામ પણ આજકાલ પોતાની વાતોની ડિંગ મારવા લાગ્યો છે. રેશમ કે શણનાં કપડાં બતાવે તો આ લોકો વાયલની વાતો કરવા લાગે છે. આજે કામને માટે આવવું પડ્યું તોપણ એણે પહેલાં જેવું પોતીકાપણું દેખાડીને વાત ન કરી. એણે માત્ર બૂમ પાડી, 'ઘરમાં છે કોઈ?'

કેડમાં નાનું બાળક લઈને તરુલતા બહાર આવી ને બોલી, 'ઓહો, બાઈ આવ્યાં છે! આજ અમારે ઘેર આવવા માટે રસ્તા પરથી કાંટા કોણે ખસેડી દીધા?'

અંદરથી વાસંતીનો અવાજ સંભળાયો, 'ક્યાંક રસ્તો તો ભૂલી નથી ગયાં ને?'

નાના પાટલા પર બેસતાં રૂપુક બુઢ્ઢીએ કહ્યું, 'તારે જે કહેવું હોય તે કહે, મને તો તારે ઘેર આવવામાં કચવાટ થાય છે. શ્રીમંત થયા પછી તમે લોકો પરદેશી થઈ ગયા છો.'

'બાઈ આવું શા માટે કહો છો? અમને લોકોને બાંધીને શા માટે મારો છો?'

'ઠીક, તો તમે લોકો બીજાની સામે નમ્ર બનવાનું શીખી ગયાં છો.'

તરુલતાએ એક નિસાસો નાખીને કહ્યું, 'બાઈ હું તમને એક નવી વાત કહું છું. કુટુંબ શ્રીમંત થવાથી પુરુષોનો જ પ્રભાવ વધે છે. સ્ત્રીઓ તો પહેલાં જેવી નકામી જ રહે છે.'

'શું કહ્યું ? તારા મનમાં હજી પણ દુઃખ છે?'

'હા, પહેલાં ખાવાપીવા, પહેરવાઓઢવાનું દુઃખ હતું, પણ મનનું સુખ હતું. હવે સારી રીતે ખાવા-પહેરવાથી શું મળે છે? મન તો મરીને સૂકા લાકડા જેવું બની ગયું છે.'

વાસંતી અત્યાર સુધી રૂપુક બુઢ્ઢાના મોં તરફ એકીટશે જોઈ રહી હતી. એ જાણે છે કે બુઢ્ઢીનું ઘર પાભચિલામાં છે એટલે કદાચ બુઢ્ઢી ધનંજયની કોઈ વાત કાઢે. જો તે કાંઈ નહીં કહે તો ભાભીના ગયા પછી, પોતે જ લાજશરમ છોડીને એને પૂછશે. સગાઈ થયા પછી એ પીંજરાના પક્ષીની જેમ દિવસ વીતાવી રહી છે. રાત્રે સ્વપ્નાં સતાવે છે. કેટલીય રાતો એ ઘુવડનો અવાજ સાંભળીને ચોંકી ઊઠી છે. શરીરમાં થરથરાટ અને છાતીમાં ધબકારા. જીવનની ભયંકર અનિશ્ચિતતા સામે રાખીને કેદીની જેમ દિવસ વીતાવી રહી છે, પરંતુ આજે રૂપુક બુઢ્ઢીને જોઈને એને એક અજાણી આશાનું કિરણ દેખાયું. તરુલતાની રૂપુક સાથેની વાતચીતમાં ખૂબ ખાનગીપણું અને આત્મીયતા જોઈને વાસંતી જાતે જ અલગ થઈ ગઈ. રસોડામાં જઈને ચા માટે પાણી ગરમ કરવા મૂકી દીધું. તક જોઈને બુઢ્ઢીને પૂછ્યું, 'મારા ખ્યાલ પ્રમાણે તો તારું મન દુઃખી ન થવું જોઈએ. એ શું મારેપીટે છે? સાંભળ્યું છે કે અચાનક શ્રીમંત થઈ જવાથી પુરુષો શરાબ પીએ છે?'

તરુલતાની આંખો ભરાઈ આવી. કાનની પાસે મોં લઈ જઈને બોલી, 'તેઓ શ્રીમંત થઈ ગયા અને પ્રેમમમતા પણ છોડી દીધી. શું શ્રીમંત થયા? મનમાં શનિ બેસી ગયો છે. આટલાં વર્ષો પછી હું હવે ફૂવડ લાગવા લાગી છું. હવે હું દેખાવે કદરૂપી પણ લાગવા માંડી છું. ઘરની સ્ત્રી પર મન નથી લાગતું. બીજી પર નજર પડી ગઈ છે.'

બુઢ્ઢીએ પૂછ્યું, 'હું શું મદદ કરું?'

તરુલતાએ કહ્યું, 'સાંભળ્યું છે કે ગોસાંઈ બરિના મુકુટ 'કૈવર્ત્ત' (માછલાં પકડનારની જાત) કમ્મરે બાંધવા માટે એક તાવીજ આપે છે?'

'હા, સાંભળ્યું તો છે.'

'હું તમારે પગે પડી વિનંતી કરું છું બાઈ, રવિવાર પહેલાં જ એ તાવીજ મને લાવી આપો. જે પૈસા જોઈતા હશે તે હમણાં જ આપી દઉં છું. એને બાંધું તો કદાચ એનું મન મારા પર ટકી રહે. તમે જાણો તો છો!,

બધા પુરુષો ભમરા હોય છે.'

રૂપુક બુઢ્ઢીએ તરુલતાનું દુ:ખ સમજી જઈને એને વચન આપ્યું. એ જ વખતે વાસંતીએ એક કપ ચા બુઢ્ઢીની સામે મૂકી દીધી અને એની પાસે બેસીને સોપારી કાતરવા લાગી. તરુલતાએ વાત બદલવા માટે પૂછ્યું, 'બાઈ હમણાં તું કપડાં નથી લાવતી?' બુઢ્ઢીએ જવાબ દીધો, 'આ મહિને જ નથી લાવી, લોકોની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે એટલે ખરીદી નથી શકતા.'

છોકરાંઓ ધમાલ કરતાં હતાં એટલે તરુલતા બુઢ્ઢીને બેસવાનું કહીને રસોડામાં પહોંચી ગઈ. વાસંતીને બુઢ્ઢી સાથે એકલાં પડવાની તક મળી. ઘણી વાર સુધી બંને ચૂપ રહ્યાં. જાણે આંખોથી જ ઘણી બધી વાતો થઈ ગઈ. છેવટે બુઢ્ઢીએ પૂછ્યું, 'દીકરી, નવજુવાન છોકરી છે ને સુકાતી જાય છે. તને જોઈને મને બહુ હેત આવે છે. તેં તો વાળ પણ સારી રીતે નથી ઓળ્યા?'

વાસંતી કાંઈ ન બોલી. જમીન પર ચાલી જતી કીડીઓની હાર તરફ જોતી બેસી રહી. રૂપુકે ફરી પૂછ્યું, 'તને વાંચતાં આવડે છે?'

વાસંતીએ કહ્યું, 'ચાર ચોપડી ભણી છું.'

'વાસંતી, મેં બધું સાંભળ્યું છે. એમ ન સમજતી કે ધનંજય સુખમાં છે. હું આજે તારી પાસેથી વચન લેવા આવી છું. લે આ ચિઠ્ઠી, વાંચીને કોઈને બતાવ્યા વિના ફાડી નાખજે.'

વાસંતીની બંને આંખોમાં જાણે વરસાદનું પૂર આવ્યું. ચાદરનો છેડો મોંમાં પકડીને બેસી રહી. બીજા હાથે આંસુ લૂછીને ફરીથી પહેલાં જેવી દૃઢ બની ગઈ. બે ઘૂંટડામાં ચા પૂરી કરીને રૂપુકે અસંબદ્ધ રીતે મૂળ વાત શરૂ કરી, 'વાસંતી, જીવનમાં તક એ એક મોટી બાબત છે. એ તને ભગાડીને લઈ જવા માગે છે, જો આ મોકો હાથમાંથી નીકળી જશે તો આખી જિંદગી ભોગવવું પડશે, સમજી? જીવનમાં મોકો એક જ વાર મળે છે.'

વાસંતીએ કદી ધાર્યું નહોતું કે ધનંજય આટલે દૂર સુધી પહોંચી જશે. એ આનંદથી ગદ્‌ગદ થઈ ગઈ. બોલી, 'પરંતુ એમનું તો એટલું માન છે. લોકો એમને એટલા સારા માણસ સમજે છે.'

બુઢ્ઢીએ જવાબ આપ્યો, 'લોકોના ધારવાની પરવા કરીને શું તું આખી જિંદગી રોતી રહેશે? ધનંજય શું કહે છે, જાણે છે? ભદ્રતા અને અનુશાસન તો માણસને થોડા પાણીમાં જીવતી માછલી જેવો બનાવી દે છે. સારી પેઠે

સમજી-વિચારી લે વાસંતી, પ્રીતને નિયમ નથી હોતા. અને પ્રીતથી દિલને ઠંડક પહોંચાડવા માટે નિયમ વિનાનું કામ કરવું જ પડે છે. પ્રીત તો વટવૃક્ષ જેવી ઘણી મોટી ચીજ છે. નાનીમોટી બદનામી એને હલાવી નથી શકતી. નાનીમોટી આંધી વટવૃક્ષનાં પાન જ હલાવી શકે છે. પાનના હલવાથી એ વૃક્ષ જાણે 'પેપા મગના' (વાજું) વગાડતું હોય એમ લાગે છે.'

રૂપુક બુઢ્ઢીની મનોહર રસિક વાતો સાંભળીને વાસંતીની પ્રેમભરી આંખો 'ઉજાન' માછલીની જેમ કૂદવા લાગી. ભર ચોમાસે સોનાઈના વહેણની જેમ એ અચાનક છંદમય અને ચંચળ બની ગઈ. જોકે બુઢ્ઢીની પાસે લજ્જાભાવ દર્શાવીને બંને હાથથી મુખ ઢાંકી દીધું. 'જઈશ' એ શબ્દને ધીમેથી ઉચ્ચારીને એક મોટા કામ માટે પોતે તૈયાર છે એવી સંમતિ દર્શાવી. બુઢ્ઢીને એના પર ખૂબ હેત આવ્યું. પાસે આવીને વિખરાયેલા વાળને ઠીક કરતાં કરતાં બોલી, 'રવિવારે ભાભીને તાવીજ દેવા જ્યારે આવીશ ત્યારે કહીશ. એ જ દિવસે રાત્રે પહેલા કૂકડાની પહેલી બાંગ પડે ત્યારે તારે ઠનુઆ ઘાટ પહોંચવું પડશે. એ અને ધોધુના ઘાટવાળો નૌકા લઈને તારી રાહ જોશે, છેલ્લી રાત્રે ચાંદની હશે. આટલો થોડો રસ્તો ચાલવામાં તને તકલીફ નહીં પડે. ચિઠ્ઠીમાં આ બધું લખ્યું છે.'

વાસંતીએ કહ્યું, 'તો પછી તું તાવીજ દેવા શનિવારે જ આવજે. રવિવારે આવવાથી આ લોકોને સંદેહ પડશે.'

'ઠીક, તું કહે છે તો પછી તાવીજ શનિવારે જ લઈ આવીશ. જો કે સગાઈની વીંટી પહેરી રાખી હોય તે છોકરી પર ઘરના લોકો મોટે ભાગે શંકા નથી કરતા, પરંતુ એક વાત છે. તારે સારી પેઠે મન મજબૂત કરવું પડશે, સમજી વાસંતી ! જંગલ સાફ કરીને ખેતી માટે જમીન તૈયાર કરવી અને છોકરીએ ઘર છોડીને કોઈની સાથે નાસી જવું એ બંને માટે મન કઠણ કરવું પડે છે. આ બધાં નબળા મનનાં કામ નથી.'

મારું મન કોઈ એકને માટે જ નરમ છે એમ કહેવાનું વાસંતીને મન હતું, પરંતુ શરમની મારી કહી ન શકી. હેતુ સફળ થયો છે એમ સમજી ગયા પછી રૂપુક બુઢ્ઢી તરુલતાને કહીને ચાલી ગઈ.

તરુલતા છોકરાઓને લઈને ખાટલા પર સૂતી. વાસંતી એક પાન

ખાંડીને માને આપ્યા પછી ઘડો લઈ ને ઘાટ પર ગઈ. સોનાઈ ને પેલે પાર 'આઉ-ધાન'ની વચ્ચે એક-બે નૌકા ચાલતી હોય એમ લાગતું હતું. આ કાંઠે દલંગઘાટમાં પણ બે મોટી નૌકા ઊભી છે. ઠનુઆ ઘાટ બિલકુલ નિર્જન છે. મધરાતે ચંદ્ર જાણે સૂરજની જેમ પ્રકાશે છે. એણે ધીરેથી બ્લાઉઝમાંથી ચિટ્ઠી કાઢી અને એને સરખી કરી. અક્ષરો જોઈ ને એને થયું કે જાણે એ અક્ષર નથી, પણ ધનંજય પોતે જ વાતો કરે છે.

એ ધીમે ધીમે વાંચવા લાગી :

પ્રિય વાસંતી,

ઘરના દબાણને વશ થઈ ને તેં વીંટી પહેરી લીધી છે એ કારણે હું તને જૂઠી સમજીને તારાથી દૂર જઈ રહ્યો છું, એવું તું સ્વપ્ને પણ વિચારી ન શકે તે હું જાણું છું. મને તારા પર પૂરો વિશ્વાસ છે. હું ખૂબ જ ચિંતામાં પડી ગયો છું. ખૂબ વિચાર કર્યા પછી છેવટે લાગ્યું કે સોનાઈકાંઠે પ્રચલિત, પરંતુ કદાચ તારા જેવા મોટા ઘરવાળાઓ સાથે મેળ ન ખાય તેવો આ સહજ ઉપાય જ મેં પસંદ કર્યો છે. બીજાના અભિપ્રાયની પરવા કરવાથી આપણી બળવાન ઇચ્છાને છેતરવી પડે, પરંતુ હવે તો સમય પણ નથી, એટલે તારા કુટુંબમાં ન બની શકે એવું કાર્ય જ કરવું પડશે. પાછલી રાત્રે જ્યારે ચંદ્ર નીકળે ત્યારે રવિવારની રાત્રે ઘોગોના ઘટવઈની સાથે તમારા લોકોના ઘાટ પર નૌકા લઈ ને રાહ જોઈશ. કૂકડાની પહેલી બાંગ સાંભળતાં જ તું નીકળી આવજે. જરૂર. અર્ધો કલાક વહેલુંમોડું થાય તો કાંઈ વાંધો નહીં. હું સમજું છું કે જન્મનું ઘર, બુઢ્ઢી મા અને બીજાને છોડવાનું તારે માટે કેટલું કઠણ બનશે, પરંતુ હું શું તારે માટે પરાયો છું? બસ. હવે વધુ નહીં લખું. રૂપુક બુઢ્ઢીએ કદાચ આ બધું કહ્યું હશે ને તેં એને વચન આપ્યું હશે એમ હું ધારું છું.

છેવટે ખૂબ ખૂબ પ્રેમ, અને પ્રેમભર્યું ...આ ખાલી જગ્યા માટે વિચારીને શબ્દ ભરીને તું વાંચી લેજે.

એ જ.......... તારો જ

ધનંજય

પત્ર વાંચીને વાસંતીનું મન બેચેન બની ગયું. આસપાસમાં 'બાલીમાહિ'

સખીમતી અને 'ગંગાચિલિની'(ચકલી જેવા)ના અવાજોમાં નવો સૂર સંભળાયો, સ્વરસ્રોતા સોનાઈનો કલકલ અવાજ એના મનમાં પણ પ્રતિબિંબિત થયો. દૂરનાં બાઉધાન અને દુર્વાનાં હરિયાળાં ખેતરોમાં એના મનનો હરિયાળો ભાવ એક થઈ ગયો. સોનાઈની હરિયાળી પટભૂમિમાં, સોનાઈના ખોળામાં એણે પોતાને જ જોઈ. સોનાઈમાં જાણે રસ બનેલું સોનું અને રૂપું જ વહી જતું હતું. એનો શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો. પત્ર વાંચ્યા પછી ફાડી નાખવાનું રૂપુકે વારંવાર કહ્યું હતું, પરંતુ એ ધનંજયનો પત્ર ફાડી ન શકી. ધનંજયનો આ જ પહેલો પત્ર, ને કદાચ આ જ છેલ્લો. એની સાથે રહ્યા પછી પત્રની જરૂર શી? એની સાથે ગયા પછી પણ એ આ પત્રને ખૂબ પ્રેમથી છુપાવીને રાખશે. ગૃહિણી બનશે ને બેત્રણ બાળકોની મા બનશે તોપણ, એનું યૌવન વિદાય લે ત્યારે પણ, સાચવીને રાખેલો આ પત્ર એને બતાવીને કહેશે, 'જુઓ, તમે કેવો સોના જેવો વહાલો પત્ર લખ્યો હતો. મેં તમારું મન કેવું લૂંટી લીધું હતું.' કદાચ એ વખતે એમના દિલમાં ખૂબ જ પ્રેમ ઊભરાઈ આવશે ને ત્યારે તેઓ પિતાના ગાંભીર્ય અને સ્વામીના અધિકારથી કહેશે, 'ગાંડી ! લાગે છે કે તું તો દિવસે દિવસે નાની છોકરી બનતી જાય છે.' એવું કહીને તેઓ કદાચ ખડખડાટ હસી પડશે.

ઘડામાં પાણી ભરીને તે પાછી આવી. તકિયાના ટાંકા ખોલીને રૂની વચ્ચે પત્ર મૂકી દીધો અને હતો એમ ફરી પાછો સીવી લીધો. કોઈને ખબર ન પડી. થોડાક જ કલાકમાં પોતાનું ઘર બીજાના ઘર જેવું લાગવા લાગ્યું.

રવિવારની બપોરે વાસંતી મા સાથે ખૂબ પ્રેમથી વાતો કરવા લાગી. ભાભીને જરાય ખબર ન પડે માટે એનાથી આઘી આઘી રહી કોઈ પણ રીતે આ દિવસ વીતી જાય એની રાહ જોવા લાગી. ભોગરામભાઈ આજે આખો દિવસ બહાર જ હતો એટલે એ તો રાત્રે જ આવવાનો. આ માણસ ખરાબ થઈ ગયો છે. પૈસાદાર થયા પછી જે ઘરમાં જુવાન છોકરી હોય એ ઘરમાં જ તે ચા-પાન ખાવા લાગ્યો છે. ઢલપુરિયાની કોઈક ત્યજાયેલી સ્ત્રીની સાથે એને ખરાબ સંબંધ થયો છે. શોખ પૂરો કરવા એ એને ઘણા બધા પૈસા પણ આપે છે, આ વાતની ઘણાને ખબર છે. તરુલતા પણ જાણે છે. હમણાં હમણાં તરુલતા દુ:ખી રહે છે. બાળકોનાં મોઢાં જોઈને જ સાંત્વના મેળવે છે. વાસંતીને થયું કે પોતે ચાલી જશે તો તરુલતા સાવ એકલી પડી જશે. મનની વાત

કરીને દુઃખ ઓછું કરવા માટે કોઈ બીજું માણસ નહીં મળે. સાંજે વાસંતી જમી ન શકી. એના મનમાં ઘણી ચિંતાઓ છે. કદાચ પકડાઈ જાય તો! દિવસે જ એણે એક પોટકી ઘરના એક ખૂણામાં બધાથી છાની સંતાડી રાખી છે. એમાં જ ધનંજયનો પત્ર પણ છે. તકિયાની અંદર એણે સોનાના દાગીના પણ મૂક્યા છે, કારણ કે ઘરમાં ઘરેણાં પહેરાય નહીં. પહેરે તો બધાંની નજર એના પર પડે. તે ઉપરાંત ઘરેણાં સાથે ન લઈ જાય તો ધનંજય કાંઈ એટલાં જલદી બનાવી શકે ખરો? એની પાસે કેટલા રૂપિયા છે તેની વાસંતીને ખબર નથી. કદાચ એની પાસે પૈસા હશે. કાલે રૂપુક બુઢ્ઢીએ કહ્યું હતું કે એ એના ઘરમાં બે ઓરડા વધારે છે. ઓહ, કેવી છે એની ઇચ્છાઓ. એને રાજરાણી બનાવીને જ રાખશે!

જમવા ટાણે ભોગરામ ઘરમાં હોતો નથી. ઘરનાં બધાં માણસો જ્યારે સૂવા જાય ત્યારે એ બારણું ખખડાવે. આજે પણ એ રાત્રે લગભગ દસ વાગ્યે પાછો આવ્યો. એનો અવાજ સાંભળીને આજે વાસંતીને ગુસ્સો આવ્યો. એને થયું કે આ જ બધાં દુઃખનું મૂળ છે. જે માણસ ધનંજયને સામાન્ય માણસ સમજીને એનો તિરસ્કાર કરે છે એ માણસને એથી પણ ખરાબ સમજવો જોઈએ. એને ધિક્કારવો જોઈએ. એને ભાઈ તરફ વેરભાવ થયો. ધનંજય સાથે નાસી જવાની ઇચ્છા પ્રબળ થઈ ગઈ. જન્મના ઘરની માયા છોડવા માટે મન દૃઢ થઈ ગયું. આ રીતે એને એક પાઠ મળશે અને સમજશે કે યુવાન છોકરીને પણ પોતાનું મન હોય છે. એની પણ પોતાની ઇચ્છા હોય છે અને એ પણ કુટુંબની ચાલુ નીતિને છોડીને જાતે સુખી બની શકે છે.

રાત શરૂ થતાં જ વાદળાં જોઈને એનું મન ભીનું બની ગયું. ધનંજય નૌકા લઈને નહીં આવે તો? જરૂર આવશે. આવી જ ઋતુ હશે તો પાછલી રાતે અંધારું ગાઢ નહીં હોય. રસ્તો દેખાશે અને વધારે પ્રકાશ હોય તો તો મુશ્કેલી જ પડે.

ભોગરામભાઈ ગાઢ નિદ્રામાં છે. તરુલતા પણ સૂતી હશે. કારણ કે ઓરડામાં બત્તી નથી. વાસંતી મા પાસે સૂતી છે, પણ માને જલદી ઊંઘ નથી આવતી. મોડે સુધી એક પદ ગણગણે છે: 'મોપે કૃપા કરો હરિ એ, દાંતે ધરો તૃણ, માથે ધરો તૃણ, તુમ્હી કૃપામયક ના જાનૂ એતો દિન.' માને ઊંઘ આવી

ત્યારે અર્ધી રાત થઈ હતી. વાસંતીએ બારણાને સાંકળ નહોતી મારી પરંતુ થોડી વાર પછી બહાર જઈ આવીને પાછાં આવતી વખતે બારણાં બંધ કર્યાં. અવાજ થયો, પણ સાંકળ ન મારી.

આજે કૂકડો પહેલી બાંગ નહીં મારે કે શું? શા માટે નહીં? પોતે અણસમજુ છે એટલે આવું વિચારે છે. પ્રકૃતિના નિયમમાં ભંગ નથી થતો. 'કૂકડી,' 'ડાઉક,' 'સખિયતિ,' 'બાલીમાહિ' વગેરે ચકલીઓ સ્ત્રીની જેમ જ પોતપોતાના સમય પ્રમાણે કામ કરે છે. આજે પણ તોલન કાછિયાના ઘરની કૂકડી બાંગ પોકારશે: 'કૂકડે કુ...ઉઉ...ઉ...કુ...ઉ.'

ગમાણમાં એક વાછડો હમ્મ...હમ્મ કરે છે. આ પણ શું રાત પૂરી થવાની જ નિશાની છે? કજલી ગાયનો ચાર મહિનાનો વાછડો કેવો સુંદર છે! આંગણામાં એ ઊભી રહે તો વાછડું દોડી આવે છે ને એનાં કપડાં મોં નાખીને સૂંઘે છે. હથેળી ચાટે છે. પાભચિલા જશે ત્યારે ઘરનાં તો યાદ આવશે જ, પરંતુ આ નિર્દોષ વાછડું પણ યાદ આવશે. પરંતુ કોઈ ઉપાય નથી. માયા અને પ્રીત બંને જુદાં જુદાં છે શું? આ મહા પ્રશ્ને વાસંતીને બેચેન બનાવી મૂકી.

આવા બધા વિચારો કરવાથી કામ નહીં થાય. પોતાનું મન દૃઢ કરવાનો સમય આવી ગયો છે. આ અવાજો સાંભળો, પ્રાણીજગત જાગી ગયું છે. કૂકડાએ હજુ બાંગ નથી મારી પણ રાત પૂરી થવા આવી છે. વાસંતીને પથ્થરના રસ્તા પર ચાલતા ગાડાનાં પૈડાંનો અવાજ સંભળાયો. એનો અર્થ કે 'સોંદર પામ'ના લોકો ગાડાં લઈને શહેર તરફ ચાલી નીકળ્યા છે. અર્ધી રાત થઈ ગઈ એટલું ચોક્કસ, કારણ કે આ લોકો તારા જોઈને રાત કેટલી વીતી છે એ નક્કી કરે છે. એણે એવા બે પક્ષીના અવાજ સાંભળ્યા કે જેનાં નામ એ નથી જાણતી. નીલુના ઘરનાં કૂતરાં પણ ભસે છે. દોના-મુખી જંગલ તરફથી 'ફેઉ'ના અવાજો પણ એને સંભળાયા. એ ચોંકી ઊઠી. એક અજાણી આશંકાએ એને અસ્વસ્થ કરી નાખી. એ સાચું છે કે કોઈની સાથે નાસી જવા માટે હિંમત જોઈએ, મનોબળ જોઈએ, કાંઈક નિષ્ઠુર પણ બનવું જોઈએ.

મા, મોટાભાઈ, ભાભી અને નાના ભત્રીજાઓ માટે અત્યારે એને ખૂબ જ હેત ઊભરાતું હતું. અહીં દરેક માટે પોતાપણું લાગે છે. એ લોકોનું એની

સાથે લોહીનું સગપણ છે. એમના પ્રત્યેનું ખેંચાણ પણ જુદી જાતનું છે. આ લોકો આ ઉંમરે પણ આ પ્રેમની કિંમત સમજી શકતા નથી. એનું ભલું થશે તો આ લોકોને આનંદ નહીં થાય શું? ભોગરામભાઈ ને એ ગમતી નથી શું? ભાભીને એ બીજા કારણે જ ગમતી નથી. ભાઈની ગુસ્સાભરી વાતો સાંભળીને મા કહે છે કે, 'પૈસાએ એનું મગજ ખરાબ કરી નાખ્યું છે. એ માત્ર ઊંધો નાચ નાચે છે.' તોપણ એ એના ભાઈને કઈ રીતે ખરાબ કહે? પિતાના અવસાન પછી એના વિના આખું ઘર વેરાન બની જાત. અત્યારની જેમ જરી-કામવાળી મેખલા અને વાયલની ચાદર ઓઢવાને બદલે પારકાં કામ પણ કરવાં પડત. પૈસા કોને નથી જોઈતા? સોનાઈપિરિયા લોકો અમસ્તાં જ નથી કહેતાં, 'મછલી દેખને સે બગુલા કાણા, ધન દેખનેસે પુરુષ કાણા.' જે ધન કમાઈ નથી શકતા તે જ ધનદોલત બધું અસાર છે એમ કહીને પોતાની પંડિતાઈ બતાવે છે. કાલે સવારે તરુલતાભાભી એને નહીં જુએ એટલે તરત તૂટી પડશે. બૂમો પાડી પાડીને રડશે. રડયા પછી દિલમાં પ્રેમ હોવા છતાં એ વાસંતીને ગાળો દેશે. કદાચ કહેશે, 'જવાન છોકરી અને 'ઘટિયા સિધરા' માછલી એકસરખાં.' પરંતુ તરુલતા ઘણી સારી છે. યુવાનીમાં તરુલતા જ એના દુઃખની સાથી હતી તરુલતા વાસંતીની પ્રશંસા કરીને બીજા પાસે કેટલો ગર્વ કરે છે.

અને આ મા! લાકડાની જેમ પડી છે. આ મા કેટલી મહાન. દસ મહિના અને દસ દિવસ એને પેટમાં રાખી બાળપણમાં એનું લાલનપાલન કરવા માટે કેટલું કષ્ટ વેઠયું હશે! કોણ જાણે એને કેન્દ્રમાં રાખીને કેટલાં સ્વપ્નાં જોતી હશે! યુવાન દીકરીને જોતાં જોતાં કોણ જાણે કેટલીય વાર એને પોતાની યુવાની યાદ આવી હશે અને કદાચ કેટલાંય મધુર સ્મરણો એના મનમાં ફૂલની જેમ ગૂંથાતાં હશે!

છટ્! ખરે ટાણે એનું મન ખૂબ નરમ થતું જાય છે. ઘર પવિત્ર 'સત્ર' (આસામના વૈષ્ણવોનું ધર્મક્ષેત્ર) જેવું લાગે છે. ઘરના બધાં બહુ પ્રિય લાગે છે. એ બધાં માટે માયા મમતા ઊભરાવા લાગ્યાં છે. જન્મનું ઘર રાતની નિસ્તબ્ધતામાં ખીલી ઊઠ્યું છે. પોતે સાત ચક્રોમાં બંધાઈ ગઈ છે.

એકાએક માથાથી પગ સુધી તે કંપવા લાગી. તોલન કાછિયાના ઘરમાંથી કૂકડાના અવાજો આવવા લાગ્યા. પહેલા કૂકડાની બાંગ "લંક કુ...ઉ...ઉ,

કુ...ઉ. ઉ...લકીં કુ...ઉ...કૂ...ઉ...સમય આવી જ ગયો. મારે આ જ પળે મન મજબૂત કરવું પડશે. રૂપુક બુદ્ધીની વાતો જાણે કાનમાં ગુંજવા લાગી, 'મનને કઠોરતાથી બાંધવું જોઈએ, આ બધાં કામ કમજોર મનનાં નથી.' યાદ આવ્યું કે ધનંજયે પણ કાગળમાં આવો જ કાંઈક નિર્દેશ કર્યો છે, 'હું જાણું છું કે પોતાનું ઘર છોડવાનું, મા અને બીજાંને છોડવાનું તારે માટે કઠણ બનશે. પરંતુ હું શું પારકો છું?'

પત્ર માંહેની આવી કેટલીક બાબતોએ એને મનોબળ આપ્યું. ડાબી બગલમાં પોટલી દબાવીને બીજા હાથે સૂતેલી માનો ચરણસ્પર્શ કરીને પ્રણામ કર્યા. હોઠ હલાવીને અવાજ કર્યા વિના બોલી, 'મા, તું મને ક્ષમા કરજે. માત્ર એક જ વરસ દુઃખ સહેવું પડશે. પછી જ્યારે ખોળામાં બાળકને લઈને આવીશ ત્યારે દીકરી-જમાઈને જોઈને તારું મન હરખથી નહીં ઊભરાય?'

ચુપચાપ બળપૂર્વક પગ ઉપાડીને ઓરડામાંથી બહાર નીકળી ગઈ. બંને કમાડ ધીમેથી ભીડી દીધાં. ઝાડનું પાન હલે એટલોય અવાજ થવા ન દીધો. પોટકી જમીન પર મૂકી, જન્મદાતા માટીને વાંકાં વળીને પ્રણામ કર્યાં. જરાક માટી લઈને માથા પર મૂકી અને ફરી મનમાં બોલી, 'હે ઘરની લક્ષ્મી, તું મને આશીર્વાદ આપજે. અપરાધ ક્ષમા કરજે.'

તુલસીનું પાન લઈને સૂંઘ્યું અને બે પાન બ્લાઉઝમાં મૂકી દીધાં. એક વાર ઊંચે જોયું. આકાશમાં ચંદ્ર નીકળ્યો હતો, ત્યાં જરા પણ વાદળું નહોતું. જાણે ચાંદ એને ખસેડીને જોઈ રહ્યો છે.

ઘરની પાછળના બાગની તરફ ઠનુઆ ઘાટ છે. એ તે તરફ જ ડગલાં ભરીને આગળ ચાલવા લાગી. ઉત્તર અને દક્ષિણની બે જુદી જુદી શક્તિઓ બંને વિરોધી દિશામાં એને ખેંચવા લાગી. છતાં એનું શરીર ધીરે ધીરે ઘાટ તરફ ચાલવા લાગ્યું. ચાંદનીમાં 'કાકિની' (પાતળું લાંબું એક પ્રકારનું સોપારીનું વૃક્ષ) દેખાય છે. તાંબૂલ વૃક્ષના ઝુંડમાં ખિસકોલી કૂદકા મારે છે. ટિકી એની બારીક પાંખથી અને નાસના પાન પર સુરીલો અવાજ કાઢે છે. લક્કડખોદ પક્ષીએ લાકડા પરનો એનો ચાંચ મારવાનો અવાજ બંધ કરી દીધો. કદાચ એને જ જોઈ રહ્યો છે. દલંગઘાટથી 'બરગીત'(આસામનું એક ભક્તિગીત)નો સ્વર વહેતો આવી રહ્યો છે; કદાચ કોઈ નાવિક

ભક્તિથી ગદ્‌ગદ બની ગાય છે, 'બહૂરિ ગૌરી ગોપાલ પ્રાણ નેહારિ ફુકાય ઈવા નયને જુરે નીર, બયને પુરિત બારિ.' ઘાટ સુધી પહોંચવા માટે માત્ર બે જ 'નલ' (લંબાઈનું માપ) બાકી છે. 'મોકાલ' વાંસનું વૃક્ષ ઘાટને ઢાંકી દે છે. કાળાં જાંબુનાં બંને વૃક્ષોની વચ્ચેથી ચાંદની આવીને એના શરીર પર પડે છે. એના પગ જાણે ઘાટ તરફ આગળ ચાલતા જ નથી. બંને ગાલ પરથી આંસુ સર્યા કરે છે. શ્વાસ ઝડપથી ચાલવા લાગે છે. ચાંદની જાણે કે એનું શરીર ચાટી રહી છે. એ થોડાંક ડગલાં આગળ વધી. 'મોકાલ'ના વાંસવાળો વળાંક પસાર કર્યો. સોનાઈ દેખાવા લાગી. બીજો ભાગ અજાર વૃક્ષની છાયાથી ઢંકાઈ ગયો. એક નૌકા પર સફેદ વસ્ત્રોવાળી એક વ્યક્તિ નજરે પડી. એ જ ધનંજય છે. બીજો માણસ ન દેખાયો, પરંતુ એ ફૂંકતો હતો તે બીડીની ચિનગારી દેખાઈ. બીડી પીનારો માણસ તે ઘોગના ઘટવાઈ હશે.

એકાએક એનામાં એક નવી ચેતના જાગ્રત થઈ. હાથની વીંટી પર નજર પડી. એ વીંટી તરફ તાકી રહી. આ જ વીંટી મથુરાની માએ એને પહેરાવી હતી. આ જ વીંટી પહેરાવીને મથુરાની માએ એને પોતાની છોકરી સમજીને કહ્યું હતું, 'અને બીજા બે દિવસ પછી, અમે શું તારા પોતાનાં નહીં બની જઈએ?' એને પોતાની વહુ બનાવવાની એની કેવી આશાઅભિલાષા? વીંટીનું નંગ ચાંદનીમાં ઝગમગવા લાગ્યું. જાણે કે એનાથી અપરિચિત એવા મથુરા નામના નવજુવાનની આશા-આકાંક્ષા ઝગહળી રહી છે. કાલે એ અપરિચિત માણસનું અપમાન નહીં થાય? ભોગરામભાઈ તો કાલથી ચારપાંચ ગામમાં મોં દેખાડવાને લાયક પણ નહીં રહે. અને એના ભાગી ગયાના દુઃખથી મા કદાચ મરી જાય તો? અને કાલ જો 'તારી જ યુક્તિથી આવું થયું' કહીને ભોગરામભાઈ તરુલતાને મારવા લાગે તો!

એ લોકો એને નૌકામાંથી જોઈ ન જાય માટે તે ફણસના વૃક્ષની ઓથે પીઠ ટેકવીને ઊભી રહી ગઈ. વીંટી કાઢીને ફેંકી દેવાનું વિચાર્યું; પરંતુ એમ ન કરી શકી. એમ કરવાથી પાપ લાગશે. એ હિંદુ ધર્મની છોકરી છે. ઈશ્વરને સાક્ષી રાખીને એને વીંટી પહેરાવવામાં આવી છે. તે દિવસે એણે તાંબૂલપાનથી શણગારેલી મોટી પાનદાનની સામે ઘૂંટણે પડીને પ્રણામ કર્યા. બધી જાતની ચીજોને પ્રણામ કરવાનો અર્થ 'ભગવાન-વસ્તુ'ને પ્રણામ કરવા. એ તો તે દિવસથી ધર્મના નિયમ અનુસાર બીજા ઘરની અને કોઈ બીજાની

થઈ ગઈ. પોતે એ માણસને ધોખો ન આપી શકે. અને હજુ સુધી ધનંજય એના શરીરને અડચો સુધ્ધાં નથી. એટલે હજુ પણ એ પવિત્ર કુમારિકા છે.

થોડી જ વારમાં આ નૈતિક જાગૃતિ પ્રબળ બની ગઈ. અને એ કોઈ પણ બાજુએ જોયા વિના દોડીને ઘરની દીવાલની પાસે પહોંચી ગઈ. ધીમેથી બારણું ઉઘાડીને પોટકી ખૂણામાં છુપાવી દીધી. દીવાલ પાસે આવીને જોરથી બારણું બંધ કર્યું. મા કદાચ જાગી ગઈ હતી. છોકરી 'બહાર' ગઈ હશે સમજીને કશું ન બોલી. એ પથારીમાં સૂઈ ગઈ. આખા શરીરે તાવ આવ્યો હોય તેમ પસીનો વળી ગયો. થોડી જ વારમાં કૂકડાએ બીજી બૂમ પાડી. એને લાગ્યું કે એ લોકો આટલી વારમાં કદાચ નૌકા લઈને પાછા પાસચિલા પહોંચી ગયા હશે. આટલું અપમાન થવા છતાં ધનંજયે ધોગના ઘટવાઈને એની વિરુદ્ધ કશું કહ્યું નહિ હોય. આ વિચાર મનમાં આવતાં જ એના બંને હોઠ હવાથી હલતા વૃક્ષના પાનની જેમ હલવા લાગ્યા. એ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ઊંઘ ઊડી જવાથી માએ પૂછ્યું: 'વાસંતી, તને શું થાય છે?'

એણે રડતાં રડતાં કહ્યું: 'મા, તારી ચિંતાથી જ દુઃખ થાય છે. હું તને છોડીને બીજાને ઘેર જઈશ, ત્યારે તને ચારે બાજુ સૂનકાર લાગશે. અને મને પણ મૃત્યુ જેટલું દુઃખ થશે.'

માએ દિલાસો આપીને કહ્યું: 'ગાંડી છોકરી, આવા કારણે આટલું બધું રડાતું હશે? મને તો થયું કે કદાચ તારી તબિયત ખરાબ હશે. કુંવારી છોકરીએ શું માત્ર માનું જ મન સાચવવાનું છે? તને શું આટલી સાદી વાતની પણ સમજ નથી?'

ચૌદ

એ જ દિવસથી લગ્ન વિશે વિચાર કરવાનું વાસંતીને માટે સહજ બની ગયું. બધા દિવસો શાંતિથી વીતી ગયા. લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો. ત્યારે વાસંતીને મથુરા વિશે જિજ્ઞાસા થઈ. એના વિશે ભાળ મેળવી. બીજાને ઘેર કેવી રીતે રહેવું જોઈએ એ વિશે વચ્ચે વચ્ચે માએ અને ભાભીએ શિખામણો આપ્યા કરી.

'જોડન'(લગ્નને આગલે દિવસે વરપક્ષના લોકો કન્યાને ઘરેણાં-કપડાં ચડાવે)ના દિવસે વરપક્ષે આપેલાં ઘરેણાં ને કપડાં પહેરતી વખતે એ એક બીજા સંસારના સુખનો વિચાર કરવા લાગી. પોતાનું મન મથુરામય બનાવવા-ની કોશિશ કરવા લાગી. ઘણા દિવસો પહેલાં માએ કહેલી વાતોને જીવન-સારથિ માનવા લાગી. માએ એને એક દિવસ કહ્યું હતું, 'જે સ્ત્રી મૂળે સારી છે એની સાથે કોઈ પણ માણસ સંસારને સુખી બનાવી શકે છે. કોઈ પણ સ્થિતિમાં પોતાને ગોઠવી દેવાનું સમજતી હોય તો જ સ્ત્રી સુખી થઈ શકે છે.'

હોમ-અગ્નિ પાસે જતી વખતે તો કન્યાને થોડું રડવું આવે જ છે. આજુબાજુની સ્ત્રીઓની આંખો પણ છલકાઈ જાય છે. વાસંતી પણ એ વખતે રડી હતી. મા સુજલા અને તરુલતાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી હતી.

પરંતુ વરની બાજુમાં બેસતાં જ વાસંતી જુદી છોકરી જેવી બની ગઈ. એની ઓઢણીનો છેડો મથુરાના ખેસના છેડા સાથે બાંધી દીધો. મથુરાની સાથે એણે એકતા અનુભવી. પવિત્ર મંત્રોએ મનને નવા જીવનનું સંધાન આપ્યું. પવિત્ર કુશગ્રાસથી એની એક આંગળી મથુરાની એક આંગળી સાથે બાંધી દીધી. અગ્નિસાક્ષીએ એ દાંપત્યજીવનમાં બંધાઈ ગઈ. હોમ સમાપ્ત થયો.

વાસંતીનો કુંવારો કાળ અતીતમાં મળી ગયો. એના સેંથામાં સિંદૂર અને માથા પર છેડો હંમેશને માટે આવી ગયા. વરના ઘરપ્રવેશ વખતે માએ જમાઈને કેટલીક શિખામણ આપી તે સાંભળીને વાસંતી જરા ચોંકી ઊઠી. પહેલી વાર મળતા માણસ સાથે મા પોતાના છોકરાની જેમ જ વાત કરે છે! એ પણ નિર્દોષ ભક્તિભાવથી સુજલાનો ચરણસ્પર્શ કરી પ્રણામ કરે છે. સુજલાએ માથા પર હાથ મૂકી અંતરથી આશીર્વાદ આપ્યા. એક જ દિવસમાં બે ઘરના માણસો પ્રેમની સાંકળથી બંધાઈ ગયા.

હોમ-અગ્નિની પાસે બેસતી વખતે વાસંતીએ મથુરાની હાજરી અનુભવી. છાતી સુધી ઘૂંઘટ તાણ્યો નહોતો છતાં બીજા લોકોની હાજરીમાં તે મથુરાની સામે જોઈ નહોતી શકતી. મથુરાને જોવાની એને ખૂબ જ તાલાવેલી લાગી હતી. એને વિચાર આવ્યો કે મથુરાને પણ શું એને જોવા માટે આટલી બેચેની નહીં થતી હોય? ઘૂંઘટમાંથી તો એને એના હાથપગ જ દેખાતા હતા. એક વાર મોઢાની થોડીક ઝલક દેખાઈ હતી, પરંતુ તેથી એ એના ચહેરાનું અનુમાન નહોતી કરી શકી. હવે ઘરમાં ઘૂંઘટ નાનો હોવાને લીધે એને સારી રીતે જોવાની તક મળી હતી. પહેલાં એણે સાંભળ્યું હતું તેવો જ, મંડળીની શોભા-વૃદ્ધિ કરનાર મથુરા સુંદર વ્યક્તિ હતો. મુખ પર પવિત્રતા અને કૌમાર્યની પ્રતિચ્છવી છે. પ્રથમ દર્શને જ એ એને પોતાનો લાગવા માંડયો. લંબાઈમાં લગભગ છ ફૂટ હતો. સુગઠિત શરીર કાર્યક્ષમ હશે એવું તો સહજ રીતે અનુમાન કરી શકાતું હતું. 'શોવાલ-કુચિયા' (કામરૂપ જિલ્લાનું એક ગામ, જ્યાં ઉત્તમ રેશમ બને છે) કાપડના ઝભ્ભા ઉપરનાં બટન ખુલ્લાં છે તેથી એનો સુગઠિત સીનો દેખાય છે. ઝભ્ભામાંથી છાતીના એકબે વાળ દેખાવાથી વધારે સારો લાગે છે. અચાનક વાસંતીને એક વાત યાદ આવી. એને થયું, મથુરા જરૂર કોમળ મનનો, બીજાને પ્રેમ કરવાવાળો માણસ હશે. એણે ક્યાંકથી સાંભળેલું કે છાતી પર વાળવાળા પુરુષ એવા જ હોય છે. છાતી પર કદાચ તલ હશે. એ સારું લક્ષણ છે, 'ઊંચા કપાલ છાતી બાલ, ઉસ પુરુષકે લક્ષણ ભાલ' (સારાં).

વરની સાથે વિદાય થતાં પહેલાં વાસંતીએ આદરપૂર્વક મોટાભાઈને પ્રણામ કર્યા, ને એની આંખમાંથી ખરખર આંસુ ખરવા લાગ્યાં. આ આંસુ દુઃખનાં નહોતાં. પરંતુ ભાઈ પ્રત્યેની પૂર્ણ કૃતજ્ઞતાનાં હતાં. ઘર છોડતી વખતે

એનું મન ઉદાસ બની ગયું. ઘણા વખત પછી જ એ વિચારી શકી કે માટીનો માણસ હંમેશાં સારા-ખરાબનું મિશ્રણ હોય છે. ભલાઈથી જ આપણી આ પૃથ્વી બની છે. છતાં પૃથ્વી રૂપાળી, મોહમયી અને સદા નવીન છે.

ઘણાંને રડાવીને અને પોતે પણ રડીને પાલખીમાં વરની ડાબી બાજુ બેઠી. વાસંતી નવા જીવન માટે દરંગિયાલ ગામ તરફ આગળ ચાલી. ઝડપી ઘોડાવાળી પાલખીમાંથી એણે પોતાના ગામ તરફ જોયું. ગામ એની આંખોથી દૂર થતું જતું હતું, પરંતુ તરુલતા, મા, મોટાભાઈ અને ભત્રીજાઓ માટે દિલમાં દુઃખ થતું હતું. મા અને તરુલતા સજળ નયને હજુ પણ કદાચ એનો જ વિચાર કરતાં હશે. બાળકો પણ હજુ રડતાં હશે. મોટાભાઈ કદાચ કોઈને કહેતા હશે કે આજથી ઘર સૂનું થઈ ગયું. એ ઘરની શોભા વધારનારી દીકરી હતી.

પાલખીની પાછળ આવતા જાનૈયાના આનંદભર્યા અવાજો એના કાને પડતા હતા, છતાં શરણાઈના પ્રસરતા સ્વરે એનું ઘર છોડવાનું દુઃખ વધુ તીવ્ર કરી દીધું.

અચાનક એનું ડુસકું મથુરાને સંભળાયું. એણે એના વાંસા પર હાથ મૂકયો. એણે થોડા કંપનો અનુભવ કર્યો. કયારેય ન જોયેલા અજાણ્યા પુરુષે એના શરીરને હાથ લગાડયો. એ એનો કાયદેસરનો અધિકાર છે. એણે કહ્યું, ‘રડ નહીં, મને નથી ગમતું!’ એનો અવાજ મીઠો હતો. વાસંતીનું મન શાંત થઈ ગયું. હા, આ પુરુષ પ્રેમ આપી શકશે. સારો માણસ છે. એણે જો આ રીતે દિલાસો ન આપ્યો હોત તો એનું મન સૂનું સૂનું રહેત. પુરુષના એક પ્રેરક વચનથી જ હજારો કામ કરી શકાય છે. ‘ભાઉના’નું એક વચન યાદ આવ્યું. રાજકુમારી રુકિમણિને પણ સ્વયં ભગવાન કૃષ્ણે પ્રેરણા આપી હતી. પીળાં વસ્ત્રોથી મોં-આંખ લૂછીને કહેતું પડેલું, ‘કિ કરઓં સિંધ કો શક્ર સબ આયા, હમાકુ શપથ તાપ તેજો હૂં જાયા.’

મોરાપુર ગામથી બે માઈલ આગળ આવેલા દરંગિયાલ ગામમાં વાસંતી પહેલાં બે વાર આવેલી. આ ગામ પણ મોરાપુર જેવું જ છે. માત્ર સોનાઈ અહીં વળી ગઈ છે. મથુરાના ઘરની સામે જ સોનાઈ છે, કારણ કે એનું ઘર ઉત્તરમુખી છે.

લગ્નને બીજે જ દિવસથી વાસંતીને સાસુ, સસરા અને નણંદની સાથે

પોતાપણું લાગવા માડયું. બે નણંદો પારુલ અને પૂતલી ખૂબ મોજીલી છોકરીઓ છે. 'ખોબા-ખૂબુની'ના મેદાનમાં ત્રણ બકરાં કાપીને લોકોને જમણ આપ્યું. વરવહુને ઉદ્દેશીને ઘણાં છોકરા-છોકરીઓએ મશ્કરી કરી. મોડી રાત સુધી આ બધું ચાલતું રહ્યું. વાસંતીને બહુ સારું લાગ્યું. ગામવાળાએ એને પસંદ કરી. કોઈએ કહ્યું, 'છોકરીનાં લક્ષણ સારાં છે. દેખાવે પણ દેવી જેવી છે. ભાગીરથકાકા, તમારા છોકરાનું નસીબ સરસ છે.' કોઈ સ્ત્રી સાસુને કહે છે, 'છોકરા-છોકરીની જોડી સારી છે. ભનિતાબાઈ, તારી વહુ સારી છે. લાંબા મોંની, હરણ જેવી છોકરી જે ઘરમાં આવે છે એ ઘરના લોકોનો ચારે બાજુથી જયજયકાર થઈ જાય છે.' વાસંતીએ છુપાઈને આ અભિપ્રાય સાંભળ્યો અને ગર્વથી ફૂલી ન સમાણી. એનામાં આત્મવિશ્વાસ જાગી ઊઠ્યો. એને થયું કે એક પુરુષને પોતાના રૂપ અને પ્રેમથી વશ કરવાનું સહજ છે.

આજની રાત જ જીવનની બધી રાતોમાં વિશેષ મહત્ત્વપૂર્ણ છે. આવી જ એક રાત બધાંને હંમેશને માટે યાદ રહે છે. ઘણાં તો આવી એક રાતની આશા અને કલ્પનાથી રાહ જુએ છે. આવી જ રાત્રે યુવાન છોકરા-છોકરીઓની આશા, આકાંક્ષા અને પ્યાર, વાસના, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત કરીને નાચી ઊઠે છે.

ત્રણ ઓરડા જેવડા લાંબા-પહોળા ઓરડામાં આટલી સુંદર રાતે પલંગ કોણે સજાવ્યો તેની વાસંતીને ખબર ન પડી. ઓરડાની અગર-ચંદનની સુગંધે એના મનમાં સંકોચ, ભય અને અનુરાગની ભરતી આણી. પૂતલી, પારુલ અને પાડોશીની એક વહુએ આવીને એને ઓરડામાં ધકેલી દીધી ત્યારે એને મરવા જેટલી શરમ આવી હતી. આમ અચાનક આવવાથી મથુરાને કેવું લાગશે? ચોરીછૂપીથી પણ એ એની સામે જોઈ નહીં શકે. એને તરુલતાની યાદ આવી. એના જીવનમાં અને બીજા ઘણાનાં જીવનમાં પણ આવો એક દિવસ આવ્યો હશે. આવા એક દિવસની પ્રતીક્ષામાં જ અને એવા એક દિવસની કલ્પનામાં જ કેટલી છોકરીઓની આંખોમાં છોકરા કદાચ દેવતા બની જાય છે. એણે બારીમાંથી ડોકું કાઢીને જોયું તો બહાર ચાંદની હતી. ચંદ્રની જ્યોત્સ્નાએ બહારનાં જંગલી વૃક્ષ-છોડવાને પણ રજનીગંધાનું રૂપ આપ્યું છે. ત્રણચાર 'નલ' દૂર વહેતી સોનાઈ, જાણે સોનાઈ નહીં પણ ચાંદની રાતમાં યમુના જ. વિકસેલા વૃંદાવનમાં પ્રાણ યમુના. સાચે જ, પોતાનું કૌમાર્યભંગ

કરતાં પહેલાંની આ પળે આવું વિચારવાનું જ ગમે છે. આ રીતે જ પોતાને મનાવી લેવાનું બુદ્ધિશાળીનું કામ છે. ધનંજય એને યાદ આવ્યો છતાં તે સ્મૃતિ ધૂંધળી, અસ્પષ્ટ, અસ્થિર હતી. સમયના વહેણમાં વહીને તે અજાણી સીમામાં મળી જશે.

અચાનક એના વિચારના વહેણમાં ભંગ પડયો. મથુરા શરમાતો શરમાતો ઓરડામાં આવ્યો. બારણું બંધ કરી દીધું. બત્તીની વાટ મોટી કરી. થોડી વાર એમ જ ઊભો રહ્યો. એક વાર વાસંતી તરફ જોયું. રેશમી ઝભ્ભાના ખિસ્સામાંથી બે કાગળ અને ફાઉન્ટનપેન કાઢીને સ્ટૂલ પર મૂકી દીધાં. એક વાર પોતાના વાળ પર હાથ ફેરવ્યો. પછી બારીના પરદામાંથી આવતી ચાંદની તરફ જોયું.

તરુલતાના કહેવા પ્રમાણે વાસંતીએ પાનદાની મથુરાના પગ પાસે મૂકીને પ્રણામ કર્યાં. એણે મોઢેથી કશું કહ્યા વિના એના માથા પર હાથ ફેરવ્યો અને પલંગ પર બેસાડી. એણે કહ્યું, 'આવો, બેસો.'

એ ભય તથા સંકોચ છોડીને એની પાસે બેસી ગઈ. એની આંગળી પકડીને એણે પૂછ્યું, 'શું તને ઘર યાદ આવે છે ?'

'ના, યાદ નથી આવતું.'

'તને મારી બીક લાગે છે શું ?'

'ના.'

પરંતુ વાસંતી થરથર કંપતી હતી. અવાજ જાણે ગળામાં અટકી ગયો છે. એણે જાણે એને ઇન્દ્રજાળમાં ફસાવી દીધો છે, એનો ઘૂંઘટ હટાવીને એ એના મુખ તરફ મંત્રમુગ્ધ બનીને જોઈ રહ્યો છે. એ દૃષ્ટિમાં લાલસા કરતાં પ્રેમનું પ્રમાણ વધારે છે.

'તને ઘરમાં પણ આ નામથી જ બોલાવે છે શું ?' મથુરા બુદ્ધિશાળી માણસ છે. એણે એક પ્રશ્ન શોધી જ લીધો.

'હા, મને ઘરમાં બોલાવવાનું નામ જુદું નથી.'

'આ નામ કોણે રાખેલું ?'

'માસીએ.'

'પરંતુ મારાં તો બે નામ છે.'

'કયાં કયાં ?'

'ગામમાં મથુરા, બહાર મનધન મંડલ. સરકારી દફતરે પણ મનધન નામ જ છે. મને પણ એ નામ જ સારું લાગે છે. મથુરા તો એક ગામનું નામ છે. પરંતુ નામ પાડનારે એ નામ માણસને પણ આપી દીધું !' પોતાની જ મજાક કરીને એ હો હો કરતો હસી પડચો.

'હું જો ધન કહીને બોલાવું તો ?'

'ખરાબ નહીં લાગે. એટલું જ નહીં પણ ઘણું સારું લાગશે.'

ખૂબ પ્રેમથી એ એના મોઢા પર હાથ ફેરવવા લાગ્યો. એણે શરમાઈને મુખ ફેરવી ન લીધું.

'તું ઘણી સુંદર છે. નહીં, નહીં, ઘણી વધારે સુંદર છે.'

'ખરે જ ?'

'આપણું લગ્ન જેટલું સાચું, તેટલું જ સાચું એ. ના, ભૂલ થઈ ગઈ. સુંદર હોવાને આ બાબત સાથે મેળ નથી. હા. હું જે કહું છું તે, એટલે કે તું સુંદર છે તે, આ ચાંદા-સૂરજ જેટલું સાચું છે.'

'આ બધી વકીલો જેવી વાતોને તો સ્વીકારવી જ પડે.'

'એના બળે તો કાંઈક કમાઈ ખાઉં છું. મંડલને શું કામ હોય ? મૂંઝવણો ઉકેલવી પડે. મુખ ભારે રાખવાથી અમારાં ડબલાં ડૂલ થઈ જાય !'

'આ કેવી વાત ?'

'હું લાંબા, પહોળા 'ડફલા' (નેફાનો આદિવાસી) જેવો નથી શું ?'

'તમારો તો બાબુ જેવો ચહેરો, સભાની શોભાવૃદ્ધિ કરનારો.'

'ના, ના, હું તો છતના કોળા જેવો. ઉપર-નીચે સરખો છું.'

'એવું કોણે કહ્યું ?'

'હું જાતે જ કહું છું.'

'તમારા કહેવાથી એવું થાય શું ?'

'આ રીતે ન બોલું તો તને હસાવું કેવી રીતે ? મને કોઈ વાત નથી સૂઝતી.'

'એટલે શું પોતાને ખરાબ કહેવું જોઈએ ?'

'મજા આવે છે.'

એ લોકોની ઠઠ્ઠા-મશ્કરી પૂરી થઈ. મથુરાના બંને હાથ એના મુખની નીચે સરકવા લાગ્યા. રાત્રિની શાંતિએ વાસંતીને મથુરાની પાસે ખેંચી લીધી.

એને પહેલાં ભારે વિચિત્ર લાગ્યું. શરીરમાં લોહીનું ભ્રમણ વેગથી થવા છતાં આત્મસમર્પણ કરવાનું ભારે કઠિન લાગ્યું. જાણે એક ઘણો જ મોટો વ્યતિક્રમ, પરંતુ એનો તો અધિકાર છે, ને પોતાનો પણ.

એણે પોતાનું મુખ ઢાંકી દીધું. આંગળીઓની વચ્ચેથી જોયું તો પાસેના જ સ્ટૂલ પર બે ગ્લાસ દૂધ મૂકેલું છે. સાસુના આદેશ અનુસાર પારુલે મૂક્યું હતું. તો શું આજની રાત્રે બંનેએ એક એક ગ્લાસ દૂધ પીવું પડશે? કદાચ આ રાતનો નવા પ્રકારનો થાક અને મધુર અવસાદ દૂર કરવા માટે જ આ રીતે બધાને દૂધ પીવું પડતું હશે? દિલની છૂપી લાલસા અને આ લજ્જાળુ રાત્રે આકાંક્ષાને નૈતિક સંમતિ મળે છે. આ પણ ચાંદા-સૂરજ જેટલું સાચું છે.

એ હાંફતાં હાંફતાં બોલી, 'ધન, લૅમ્પને...'

મોં પાસે મોં લાવીને એણે પૂછ્યું, 'લૅમ્પને શું?'

શરમ છોડીને એણે કહ્યું, 'શરમ આવે છે. લૅમ્પ જો...'

એણે લૅમ્પ બુઝાવી દીધો. માત્ર બારીમાંથી આવતી ચાંદનીનો ધીમો પ્રકાશ જ ઓરડાનું અંધારું થોડું ઓછું કરે છે. આ અંધકારે પ્રથમ મેળાપના લાજ-સંકોચ બધું દૂર કરી દીધું. નવી અનુભૂતિનો સ્વાદ લેનારાં બે પ્રાણીઓના શુદ્ધ મનને થોડી વાર પહેલાંના આચરણ દ્વારા વાસનાની પ્રચંડતાએ વશીભૂત કરી દીધાં. એક દેહ બીજા દેહ પાસે ઝડપથી ગયો. તૃપ્તિ રૂપી બે દેહના એક રૂપાંતરે રાત્રિની નીરવતા અને અંધકારને વધારે છૂપાં અને મોહક કરી દીધાં. ચાંદની રંગીલી બની ગઈ. બે શરીર એક થવાથી, પુરુષ-પ્રકૃતિની, સૃષ્ટિની ઇન્દ્રજાળનો એક છંદ, એક રાગ, દેહમાં દેહ વિલીન કરવાની, સનાતન ઉગ્ર કામના. . . .

પંદર

વાસંતીએ આખા ઘરને આનંદમાં ઝબોળી દીધું. પૂતલી અને પારુલ તો ભાભીને છોડતી જ નથી. વહુના આદરસત્કારથી હરખાઈને ભનિતા અને ભાગીરથ તો એનાં વખાણ કરતાં થાકતાં નથી. લગ્ન પહેલાં મથુરા મોડી રાત સુધી ગામમાં પાનાં રમતો ફરતો. હવે તો એ સાંજ પડતાં ઘેર પાછો આવે છે. 'આઠ-મંગલા' (વરભાત) પછી એક દિવસ મથુરા વાસંતીને એની બે નણંદો સાથે શહેરમાં જઈને સિનેમા બતાવી આવ્યો. એ બંને લગ્નનો પહેલો મહિનો ખૂબ જ ફર્યાં. વેબેજિયાવાળી માસીને ઘેર નવી વહુનાં પગલાં કરાવ્યાં. ત્યાર પછી માગુરા ગામ, રુપહિ, ભાલુકમારી, કપોહરા અને રહા પણ ગયાં. રહામાં એક સરકસ આવેલું. વાસંતીનું નસીબ સારું કે એને સરકસ પણ બતાવવામાં આવ્યું. મથુરાને ખૂબ ઘમંડ હતો. પોતાની વહુના રૂપની પ્રશંસા કેટલાયને મોઢેથી સાંભળી છે. એના સાથી હસન મંડલની માએ પણ કહ્યું હતું: 'જોઈને તો મન ખુશ થઈ ગયું. મનધન, તમને બેયને જોઈને એવું લાગે છે કે જાણે સોનાઈકાંઠે ચકવા-ચકવીની જોડી જ ફરે છે.'

લગ્ન પછી વાસંતીની મા આવી હતી. ઘર જોઈને વૃદ્ધાને સંતોષ થયો. તરુલતા પણ સાથે આવી હતી. એણે ઇશારાથી વાસંતીની મજાક ઉડાવી. શહેર જતી વખતે ભોગરામ રોજ એક આંટો મારે છે. વાસંતીનું મન ખૂબ જ આનંદમાં છે. ચારે તરફથી સુખ ઊભરાઈ રહ્યું છે, પરંતુ એક વાતમાં એનું મન બેસી જાય છે. એક દિવસ ભાભી પાસેથી સાંભળ્યું કે ભોગરામે પહેલાંનો ખરાબ સંબંધ છોડયો નથી. હવે તો સુજલા પણ એ વાત જાણી ગઈ છે. આ દુઃખમાં જ વૃદ્ધાની માંદગી વધી ગઈ છે. ખાંસી છોડતી જ નથી. ભોગરામ

શહેરમાંથી દાક્તરની દવા લાવી આપે છે. એના પ્રત્યે ક્રોધ હોવાથી ડોસી એ દવાને હાથ પણ લગાડતી નથી. કહે છે, 'તમે લોકો મારી આટલી ચિંતા શા માટે કરો છો? મરવાને દિવસે દવા શું કામ લાગવાની? ભોગરામની લાવેલી દવા તો ખાઈશ જ નહીં. ઘરમાં પાપ પેઠું છે તરુ! પ્રભુ મને આટલેથી જ ઉપાડી લે તો સારું.'

ઈશ્વર પર ભરોસો રાખનાર બુઢ્ઢાબુઢ્ઢી જો મરવાનું વિચારે ને ઇચ્છા પણ કરે તો એ રીતે ચાલ્યાં પણ જાય છે. એવા કેટલાય દાખલા વાસંતીએ જોયા પણ છે. એને વિચાર આવ્યો કે પોતે દરંગિયાલ હોય તે દરમ્યાન એના હાથનો પાણીનો એક ઘૂંટડો પીધા વિના જો મા મરી જશે તો એને ઘણા દિવસો સુધી શાંતિ નહીં થાય. એક દિવસ રોતાં રોતાં જ્યારે એણે મથુરાને આ વાત કહી ત્યારે એણે કહ્યું, 'આવું બધું વિચારીને મનને દુઃખી શા માટે કરે છે? ભાગ્યમાં હશે તો પોતાની મરજી મુજબ જ બધું થશે. મા માટે જો ભક્તિ છે તો ખાસ સમયે માને મેળવશે જ.' એને સાંત્વન મળ્યું.

પરંતુ લગ્ન થયાને હજુ માત્ર ત્રણ જ મહિના થયા છે. એટલામાં જ વાસંતીના જીવનનું ચક્કર ઊંધું થઈ ગયું. એક પ્રચંડ ઊંધી હવાએ એના જીવનનાં બધાં જ સુખસ્વપ્ન માટીમાં મેળવી દીધાં.

કહેવાય છે કે વાત હવાની જેમ ફેલાય છે. મથુરાએ એક દિવસ ગામની અનાજની દુકાને ઘણા બધા લોકોને ખૂબ વ્યગ્રતાથી કોઈ વાતની ચર્ચા કરતા જોયા. એ પણ ટોળા વચ્ચે જઈને ઊભો રહ્યો. એની હાજરી પર કોઈએ ધ્યાન ન આપ્યું. ચર્ચા ચાલુ રહી. વાત એમ છે કે કાલે રાત્રે ઢલપુરિયાના લોકોએ ભોગરામને પકડીને બાંધી દીધો હતો. પોલીસના ડરથી જ છોડી મૂક્યો. છેવટ એ એક મોટી જાળમાં ફસાઈ જ ગયો. ઢલપુરિયાની કોઈ તજી દેવાયેલી ઘણી જ સુંદર વેશ્યા સ્ત્રી સાથે ત્યાંના આસપાસના લોકોએ એને સાબિતી સાથે પકડી લીધો.

એક શ્રીમંત માણસના ચારિત્રદોષની સાબિતી મળવાથી લોકોને બોલવાની તક મળી. વાતોડિયણ સ્ત્રીઓને જાણે વાતવાતમાં વધારે પાન ખાઈને, પિચકારી મારીને વાતો કરવાનો મોકો મળ્યો. જે ટોળામાં મથુરા ઊભો હતો, ત્યાં જ એ ટોળામાં એણે કોઈકને બોલતાં સાંભળ્યો, 'હા, એ જ ચંડાળ, બે પૈસા કમાયો એટલે એને હવે જમીન પર પગ રાખવાનું

મુશ્કેલ લાગે છે. જેના મનમાં પાપ પેઠું હોય, પછી એ બચવાનું ક્યાંથી? નવા ધનિક બનેલાના ઘરની છોકરીનો શું ભરોસો? એની બહેન, અમારો મથુરા જેને પરણી લાવ્યો છે, એય શું કાંઈ ઓછી છે? પાલચિલ્લાના દવા-દારૂ દેનારા સાથે એને પણ ઘણાં લફરાં હતાં. કહે છે કે રાત્રે ભાગી જવા માટે પણ તે તૈયાર હતી. આ સાંભળીને કોઈએ પૂછ્યું, 'દયીભાઈ, તને આ વાતની ક્યાંથી ખબર પડી?' એ માણસે કહ્યું, 'સોનાઈકાંઠાનો નૌકાવાળો ને પોહારી સ્ત્રી જીવતાં હોય ત્યાં વાત જાણવા માટે શું ગરગામ(આહુમ રાજાઓની પુરાણી રાજધાની)ના જાસૂસો જોઈએ?'

મથુરાને વધુ વાત સાંભળવાની ધીરજ ન રહી. કોઈ જુએ તે પહેલાં એ ટોળામાંથી ચાલ્યો આવ્યો. ઘેર આવીને તુરત જ એણે વિચિત્ર વર્તન કરવા માંડ્યું. એણે વાસંતીને કઠોરતાથી કહ્યું, 'સાંભળ્યાં તારા મોટાભાઈનાં વખાણ?'

'શું થયું?'

'મોટા માણસનો દીકરો ઢલ્લપુરિયામાં પકડાઈ ગયો એટલું તો નહોતું કરવું જોઈતું. સ્ત્રીઓની મેખલા એના માથા પર પહેરાવવી નહોતી જોઈતી.'

'ચોખ્ખેચોખ્ખું કેમ નથી કહેતા?'

'તારા લંપટ ભાઈને ઢલ્લપુરિયામાં બાંધીને રાખ્યો હતો.'

વાસંતી સમજી ગઈ. એને મનમાં ચિંતા થવા લાગી કે એની વહાલી ભાભીની શી દશા થઈ હશે? પરંતુ એથી પણ વધારે દુ:ખ મથુરાના વર્તનનું થયું. એ તો ક્યારેય આવી રીતે વાત કરતો નહોતો. આજે ઘણી જ યુક્તિપૂર્વક એને દિલાસો દેવો જોઈએ. ભાઈની અપકીર્તિ કઈ બહેન સહન કરી શકે? મથુરા અચાનક આવો નિર્દય કેમ બની ગયો?

તે દિવસ પછી મથુરા જુદો જ માણસ બની ગયો. ધનંજયને એ ઓળખે છે, એટલે એને આટલું ખટકે છે. દરંગિયાલના કલિયા કિરાણીના ઘર સાથે એ લોકોને ઘણા સમયથી ઝઘડો છે એટલે બે દિવસ પછી કલિયાના છોકરા ધનકાંતે ચંપકના ઘેર 'બડ-સભા'માં ખરાબ ઇશારાથી વાત કરીને મથુરાને ઘણો નીચે ઉતારી દીધો. બીજા લોકો પણ ધનકાંતની તરફેણમાં જ બોલ્યા.

ધીમે ધીમે કરતાં વાત મથુરાના મનમાં બેસી ગઈ. એણે વાસંતીને કશું કહ્યું નહીં છતાં એની વાતચીત અને વર્તનથી વાસંતી અજાણ્યા દુઃખની કલ્પના કરવા લાગી. હમણાં હમણાં તે લગ્ન પહેલાં જેમ મોડેથી ઘેર આવતો તેમ મોડો આવે છે ને વાસંતી તરફ પીઠ કરીને સૂએ છે. ઘરમાં જે થોડો સમય રહે છે તેટલો સમય એ વિચારમાં જ હોય છે. પૂતલી અને પારુલ ઘરમાં અવાજ કરે તો એ યમરાજનું સ્વરૂપ ધારણ કરે છે. મંડલના કામમાં પણ ઢીલ થાય છે. કપડાં પહેરવામાં પણ બેપરવા બનતો જાય છે. નિવૃત્ત થયેલા અમલદાર જેવાં ઢીલાં કપડાં પહેરવા લાગ્યો છે. વાસંતીની વિનંતી અને આંતરિક ઇચ્છાની તે હવે પરવા નથી કરતો. ચાંદની જેવું કોમળ મન થોડા જ દિવસોમાં જેઠ મહિનાના તડકા જેવું ઉગ્ર બની ગયું. વાતવાતમાં ગુસ્સો કરવા લાગે છે. વાસંતી જો પૂછે, 'એક જ ખમીસ કેટલા દિવસ પહેરો છો, કેવું ચોળાઈ ગયું છે, આ પહેરો.' તો એ પહેરવા આપેલું એનું ખમીસ ફેંકી દઈને કહેશે, 'આમ પ્રેમ બતાવવાથી શો ફાયદો, હું કાંઈ પણ નહીં પહેરું.'

'હમણાં હમણાં જમવા બેસો છો કે તુરત જ ઊઠી જાઓ છો. બે કોળિયા વધુ ખાશો તો શરીરમાં તાકાત આવશે.' એક દિવસ વાસંતીએ કહ્યું.

'દાક્તરની જેમ ઉપદેશ દેવાની જરૂર નથી. તું જ ખાઈને વીરાંગના બન.' મથુરાએ જવાબમાં કહ્યું.

'બપોરના તાપમાં તમે ક્યાં જાઓ છો? આખો દિવસ તમને મળવાનું બનતું નથી.' એક દિવસ વાસંતીએ કહી જોયું.

'તું શું મારા પર સત્તા ચલાવવા આવી છે? હવે શું તારી રજા લઈને જ મારે બહાર જવું પડશે? અમારે ત્યાંના પુરુષો સ્ત્રીના કહેવા પ્રમાણે ચાલનારા નથી એ વાત સમજી લેજે.' એણે જવાબ આપ્યો.

મથુરાની વાત જ એટલી કર્કશ હતી ને વળી એની કહેવાની રીત એને વધુ ભયાનક બનાવી દેતી હતી. વાસંતીએ એની કર્કશ વાતો સાંભળ્યા કરી અને હજાર પ્રયત્નો કરવા છતાં મથુરાને પહેલાં જેવો ન બનાવી શકી. એક દિવસ એ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. ઓરડાની બાજુમાંથી જ પારુલ અને પૂતલીએ સાંભળ્યું હતું, પણ કાંઈ ન બોલ્યાં. ભાગીરથ અને ભનિતાએ સાંભળ્યા છતાં ન સાંભળ્યા જેવો ભાવ દેખાડયો, કારણ કે મિયાંબીબીના ઝઘડાનો આદિ-અંત, હેતુ-અહેતુ નથી હોતાં. એનો ભેદ સમજવાનું પણ

કઠિન કામ છે, એટલે આવા ઝઘડામાં પડવામાં પણ મુશ્કેલી છે. એ તો જાણીતી વાત છે કે પતિ-પત્નીના ઝઘડા પળમાત્રમાં પતી જાય છે, પરંતુ વાસંતીનું આ હૃદયભેદક આક્રંદ મથુરાનું દિલ પીગળાવી ન શક્યું. એ ગુસ્સે થઈ ગયો. બોલ્યો, 'શંખણીની જેમ રડે છે શા માટે? સૂવા નથી દેવો કે શું?' એણે ડૂસકાં લેતાં અંતરની વેદનાથી ભરપૂર સ્વરે કહ્યું, 'મારી શી ભૂલ છે, કહો, મારા સમ છે. મને કહો. કહેશો નહીં તો મને કેમ ખબર પડશે? હું જો ખરાબ હોઉં તો કહી દો કે જેથી હું મને તમારી મરજી મુજબની બનાવવાનો પ્રયત્ન કરી શકું. મને એટલી સગવડ આપો. મને દુઃખ દેવાથી તમને શું સારું લાગે છે?'

મથુરા કશું ન બોલ્યો. એણે દુઃખભર્યો એક નિસાસો નાખ્યો. બહાર જઈને બીડી ફૂંકવા લાગ્યો. એક કલાક પછી ઓરડામાં આવીને સ્વગત બોલતો હોય તેમ બોલ્યો, 'મારા મનમાં જે છે તે કહીશ પછી તું મારી સાથે રહી નહીં શકે. સ્ત્રીઓ પુરુષોને મૂરખ જ સમજે છે. જાણતી નથી હોતી કે અતિ ચાલાક બનનારના ગળામાં પણ દોરી હોય છે.'

આટલું સાંભળતાં જ વાસંતીનું માથું ફરવા લાગ્યું. કાન ગરમ થઈ ગયા. તે લાચાર બની ગઈ. તાવ આવ્યો હોય તેમ આખા શરીરે પસીનો વળી ગયો. મોં બંધ થઈ ગયું. ફરી વાર મથુરાને કાંઈ કહેવાનું એને ઠીક ન લાગ્યું. કદાચ દુર્ભાગ્ય જ એના નસીબમાં હશે. ખૂબ દુઃખપૂર્વક એકનો ત્યાગ કરીને બીજા સાથે શાંતિથી જ દિવસો વીતતા હતા. પરંતુ જે કારણે વિવાહિત જીવનમાં સંકટ આવવાની આશંકા હતી, અને જે બન્યું તેથી એણે પ્રભુનો ઉપકાર માન્યો હતો, તે જ હવે બન્યું. એણે માન્યું કે ધનંજયની સાથે તો મનનો મેળ સમજીબૂઝીને જ થયો હતો અને યુવાનીને કારણે જ એને માટે આકર્ષણ પેદા થયું હતું. આટલી સાચી વાત કહી દેવાથી મથુરા બધી શંકા અને ગેરસમજ છોડી દેશે શું? એ રડી રડીને બધી સાચી વાત કહી દેશે. પોતે ક્ષમાની ભિક્ષા માગશે. એ તો ઘણો સારો માણસ છે. અને આ કેટલાક મહિનાની અંદર જ એને ખૂબ પ્રેમ કરી ચૂક્યો છે. એ કાંઈ ક્ષણજીવી નથી. એનો પ્રણય એક સનાતન સત્ય છે.

પરંતુ હજાર વાર પ્રયત્ન કરવા છતાં એ આ વાત કહી ન શકી. હિંમત ન ચાલી. ભયાનક વિપત્તિની આશંકાથી એનો કંઠ રૂંધાઈ ગયો. હાંફતી હાંફતી

ઓરડાની બહાર આવીને માથા પર એક ચાંગળું ઠંડું પાણી નાખી આવીને પથારીમાં સૂઈ ગઈ. પતિ પણ સૂતો હતો. પહોળી અને નરમ ગાદી એને કાંટાની જેમ ભોંકાવા લાગી.

થોડા જ દિવસો પછી મોરાપુરથી કોઈ માણસે ભગીરથ કાનૂનગોને ઘેર આવીને ખબર આપ્યા કે વાસંતીની મા સખત બીમાર છે. ઇન્જેક્શન અપાય છે. આખી રાત એની પડખે જાગતાં રહેવું પડે છે. દીકરી-જમાઈને જોવાની સુજલાને ખૂબ જ ઇચ્છા છે.

આ સાંભળીને વાસંતી બેચેન બની ગઈ. ભનિતા અને ભાગીરથે પુત્રને કડક હુકમ કર્યો કે એણે વાસંતીને મા પાસે લઈ જવી, પરંતુ એ તો અચલ ને અટલ રહ્યો. એણે જવાબ દીધો, 'મારી સ્ત્રીને લઈ જવી કે ન લઈ જવી તે મારે જોવાનું છે. બીજાને બોલવાનો શો હક છે?' એ માબાપની પણ પરવા નહોતો કરતો. સંબંધ ખરાબ ન થઈ જાય માટે ભાગીરથ કાનૂનગો જાતે જ સુજલાને જોવા ગયા અને એ જ દિવસે સાંજે ઘેર આવીને ખબર આપ્યા કે દર્દીને એક સાથે ઘણા રોગ થયા છે. દાક્તરનાં ઇન્જેક્ષનોથી થોડો સુધારો થયો છે. ભનિતાએ પૂછ્યું, 'આ લોકો ત્યાં કેમ ન ગયાં એ વિશે એમને તમે શું કહ્યું?' ભાગીરથે જવાબ દીધો, 'કહી દીધું કે મથુરા ઘણા દિવસથી શહેરમાં જ છે. હું પોતે ગાડીઘોડાનો બંદોબસ્ત ન કરી શક્યો.'

આ સાંભળીને વાસંતીનું મન જરા શાંત થયું, પરંતુ હવે મથુરા માટે આક્રોશ પેદા થયો. પુરુષ છે એટલે જ તો એના પર આટલો અત્યાચાર કરે છે. બીમાર માને જોવા માટે જવા નહીં દેવું એ માત્ર અત્યાચાર જ નહીં, પાશવી નિષ્ઠુરતા પણ છે. પરંતુ તે રાત્રે એ પહેલાંની જેમ રડી નહીં. જોકે ઊંઘી ન શકી. સવારે સૂવાના ઓરડામાં જ એણે દૃઢ અવાજે કહ્યું, 'મેં ભલે કાંઈક ભૂલ કરી હોય, પરંતુ માએ શો દોષ કર્યો છે? તમે મારી સાથે ખરીદ્યા વિનાના ગુલામ જેવું વર્તન કરો છો.' એણે પણ એવી જ દૃઢતાથી જવાબ આપ્યો, 'મેં તને પકડીને બાંધી રાખી છે શું? ચાલી જા, પાછી નહીં આવે તોપણ કાંઈ વાંધો નથી.'

'તો પછી લગ્ન શા માટે કર્યું હતું?'

'હા. મારાથી ભૂલ થઈ ગઈ.'

'આપને મારા પર કોઈ મોટી શંકા આવી છે?'

'શંકા કરવાનું કારણ નથી, બે કાન હોય તો પૂરતું છે.'

આ વાત મથુરાએ અંતરની કહી. અકસ્માત જ આજે એનાથી ચોખ્ખી વાત કરવાનો પ્રયાસ થઈ ગયો. એના મુખ પર વિચારકનું તીખું અકળ ગાંભીર્ય હતું.

વાસંતીએ કહ્યું, 'તો બીજા પાસેથી વધારીને કહેવાયલી વાતોને બદલે મારા મોઢે જ સાંભળી લો.'

મથુરાએ તરત એના ચહેરા તરફ જોયું ને જોતો જ રહ્યો કે કદાચ એ સાચી વાત કહે છે કે નહીં. તે જાણવા એના મોં સામે તાકી રહીને એ વાતનો અંદાજ લગાવતો હોય. એના પ્રત્યે દયા પણ આવી. એણે એને કહેવાની રજા આપી.

વાસંતીએ મથુરાને પોતાના દુઃખી જીવનનો એકમાત્ર આધાર માનીને આવેગપૂર્વક બધું જ કહ્યું કે એનો ધનંજય સાથે શો સબંધ હતો. એ સંબંધથી એના સતીત્વનો કશો ભંગ થયો નથી. અને કેવી રીતે એ સંપર્ક ક્રમશઃ વધીને એકાએક બંધ થઈ ગયો વગેરે સાચેસાચું કહી દીધું. પરંતુ ઠનુઆ ઘાટ પર એની પાસે હોવાની વાત અને નાસી જવાનું નક્કી કરીને નહીં નાસી જવાની વાત ન કરી. વાત પૂરી કર્યા પછી એ ખૂબ રડી અને મથુરાનો હાથ પકડીને હલાવી હલાવીને એક સાથે ઘણી વાર પૂછ્યું, 'કહો, આપે મને ક્ષમા કરી કે નહીં? તમારી શંકા તો દૂર થઈ ગઈ ને?'

મથુરા પથ્થરની મૂર્તિની જેમ નિશ્ચલ રહ્યો. માત્ર આંખો આંસુથી ભરાઈ આવી. એનું ગંજી પસીનાથી ભીનું થઈ ગયું. વાસંતી સમજી ગઈ કે એ પહેલાં કરતાં વધુ હતાશ બની ગયો છે. એ લાચાર બનીને ઓરડાની જમીન પર જ સૂઈ ગઈ.

આંગણામાંથી સાઇકલ ખેંચવાનો અવાજ આવવાથી તે દોડીને બહાર આવી. જોયું તો ખભા પર ખમીસ નાખીને શેરડીના કોલુ પર મૂકેલી સાઇકલમાં મથુરા હવા ભરે છે.

એણે પૂછ્યું, 'નાસ્તો કર્યા વિના સવારના પહોરમાં કઈ તરફ જાઓ છો?'

બીજી બાજુ જોઈને એણે જવાબ આપ્યો, 'ઘણે દૂર સુધી જવાનું છે. મારે માથે ઘણાં બધાં કામ છે.'

'મારા સોગન. આજ ન જાઓ, મને ખરાબ સપનું આવ્યું હતું.'

'હું ! મારા કહેવાથી સરકાર તારા સપનાની વાત શું માની લેશે ?'

એની વાત પર ધ્યાન ન દેતાં એ સાઇકલ પર ચડી ગયો. એ કશા કામ વિના જ બહાર જઈ રહ્યો છે તે સમજતાં વાસંતીને વાર ન લાગી.

ગલ્લાની દુકાન સામે ચાર માણસ હતા. એમનું 'સારા છો ને મંડલ', 'કઈ તરફ જાઓ છો ?' વગેરે પ્રશ્નોના જવાબ દીધા વિના જ એણે સાઇકલ પર સીધો રસ્તો લીધો. લોકો અંદરઅંદર વાત કરવા લાગ્યા.

'એચાર દિવસમાં જ ભલો માણસ કેવો સુકાઈ ગયો છે ! એને ખબર પડી ગઈ હશે. આટલું બધું સાંભળીને એ શું શાંતિથી રહી શકે ?'

'સાચું છે. એના અંતરમાં તો ભઠ્ઠી જેવી આગ સળગી રહી છે. કેવો માણસ હતો ને કેવો થઈ ગયો. દાઢી નથી કરતો. વાળ નથી ઓળતો. વાત પણ નથી કરતો. સાંભળ્યું છે કે હમણાં તો એ સરકારી કચેરીઓમાં હાજરી આપવા પણ નથી જતો.'

મથુરા પથ્થરવાળા રસ્તા પર પહોંચી ગયો હતો. આજે એના શરીરમાં ભારે આગ લાગી છે. જાતજાતના વિચારોએ એને ભાન વિનાનો કરી મૂક્યો. આજ સુધી બીજાની કહેલી વાતો પર વિશ્વાસ નહોતો મૂક્યો. વાસંતી તરફ ખરાબ વર્તન કરવા છતાં મનના ઊંડાણમાં એને માટે પ્રેમ હતો. હજુ પણ એના પ્રત્યે પ્રેમ છે, એટલે વધુ લાચારીનો અનુભવ થાય છે. એના જીવનની એ પહેલી સ્ત્રી, પરંતુ આજે એના મોઢે બીજાની સાથે હળીમળી જવાની એની વાત સાંભળીને એ ભાંગી ગયો. એણે ધારી લીધું કે એણે ધનંજયને દેહમનની બધી મધુરતા અર્પી દીધી છે એટલું ચોક્કસ. સ્ત્રી હોવાને કારણે તે આવું બધું કહી ન શકી. સત્ય માટેની એટલી હિંમત એનામાં ન હોઈ શકે. એ કેવી યુક્તિબાજ સ્ત્રી છે ! અને છેતરવામાં એની સુંદરતા એને મદદ કરે છે. એ ત્યારે સંકટમાં પડી ગયો છે. કેવી ભયંકર સમસ્યા ! એનો પ્રેમ, એની આકાંક્ષા અને ભાવિનાં એકાંત-રંગીન સ્વપ્નાં, વિના કારણે બધાં નકામાં થઈ ગયાં. વારંવાર એક જ વાત એના મનમાં આવે છે. એના પોતાના મોઢે કહેલી એની પ્રેમકહાણી. વિશ્વાસ કરવો જ પડશે. હવે આથી વધુ બીજું શું બની શકે ? આથી કાંઈ ઓછું નથી થઈ શકતું. એ પુરુષ થઈને, સ્વામી થઈને કેવી રીતે સહન કરી શકે ?

આજે સરકારી રસ્તા પર મોટરો, બસો ઘણી છે. દલંગઘાટમાં બજારનો દિવસ છે. વાન, ડીઝલ, ટ્રક અને જીપગાડીઓની આવ-જા ઝડપી છે. ધૂળના પ્રકોપથી આવવા-જવાનું મુશ્કેલ બની ગયું છે. મથુરાને કોઈ ખાસ કામ નહોતું. એ તો અમસ્તો જ બજાર તરફ નીકળી આવ્યો છે. દલંગઘાટના બજારમાં ધનંજયને મળવાની એની ઇચ્છા હતી, પરંતુ ધનંજય તેને મળ્યો નહીં. પાભચિલામાં એક સરકારી બંધ બાંધવાની વાત હતી, પરંતુ હજુ સુધી કશું થયું નહોતું એટલે એ કારણે જ ધનંજય શિલોંગ ગયો છે.

બપોરે એ ઘર તરફ ચાલ્યો. ઘરમાંથી જ એને વધારે અશાંતિ મળી છે. શું સુખ મેળવવા એ ઘેર જાય ? એ ખૂબ જ ઉદાસ થઈ ગયો. જૂની સ્મૃતિઓએ એના મનને અંધારામાં નાખી દીધું. પથ્થરવાળા રસ્તા પર એક માઈલ ચાલ્યો હશે ત્યાં બજાર પૂરું થવાનો સમય થઈ ગયો. બસ કે મોટરના આવવા-જવા તરફ ધ્યાન રાખવાની જાગૃતિ એનામાં બિલકુલ રહી નહોતી. એટલામાં મોટરથી ઊડેલી ધૂળે એનું મોઢું એકદમ સફેદ કરી નાખ્યું. રૂમાલથી મોઢું લૂછવાનું કે મોં પર રૂમાલ ઢાંકવાનું એ જાણે ભૂલી જ ગયો. મોટરોનાં હૉર્ન અને અવાજો પણ એના કાને ન પડ્યાં. જાણે કે તે ધ્યાનયોગી હોય તેમ પરમ નિસ્તબ્ધતા જ એના ધ્યાન પર છવાઈ ગઈ. આવાગમનના નિયમો ઉલ્લંઘીને એની સાઇકલે કેટલાય મોટર-ચાલકોને અગવડમાં મૂકી દીધા. કેટલાકે મોટર રોકીને એને કડવાં વચન પણ સંભળાવ્યાં, પરંતુ મથુરા એ બધી બાબતોથી બેધ્યાન રહ્યો. પોતે ક્યાં જાય છે, ક્યાં ગયો હતો, અને પોતે શા માટે ગયો હતો એ પોતે પણ નથી જાણતો. એના મનમાં તો બસ એક જ ચિંતા છે. આ ચિંતાનો કશો ઉકેલ નથી. આ ચિંતા જેટલી વધે છે એટલી જ પરિસ્થિતિની જટિલતા વધતી જાય છે.

છેવટ જેની શંકા હતી તે જ થયું. થોડી વાર પહેલાં ડીઝલ ટ્રકે ઉડાડેલી ધૂળથી એ ઢંકાઈ ગયો. ઝડપથી દોડી આવતી જી. એમ. સી. ટ્રકે બ્રેક લગાવી છતાં આવતી આફતને રોકી ન શકાઈ. સાઇકલ સાથે મથુરા ટ્રક નીચે આવી ગયો. થોડે દૂર જઈને ટ્રક અટકી. ડ્રાઇવરે નીચે ઊતરીને જોયું. લોહીથી દસેક ફૂટ રસ્તો રંગાઈ ગયો છે. એ એટલી ખરાબ રીતે

ઘવાયો છે કે માણસ જેવો લાગતો પણ નથી. માથામાં ઊંડો ઘા લાગ્યો છે. કેવું બીભત્સ દૃશ્ય! ગાડીથી કચડાયો કે તરત જ એનું મૃત્યુ થઈ ગયું. સાઇકલ ભાંગીને ભૂકો થઈ ગઈ.

અચાનક બ્રેક લગાવવી એ અકસ્માતનું ચિહ્ન, એનો અવાજ પણ દૈત્યના ચિત્કાર જેવો. એ સાંભળીને આસપાસના લોકો દુર્ઘટનાના સ્થળ પર દોડી આવ્યા. એ જોઈને ડ્રાઇવર ડરી ગયો. મરનાર માટે એને ઘણું દુઃખ છે, પરંતુ ઘટનાની ભયંકરતાએ એને ચેતનાશૂન્ય કરી નાખ્યો હતો. જ્યારે માણસો એની તરફ આવવા લાગ્યા ત્યારે એને ખ્યાલમાં આવ્યું કે ગામના લોકો સીધા નથી. મારીને એની કચુંબર કરી નાખશે. તેથી એણે જરાય મોડું કર્યા વિના ટ્રક મારી મૂકી. એના મનમાં દુઃખ જરૂર થયું, પરંતુ કચડાયેલા શબ માટે અફસોસ ન થયો. મરનારો તો મરી જ ગયો. જીવતા રહેનારે બચવું જોઈએ.

અકસ્માતના સ્થળે લોકોએ બૂમાબૂમ કરી મૂકી. પસાર થતી એક-બે બસે અટકી જઈ ને અકસ્માતનું કારણ પૂછ્યું. શબને ઓળખવાનું મુશ્કેલ હતું. ડાબો હાથ ટ્રકના ભાગથી બહાર હતો. હાથ પરથી મથુરા છે એમ ઓળખવાનું સરળ હતું. હાથે બાંધેલી ફાવરલ્યુબાની ઘડિયાળ ચાલુ હતી. ખમીસવાળો હાથ ને ઘડિયાળ પહેરેલા હાથથી જ લોકોએ અનુમાન કર્યું ને એમાંથી એકબે જણાએ એ મથુરા જ છે તેવો અભિપ્રાય આપ્યો. કેટલાય લોકો તો આ ભયંકર દૃશ્ય જોઈ ને આંખો બંધ કરીને દૂર ચાલ્યા ગયા.

પોલીસ આવી. દુર્ઘટનાના સ્થાનનું સારી રીતે નિરીક્ષણ કર્યું. કપાઈ ગયેલા જમણા હાથમાંથી વીંટી મળી તેથી મરનારની ઓળખ સહેલી થઈ પડી. પરંતુ અકસ્માત કરનાર મોટરને પકડવાનું ગામની પોલીસ માટે મુશ્કેલ હતું. પવનની પેઠે સમાચાર ચારે તરફ ફેલાઈ ગયા. મોજાપુરથી ભોગરામે આવીને પોલીસે બતાવેલી વીંટી ઓળખી. શહેરમાં મરણોત્તર તપાસ થયા પછી શબને ઘેર લાવવામાં આવ્યું. વાસંતી ગાંડી બનીને લોહીથી લથપથ થયેલા શબ પર પડીને રડતાં રડતાં બેહોશ બની ગઈ. ઘરના બધા લોકોની એ જ હાલત હતી. પાડોશીઓ પણ મથુરાના શોકમાં ડૂબી ગયા. બેભાન સ્થિતિમાં જ કોઈએ વાસંતીના માથેથી સિંદૂર ભૂંસી નાખ્યું.

હાથની ચૂડીઓ અને કાનના 'કેરુ' ઉતારી નાખ્યાં.

દહનસંસ્કાર ટાણે મથુરાના મિત્ર મીનાધરે ભારે અવાજે કહ્યું, 'મિત્રનું મૃત્યુ અકસ્માતથી થયું છે એમ હું નથી માનતો. એણે આપઘાતનો એક નવો ઉપાય શોધી લીધો. સમજ્યા સરુમણિભાઈ, હું મારા મિત્રને સારી રીતે ઓળખતો હતો. મને એણે કેટલીય વાતો કરી હતી. લાગે છે કે દોસ્ત મહાન હતો. પોતે તો મરી ગયો પણ આપઘાતની બદનામીથી ઘરને બચાવી લીધું. એ બરાબર જ છે. જ્યારે પોતે જ મરવાનું નક્કી કરી લીધું હોય તો શા માટે મર્યો એ બીજાને કહેવાથી શો ફાયદો ? મરનારને જીવતાં માટે આસક્તિ ન રહી.'

આટલું કહીને મીનાધરે ટુવાલથી મોં ઢાંકી દીધું. એની બંને આંખો આંસુથી ભરાઈ ગઈ. એક ઊંડો નિસાસો નાખી એ ચિતા પાસેથી ખસી ગયો—કદાચ એકાંતમાં રહીને વધુ રડવા માટે.

ધીરેથી કહેલી મીનાધરની આ વાતો નજીકના એકબે જણે સાંભળી, પરંતુ કશી વધુ જિજ્ઞાસા ન બતાવી. આવું ભયંકર પરિણામ જોઈને લોકોને ભાગીરથના કુટુંબ માટે ભારે સહાનુભૂતિ થઈ. આવા સમયે જૂઠું બોલવું એ કેવું ગાંડપણ છે ! મરનાર તો મહાન થઈ ગયો.

સોળ

ભાગીરથ અને ભનિતા વાસંતીને ખૂબ પ્રેમથી સાચવવા લાગ્યાં. ભર્યા યૌવનમાં છોકરીની આવી સ્થિતિ જોઈને એને બીજી કોઈ બાબતનું દુઃખ ન થાય, એની મુસીબતો એને ચિંતામાં ન નાખી દે એ માટે ડોસા-ડોસી ઘણાં જાગ્રત રહેવા લાગ્યાં. એ ઉપરાંત કુટુંબ વાસંતીને કારણે બંધાઈ રહ્યું. ડોસા-ડોસી વહુનું મોં જોઈને દીકરાનો શોક ભૂલવાની કોશિશ કરવા લાગ્યાં. ક્રિયાકર્મ પછી વાસંતી માને ઘેર ચાલી ગઈ. જતી વખતે ભાગીરથે કહ્યું,

'દીકરી, જો તારે ત્યાં જ રહેવું હોય તો અમારી ના નથી. અમને તેથી દુઃખ નહીં લાગે.'

વાસંતીએ વચન આપ્યું, 'પિતાજી, લગ્ન થયા પછી છોકરીને માને ઘેર રહેવાનો અધિકાર નથી. અને હું ત્યાં કઈ મૂડીને આધારે દિવસો વીતાવું ?'

વહુની વાત સાંભળીને ભાગીરથ કાનૂનગોને સંતોષ થયો. ભનિતાએ એમને કહ્યું કે વાસંતીને ચાર માસનો ગર્ભ છે. આશાભર્યા ભાગીરથ કાનૂનગો પ્રથમ પૌત્રનું મુખ જોવા માટે રાહ જોવા લાગ્યા. એક પૌત્ર થશે તો જગતમાં મથુરાની નિશાની રહેશે. વાસંતી ભનિતાની સાથે માને ઘેર જઈને ચાર દિવસ રહી. ભોગરામ અને તરુલતાએ એને મોરાપુરમાં જ રહેવાનો આગ્રહ કર્યો. એણે એમના સહાનુભૂતિભર્યા આગ્રહનો સ્વીકાર કર્યો નહીં. નમ્રતાથી મનની વાત કહીને એ ભનિતાની સાથે દરંગિયાલ પાછી ચાલી ગઈ.

માની હાલત સાચે જ ખરાબ છે. બીમારી ઘણા સમયથી ચાલુ છે એટલે એ અચાનક મરી ન ગઈ. જતી વખતે માએ એને કહ્યું, 'દીકરી તું પાછી ચાલી જા, તારો ત્યાં રહેવાનો ઇરાદો જાણીને મને સંતોષ થયો છે. સાસુસસરાને જ માબાપ સમજજે. હું તો કોણ જાણે કેટલા દિવસની મહેમાન છું ? આ ગામના મારા એકેએક સાથીદાર ચાલ્યા ગયા છે. આ ક્ષોભ સાથે હું જીવવા નથી ઇચ્છતી. દીકરી, ક્યારેક ક્યારેક આવતી રહેજે.'

માના ચરણની રજ લઈ, આંસુ પાડીને તે પાછી આવી ગઈ હતી. શોકમાં ભોગરામ બોલી જ શક્યો નહોતો. માથે હાથ ટેકવીને એકાંતમાં બેઠેલા ભોગરામે વાસંતીને ભનિતાની સાથે જતાં જોઈ એક ઊંડો નિસાસો નાખ્યો. એની સાસુએ ત્યાંનું વાતાવરણ ઘણું ભારે કરી નાખ્યું હતું. એને પહેલી વાર ભાઈને માટે સ્નેહ પેદા થયો. ભોગરામ કદાચ હવે સુધરી ગયો હશે ? કદાચ હવે ઢલપુરિયા સ્ત્રી સાથેની બદનામીની વાત ભુલાઈ ગઈ છે. ખેતરમાં વાવવા અને લણવાની સાથે સાથે સોનાઈકાંઠાની મનોહર પ્રકૃતિના ઋતુપરિવર્તનની સાથે જ સોનાઈપરિયાની ગ્રામજનતા પોતાનો દુઃખભર્યો, કલંકિત અને મૃત્યુનો પણ સામનો કરતો ભયાનક અતીત ભૂલી જાય છે. સોનાઈપરિયા લોકો ઉદાર હોય છે. ખેતીના કામ પછી ભગવાન કૃષ્ણની પૂજા કરે છે. સોનાઈનું વહેણ નિત્યનૂતન, સોનાઈનો અજાણ્યો અભિપ્રાય પણ નિત્યનૂતન, મૂર્તિમતી સોનાઈની જૈવિક ચેતના પણ જાણે નિત્યનૂતન.

સોનાઈપરિયાનાં મન અને માણસો પણ નિત્યનૂતન. રસમય નૂતનતાના વહેતા કાલની ગતિની ચેતનાથી ભોગરામની અપકીર્તિ, કેટલાયનાં મધુર સ્વપ્નો, સમાજે સ્વીકારેલું કલંક, ભોગરામનો પૂર્વ ઇતિહાસ અને વાસંતીની જ્વાળા જેવી યંત્રણા ભૂંસી નાખે છે. પરંતુ વાસંતી રૂપવતી પ્રકૃતિમાં અને ચારે દિશાએ સ્પંદિત ગતિમય પૃથ્વી પર નિત્યનૂતન બનવાની આશાનો આધાર શોધી શકતી નથી. હવે એની આશા સાસુસસરાની આશા સાથે મળી ગઈ છે. એક બાળક મેળવવાની એની ચિરકાલ આશા! પરંતુ એ તો જન્મથી દુ:ખી છે. દુર્ભાગ્ય જ એના જીવનનો આધાર છે. એ સ્ત્રીને કોઈ આશા કે ભવિષ્યનો વિચાર કરવાની હિંમત કેવી રીતે થઈ શકે ?

કુટુંબમાં સઘળા લોકો પાસેથી એણે આશાતીત આદર મેળવ્યો છે. પારુલ અને પૂતલી એને હસાવવા અને મજાક કરાવવા માટે ખૂબ પ્રયાસો કરે છે. ભાગીરથ કાનૂનગો એના ખાવાપીવાની ઇચ્છા પર પણ ધ્યાન આપે છે. ભનિતા એને પોતાની પાસે સુવડાવીને શાંતિ મેળવે છે. રાત્રે ડોસી એના માથા પર હાથ ફેરવીને ગુણમાલા(શ્રી શંકરદેવનો કૃષ્ણમહિમાના વર્ણનવાળો શ્લોક)નું કીર્તન કરે છે.

પરંતુ આ બધાથી વાસંતીને શાંતિ નથી મળતી. એક વાત એને વારંવાર સતાવે છે. એને હંમેશ વિચાર આવે છે કે એની જ ભૂલથી મથુરાનો જીવ ગયો. સોનાઈપરિયાની યુગયુગથી ચાલી આવતી શ્રદ્ધાના દર્શનથી તે અજાણી નથી. માએ પણ તે કુમારિકા હતી ત્યારે આ દર્શનની બાબતમાં સમજાવ્યું હતું. સ્ત્રીના મનમાં પાપ પેસવાથી જ પુરુષ પર મુસીબત આવે છે. વાસંતીનું જીવન પણ ઊંધે રસ્તે જ ચાલે છે. એના મનમાં પણ પાપ આવી ગયું હતું. એક દિવસ ધનંજય સાથે નાસી જવા માટે ઉતાવળી થઈ ગઈ હતી, પરંતુ મૃત્યુ પછી પણ તે મથુરાને જ દોષિત ઠરાવે છે. સાચા ઉદ્દેશથી દોષ સ્વીકારવાને લીધે મનુષ્યની મૌલિક સત્તાનું રૂપાંતર થાય છે. એણે પણ એ જ રીતે સ્વીકાર કર્યો હતો. એટલા માટે કે એ મથુરાને પ્રેમ કરતી હતી. એણે સમજવાની કોશિશ જ ન કરી. એની દુ:ખભરી વિનંતી પણ એણે ન માની. ક્ષમા આપીને એ મહાન ન બની શક્યો. એની વ્યાકુળ અને કરુણ વિનંતીમાં એક સુખશાંતિભર્યો સંસાર વસાવવાનો જે સંકલ્પ હતો એને એ જોઈ ન શક્યો. એણે સામાન્ય અનુકંપા પણ ન બતાવી. એણે બીજા કયા કાર્યમાં પુરુષનાં

ચિહ્નો બતાવ્યાં? એણે પાગલ થઈને, ઉદાસ બનીને પોતાની જાતને ક્ષીણ કરનાર માર્ગ પસંદ કર્યો. કદાચ ચિંતામાં વધુ અસ્થિર બની ગયો હતો. અને આ બધાં કારણોથી જ એ દુર્ઘટનામાં મરી ગયો. જો એ વાસંતીને ઘરબહાર કાઢી મૂકીને પોતે જીવતો રહ્યો હોત તો એને આનંદ થાત. ઓછામાં ઓછું એના સેંથાનું સિંદૂર તો રહી જાત. ભાંગેલો વાંસ કદાચ એક દિવસ જોડાઈ જાત. જે માણસને માત્ર સંદેહ આટલો અસ્થિર બનાવી શકે, માનસિક યંત્રણા જે ભ્રમમાં સહન કરી ન શકે, એ માણસમાં પુરુષોચિત મનોબળ શાનું? આત્મવિશ્વાસ ક્યાં? વીરતા ક્યાં?

દુઃખના દિવસોનું ઝાકળ સુકવીને મહિનાઓ આગળ વધતા ગયા. વાસંતીને હવે કોઈ ચિંતા સતાવતી નથી. એને હવે એક જ ચિંતા છે. ક્ષેમકુશળ રીતે બાળકનો જન્મ થઈ જાય. એને જ આધારે તે જીવી જશે. એના નવ મહિના પૂરા થઈ ગયા. ખાવાપીવાનું નથી ગમતું. શ્વાસ લેવામાં પણ તકલીફ પડે છે. ઊંઘ પણ ઓછી થઈ ગઈ છે. પેટમાં દર્દ રહે છે. ભનિતા સરસવના તેલની માલિસ પેટ પર કરી આપે છે. એ પહેલાંની જેમ ઊઠીબેસી શકતી નથી.

ઘરમાં એની સારસંભાળ બરાબર લેવાય છે. એને ખાવા માટે 'મહીન–જહ' (આસામના ઊંચી જાતના સુગંધી ચોખા) જ આપવામાં આવે છે. બે મહિના થયા ત્યારથી સૂતા પહેલાં પાશેર દૂધ હંમેશ પીએ છે. હવે ભાગીરથ વચ્ચે વચ્ચે શહેરમાં જઈને ઑસ્ટો કૅલ્શિયમ, આયર્ન ટૅબ્લેટ્સ જેવી જાતજાતની વિલાયતી દવાઓ લાવે છે. દવા ભનિતાને આપીને ભાગીરથ કહે છે, 'આ દવાઓ સમયસર ખવડાવજો. આ ખાવાથી પ્રસવ વખતે કષ્ટ ઓછું થાય છે. બાળકનાં હાડકાં પણ મજબૂત બનશે. એક બીજી વાત સાંભળો ભનિતા. જ્યારે દસ મહિના પૂરા થાય તે દિવસે પલ્સેટિલા એટલે કે દસ નંબરની પલ્સેટિલા ખવડાવવી પડશે. એ વાત યાદ રાખજો.'

એ જ સમયે એક બીજો બનાવ બન્યો. મોરાપુરથી એક માણસે આવીને સમાચાર આપ્યા કે સવારે વાસંતીની માનું અવસાન થઈ ગયું. ભોગરામે વાસંતીને લાવવા માટે એને મોકલ્યો છે. માના મૃત્યુના ખબર સાંભળીને વાસંતી રડીને તૂટી ન પડી. એણે જીવનમાં આથી પણ ભારે શોક સહન કર્યો છે. એક પછી એક શોકઘટનાએ જીવનની ગતિમાં પરિવર્તન કરી દીધું છે. માનું મૃત્યુ થઈ ગયું. સારું જ થયું. ઉંમર થઈ ગઈ હતી. અને માંદગીએ પણ

એને ઓછું કષ્ટ નથી આપ્યું. એ ઉપરાંત વૃદ્ધાએ આ જ જીવનમાં કેટલીય જાતનાં દુઃખ સહન કર્યાં છે. મરતી વખતે દીકરીનું સૌથી મોટું દુઃખ પણ સહન કરવું પડ્યું. જીવતી હોત તો બીજાં પણ કેટલાં દુઃખો સહેવાં પડત એ કોને ખબર છે? જીવનમાં દુઃખ સહેવા માટે જ ઘણાના જન્મ થયા છે.

માના મૃત્યુની વાત સાંભળીને વાસંતીના મનમાં આ રીતના જ વિચારો આવ્યા.

ગમેતેમ પણ સુજલા એની મા હતી. આ જન્મમાં હવે 'મા' કહીને બોલાવવા માટે એને કોઈ નહીં મળે. તે થોડો સમય રડતી રહી.

મરનારને ત્યાં શોક દર્શાવવા ભાગીરથ અને ભનિતા જ ગયાં. ભોગરામ અને તરુલતાને વાસંતીના ન આવવાનું કારણ સમજાવી દીધું.

વાસંતી માના મૃત્યુ પર પણ ઘર છોડીને કેમ ન જઈ શકી તે લોકોને સમજાવવાનું ખાસ પ્રયોજન નથી. બધા જ જાણે છે કે ગર્ભવતી સ્ત્રીએ સાતમે મહિને અને નવમે મહિને ઘર છોડીને ન જવું જોઈએ. આ નિયમનો ભંગ કરવાથી માત્ર માને માટે જ વિપદ નહીં પણ બાળકને માટે પણ જોખમ છે.

માના શ્રાદ્ધમાં લોકોને પ્રણામ કરીને, માની સદ્‌ગતિની કામના કરીને અને મરનારના આત્મા પાસેથી આશીર્વાદ મેળવવાનું પણ ભાગ્ય બિચારી વાસંતીને ન મળ્યું.

સત્તર

વાસંતીની ગર્ભાવસ્થા પૂરા દસ મહિના સુધી ન પહોંચી. અચાનક જ પ્રસવપીડા શરૂ થઈ ગઈ. ઘરનાં બધાં માણસો એમાં જ વ્યસ્ત થઈ ગયાં. ભનિતાએ એને એક જુદા ઓરડામાં રાખી, ઘરમાં છતની વળીથી બાંધેલા દોરડાનો બીજો છેડો વાસંતીના હાથમાં પકડાવી દીધો. દોરડું ખેંચતી ખેંચતી વાસંતી પીડા સહેવા લાગી. ભનિતાએ કહ્યું, 'દીકરી, જરાય ચિંતા ન કરીશ. જલદી છૂટી થઈ જઈશ.' કહેતી દિલાસો આપતી પાસે જ બેસી રહી.

પેલી બાજુ ભાગીરથ કાનૂનગોને ચેન નથી. સાઇકલ પર ચમૂઆ ગામ ગયા. ભૂવાએ એક આંગળી પાણી ફૂંકીને આપ્યું. ફૂંકેલું પાણી વાસંતીએ થોડું માથા પર લગાડી બીજું પી લીધું. કાંઈ અસર ન થઈ. પ્રસૂતાની વેદના બે કલાકથી ચાલે છે. ધીમે ધીમે વેદના વધતી ગઈ. પ્રસૂતિવાળા ઓરડામાંથી વાસંતીની હૃદયભેદક ચીસો ભાગીરથને અસહ્ય થઈ પડી. ગામમાં જઈને વૈદ અને દવા શોધવા માટે એમણે જુદા જુદા માણસોને મોકલ્યા. ઘેર આવીને સાંભળ્યું કે વાસંતી પીડાને કારણે બેહોશ છે. ભાગીરથ હતાશ થઈ ગયા

એક કલાક પછી ભાગીરથે મોકલેલો છોકરો પાછો આવ્યો. એ એક દોરી લાવ્યો હતો. દલંગઘાટની 'મેમન સિંગયા' (પૂર્વ બંગાળના મેમનસિંગ જિલ્લામાંથી આવેલા લોકો, જે આસામમાં વસી ગયા છે.) સ્ત્રીએ મંતરી આપેલો દોરો ભનિતાએ વાસંતીની કેડે બાંધી દીધો. થોડી વાર માટે એનામાં ચેતન આવ્યું, પરંતુ કણસવાનું વધતું જ ગયું. સમાચાર સાંભળીને કપિલી દાયણ આવી ગઈ. હવે ભાગીરથને થોડી નિરાંત લાગી. કપિલીબાઈએ પ્રસૂતા

પાસે થોડી વાર બેસીને એનાં લક્ષણો જોયાં. એ સમજી ગઈ કે વાત ગંભીર છે. દુઃખ નીચેથી આવે છે છતાં વચ્ચે વચ્ચે પ્રસૂતાને મૂર્છા આવી જાય છે. આ રીતે વધુ વાર ચાલશે તો એ મરી જશે. કપિલીએ કોઈના કહેવાની રાહ ન જોઈ. એ પોતાના કામમાં લાગી ગઈ. હાથેથી જ બાળકનો જન્મ કરાવ્યો. ભનિતાએ બહારના લોકોને કહ્યું : 'છોકરો છે.' પરંતુ છોકરો જન્મીને રડયો નહીં. વાસંતી બધી વેદના ભૂલીને એની આશાનું ધન જોવા લાગી. નિમિષમાત્રમાં બધું દુઃખ ભૂલી ગઈ. સંતોષથી આંખો બંધ કરી દીધી, પરંતુ બાળક તો રડયું નહીં. એ ઉંવા ઉંવા રડે તે કેટલું સુરીલું લાગે ? એ રડવાનું વાસંતીને માટે મધ જેવું મીઠું હશે. પૌત્રની આશામાં રહેલાં ભનિતા અને ભાગીરથને પણ બાળકના પ્રથમ રુદનનો અવાજ ખુશ કરી દેશે.

ઘણો સમય વીતી ગયો, કપિલીને એક ખરાબ શંકા પડી. બાળકની છાતી પર હાથ રાખીને જોયું. છાતીમાં પ્રાણ છે. હાથની નાડી ચાલે છે પણ ગતિ બરાબર નથી.

ઘરની છત પર ચડીને બે બાળકોએ તૂટેલું ટિન વગાડયું. લોકો માને છે કે શાંત રહેનારું બાળક આ રીતે જાગી જાય છે. પરંતુ એવું થયું નહીં. બાળકની સ્થિતિ પહેલાં જેવી જ મરેલી રહી. કપિલીબાઈએ બહાર આવીને કાનમાં ધીમેથી કહ્યું, 'ભાગીરથભાઈ, એક કામ કરો. બાળક આ રીતે રહે તેમાં કાંઈ ભય નથી. કેટલાંય બાળકો ઘમંડી બનીને દુનિયામાં આવે છે. રોતાં નથી. ચૂપ રહે છે. આ ઘમંડને તોડવા માટે બાપે કાંઈક ભેટ આપીને રાજી કરીને બોલાવવો જોઈએ. પરંતુ એ અર્ધી આંગળી જેટલું કપાળ લઈને જન્મ્યો છે. બાપ વિના સંસારમાં આવ્યો છે. એટલે તમે દાદા છો તોપણ એને કાંઈક આપીને બોલાવો.'

કપિલીના કહેવા અનુસાર બધા નિયમ, કાનૂન અને સંકોચ છોડીને ભાગીરથ પ્રસૂતિગૃહમાં આવ્યા. વાસંતી ભાનમાં છે, એણે લાંબો ઘૂંઘટ ખેંચી લીધો. વૃદ્ધ ભાગીરથે બાજુએ લાકડીની જેમ પડેલા પૌત્રની તરફ જોયું. દૂરથી જ સોનાના બે સિક્કા એની છાતી પર મૂકી દીધા ને બોલ્યા, 'રાજા બેટા, ઘમંડ છોડી દે, આંખો ઉઘાડીને જો. મારા સોગન, દાદાની પાસે ગર્વ છોડી દે.'

આમ કહીને વૃદ્ધ પૌત્ર તરફ જોઈ રહ્યા. રડવાનું કે આંખો ઉઘાડવાનું

એકેય લક્ષણ દેખાયું નહીં. લગભગ પાંચ મિનિટ પછી એકાએક બાળક ચોંકી ઊઠ્યું. થોડી વાર પછી રડવા જેવું મોઢું કર્યું. પરંતુ રડ્યું નહીં. થોડી થોડી વારે હેડકી ખાવા લાગ્યું. ભયની મારી વાસંતી ચીસ પાડી ઊઠી. ભનિતાએ બાળકની છાતી પર હાથ મૂક્યો. એણે પોતાની બંને આંખો બે વાર સારી રીતે ઉઘાડી અને તે પછી હંમેશને માટે બંધ કરી દીધી. થોડી વાર માટે રોકાયેલો જીવ એકદમ ઊડી ગયો. પ્રસૂતિઘરમાં જાણે આગ લાગી ગઈ. વૃક્ષનાં પાંદડાં પણ ખરી પડે એવું આક્રંદ સાંભળીને આસપાસના લોકો શાંત ન રહી શક્યા. આંગણામાં ટોળું જામી ગયું.

એકાદ કલાક પછી ઘર થોડું શાંત થયું. બાળકને વાસંતીના ખોળામાંથી લઈ જતી વખતે ફરીથી રડારોળ થઈ ગઈ. ભનિતા કોઈ રીતે એના ખોળામાંથી મૃત બાળકને લઈ ન શકી. ભનિતા બાળકને લેવા માટે જેટલી કોશિશ કરતી એટલા જ જોરથી વાસંતી બાળકને પોતાની છાતી સાથે જડી દેતી. છેવટ દાઈ કપિલીબાઈએ નિર્દય બનીને બચ્ચાને એના ખોળામાંથી છીનવી લીધું. વાસંતી ચીસો પાડી પાડીને ઊંધી વળી જઈને રડવા લાગી, 'ઓ મારા રતન, હું પણ તારી સાથે મરી જઈશ, મા, પિતાજી મને પણ એની સાથે દાટી દો.'

ભનિતા સહન ન કરી શકી અને પ્રસૂતિગૃહમાંથી ચાલી ગઈ. મૃત બાળકને ખોળામાં લઈને ભાગીરથ સ્મશાન તરફ જવા લાગ્યા. એમની પાછળ કોદાળી, પાવડો લઈને બે માણસો ચાલ્યા. કપિલીબાઈ વાસંતીને આ સ્થિતિમાં મૂકીને ઘેર ન ગઈ. બાળક કેમ મરી ગયું એનું કારણ વિચારતાં વિચારતાં પ્રસૂતિઘર સાફ કરવા લાગી. સાંજ પડી ગઈ. એના જવાને સમયે ભનિતાએ જાતે વાત કાઢી એટલે કપિલાએ પણ મનની વાત કહી.

'કપિલીબાઈ, ભગવાન પણ આની સાથે મજાક કરે છે. ચોથા મહિને મથુરાનો આઘાત પામી, પછી વળી માનું મૃત્યુ થયું. આજે પાછું આવું બન્યું.'

'સાચું જ કહો છો. બાળક પેટમાં હોય ત્યારે સ્ત્રીઓએ બાળકની ભલાઈ માટે જ ખુશીમાં રહેવું જોઈએ. પરંતુ એને તો ભારે દુ:ખ જ સહન કરવું પડ્યું. કોણ જાણે કેટલી રાતો ઊંઘ્યા વિના રડી રડીને વીતાવી હશે. મા વૃદ્ધ હતી, પરંતુ પોતાની માના દુ:ખે એને આઘાત આપ્યો.

આવી સ્થિતિમાં ગર્ભવતીને મરવાની આશંકા વધુ હોય છે. એ તો કોઈ પણ રીતે બચી ગઈ. બાળકનું મરવું સ્વાભાવિક હતું. કોઈ ભૂવો કે પંડિત પણ બચાવી ન શકે. પેટમાં રહેતી વખતે જ એના પર ખરાબ અસર થઈ. આવી સ્થિતિમાં સ્ત્રીઓને મરેલું બાળક જ પેદા થાય છે.'

છેવટે કપિલીનો અવાજ ધ્રૂજવા લાગ્યો. ભનિતાએ આંસુ છુપાવવાની કોશિશ ન કરી. રડતાં રડતાં કહ્યું, 'બાઈ, વધુ વાતની જરૂર નથી, બસ. આટલું જ પૂરતું છે.'

વાસંતી બે દિવસ સુધી પથારીમાંથી ઊભી ન થઈ. ત્રીજે દિવસે આંખો ખોલી એકીટશે છત તરફ જોઈ રહી. ભનિતાએ એને બેસવા માટે કહ્યું, પરંતુ એણે સાંભળ્યું નહીં. વારંવાર કહેવા છતાં અનાજનો એક પણ દાણો મોંમાં ન નાખ્યો. ન ખાવાનું ભનિતાએ ખરાબ ન ગણ્યું. પહેલા ત્રણ દિવસ સુધી કશું ન ખાવું એ જ સારું. પ્રસૂતિમાં નાડી નબળી પડી જાય છે. બધું ખાઈ પણ શકાતું નથી.

એક દિવસ વીત્યો, બીજો પણ ગયો. જોતજોતામાં દસ દિવસ વીતી ગયા. ખાવાના નામે પાણી સિવાય એ કશાને ન અડી. બેસવાઊઠવા જેટલી શક્તિ પણ શરીરમાં નહોતી. ઘરનાં બધાં માણસો ભારે ઊંડી ચિંતામાં પડી ગયાં. ભોગરામને સમાચાર મોકલાવ્યા. ભોગરામ અને તરુલતાએ આવીને ખૂબ જ સમજાવી, પણ એ તો અચળ-અટલ રહી. બધાંને એમ જ લાગ્યું કે ખાવાનું છોડીને એણે મરવાની પ્રતિજ્ઞા કરી લીધી છે. વડીલો પણ શું કહીને એને સાંત્વન આપી શકે? એની ચારે બાજુ તો અંધારું છે! સ્ત્રી જીવતી રહેશે તો સંતાનનું મોં નહીં જુએ શું? શું એક બાળક મરી ગયું તેથી સ્ત્રી ખાધા વિના મરી જશે? – વગેરે કહીને દિલાસો આપવાનો કોઈ ઉપાય નહોતો રહ્યો. બધાં સમજતાં હતાં કે એ શા માટે આ રીતે મરવા ઇચ્છે છે. ગામના લોકો હરિનામ લે છે. એના જીવનના પહેલા અને છેલ્લા સંતાનને પોતાના દિલનો પ્રેમ ન આપીને એનાથી વંચિત થવાથી પાગલ બની જવું તો સ્વાભાવિક જ છે. પરંતુ આઘાત લાગવાથી દસબાર દિવસ ભૂખ ન લાગે તે કેવી વાત? કદાચ એને ભૂખ ન લાગે તેવી માંદગી થઈ ગઈ હોય.

દાક્તરને ઘેર બોલાવવામાં આવ્યો. દાક્તરે પણ કહ્યું કે માનસિક બીમારી જ છે. છતાં ભાગીરથને ઘણી સૂચનાઓ આપી ગયો. બાર દિવસ

થઈ ગયા. હવે એ પોતાની ઇચ્છા પ્રમાણે ઘરના ઉંબરા પર બેસવા લાગી. નજરી તો પહેલેથી જ થઈ ગઈ હતી, પરંતુ હવે તો એની સામે જોઈ પણ નહોતું શકાતું. બહેરીમૂંગી થઈ ગઈ હોય તેમ એ દુનિયાથી અજાણ રહેવા લાગી. ઉંબરા પર બેસીને ઊંચે જોઈ રહેતી. ઉપર એવી રીતે જોઈ રહેતી કે જાણે અદૃશ્ય તારાઓ સાથે દોસ્તી કરતી હોય

પહેલાં વાસંતી સાસુસસરાની વાત સાંભળતી હતી. હવે એ લોકોની વિનંતી ન માનવાને કારણે એમની ચિંતા તો વધી જ છે, પરંતુ એના પ્રત્યે ફરિયાદ નથી. એ વધુ કેટલાં દુઃખ સહી શકે!

ભોગરામ પણ ખૂબ ચિંતામાં પડ્યો છે. એ પોતાને દોષિત સમજવા લાગ્યો છે. એના વાંકથી જ વાસંતીના જીવનને આવો વળાંક લેવો પડ્યો. આ મહિને એની પાસે બિલકુલ સમય નથી. કૉન્ટ્રાક્ટનાં બધાં કામ આ મહિનામાં જ પૂરાં કરવાનાં છે. બહેનને ઘેર એક દિવસ રોકાઈને પાછો ફર્યો. તરુલતા એક દિવસ વધુ રોકાઈ ગઈ. ઘરમાં બાળકોને લીધે અનેક જંજાળ હોય છે. એ કારણે જ એણે વાસંતીને છોડીને ચાલ્યા આવવું પડ્યું.

બે દિવસ પછીના એક બનાવે સૌને સ્તબ્ધ કરી દીધાં. ભાગીરથ આંગણાના એક ખૂણામાં દોરી વણતો હતો. સવારના દસનો સમય હતો. રોજની જેમ વાસંતી ઉંબરા પર બેઠી હતી. 'પદુલિમુખ' પર એક પછી એક એમ લગાતાર ત્રણ વાર સાઇકલની ઘંટડી વાગી. વાસંતી પણ એ તરફ તાકી રહી. ભાગીરથે પણ માથું ઊંચું કરીને જોયું. ઓળખી ન શક્યો. ક્યાંય જોયા હોય તોયે યાદ ન આવ્યું. પોતાના અવસાન પામેલા પુત્ર જેવો જ સુંદર નવયુવાન માણસ સફેદ હાફપૅન્ટ અને ખમીસ પહેરેલો યુવાન લાગે છે. દાક્તર જ હશે, કારણ કે સાઇકલના હૅન્ડલ પર એકદમ શહેરના દાક્તર જેવી જ ડૉક્ટરી બૅગ ટાંગેલી છે.

માણસે સાઇકલ 'નંગલા' (એક પ્રકારનો વાંસનો દરવાજો) સાથે ટેકવીને રાખી. કોઈને પૂછ્યાગાછ્યા વિના સીધો અંદર ચાલ્યો આવ્યો. એને જોઈને વાસંતી એકદમ અંદર ચાલી ગઈ.

એક અજાણ્યાને બેસતાં જોઈને ભાગીરથે પૂછ્યું, 'તું કોણ છે બેટા?'

એણે જવાબ આપ્યો, 'હું કોઈ પરિચય કરવાને લાયક માણસ નથી. છતાં પૂછો છો એટલે કહું છું. હું પાભચિલાનો ધનંજય છું.'

'હા, નામ તો સાંભળ્યું છે. મને તો આજ સ્વર્ગ હાથમાં આવી ગયું. તું જાતે જ આવ્યો છે તે સારું જ કર્યું. ભોગરામે તને ખબર આપેલા કે શું ?'

ધનંજયે જૂઠું કહ્યું, 'ના, આ બાજુ આવ્યો એટલે અહીં જ ખબર પડી, મનમાં થયું કે એક વાર જોતો જાઉં. પરંતુ જો ખાવું જ ન હોય તો દવાથી શો લાભ થવાનો ?'

ધનંજયનો અવાજ થોડો હતાશાભર્યો, મન પણ જરા દબાયેલા જેવું હતું. એ મૂળમાં જેટલો ગંભીર છે તેના કરતાં કાંઈક વધારે ગંભીર થઈ ગયો છે. વૃદ્ધ ભાગીરથે એવું જ અનુમાન કર્યું. એના પ્રત્યે કૃતજ્ઞતાભરી દૃષ્ટિથી ને બારીકાઈથી જોયું. કપડાં આટલાં સાફ પહેર્યાં છે પરંતુ વાળ વીંખાયેલા છે. દાઢી પણ બનાવી નથી. કોઈ દારુણ દુઃખે જાણે એની બંને ખૂબસૂરત આંખોની ચમક અને મુખની કાંતિ હરી લીધાં છે.

'પહેલાં એને જોઈ લેશો બેટા ?'

'બોલાવી દો.'

ભાગીરથે અંદર જઈને કહ્યું. અને પછી ધનંજયની પાસે આવ્યો. ઘણા દિવસ પછી વાસંતીએ આજે જ સાસુ સાથે વાત કરી.

'બેટી, તો પછી હવે હું એમને જવાનું કહું છું.'

'એ કોઈને ઘેર પોતાની મેળે આવતાં અચકાતા નથી.'

'તું એમને ઓળખે છે!'

'ઓળખતી હતી.'

'એણે શો દોષ કર્યો છે? ચિકિત્સાના જ્ઞાનવાળો છોકરો છે. અને તું બહાર આવવા જ નથી ઇચ્છતી. બીજાઓએ આપણે ઘેર ન આવવું જોઈએ શું ?'

વાસંતીને હવે ભાન આવ્યું. ધનજયે અહીં આવીને ભૂલ કરી છે. એણે નાસી ન જઈને જે ભૂલ કરી હતી તેનાથી પણ મોટી ભૂલ આજે તે કરી રહ્યો છે. એને મનથી મરેલો માનીને, ભૂલી જઈને હવે જો એ ધનંજય પ્રતિ વિરૂપ ભાવ બતાવશે તો પકડાઈ જશે. સાસુ જરૂર કહેશે, 'બધાની સામે તો આવે છે, આની સામે શા માટે નથી આવતી?' ધનંજયની હિંમત એને ગમી. પરંતુ શું આ હિંમત સાચી છે? પુરુષ હોવાને કારણે એનામાં

મનોબળ છે. શું એટલા માટે તે પકડાઈ જવાના ડરની ઉપેક્ષા કરીને એના દુઃખમાં ભાગીદાર બનવા અહીં આવ્યો છે?

છેવટે એ સાસુની સાથે જે ઓરડામાં ધનંજય બેઠો હતો ત્યાં આવી. નાની પાટ પર બેસી ગઈ. ઘૂંઘટ કપાળ સુધી ખેંચી લીધો. પગના નખથી જમીન ખોતરવા લાગી.

ધનંજય સ્તબ્ધ બની ગયો. એણે એને સારી રીતે જોઈ. એ બહુ જ દૂબળી થઈ ગઈ છે અને પહેલાંના ચહેરાનો તો અણસાર પણ નથી. શરીરના બાકી રહેલાં સૌંદર્ય અને કમનીયતાએ એને હજુ પણ મોહનીય રાખી છે. એનું મુખ હજુ પણ દિલ ખુશ કરે તેવું છે. ખૂબસૂરત આંખોની તારા જેવી ચમક વેદનાએ હરી લીધી છે. કરુણ મુખમંડળ પર પુત્રહીન માતાની મહિમાવંતી મૂર્તિ બિરાજે છે.

ધનંજયે કશું ન પૂછ્યું એટલે ભાગીરથને લાગ્યું કે એ લોકો ત્યાં છે તેથી એ ઇલાજ કરતાં સંકોચાય છે, એટલે એ બહાર નીકળી ગયો. ભનિતાને પણ ઇશારાથી બોલાવી લીધી.

વાસંતી જ પહેલાં બોલી, 'હું ધારી ન શકી કે તમે...'

ધનંજયે ખૂબ જ ધીમા સ્વરે કહ્યું: 'હા, મારી ભૂલ થવા છતાં પણ આવ્યા વગર રહી ન શક્યો. માણસ ઘણો જ અસહાય છે, સમજી? માણસ અશક્ત પણ છે. માણસ બંધન તોડી નથી શકતો. તેં તો મને છોડી દીધો હતો. કદાચ હું એટલો યોગ્ય પણ નથી. તોપણ તને દોષ દેતો નથી. તારી પાસે આવ્યો છું.'

વાસંતી રડવા લાગી, 'મને ક્ષમા કરીને આ રીતે દુઃખ દેવા શા માટે આવ્યા છો? હવે તો સમય વીતી ગયો છે.'

'સમજ્યો!'

'શું સમજ્યા?'

'સમજી ગયો કે તું સંભ્રાત હિંદુ ઘરની વહુ છે.'

'હા, હું હિંદુ ઘરની એક વિધવા છું. એક દિવસ હું અગ્નિ પાસે બેઠી હતી. સેંથામાં સિંદૂર પૂર્યું હતું. કોઈકની પત્ની બની હતી. મારા શરીરમાં એક પુરુષની ગંધ છે. તોપણ તમે મને ક્ષમા કરી દીધી? કેટલું આશ્ચર્યજનક! હું એક સાધારણ છોકરી છું. સમજ્યા? મારા માટે વિચારો કરીને

તમારું જીવન નષ્ટ ન કરો. તમારી પાસે ભવિષ્ય છે. મને આ રીતે જ જીવવા દો.'

'વાસંતી !'

'કહો.'

'હું તો માત્ર તને જોવા આવ્યો હતો.'

'સારું કર્યું.'

'પરંતુ તેં તારી જાતને ખતમ કરવાનો આ કેવો રસ્તો લીધો છે? લોકોને દુઃખ દેવામાં તને મજા આવે છે શું? મુઠ્ઠીભર અનાજે શો દોષ કર્યો છે? મેં તને પહેલાં પણ કહ્યું હતું કે મરવાની શોધમાં અથવા તો મરી જવામાં કશું ગૌરવ નથી. આ પૃથ્વી પર જીવતા રહેવું એ જ મોટી વાત છે. એમાં જ મનુષ્યનું પોતાનું ગૌરવ છે!'

ધનંજયની આંખો ભીની થઈ ગઈ હતી. વાસંતીનું મન પણ બે વાર આંસુ પાડીને દૃઢ થઈ ગયું. એણે કહ્યું, 'હું વચન આપું છું, હું જીવતી રહીશ. સાત ચક્કરમાં બંધાઈને પણ જીવતી રહીશ. આ રીતે જીવતા રહેવા માટે તમે મને કોઈ બીજો હેતુ આપી શકશો ?'

ધનંજય એકદમ ઉત્તર ન આપી શક્યો. એ નીચું જોઈ ગયો. વિચાર્યું કે ધર્મનો આશ્રય લઈને અથવા પરોપકારમાં પોતાની જાતને ન્યોછાવર કરીને વાસંતી શાંતિથી બાકીના દિવસો વીતાવી શકશે ? ચોક્કસ જ વીતાવી શકશે. હિંદુ નારી યુગયુગથી આવાં દૃષ્ટાંતો બતાવતી આવી છે. અંતરમાં મુરલીધરની સ્થાપના કરીને મીરાંએ જીવતાં રહેવાનો મોહ શોધી લીધો હતો. સંગીતના જાદુથી રસગ્રાહીનાં મન-પ્રાણ હરી લીધાં હતાં. બીજા પણ ઘણા દાખલા છે.

વાસંતીને જવાબ દેવા માટે માથું ઊંચું કરીને જોયું તો વાસંતી ધીમેથી ઊઠીને ચાલી ગઈ હતી. અંદરથી એનો અવાજ સંભળાયો, 'મા હું જમવાની છું.' એના મોઢેથી આવી વાત સાંભળીને સૌના ચહેરા પર આનંદ છવાઈ ગયો. એનો અર્થ કે એ સમજી ગઈ. ધનંજય પ્રત્યે સૌએ કૃતજ્ઞતા અનુભવી.

ભાગીરથે એનો હાથ પકડીને કહ્યું, 'બેટા, તેં તો કમાલનું કામ કર્યું. ઈશ્વર તને યશ આપે.'

ધનંજયે ગંભીરતાથી જવાબ આપ્યો, 'એ ભાત ખાવા માગે છે, પણ

પહેલાં ભાત નહીં દેતા. આટલા દિવસો પછી ખાશે તો પચશે નહીં. શરૂઆતમાં લીંબુનો 'ઝોલ' આપજો. એ જો પેટમાં ટકી જાય તો સાંજે ભાત આપજો.' આટલું કહીને ધનંજય એક પળ પણ ન રોકાયો. આંગણામાંથી બનિતા અને ભાગીરથે એને ઘરમાં આવવાની પ્રેમભરી વિનંતી કરી, પરંતુ એ એણે સાંભળ્યું નથી કરી અજાણ્યો જ રહ્યો. એણે ભગવાનને પ્રાર્થના કરી કે એને ફરી અહીં ક્યારેય આવવું ન પડે.

અઢાર

એક અઠવાડિયું વીતી ગયું. જોતજોતામાં એક પખવાડિયું ચાલ્યું ગયું. દરંગિયાલ બાજુ ધનંજયની છાયા પણ જોવા ન મળી. વાસંતી કોની પાસેથી એના વિશેના સમાચાર મેળવે? કોને પૂછે? જો લોકોને શક પડી જાય તો વાતને વધારીને ફેલાવી દે.

પરંતુ એક દિવસ પૂછ્યા વિના જ એને ધનંજય વિશે જાણવા મળ્યું. સોનાઈપિરિયા લોકોના દરેકની જીભે ધનંજયની હિંમતની વાત થઈ રહી છે.

ઘટના કાંઈક આવા પ્રકારની છે.

ભોગરામ કૉન્ટ્રાક્ટ લઈને ખૂબ પૈસાનો માલિક થવા છતાં એની પૈસાની ભૂખ વધતી જ ગઈ. ધનલોભી મન પિશાચ બની ગયું. માના મૃત્યુએ અને બહેનના દુઃખે થોડા દિવસો એનું મન દબાવી રાખ્યું. કદાચ થોડા દિવસ પૈસા કમાવવાનું સહેલું લાગ્યું. પરંતુ હમણાં તો એના મુખ્ય મિત્રો શહેરના લોકો કર્પૂરચંદ તોડી, રામમિલાપ પચામન, હરબીર ભાટિયા અને સનત ફુકન વગેરે શહેરના પ્રખ્યાત શ્રીમંતો. એ લોકો શો ધંધો કરે છે તેની કોઈને કશી ખબર નથી. એ લોકોની જ મૈત્રીએ ભોગરામને વધારે ખરાબ બનાવી દીધો છે. હમણાં ભોગરામ શરાબ પણ પીવા લાગ્યો છે. જેટલા દિવસ એ શહેરમાં રહે છે એ જ દિવસો એના કંઈક આરામ-સુખમાં વીતે છે. સારી હોટલમાં રહે

છે, શરાબ પીએ છે. પૈસા દેવાથી હોટલમાં છોકરીની સગવડ પણ મળી જાય છે. ચારે તરફ ભોગની વ્યવસ્થા જોઈને જ એને પૈસાની જરૂર સમજાઈ. કમાયેલા ધનથી એને સંતોષ ન થયો. એ તો સ્વપ્ન જુએ છે સનત કુકન અને રામમિલાપની જેમ લાકડાનું કારખાનું બનાવવાનું, હરબીર ભાટિયા જેમ એક સિનેમા હોલ બનાવવાનું. લાલસાની ક્ષણિક તૃપ્તિ એનો અસંતોષ વધારી દે છે. માનવીય સૂક્ષ્મ અનુભૂતિ એ ખોઈ બેઠો છે. સોનાઈપારનો માણસ સોનાઈ-પારનું મન ગુમાવી બેઠો છે. 'શાલ'(કાંટા વગરની માછલી)ની વચ્ચે 'શીંગિ' (કાંટાવાળી માછલી) જેવી સ્થિતિ છે. ખેડૂતજીવનની વિપરીત પરિસ્થિતિએ દેશની પ્રગતિ રૂંધી નાખી છે. ગ્રામજીવનની ક્ષયગ્રસ્ત સ્થિતિએ, નવા મૂલ્ય-બોધ અને પરિસ્થિતિએ જ ભોગરામ જેવા નવા માણસનું સર્જન કર્યું છે. એના જેવા રાહુ જ સોનાઈપરિયા લોકોની સરળતા અને નીતિબોધ ખાઈ જવાના પ્રયત્નોમાં રોકાયેલા છે. સોનાઈકાંઠે દુર્નીતિ ઘૂસી છે જરૂર, પરંતુ હજુ સુધી રાહુ એનું મોટું મોઢું ખોલી નથી શક્યો, કારણ કે લોકોમાં ગુપ્ત શક્તિ છે અને સોનાઈપરિયા જનતામાં સુપ્રતિષ્ઠિત ઐતિહ્ય પણ છે. સોનાઈમાં સ્રોત છે. સોનાઈમાં રૂપ છે. સોનાઈપરિયા ક્ષેત્રના જીવનના ગતિ-છંદમાં યોગ્ય તાલમેળ છે.

દલંગઘાટ ઉપર એક મજબૂત લાકડાનો પુલ બન્યો છે. ત્યાંથી પાભ-ચિલા થઈને કાંકરા ને પથ્થર નાખેલો એક રસ્તો બનશે ને તે પહેલાં બનેલા દક્ષિણ કાંઠાવાળા રસ્તાને મળી જશે. નવા રસ્તા પર કામ શરૂ થઈ ગયું છે. ઇજારો ભાટિયા, તોડી, પદ્મમન અને ભોગરામને મળ્યો છે. આ નવો સરકારી રસ્તો ઘણા કિલોમીટર લાંબો હશે. અને તે કુંજી થઈને ઢીંગ બજાર સુધી જશે. થોડા જ વખતમાં લોકો સર્વિસ-બસમાં આરામથી બેસીને બરદોવાની યાત્રા કરી શકશે. પહેલાંની જેમ ધૂળ-કીચડ ખૂંદતા ખૂંદતા બરદોવાની હોળી જોવા જવું નહીં પડે.

પાભચિલામાં એક સરકારી દવાખાનું ખૂલશે. મકાનનો કોન્ટ્રાક્ટ ભોગ-રામને મળ્યો છે. ભોગરામના મનમાં હતું કે દવાખાનું ખૂલશે એટલે ધનંજયની હોમિયોપથીની પ્રૅક્ટિસ બંધ પડી જશે અને એ બેકાર બની જશે. પરંતુ ધનંજય એવું નહોતો માનતો. હાથીચૂંગ અને જાજોરીમાં પાસે પાસે જ બે દવાખાનાં છે. એ બધી જગામાં શું એની હોમિયોપથીની પ્રૅક્ટિસ નથી ચાલતી?

આજે પણ ગામડાના વૈદનું મૂલ્ય ઓછું નથી. પરંતુ પથ્થરનો પાકો રસ્તો બરદોબા તરફથી આગળ વધ્યો. એની સાથોસાથ સોનાઈના ઉત્તરકાંઠાના લોકોમાં અફીણ ખાવાની આદત વધતી ગઈ. આ બધું ઠેકેદારોને લીધે થયું. પાભચિલામાં ધનંજયે એક શાંતિસેનાનું સંગઠન કર્યું. એ લોકો દલંગઘાટથી જલમઈ ગામ સુધી સોનાઈને કાંઠે રાત્રે વારાફરતી ચોકી કરવા લાગ્યા. એક દિવસ રાત્રે એક નાની એવી હોડી પાભચિલાના ઘાટ પર આવી. બધો સામાન કાંઠે ઉતાર્યો. થોડી વાર પછી એક બળદગાડી પણ ત્યાં આવી. શાંતિસેનાની નજર એના પર પડી. એ લોકોએ જોયું કે છસાત ભરેલા કોથળા પાસે ભોગરામ ઊભો છે. સાથે બે જાડા જબરા યુવાનો પણ છે. એમના હાથમાં એક એક લાઠી છે. વળ ચડાવેલી મૂછો પરથી જોતાં જ લાગતું હતું કે તેઓ મારામારી કરનારા ગુંડાઓ છે. એમના ચહેરા પણ ભયાનક હતા. ચહેરા પર સહેજે નરમાશ નહીં. બંનેનાં મોઢાં જાણે પોલાદનાં બન્યાં હોય તેવાં હતાં.

એક શાંતિસૈનિકે પૂછ્યું, 'આ ગૂણીઓમાં શું છે?'

ભોગરામે કહ્યું, 'વિલાયતી માટી.'

'માટી લાવવાનો રાત્રે જ સમય મળ્યો? દિવસે નથી લાવી શકતા?'

'હા, દવાખાનું બાંધવાનું કામ થોડા દિવસોમાં જ પૂરું કરવાનું છે. કાલે પાછું રસ્તાના કામ માટે જવું પડશે. એટલે અત્યારે લાવ્યો છું. અત્યારે ન લાવું તો કાલે કડિયા નવરા બેસી રહે.'

'મીઠી મીઠી વાતોથી કાંઈ નહીં વળે ઠેકેદારબાબુ. આ ગૂણીઓમાં જરૂર કાંઈક છે તેવી અમને શંકા છે. હવે તમે આને અહીં જ રહેવા દો. કાલ એની તપાસ થઈ જાય પછી જ તમે લઈ જઈ શકશો.'

'કેવી વાત કરો છો? પાભચિલામાં માટી નથી શું? હું સિમેન્ટમાં માટી મેળવીને નથી લાવ્યો કાંઈ.'

'માટી નહીં લાવો એ વાત અમે પણ જાણીએ છીએ ઠેકેદારબાબુ. તમે એટલા સીધા નથી. આમાં કાળા પ્રકારની માટી હોય એવી અમને શંકા છે.' આવી વાતથી બંને ટોળીમાં ભારે બોલાચાલી થઈ. આ બોલાચાલી મારામારી સુધી પહોંચી જાય એવું લાગવાથી એક શાંતિસૈનિક ધનંજયને બોલાવવા ગયો. ભોગરામે છેલ્લી વાર એમને પિગળાવવા પ્રયત્ન કર્યો પણ

તેઓ પીગળ્યા નહીં. ભોગરામે એક શાંતિસૈનિકને બાજુએ બોલાવીને કહ્યું, 'આજ રાત્રે સિમેન્ટ 'બ્લૉક' થઈ જશે તો મને ઘણું નુકસાન થશે. થોડા રૂપિયા લઈ લે.' આવું કહેવાથી શાંતિસેનાની શંકા પાકી થઈ.

ધનંજય આવ્યો. એણે શાંતિસેનાના વડાને બાજુએ બોલાવીને પૂછ્યું, 'તમે લોકોએ ભોગરામનાં ખિસ્સાં તપાસ્યાં? એની પાસે પિસ્તોલ પણ હોઈ શકે.' યુવાને ના કહી કે એ જ પળે ધનંજયે દોડીને ભોગરામને ધક્કો મારીને પાડી દીધો. સાથોસાથ શાંતિસેનાના ચાર યુવાનો ભાડાના બંને ગુંડાઓ પર તૂટી પડયા. એકે ભેંસના શિંગડાનું 'પૈપા' (વાંસનું બનાવેલું શરણાઈ જેવું વાજિંત્ર) વગાડયું. ધક્કામુક્કી, મારામારી શરૂ થઈ ગઈ. ધનંજય અને ભોગરામ વચ્ચે દ્વન્દ્વયુદ્ધ ચાલુ રહ્યું. ગામના લોકો દોડીને બનાવસ્થળે આવી પહોંચ્યા ને જોયું તો ધનંજય ભોગરામની છાતી પર ચડી બેસીને એના ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી એની જ છાતી તરફ નિશાન તાકતો હતો. એણે હાંફતાં હાંફતાં કહ્યું, 'હવે જો હું તને ગોળી મારી તારી લાશ સોનાઈમાં ફેંકી દઉં તો?'

ભોગરામે અસ્ફુટ સ્વરે કહ્યું, 'મને ક્ષમા કરી દે ધનંજય.'

ધનંજય ગરજી ઊઠયો, 'કાયર, શરમ નથી આવતી? ડર નહીં. અમારા જેવા માણસો માનવહત્યા નથી કરતા. કરી પણ ન શકે. પરંતુ તારા જેવા તો માણસોની જ હત્યા કરવાનું વિચારે છે છતાં પણ કરી શકતા નથી. તમારા લોકોમાં હિંમત નથી, કાયર.'

ગામના માણસોએ જલદીથી ભોગરામ અને બંને ગુંડાઓને બાંધી દીધા. સવારે પોલીસને ખબર આપી. આબકારી વિભાગના લોકો પણ આવ્યા.

આબકારી વિભાગવાળાએ પહેલાં ધનંજયને જ પૂછ્યું, 'ગૂણીઓ તપાસી હતી?'

ધનંજયે કહ્યું, 'નથી તપાસી.'

'તો પછી એનો કબજો શા માટે લીધો?'

અધિકારીની વાતચીતના રંગઢંગ કાંઈક જુદા જ હતા. એ ભોગરામના પક્ષમાં હોય તેવું લાગ્યું. ધનંજય સમજી ગયો. એણે નમ્ર સ્વરે કહ્યું, 'સરકારનું ગૃહરક્ષાદળ અને અમારી શાંતિસેના બંને એક જ છે. અમારા નિયમ અનુસાર રાત્રે ગામની અંદર કોઈ શકજનક વ્યક્તિ આવી નથી શકતી.

અર્ધી રાત્રે આ લોકો સિમેન્ટ લાવે એનો શો અર્થ ? અને નૌકા દ્વારા લાવ્યા છે. બે માણસોના હાથમાં લાઠી અને એકની પાસે પિસ્તોલ શા માટે ?'

અધિકારી કાંઈ ન બોલ્યો. લોકોને ખૂબ જ જિજ્ઞાસા થઈ. બધાએ સાથે મળીને માગણી કરી કે વિલાયતી માટીની ગૂણીઓની તપાસ બધાંની હાજરીમાં જ કરવામાં આવે. થેલાઓની પૂરી તપાસ થઈ. બે ગૂણીઓમાંથી અફીણની પોટલીઓ મળી. અધિકારી અફીણ તોળવા નહોતો માગતો. કહેવા લાગ્યો કે એની પાસે તોળવાનું સાધન નથી. પરંતુ માણસો એક નાનું એવું ત્રાજવું લઈ જ આવ્યા. અફીણ તોળાયું. એક કિલો અફીણ થયું. ભોગરામ અને સાથેના બંને ગુંડાઓને કેદ પકડીને શહેરમાં મોકલી આપ્યા. આ બનાવે સોનાઈપરિયા લોકોમાં હલચલ મચાવી દીધી. બધા બનાવની વાતો કરવા લાગ્યા. ધનંજય પરીકથાનો વીર યોદ્ધો બની ગયો. એ જ રીતે ભોગરામની બદનામી હવાની જેમ ફેલાઈ ગઈ. લોકોએ પહેલાં પણ સાંભળેલું કે ભોગરામ કાળો વેપાર કરે છે, પરંતુ મોઢું ઉઘાડીને કહેવાની હિંમત કરી નહોતા શકતા, કારણ કે સોનાઈકાંઠે ભોગરામ જ શ્રીમંત વ્યક્તિ છે. એનો જે પ્રભાવ છે તેથી એ કોઈને પણ નુકસાન પહોંચાડી શકે છે. અને ગામમાં ઘણાએ એની પાસેથી કરજ પણ લીધેલાં છે પરંતુ હવે લોકો ગુસપુસ ગુસપુસ કરીને વાત કરવા લાગ્યા હતા. એની સામે તો ઘણાય લોકો માથું નીચું રાખીને જ વાત કરતા હતા. હવે તો એણે કેવો મહેલ બનાવી દીધો છે. સાધારણ માણસ તો એને ઘેર જતાં પણ ડરે છે.

ભોગરામ સાત દિવસ કેદમાં રહ્યો. મામલો ઘણી ખરાબ દશાએ પહોંચ્યો હતો. કાયદાના પાનામાં ભોગરામ પ્રત્યે બુધની કૃપાદૃષ્ટિ હતી, પરંતુ ગામલોકોએ સાક્ષી આપ્યા પછી એની સ્થિતિ નાજુક થઈ ગઈ. એને બે વર્ષની કેદ થઈ. બીજા બેને છ મહિનાની, કારણ કે વિલાયતી માટીના માલિક તેઓ નહોતા, ભોગરામ જ હતો. જેલ જતાં પહેલાં તરુલતા અને બાળકો એને મળવા આવ્યાં હતાં. એની આંખોમાં આંસુ નહોતાં. મોં પર દૃઢતા હતી. જાણે કે પિંજરામાં પુરાયેલો સિંહ વેરની દૃષ્ટિથી બહાર જોતો હોય ! તરુલતા રડી પડી હતી, કારણ કે એની વાતોમાં અને ચહેરા પર ભાવિમાં સારા માણસ બનવાની આશા નહોતી જણાતી. એણે જેલ જતી વખતે બૅન્કની ચેકબુકનાં થોડાં પાનાં પર સહી કરીને એના માસિયાઈ ભાઈ મુકુટાને આપીને કહ્યું, 'ક્રોસ-

ચેક આપું છું. આ બે વરસ ઘરનું ધ્યાન રાખજે. પૈસાની કે બીજી કોઈ અગવડ પડે તો તોડી કે સનત કુકનને કહેવાથી બધું જ સરખું થઈ જશે.'

આ બધી વાત વાસંતીએ પૂરેપૂરી ન સાંભળી હોવા છતાં બનાવના સારની એને ખબર પડી ગઈ. ભાભી માટે એને બહુ દુઃખ થયું. પરંતુ એ શી નવી વાત કરીને તરુલતાનું મન શાંત કરી શકે ? તરુલતા પણ આટલું અપમાન, અપકીર્તિ સહન કરીને કયા મોઢે દરંગિયાલ આવીને એનું દુઃખ સંભળાવે ? વાસંતી પણ તરુલતાને બોલાવવા મોરાપુર કેવી રીતે જાય ? ભોગરામની બહેન કહેવડાવતાં એને ખરાબ લાગે છે. એને થયું કે આ જિંદગીમ હવે ફરી કદાચ માબાપના ઘેર જવાનું નસીબમાં નહીં હોય. આટલાં દુઃખમાં પણ ધનંજયને યાદ કરીને લોકોના મોંએ એની પ્રશંસા સાંભળીને એના મનમાં વીજળી ચમકી ગઈ. વાસંતીને ફરીથી વિચારમગ્ન જોઈને વૃદ્ધ ભાગીરથ ફરીથી ચિંતામાં પડી ગયો. એક દિવસ એમણે જ કહ્યું,

'વાસંતી, ભાઈ વિશે વિચાર કરવાનું નકામું છે. એને એની સ્થિતિએ જ ખરાબ કરી દીધો છે. ભાઈ ખરાબ હોય તેથી શું લોકો બહેનને પણ ખરાબ સમજશે ? આ જ તારું ઘર. અમે જ તારાં માબાપ. અમે તારી સાથે ખરાબ રીતે વર્તીએ કે તને ખરાબ સમજીએ તો તારે દુઃખ લગાડવાનું હોય.'

વૃદ્ધની વાત સાંભળીને વાસંતીનું દિલ શાંત પડી ગયું. વૃદ્ધ જ પૃથ્વી પરના લોકોમાં સૌથી જ્ઞાની વ્યક્તિ જેવો લાગ્યો. દુઃખી નહીં થાઉં એવું વચન વૃદ્ધને આપીને પોતાની જિજ્ઞાસા દબાવી ન શકી એટલે પૂછ્યું, 'પિતાજી, મને એક વાત સમજ્યામાં નથી આવતી તે તમે સમજાવશો ?'

'બોલ બેટી ?'

'ભોગરામ મારી બહુ જ સંભાળ રાખતો હતો. મારાં લગ્ન પછી હું જ્યારે એનાથી જુદી પડી ત્યારે એને બહુ દુઃખ થયું હતું. ઘરમાં એનું મન જ લાગતું નહોતું. મારા વિધવા થવાથી ને મારા બાળકનું મૃત્યુ થવાથી એને મારા જેટલું જ દુઃખ થયું હતું. એનું મન આટલું કોમળ ! પરંતુ એ જ ભોગરામ એ જ વખતે આવાં ખરાબ કાર્યો કેમ કરતો હશે ? એનો અર્થ તો એ ને કે કોઈ માણસ પર વિશ્વાસ ન રાખી શકાય ?'

પ્રશ્ન સાંભળીને દેશ-દેશાવર ફરનારો, ચાર વાતો જાણનારો ભાગીરથ

કાનૂનગો પણ મુશ્કેલીમાં પડી ગયો. એને થયું કે આખી જિંદગી દુઃખ સહેવાથી જ છોકરીની સમજશક્તિનું ઊંડાણ વધી ગયું છે. એ મૂળ સત્ય શોધી રહી છે, પરંતુ આ જગતમાં કેવળ 'પરમ પુરુષ' સિવાય બીજું કયું મૂળ સત્ય હોઈ શકે ? વૃદ્ધે ધીમે ધીમે જવાબ આપ્યો, 'દીકરી, આટલી મોટી ઉંમરે પણ હું તારા આ પ્રશ્નનો જવાબ તને બરાબર નહીં આપી શકું. મારામાં વિદ્યા કેટલી છે ? પ્રભુ પર ભરોસો છે એટલે ક્યારેક લાગે છે કે આ જીવનમાં મેં કદાચ ખાસ ભૂલો નથી કરી. પોથી વાંચજે બેટી, શાસ્ત્ર જ મનની બધી શંકા દૂર કરી શકે છે. દુઃખ પણ દૂર કરે છે.'

'વાંચીશ. પણ હમણાં મારું મન બહુ બેચેન છે.'

'બેટી, હું માનું છું કે દરેક માણસને બે મન હોય છે. એટલે સદા નજીક રહેનારા માણસનું પણ મન સમજવું કઠિન બની જાય છે. જમીન ખોદીને માઈલો અંદર ગયા પછી જ ભૂગર્ભમાંથી કોયલા અને તેલ મળે છે, પરંતુ માણસના મનનાં ઊંડાણ સુધી પહોંચવાનું મુશ્કેલ છે. માણસને એક સાથે બે મન હોવાને કારણે જ એક માણસનું બીજા માણસ માટે આટલું કુતૂહલ હોય છે. માણસ ગુણદોષનું મિશ્રણ છે. નિર્મળ માણસ મળવો મુશ્કેલ છે. ખૂબ જ ખરાબ માણસમાં પણ સારા ગુણ હોય છે, માનવહત્યા કરનાર માણસને પણ ક્યારેક સાધારણ બીમારીમાં એક બળદ મરી જાય તો રડવું આવે છે. એટલે મને લાગે છે કે સારા ગુણો પર ખરાબ ગુણોનો પાસ ચડવાથી જ માણસ દેશ માટે કલંક રૂપ બની જાય છે, એ પોતે જ વિનાશનો માર્ગ પકડી લે છે. ભોગરામ માટે એવું જ બન્યું. એટલા માટે બેટી, મન સ્થિર કરવા માટે પ્રભુ પર વિશ્વાસ હોવો જોઈએ. વાસના, લોભ અને મોહની કોઈ સીમા નથી. એટલે જ માણસ સુખી નથી. એટલે જ શાસ્ત્રનું કહેવું આટલું અમૂલ્ય છે. નિષ્કામ ભક્તિથી આત્માને ભગવાનમાં સમર્પી દેવાથી જ મનુષ્યને શાંતિ પ્રાપ્ત થાય છે. મન એકાગ્ર થાય છે. અહંભાવ દૂર થાય છે. જીવને મુક્તિ મળે છે, એટલે ખ્યાલ આવે છે કે શંકરમાધવ જે દેણ આપણને આપી ગયા છે તે આજ પાંચસો વર્ષ પછી પણ આસામના કોઈ નેતા કે ધર્મગુરુ નથી આપી શક્યા. એમની અણમોલ શીખનું મહત્ત્વ પણ સમજ્યા છીએ કે નહીં એ વિશે પણ સંદેહ થાય એવી સ્થિતિ છે.'

આ બધું ભાગીરથ સ્વગત બોલતો હોય તે રીતે બોલ્યો. વાસંતીની

હાજરી ભૂલી જઈને એક ભજનની કડી ગણગણવા લાગ્યો.

કર્મ તો વશ્વાસ જા
હિયાતો થકાંત હરિ
અતિશય દૂર હોન્ત તાર
દૂરતો વિદૂર હોન્ત
અહંકાર થાકન્તેયો
સાક્ષાતે કૃષ્ણકો પાય
શ્રવણ કીર્તન ધર્મ જાર.

(જેને કર્મમાં વિશ્વાસ છે એના અંતરમાં હરિ નિવાસ કરે છે. જેના હૃદયમાં અહંકાર નથી એ જ સાક્ષાત્ કૃષ્ણને મેળવે છે અને કીર્તન સાંભળવું એ જ એનો ધર્મ છે.)

વાસંતીનું મન ઠંડું પડ્યું. અચાનક ઘર તીર્થ જેવું લાગવા માંડ્યું. એ પિતાની પાસેથી ખસી જઈને સામે વહેતી સોનાઈને એકીટશે જોવા લાગી. શિયાળામાં સોનાઈની ગતિ શાંત છે. એમાં પહેલાં જેવી ઉચ્છૃંખલતા નથી. પાણી સ્ફટિક જેવું છે. આ પણ સોનાઈનું એક નવું રૂપ. આ રૂપનો મહિમા છે. આ તો જાણે સોનાઈનું નિસ્પૃહ રૂપ છે. મહા મહિનાનો હાડકાં કંપાવી દેનારો શિયાળો પણ સોનાઈના આ રૂપને મ્લાન કરી શકતો નથી.

એક દિવસ, ભાનિતાએ કહ્યું, 'તું આ રીતે સફેદ વસ્ત્રો જ પહેરે છે તેથી તારા પિતાજીને દુઃખ થાય છે. કહે છે કે આવા વેશમાં રહેવાથી તારું દુઃખ વધશે. સુખદુઃખનું મૂળ તો મન છે. આવા પોશાકથી તારું મન પહેલાં કરતાં વધુ દુઃખી થશે. તું પારુલ જેવાં કપડાં પહેરશે ત્યારે અમને સંતોષ થશે. જુવાન છોકરી આવાં કપડાં પહેરે તે અમે કેવી રીતે સહન કરી શકીએ?'

બીજા જ દિવસથી વાસંતી નાનાં ફૂલવાળો 'હિહા' (આસામનું શરીરના ઉપરના ભાગમાં પહેરવાનું વસ્ત્ર) અને કોરવાળી મેખલા પહેરવા લાગી, પારુલ જેવા વાળ ઓળવા લાગી, ચાંલ્લા વિનાનું કપાળ એ જ એક માત્ર વિધવા તરીકેનું ચિહ્ન રહ્યું.

માર્ચના પહેલા અઠવાડિયામાં ભાગીરથ કાનૂનગો પેન્શનના રૂપિયા લેવા માટે શહેરમાં ગયા. એ પૈસામાંથી 'શ્રી શંકર વાક્યામૃત' નામની છાપેલી મોટી પોથી અને એક 'રત્નાવલી' ખરીદી લાવ્યા. એક 'નામઘોષા' (આસામના સંત કવિ શ્રી માધવ દેવનું ગીતકાવ્ય) ઘરમાં હતું જ. સાથે

એક આસામનો શબ્દકોશ પણ ખરીદી લાવ્યા. બંને પુસ્તકો અને શબ્દકોશ વાસંતીને આપ્યાં. ધીમે ધીમે વાસંતીના મુખ પર પ્રસન્નતા આવવા લાગી. ઘરમાં કોઈ પણ એને કોઈ કામ માટે કહેતા નહીં. ફુરસદને સમયે પુસ્તક વાંચવા સિવાયનો બધો વખત એ વિધવા થયા પહેલાંના દિવસોની જેમ ઉત્સાહથી ઘરકામમાં ગાળવા લાગી. વાસંતીની આ સ્થિતિ જોઈને ઘરનાં સૌને ઘણો આનંદ થયો. પડવા માંડેલું ઘર જાણે પુનર્જીવિત થઈ ગયું. વાસંતી પારુલ વગેરે સાથે ગામમાં ફરે પણ છે, 'ભાઉના' અને 'સુબાહ' ધાર્મિક સભામાં પણ જાય છે.

એણે એક દિવસ જઈને તરુલતાની પણ ખબર કાઢી. પાભચિલાવાળી માસીને ત્યાં પણ જાય છે, પરંતુ મનની સ્થિતિ તો એવી જ રહે છે.

દિવસ પછી રાત આવે છે. વાસંતી માટે અર્થહીન દિવસો વીતે છે. દિવસો વીતીને મહિનો પૂરો કરી દે છે. નવો મહિનો નવો મહિમા બતાવે છે. છ ઋતુઓમાં સોનાઈપરિયા લોકોને પવન ફરીથી અભય ચિર નૂતન અનંત ઉત્સાહ આપે છે. કોઈ ઋતુમાં લગ્ન થાય છે. પછી કોઈ બીજી ઋતુમાં ઘરની વહુ પ્રથમ બાળકનું મુખ જુએ છે. કોઈના હૃદયમાં કદાચ પ્રેમના અંકુર પેદા થાય છે. સુખનું ભાવિ શોધવું, એકાકી સ્થિતિમાં નિરાશાથી વિચલિત થવું અને યૌવનની સ્વાભાવિક ગતિને, સામાજિક નીતિએ રૂંધેલાં વાસંતીનાં દેહમનને શાંત કરવા માટે, એને વિકલ્પ પર જ ભરોસો કરવો પડયો. પારુલ અને પૂતલી સાથે હળીમળીને, ભનિતા અને ભાગીરથની સેવા કરીને અને એ લોકોનો પ્રેમ-આદર મેળવીને, પોતાને ઘરકામમાં વ્યસ્ત રાખીને અને શાસ્ત્રમાં જિજ્ઞાસુ મન પરોવીને એ પણ સુખી થવા માગે છે.

બે વરસ વીતી ગયાં. બે વરસમાં બે ફાગણ, બે વર્ષાઋતુ અને ધ્રુજાવી નાખનાર શિયાળો. ઘણા દિવસો યુવાન સ્ત્રીઓ માટે ભારે લાંબા હોય છે. વાસંતી માટે તો બધા જ દિવસો વધુ લાંબા બની જાય છે. એકધારું જીવન એને ખટકયા કરે છે. પ્રેમ, મહોબત, લોકોના મુખે થતી પ્રશંસા અને એનાથી પણ વધારે પુસ્તકો વાંચતાં એ સમજી ન શકે તેવા તત્ત્વથી એ દુ:ખી થઈ ગઈ છે. ઝાકળનાં બિંદુમાંથી મોતી નથી ખરતાં. દિવસે દિવસે વેદના વરાળ થઈ જાય છે, પરંતુ ઉષાનાં કિરણોથી ભવિષ્યના રંગ નહીં, પરંતુ સૂર્યાસ્તનાં પીળાં વાદળો એના મનની વાસના પર, દેહની તૃપ્તિ પર અને ફરી રાતની—

નિસ્તબ્ધ રાતની — ઢંકાયેલી આકાંક્ષા પર 'હેંગુલ હાથતલ' (ગ્રામ કુટીર શિલ્પમાં તૈયાર કરેલા રંગ)ના રંગ નથી ચડતા.

વાસંતીનું મન ધીરે ધીરે બેચેન બની જાય છે. એ ફરીથી સફેદ કપડાં પહેરવા લાગી. ઘરનું કામકાજ પણ છોડી દીધું. મન થાય તો જ પોથી વાંચે. પરંતુ પહેલાંની જેમ નહીં, 'નામઘર'માં 'ભાઉના' જોવા પણ નથી જતી. ત્યાં જવાથી એને પોતાનાં દુ:ખનું ભાન વધારે થાય છે. 'આઇ-નામ'-(સ્ત્રીઓ માટેનું દેવી-વંદનામાં ગવાતું ગીત)માં કીર્તનનું પદ જ વિભિન્ન સૂરમાં ગવાય છે. એકએ પંક્તિ વંચાઈ ને એના પર ચર્ચા થાય છે. પુત્ર-શોકમાં યશોદામાતાની વિનંતીમાં વત્સલ માતાની આંખો ભીંજાઈ જાય છે. ગોપીઓના પ્રેમરસથી એકત્ર થયેલી 'ગોપીઓ'ના મનની સ્થિરતા હલી જાય છે. આ બધું જોઈ-સાંભળીને વાસંતીનો શોક વધુ પ્રબળ બની જાય છે.

સમય જતાં વાસંતીએ બહાર નીકળવાનું બંધ કરી દીધું. ઉંબરા પર બેસીને સોનાઈ ને જોતી ધ્યાનમગ્ન બેસી રહે છે. કોઈની સાથે વાત નથી કરતી. ભનિતા અને ભાગીરથ ચિંતામાં પડી જાય છે. સોનાઈના કાંઠા પર વર્ષાઋતુ ઊતરી આવે છે, પ્રકૃતિ ખીલી જાય છે. સોનાઈપરિયાનું નાનું એવું 'બાલીમાંહિ' પક્ષી પણ સાથીદાર મળવાથી મનના ઉત્સાહ સાથે ઊડતું ફરે છે. ઠંડા પાણીમાં ડૂબકી મારીને શરીર ઠંડું કરી લે છે. માછલીઓ પણ ઈંડાં મૂકે છે. નર માછલીના શરીર પર ચરબી ચડે છે. સોનાઈ યૌવન મેળવે છે વાસંતીના ભરપૂર યૌવનને ધક્કો લાગે છે. સોનાઈપરિયા કુદરત અને સોનાઈપરિયા લોકો એને ભૂલી જાય છે. એને લાગે છે કે સ્મશાનના તુચ્છ ઘાસને પણ તેનું પોતાનું અસ્તિત્વ છે, પરંતુ એનું નથી. પોતે જીવનના અસ્તિત્વના ગર્વથી જ કેમ જીવી નથી શકતી. પોતાના પ્રત્યે બીજાની ઉદાસીન દૃષ્ટિ એનાથી સહન નથી થતી. એ રસ્તો શોધે છે. ઘરમાં રહેવા છતાં તે નિષ્ઠુર વૈરાગ્યનો જ રસ્તો જોઈ શકે છે.

ઓગણીસ

બે વર્ષમાં ઘણું પરિવર્તન થઈ ગયું. સોનાઈપારનો પથ્થરવાળો રસ્તો ઢીંગ બજાર સુધી પહોંચી ગયો. રોજની બે બસસર્વિસ ચાલવા લાગી છે. લોકોનાં મન પણ અટપટાં થઈ ગયાં છે. લોકો સ્વાર્થી થઈ ગયા છે. દીકરી-વહુની નવી રીતની બદનામી થવા લાગી છે. પંચાયતીરાજ્ય થયું. પંચાયતના પ્રમુખની ચૂંટણી માટે ગામોમાં જૂથબંધી અને ઝઘડા વધી પડ્યા. મારામારી થઈ. ગામમાં ઈર્ષા અને દ્વેષથી જૂથબંધી વધી ગઈ. ઉત્તરકાંઠે પણ દક્ષિણકાંઠા જેવી ફાટફૂટ પડી ગઈ. સારા લોકોની વાત લોકો સાંભળતા નહોતા.

પાભચિલાના સરકારી દવાખાનામાં એમ. બી. બી. એસ. દાક્તર આવી ગયા. સોનાઈનું માછલી પકડવાનું સ્થાન સરકારે હજારો રૂપિયામાં લિલામ કરી દીધું. બીજી જગ્યાએથી આવેલા નવી રીતથી માછલી પકડનારાઓએ સોનાઈપરિયા માછીઓનો જીવનનિર્વાહનો ધંધો છીનવી લીધો.

સોનાઈપરિયા લોકોની વાતચીતમાં ફરક પડી ગયો. કામની રીત પણ કાંઈક જુદી થઈ ગઈ. શહેરમાંથી દૈનિકછાપાં આવવા લાગ્યાં. અનાજની દુકાનની સામે, લાઇબ્રેરીની સામે અથવા શાળાના આંગણામાં લોકો એકઠા થઈને છાપું વાંચવા લાગ્યા. એમ. એલ. એ. અને પ્રધાનોનાં નામથી સૌ પરિચિત થયા. સોનાઈપરિયામાં ઘણાંને રાજનીતિના દાવપેચની સમજણ પડવા લાગી. પ્રચલિત ભાષામાં કહીએ તો સોનાઈકાંઠે 'પોલિટિક્સ' આવી ગયું છે. ભાગીરથ વૃદ્ધ પેન્શનવાળાઓની એક સંસ્થાના પ્રમુખ બન્યા. આ બે વરસોમાં જ પારુલ અને પૂતલીનાં લગ્ન થયાં. હવે ઘરમાં કેવળ

ડાસાડોસી અને વાસંતી જ રહે છે. મથુરાનો ભાઈ નંદેશ્વર બાળપણથી જ શહેરમાં ભણ્યો હતો. એણે ઓવરસિયરી પાસ કરીને એક બીજા જિલ્લામાં નોકરી લઈ લીધી. એ પણ જુદો જ રહ્યો. એને ભવિષ્યમાં સોનાઈપરિયા બનવાની જરૂર નહીં પડે.

જેલમાંથી છૂટીને ભોગરામે એના મોટા નવા ઘરને દર મહિને કેટલાક સો રૂપિયાના ભાડે હમણાં જ સ્થપાયેલા 'સમૂહ ઉન્નયન કેન્દ્ર'ને ભાડે આપી દીધું. પોતે શહેરમાં એક ઘર બનાવી લીધું. પોતાના પૈસાથી એણે શહેરમાં એક રાઇસમિલ ખરીદી અને કપડાંની દુકાન પણ ખોલી. તરુલતાને પણ એ શહેરમાં લઈ ગયો. એ લોકોએ સોનાઈપરિયા જીવન છોડી દીધું.

ચારે બાજુના આ પરિવર્તન વિશે વાસંતીએ તો બીજાના મોઢેથી જ સાંભળ્યું. નણંદોના લગ્ન પછી પડોશીઓ પણ એને જોતાં નહીં. ભાગીરથ કાનૂનગોના ઘરની સ્થિતિ ખરાબ થઈ ગઈ. વાસંતીનો રંગ પીળો પડી ગયો. એની સુંદર આંખોની જ્યોતિ વ્યથાના ધુમાડાથી ઢંકાઈ ગઈ. પથ્થરમાં કોતરેલી મૂર્તિની જેમ એના સુંદર દેહનો જાણે કોઈ નિષ્ઠુર 'કાળા પહાડે' (વાર્તાનો ક્રૂર લૂંટારો) ધ્વંસ કરી દીધો ! બે વરસ વાસંતી આમ જ રહી. આમ જ રહેવાની એને ટેવ જેવું થઈ ગયું. પોતાનું દુઃખ બીજાને ન કહીને, જાતે સહન કરી લઈ બીજાની સહાનુભૂતિને પાત્ર ન બનવામાં જ જીવનની પરમ સાધના સમજવા લાગી. ખરાબ સ્થિતિએ એને ઊંડું જ્ઞાન આપ્યું, પરંતુ એક દિવસ અચાનક બધું ઊલટું થઈ ગયું. મનબડી નામની એક સ્ત્રીને કારણે જ વાસંતીમાં એક નવી આકાંક્ષા જાગી ઊઠી. એનું મન સજીવ બની ગયું. માટીના પટ પર ફૂલેલી-ફાલેલી લોહીમાંસની સ્ત્રીનું મન...

વીસ

દરંગિયાલથી લગભગ બે કિલોમીટર દૂર દોઇચિકલામાં મનબડીનું ઘર છે. ચાર બાળકોની મા. પતિ ઘરમાં બીમાર છે. ઘરના ભરણપોષણનો ભાર મનબડી પર જ છે. પહેલાં એ મોટા અધિકારીને ત્યાં ચોખા ખાંડતી, વાસણ માંજતી. એના ઘરથી અધિકારીનું ઘર દૂર હોવાને લીધે ત્યાંની નોકરી એણે છોડવી પડી.

પારુલ અને પૂતલીનાં લગ્ન પછી ભાગીરથ કાનૂનગોના ઘરનું કામ ભનિતા એકલી કરી ન શકી. વાસંતી તો મરજીમાં આવે તો કામ કરે, નહીં તો શેનેય હાથ ન લગાડે. એટલે કાનૂનગોએ મનબડીને રાખી લીધી. મનબડીને પગાર મળે છે. અધિકારીને ઘેર જે કામ કરતી હતી તે બધું અહીં પણ કરે છે, પરંતુ ધાનચાવલ નથી ખાંડતી. બે ગાયનું દૂધ દોહે છે, ગમાણ સાફ કરે છે ને વાસણ માંજે છે. વખત મળે તો શાકભાજી પણ સુધારી આપે. સવારે સૂરજના પહેલા કિરણ સાથે જ આવી જાય છે. બપોરે કાનૂનગોના ઘેર જ જમી લે છે. અને સૂરજ આથમતા પહેલાં દોઇચિકલા પાછી ચાલી જાય છે. કાનૂનગો અને ભનિતાને એ બહુ ગમે છે. એને જે જોઈએ તે મળે છે. એના ઘરમાં આવ્યા પછી જ વાસંતીના મુખ પર હાસ્યની ઝલક દેખાવા લાગી. મનબડીએ એના મનની ઘણીખરી શૂન્યતા દૂર કરી દીધી.

મનબડી વાસંતીને પોતાના ગામની વાતો કહે છે. મનબડી ઓછી નથી. એક નજીવી વાત પણ એની જીભ પર આવે એટલે મીઠી બની જાય છે. અને તે કેટલી બધી વાતો કરે છે! દરરોજ કોઈ ને કોઈ બનાવની વાત

એણે કહેવાની હોય જ છે. પરંતુ વાસંતીના પ્રશ્નો કાંઈક અજબ પ્રકારના હોય છે, 'ઠીક મનબડી, સોનાઈ ઉપર માંચડો બનાવીને, કાંટા નાખીને લોકો હજુ પણ માછલાં પકડે છે શું? ચોમાસામાં વાદળાં કાળાં થઈ જાય ત્યારે સોનાઈમાં માછલીઓ ઊછળે છે શું? એ વખતે દલઓપંગા જંગલમાં પક્ષીઓ કલરવ કરે છે શું? મોટા ખુલ્લા મેદાનમાં ગોવાળિયાઓ ભેંસની પીઠ પર બેસીને હજી પણ 'બનઘોષા' ગાય છે કે? 'કાતીબિહુ'માં ફસલ જોવા આવેલી છોકરીઓને ઝૂંટવી લઈને ભગાડીને લઈ જાય છે?' વગેરે. પરંતુ મનબડી આ બધા પ્રશ્નોનાં ઊંડાણ સમજી શકતી નથી. આવું બધું તો એના ગામની આસપાસ બનતું જ રહે છે. એમાં પૂછવા જેવું શું છે ભલા!

વાસંતી અને મનબડી ગૌશાળામાં કે બગાની ખુલ્લી જગામાં વાતો કરે છે. તાપને કારણે જ તેઓ બહાર વાતો કરે છે. સાધારણ રીતે એ બંનેની ખાનગી વાતો ખૂણાની ઓરડીમાં થાય છે. આ જ ઓરડીમાં પહેલાં કાંઈક સૂતર કાંતવાનો સામાન, તૂટેલાં ચામડાં, સુકાયેલી મોટી મોટી દૂધી રાખવામાં આવતી હતી. હવે ત્યાં આમાંનું કાંઈ નથી. હમણાં તો ત્યાં કેટલીક 'નોગાધારી' (એક પ્રકારની ચટાઈ) અને ત્રણ પાયા વિનાના પાટલા રાખેલા છે. આ ઓરડીમાં આ બંને સ્ત્રીઓની વાતો વધારે આત્મીયતાભરી બની જાય છે. પહેલે જ દિવસે બંને આ ઓરડીમાં આવતાં જ એકબીજાની નજીક આવી ગયાં. એકે બીજીને સારી રીતે ઓળખી લીધી.

મનબડીએ કહ્યું, 'બહેન, તમને ઈશ્વરે ઘણું દુઃખ આપ્યું. તમે આ રીતે કેમ દિવસો વીતાવી શકો છો?'

'કહેવાની વાત નથી બહેન. હવે તો આમ જ રહેવાની આદત પડી ગઈ છે. મનબડી, તું મને મારી કોઈ વાત નહીં પૂછે તો મને તારી સાથે વાત કરવાનું ગમશે.'

તે દિવસથી મનબડીએ એવી કોઈ પણ વાત પૂછી નહીં. વાસંતી વિશે એણે થોડીઘણી વાતો બીજાના મોઢે સાંભળી છે. વાસંતીને પોતાને મોઢેથી કશું જ સાંભળ્યું નથી. વાસંતી ભારે ઊંડી છોકરી છે, પરંતુ એકેય રીતે ખરાબ નથી. એની પસંદગી પણ સ્વતંત્ર છે. એક દિવસ કહેશે, 'મનબડી, કઠનાતલીથી ખોબો ભરીને શેફાલીનાં ફૂલ લાવજે.' મનબડી પૂછશે, 'શા માટે?' વાસંતી કહેશે, 'રાત્રે ઊંઘ ન આવે ત્યારે એની સુગંધથી જાગતાં

રહેવાનું સારું લાગે છે.' બીજે દિવસે કહેશે, 'મનબડી, બહેન મને યાદ આવે છે કે સોનાઈને સામે કાંઠે સંભવ ફુકનના ઘાટ પાસે એક મોટું કદંબનું ઝાડ છે. હવે તો કદાચ ઝાડની નીચે નાના નાના કેટલાય છોડવા ઊગી આવ્યા હશે. ત્યાંથી એક છોડ લાવીને મારી સામેની બારી પાછળ વાવી દેજે.' મનબડી કહેશે, 'ચોક્કસ.' અને તે કદંબનો છોડ રોપી દેશે. ક્યારેક વળી કોઈક દિવસ વાસંતી કહેશે, 'મનબડી, કાલ રાત્રે ઊઠીને હું ચુપચાપ ખળામાં પહોંચી ગઈ હતી. ઘણી વાર સુધી માટી પર જ સૂઈ રહી. ચાંદની એકદમ ખીલી હતી. માટીનું ઘર પણ કેવું લાગતું હતું!' મનબડી પણ ચાલાક છે. આવી વાત સાંભળીને તે હોઠ દબાવીને હસશે અને પૂછશે, 'બોળા ખુળુની(આસામની એક લોકકથાનાં નાયક-નાયિકા)ના રાતના સોનાના ઘર જેવું કે?' વાસંતી જવાબ દેશે, 'મર મૂઈ, તને બીજી કોઈ ઉપમા નથી મળતી?'

શરદકાળ, આસો મહિનો. દરંગિયાલ ગામમાં ભારે ધમાલ. આજથી રાસયાત્રાનો ઉત્સવ શરૂ થયો છે. હમણાંથી કાનૂનગો સાંજે ઘરમાં નથી રહેતા. વાસંતીને લાગે છે કે જાણે ખોલ, તાલ અને ગીતનાં પદ સાંજનું ઘેરું અંધારું દૂર કરી દે છે. (નામઘર બહુ દૂર નથી. થાપ, કનસ, ખોલ, મૃદંગનો અવાજ અને ગીતનાં પદ ઘરમાં બેઠાં જ સંભળાય છે.) ગીતપદ મનપ્રાણને કેવું મત્ત બનાવી દે છે! તિલકસૂત્રધારીનું વ્યાખ્યાન પણ પ્રાણ બેચેન કરી દે છે. 'બીરંદ બિપિન બિહાર વિશારદ ઇન્દુ પરકાશી...' એના પછી તરત જ ખોલના બોલ, "રિક્કા થેઈ થેવ્રા રિકતિ, રિત્તા થેઈ થેઈ થેનાખિતિ, થેના થેઈ તત્તા ખિતિ...'

આ શરદઋતુમાં જ મનબડી અને વાસંતી એકબીજાની વધુ નજીક આવી ગયાં. વાસંતીએ દુઃખથી પૂછ્યું, 'મનબડી, સાંજ પછી જ્યારે તું ચંદ્રની સાથોસાથ જ દોઈચિકલા જાય છે ત્યારે તારું મન ખીલી ઊઠે છે શું?'

'આવું શું પૂછે છે, હવે મારા એ દિવસો નથી રહ્યા દીકરી. ચાર છોકરાંની મા બની ગઈ છું. રસ્તે જતાં જાતજાતના વિચારો આવે છે. છોકરાંઓએ ખાધું હશે કે નહીં. કલીમનની પીડા ઓછી થઈ હશે કે નહીં. આવા બધા વિચાર કરવામાં જ રસ્તો કપાઈ જાય છે.'

'ના, તું જૂઠું બોલે છે. આ શરદઋતુ છે. ઘરની અંદર રહેવા છતાં

મનમાં થાય છે કે વૃક્ષો ફળફૂલના ભારથી ઝૂકી ગયાં છે. સોનાઈપારની 'ચાપરી'(નદીકાંઠાનું ઊંચું સ્થાન)માં કદાચ ચકવાચકવી ચૂગી રહ્યાં છે. માધવદેવે શું અમસ્તી જ આ પંક્તિ ભનિતા માટે રચી હતી? 'જલર જતેક મલ જેહેનો શરતકાલે સ્વભાવ તે નિર્મલ હોય.' (પાણીમાં જેટલો મેલ હોય છે તે શરદકાળમાં નિર્મળ બની જાય છે)

'હું એટલું ભણેલી નથી બેટી.'

શરદઋતુમાં સોનાઈપારિયા ગામ શરદના ફળ જેવું જ રસમય બની ગયું છે. ધાનના કોઠાર અને માણસોનાં મન પણ. બધું જ. સોનાઈપારમાં ગંગાચીલ જાણે પોતાની પાંખોમાં પ્રેમની વાર્તા લઈને આવ્યાં છે. વાસંતીનું અંતર પણ ભરાઈ ઊઠયું છે. બહારની નાની એવી દુનિયામાં મન લેવાદેવાની ભરતી ચડી છે. એટલે દર બેત્રણ દિવસે મનબડી વાસંતીને નવી નવી પ્રેમ-કહાણી સંભળાવે છે. યદુ સાતોલાની છોકરી ચંપાના હાથનું એક કંગન સોનાઈને કાંઠેથી મળી આવ્યું હતું. કહે છે કે એ સુધના સાથે છુપાઈને નદીકાંઠે બેઠી હતી. એ લોકો એકબીજામાં એટલાં મશગૂલ હતાં કે કંગન ક્યારે નીકળી ગયું તેની ખબર જ ન પડી.

'પિતાજી ઉત્સવમાં હતા ત્યારે મા રસોડામાં હતી. એ જ સમયે ધર્મેશ્વર ઘેર આવ્યો. મનમતીમાંયે પુરુષની ગંધ આવી. કોઈ કશું બોલ્યું નહીં. પરંતુ જ્યારે તે ઘેર પાછી આવી ત્યારે બધાંની નજર પડી. એનાં કપડાં પર કેટલીય જગ્યાએ સિંદૂરના ડાઘા હતા.'

'જૂનન સેંધાની વિધવા વહુએ એક વરસના છોકરાને લઈને કોઈના સાથે ભાગી જવું જોઈએ શું? જેના સાથે એ ગઈ છે, એ...'

'કાલ રાત્રે સુંદરની વહુ જે ઓરડામાં સૂવે છે તેની બારી કાપીને ચોર ઘૂસી આવ્યો હતો. દીકરો હમણાંથી ખેતરમાં રહે છે. સાંભળ્યું છે કે ચોરે ઘરેણાં-ગાંઠાં કે કપડાં-બપડાં કશું ન લીધું. આ તે કેવા પ્રકારનો ચોર? મૂળ વાત કંઈક બીજી જ છે. વહુ પોતાના ઓરડાનું બારણું બંધ જ નથી કરતી. કોઈક એક જણ નક્કી, અમારો 'બડસાજ' મોટે ભાગે રોજ આવે છે. કાલે ઘરનાં બીજાં લોકોએ વાતચીતનો અવાજ સાંભળ્યો. એ એકદમ નાસી ગયો.'

આ જાતની જુદી જુદી સોનાઈપરિયા વાતો સાંભળીને વાસંતીને

તૃપ્તિ થાય છે. છેવટની જે વાત મનબડીએ કહી તેથી વાસંતીને જરા પણ સંતોષ ન થયો. આ વાતનાં યુવકયુવતીએ એના મનમાં એક સ્વરૂપ ઘડી દીધું. એ લોકો માટે એના મનમાં ઊંડી સહાનુભૂતિ પેદા થઈ.

'દોઈ ચકલાના મગૂ બાયનની છોકરીનું નામ કાંચનમતી. એનું રૂપ એટલે સોનામાં સુગંધ. આખા દોઈચકલામાં એના નામની ધમાલ મચી ગઈ છે.'

'કેમ ?'

'એમાં ઘણી જાતની વાતો છે દીકરી. એમાંની અર્ધી તો સમજાતી નથી. મોસમની ભવિષ્યવાણી કહી શકાય. સોનાઈમાં એક પળમાં ડૂબકી લગાવનાર 'શિહૂ(પાણીમાં રહેનારું જાનવર)ને પણ જલદી ઓળખી શકાય છે, પરંતુ જવાન છોકરી શું ચીજ છે એ ઓળખી શકાતી નથી !'

'પણ થયું શું ?'

'બાયનના ઘરમાં પેલા ખેતીના ભાગીદાર લાંગલ ખેડૂત બાજૂની જાતજાતની વાતો સંભળાય છે.'

પહેલે દિવસે મનબડીએ આટલું જ કહ્યું કે, બાજૂ હીરાને મગૂ બાયને હાથોહાથ પકડી પાડ્યો. છેલ્લાં બે વરસથી બાજૂ એમના ઘરમાં મજૂરી કરે છે. છોકરો એકદમ સીધો છે. સારો ખેડૂત છે એટલે એ બાયનનો પ્રિયપાત્ર બની ગયો હતો. જાણે કે બાયનનો જમણો હાથ. બાજૂને કારણે જ બાયનના ખેતરનો પાક વરસે વરસે વધતો જાય છે. ગઈ સાલ ગોળાના ભીલા લગભગ બેસી. પણ નસીબ જ ઊંધું પડયું. બાજૂ અને કાંચનમતી ઊંડા પાણીમાં ફસાઈ ગયાં હતાં. એક દિવસ બપોરે મગૂ બાયને દલંગઘાટના બજારમાંથી આવીને જોયું તો બાજૂ કાંચનમતીના ઓરડામાંથી નીકળતો હતો. બાયન ગુસ્સાથી રાતોપીળો થઈ ગયો. એ છોકરીના ઓરડામાં શા માટે ગયો ? બાજૂના ગયા પછી બાયને વહુને કાંચનમતી વિશે પૂછ્યુ. એ પથારીમાં સીધી સૂતી છે. ઊંઘે છે. બપોર થયા પહેલાં જ છોકરીને ઊંઘ કેમ આવે છે, એની ખબર માને ન પડી, પરંતુ માબાપને જ વાતની જાણ પાછળથી થઈ. ગામના લોકો તો પહેલેથી જ ગુસપુસ કરતા હતા.

મનબડીએ કહ્યું, 'કાંચનમતીના સૂવાના ઓરડામાં જતાં જ મનમાં કંઈ કંઈ થઈ જાય છે. તમારા જેવડી સ્ત્રી તો એ ઓરડામાં જાય કે એનું અંગ ખળભળી ઊઠે.'

વાસંતીએ વ્યગ્રતાથી પૂછ્યું, 'તું શું બાયનને ઘેર જાય છે?'

મનબડીએ કહ્યું, 'ઘણી વાર જાઉં છું, પણ એનો ઓરડો એક જુદી રીતે જ શણગારેલો છે. દીવાલો ઉપર રંગબેરંગી ચિત્રો ટાંગેલાં છે. જોતાં જ શરમ આવે. કહે છે કે આ બધા ફોટાઓ અંગ્રેજી પુસ્તકોમાં હોય છે અને આ બધાં અંગ્રેજી પુસ્તકો ક્યાંનાં છે તે જાણે છે? બિરેન દુકાનદાર માલ વેચવા માટે રદ્દી કાગળો લાવે છે એમાંથી એકાદ આવું પુસ્તક નીકળી આવે છે. બાજૂ એ જ પુસ્તકોમાંથી ફાડીને એને આપે છે. એના ઓરડા-માં 'કંપો' (કેક્ટસના જેવું એક ફૂલ) ફૂલ પણ હોય છે. આજકાલ તો બકુલ, જૂઈની સુગંધથી એનો ઓરડો મહેકતો હોય છે.'

'ઠીક, હવે આ બધું રહેવા દે ને કહે કે મગૂ બાયને બાજૂને શું કહ્યું?'

'તે દિવસે તો કાંઈ ન કહ્યું. બીજે દિવસે એને માત્ર ચેતવણી આપી એટલું જ નહીં, પણ ખેતરનો ભાગ આપ્યા વિના એને કાઢી મૂક્યો.'

વાસંતીએ એક દીર્ઘ શ્વાસ લીધો.

થોડાક દિવસ મનબડીએ કાંચનમતીની વાત ન કરી. અગિયાર દિવસ પછી કહ્યું કે કાંચનમતીને બાપે મારી છે. માએ પણ એવી દબડાવી કે એનો જીવ જ નીકળી જાય. હવે કાંચનને જુદા ઓરડામાં સૂવા નથી દેતા. માની પાસે જ સૂવું પડે છે. રાત્રે મા હાથ ફેરવીને જોઈ લે છે કે છોકરી છે કે નહીં.

વાસંતીને બહુ જ ખરાબ લાગ્યું. એણે પૂછ્યું, 'હેં મનબડીબાઈ, જો બાજૂ સુંદર છોકરો છે તો કાંચનમતીને એની સાથે જ કાં પરણાવતાં નથી?'

મનબડી એકદમ જ બોલી ઊઠી, 'તું કેવી વાત કહે છે? બાયન શુદ્ધ 'કલિતા' (ઉત્તર ભારતના કાયસ્થ જેવા) જાતનો છે. એ ઉપરાંત મગૂ બાયન ગંધાર બાયન જેવા પ્રખ્યાત માણસનો દીકરો. અને બાજૂ હીરા (નીચા કુળ-નો માણસ) જાતનો એક જમાનામાં એની મા માટીનાં વાસણની ફેરી કરતી હતી. હીરાના છોકરા સાથે જો છોકરી ઘર માંડે તો બાયન વંશનું માન ક્યાં રહ્યું? અમારા જેવા માણસો માટે તો ઠીક છે, 'કૌંચ' અને 'કલિતા' વચ્ચે ફરક કેટલો? બાજૂ એક મામૂલી છોકરો. જમીનજાયદાદ કશું જ નહીં, માત્ર સોનાઈકાંઠે એક ઝૂંપડી છે.'

બાજૂ વિશે આ રીતની મનબડીની વાત વાસંતીને ગમી નહીં. એના દિલને આઘાત લાગ્યો, એણે કહ્યું, 'ઠીક બાઈ, તને શું આ જોડી માટે થોડી પણ સહાનુભૂતિ છે?'

મનબડી ચૂપ જ રહી.

એક પખવાડિયા પછી મનબડીને સોનાઈકાંઠે બાજૂ મળ્યો હતો. એણે કહ્યું, આ વખતે એ એક 'પૂરી' જમીન 'ભાગ'માં લઈ ને ખેતી કરશે. એણે એની સાથે વધુ વાતચીત ન કરી, પરંતુ બે દિવસમાં જ ફરીથી ધમાલ થઈ ગઈ. જ્યારે કાંચનમતીનાં બે કંગન ન જોયાં ત્યારે માએ એ વિશે પૂછ્યું. તે ચૂપ રહી. એને માર પડ્યો. એ માબાપને માટે ભારે મૂંઝવણ રૂપ બની ગઈ. તે દિવસથી એની સ્થિતિ તો વધારે દુઃખજનક બની ગઈ છે. એનો ઓરડો બહારથી બંધ કરી દીધો છે. એ સુકાઈને કાંટા જેવી થઈ ગઈ છે. માબાપને લાગ્યું કે આ રીતે પૂરી તે પહેલાં જ એ બાજૂને મળી હશે ને બંને કંગન એણે બાજૂને આપ્યાં હશે તે ચોક્કસ.

'બાજૂને કંગન શા માટે દેવાં પડે મનબડી?'

'પ્રીતની રીત સમજવાનું ભારે કઠણ છે બેટી. ખેતીનો ભાગ ન દેવાના કારણે બાજૂની સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી. એ શું ખાય? હવે જો અર્ધી ખેતી કરશે તોયે પાક તો પછી થવાનો. એની હાલત ખરાબ છે. આ મહિનામાં એ બે વાર શહેર જઈ આવ્યો. એક વાર મને દલંગઘાટ પર મળ્યો. બીજી વાર હાથીચૂગમાં. એનું આ રીતે શહેરમાં જવાનું જોઈને લાગે છે કે એ કંગન વેચીને જ બચી ગયો છે. સોનાઈ હરસાલ ખાતર લાવે તેથી શું? અહીં પણ ધાનના પૈસા પડે છે. બત્રીસ રૂપિયે ક્વિટલ. આ મૈમનસિંગિયા લોકોએ શણની ખેતી કરી તેથી કદાચ ધાનની કિંમત વધી છે. આ લોકો વધેલી કિંમતે શણ વેચી, ધાન ખરીદીને ખાય છે.'

મનબડીએ આ બધી વાતો દુઃખથી કરી હતી. સોનાઈકાંઠે શું હતું ને હવે શું થઈ ગયું! એક વખત હતો જ્યારે દૂધ એમ જ મળી જતું હતું. હવે તો દૂધ દેવતાઓની ચીજ બની ગયું છે. હવે અહીં કૂટેલું ધાન એક કિલો જેટલુંય અમસ્તું નથી મળતું. સોનાઈ પર પુલ બની ગયો છે. પાકા રસ્તા પર મોટર-બસો ચાલવા લાગી છે. ઘણાએ ઉન્નતિ થયાની વાત ખૂબ ગર્વપૂર્વક કરી છે, પરંતુ શું સાચા અર્થમાં ઉન્નતિ થઈ છે? લોકોની સંખ્યા તો વધી

ગઈ છે, પરંતુ ખેતીની જમીન વધી નથી. પહેલાંની જેમ હવે ખેડૂતો વેપારીને અનાજ વેચી નથી શકતા. જે ઘરના માણસો ધાન વેચી શકે છે એ જ ઘરના લોકોનો બીજો પણ ધંધો છે. દોઇચિકલાના બાયન દર વરસે સો ક્વિંટલ ધાન વેચે છે. શહેરમાં એનો છોકરો નાજીર પણ કામે લાગેલો છે. જમીનની અછતને કારણે હવે સોનાઈપરિયા લોકોને અન્ય સ્થાનો પર જવું પડે છે. કેટલાક માણસો કાશી જઈને વસ્યાં છે. એક સાથે અગિયાર ખોલ વગાડનારા, વાંસળીમાં ફૂંક મારીને છોકરીને બાઉલ બનાવી દેનારા ખૂબસૂરત યુવાનો પણ હવે શહેરમાં પટાવાળા તરીકે જોડાઈ ગયા છે.

'તો તું શું માને છે? શું એ લોકો આમ જ રહેશે? આટલું દુઃખ એ લોકો કેવી રીતે સહન કરી શકશે? જાણે છે મનબડી, કે માનવજીવનમાં મોકો એક જ વાર આવે છે? એ લોકોએ વધુ મોડું કરવું ઠીક નથી.'

આટલું બોલીને વાસંતીનું મન ડૂસકાં ભરવા લાગ્યું. એની આંખો સજળ બની ગઈ. મનબડીને વિચાર આવ્યો કે કાંચનમતી અને બાજૂ તક જોઈને કામ કાઢવાનું વિચારશે તો એમને પણ આ રીતે જ રહેવું પડશે, જેવી રીતે વાસંતીને આખી જિંદગી પિંજરાના પંખીની જેમ રહેવું પડે છે.

'વાસંતી, મેં ખૂબ વિચાર કર્યો. કાંચનમતીને હવે આ જન્મે વધુ શાંતિ નહીં મળે. એ યમરાજ જેવા માબાપના હાથમાં પડી છે'

'મને તો ભરોસો નથી આવતો મનબડી. એ લોકો જરૂર કોઈ ને કોઈ દિવસે જાગી જશે. મેં આ બધી વાતો સાંભળી છે તારે જ મોઢે, પણ હું એમને તારા કરતાં વધુ સમજું છું.'

બીજા એક દિવસે મનબડીએ આવીને કહ્યું કે બાજૂ કરજ માટે પૈસાની શોધમાં ફરે છે. કહે છે કે વરસ પછી પાછા આપી દેશે. ઉત્તર આસામમાં કેટલાંક નવાં નવાં સ્થાનો પર ભૂગર્ભમાં તેલ મળ્યું છે. એ બધી જગા પર હજારો મજૂરો કામ કરે છે. એ લોકો તેલ કાઢવાના પાઇપ જમીનમાં બેસાડી દે છે. મકાન વગેરે બનાવવા માટે પણ ઘણા લોકોની જરૂર છે. રોજના પાંચ-છ રૂપિયા મજૂરી મળી જાય છે. શહેરમાં જઈને બાજૂએ તપાસ કરી છે કે એને દાડિયાનું કામ સહેલાઈથી મળી જશે, પણ ત્યાં જવા માટે પૈસા જોઈએ અને કોઈ એને ઉધાર દેતું નથી.

આ સાંભળીને વાસંતીને બહુ સારું લાગ્યું. બોલી, 'હવે હું સમજી ગઈ

મનબડી, એ લોકો હવે જરૂર ભાગી જશે. એ ઉત્તર આસામ જતી વખતે એને પણ સાથે લઈ જશે. મને એ વિશેની પાકી ખાતરી છે.'

મનબડીએ કહ્યું, 'મને આ બધી વાતની શી ગમ પડે ભલા! હું પણ કોઈ દિવસ પ્રેમને વશ થઈ કોઈની સાથે ચાલી આવી હતી. આવા બધા દાવપેચની મને સમજ નહોતી. આજે પણ એવી કશી ખબર નથી.'

એક સપ્તાહ પછી મનબડીએ આવીને કહ્યું કે ચાબુકધરાના લોકો કાંચનમતીને વીંટી પહેરાવી ગયા છે, અને વૈશાખની ચોથે લગ્ન થવાનાં છે. આ સાંભળીને પણ વાસંતી હતાશ ન થઈ. એણે કહ્યું, 'મારી વાત યાદ રાખજે મનબડી, એ લોકો જરૂર ભાગી જશે. તેઓ માત્ર મોકો મળવાની રાહ જુએ છે.'

'તમને કેમ ખબર પડી ?'

'કાંચનમતી બીજાની વીંટી પહેરીને મુખ હસતું રાખશે. એટલે એનાં માબાપ સમજશે કે એણે બાજૂને છોડી દીધો છે. અને તેથી તેઓ વધુ ધ્યાન નહીં રાખે. એમની શંકા પણ દૂર થઈ જશે. એના પરની કડક નજર ઢીલી કરશે. લગ્ન કરનાર છોકરી પર માબાપનો પ્રેમ વધારે હોય છે. આવી સગવડમાં તેઓ ભાગી જશે. જો તેઓ આવી તકનો લાભ નહીં ઉઠાવે તો આખી જિંદગી પસ્તાશે. મારા જેવી સ્થિતિ થઈ જશે.'

આ બધી વાતો વાસંતી એવા આવેગથી કહેતી હતી કે જાણે અદૃશ્ય દેવતા સામે પોતાના જ ભાવ વ્યક્ત કરતી હોય. મનબડીની હાજરી જ ભૂલી ગઈ. એને પોતાના વિશેની કોઈને ન કહેવા જેવી વાત અજાણ્યે એના મોંએથી નીકળી પડી હતી. તે પળે એ ચોંકી ઊઠી. હોઠ સુકાઈ ગયા. આંખો બંધ કરી દીધી. મનબડી એની આ કરુણ હાલત જોઈને અવાક થઈ ગઈ હતી અને વાસંતીના જીવનનો આભાસ પામી ગઈ હતી. એને વાસંતીને ઘણી વાતો પૂછવાનું મન થતું હતું. પરંતુ પૂછી ન શકી. એનું હૃદયદ્રાવક દુઃખ અને વળી આવી સ્થિતિમાં બીજી વાતો પૂછીને એને દુઃખ દેવું એ પડેલા ઘા પર મીઠું ભભરાવવા જેવું થશે. વાસંતી શાંતિથી રહે, ઈશ્વર એના પર કૃપાદૃષ્ટિ રાખે, દુઃખ સહી સહીને અચાનક એને શાંતિનો પથ મળી જાય!

તે દિવસે આટલું જ બન્યું.

બીજે દિવસે વાસંતીએ ખૂબ ગંભીરતાથી પૂછ્યું, 'તું એકલી શહેરમાં

જઈ શકશે ?' મનબડીએ કહ્યું, 'કેમ નહીં ? આજકાલ તો મોટર-બસના જમાનામાં શહેર જવાનું ભારે સહેલું બની ગયું છે. ગયે વરસે જમીન લિલામ થવાની હતી ત્યારે હું એકલી શહેરમાં ગયેલી.'

'તો સારી વાત. શહેરમાં જઈને તારે એક ચીજ વેચવી પડશે. શા માટે વેચવા ઇચ્છું છું એ વિશે કશું ન પૂછતી.'

આટલું કહીને એ એના સૂવાના ઓરડામાં ગઈ. પેટીમાંથી બે કંગન લાવીને મનબડીના હાથમાં આપી દીધાં. ક્યાં અને કેવી રીતે વેચવાં જોઈએ તે પણ કહ્યું, 'શહેરમાં વડના વૃક્ષની પાસે એક લાલ રંગનું પાટિયું લગાડેલી સ્કૂલ છે, એથી બે ડગલાં આગળ જતાં જ એક સોનીની દુકાન નજરે પડશે.' મનબડી જેવી સ્ત્રીને ભારે કંગન વેચતાં પકડાઈ જવાનો કશો ડર નથી, કારણ કે એ સોની ચોરીનો માલ જ ખરીદે છે.

બે દિવસ પછી મનબડીએ કંગન વેચીને જે રૂપિયા મળ્યા હતા તે આપી દીધા અને કહ્યું, 'બાજૂ પૈસા માટે ચારે તરફ રખડે છે, ક્યાંયથી રૂપિયાનો જોગ ખાતો નથી.'

વાસંતીને જાણે આરામ મળી ગયો. પહેલાંની જેમ જ ગંભીર થઈને બોલી, 'પાછળના બાગનાં બધાં શાકભાજી ઉખાડીને ફેંકી દેવા જેવાં થઈ ગયાં છે. એ જ સ્થાન પર ખોદીને આદું-હળદર વાવવાનું સારું પડશે. તું આ વાત કાનૂનગોને કહેજે એટલે તેઓ તને કોઈ માણસને લાવવાનું કહેશે. પછી તું ખોદવા માટે બાજૂને બોલાવી લાવજે. મને એની સાથે વાત કરવાની ઇચ્છા થઈ છે. એને જોવાનું પણ મન છે.'

કહ્યા પ્રમાણે બાજૂ જમીન ખોદવા માટે પાછળના બગીચામાં આવ્યો. વાસંતીએ બાજૂ સાથે વાતચીત કરી પહેલાં તો બાજૂને ભરોસો જ નહોતો પડતો કે પૃથ્વી પર આટલી હમદર્દ સ્ત્રી પણ હોઈ શકે છે.

'તારા વિશેની બધી વાતો સાંભળી લીધી છે.'

બાજૂ શરમનો માર્યો કશું ન બોલ્યો. વાસંતી પાછી બોલી, 'ઉત્તર આસામ ક્યારે જઈશ ?'

'કાંઈ નક્કી નથી. ઘણા રૂપિયા જોઈએ. એમ જ થોડા દિવસ ચલાવવાની વાત નથી. તોપણ વૈશાખ પહેલાં જવું પડશે.'

'એને પણ સાથે લઈ જઈશ ?'

'એવું વિચારું તો છું.'

વાસંતીનું મન હસી ઊઠ્યું. ત્યાર પછી જ એમની વાતચીત સહજ બની ગઈ. વાસંતી પાસે આંસુ સારતા બાજૂને મનબડીએ દૂરથી જ જોયો. મનબડીને શંકા ગઈ કે કદાચ વાસંતી એના અતીત જીવનની સમાન વાત બાજૂને કહીને પોતાનું દુઃખ હળવું કરતી હશે, કારણ કે કંગન વેચીને મેળવેલા સિત્તેર રૂપિયા બાજૂના હાથમાં દેતાં વાસંતી જે બોલી તે મનબડીએ સાંભળ્યું, 'જેટલું જલદી થાય એટલું જલદી કરજે. મોડું થવાથી એનું મન બદલાઈ જઈ શકે. તને પણ સગવડ ન મળે. સમજી લે બાજૂ કે જીવનમાં મોકો એક જ વાર આવે છે. મારા જેવી મોકો આપનારી સ્ત્રી ક્યાંય નહીં હોય.'

બાજૂ સાંજ સુધીમાં ચાલ્યો ગયો. મનબડીને વાસંતી માટે ભારે અજાયબી લાગી. એણે અચકાતાં પૂછ્યું, 'ઠીક, પણ જો એ બંને નાસી જાય તો એમાં તમને શો લાભ?'

વાસંતીએ ગંભીરતાથી કહ્યું, 'માણસ શું માત્ર લાભ-ગેરલાભ જોઈને જ કામ કરે છે? એમની વાત સાંભળી ત્યારથી હું વિચારતી હતી કે ભગવાન એમનું ભલું કરે અને મને એ બંનેના નાસી જવાની ખબર સાંભળવાની પ્રબળ ઇચ્છા થાય છે.'

વૈશાખ આવ્યો નહોતો, ફાગણના ચાર દિવસ જ વીત્યા હતા કે કાંચનમતી મગૂ બાયનને છેતરીને બાજૂ સાથે ક્યાંક ચાલી ગઈ. મનબડીના કહેવા પ્રમાણે સોનાઈનાં માછલાં-કરચલાંને પણ ખબર ન પડે તે રીતે એ લોકોએ અર્ધી રાત્રે સોનાઈ પાર કરી દીધી. લોકોને કશી જ ખબર ન પડી. તેઓ ક્યાં ગયાં છે એ વાત માત્ર વાસંતી અને મનબડી જ જાણે છે. વાસંતીની આંખમાંથી આનંદનાં અશ્રુની ધાર વહેવા લાગી.

કાંચનમતીના ગયા પછી વાસંતીના મનમાં ઘણું પરિવર્તન આવી ગયું. પહેલાં એ ચુપચાપ જ દુઃખ સહન કરતી હતી. હવે એ બેચેન બની ગઈ. ધનંજયનો વિચાર ફરીથી મનમાં આવવા લાગ્યો. વિચાર્યું કે પહેલી વાર કરતાં હવે મનને વધુ કઠણ બનાવવું પડશે. પોતાની પ્રતિષ્ઠાની વાત ભૂલી જવી પડશે. સાસુસસરાની માયા પણ છોડી દેવી પડશે.

મનબડી સાથે એની દોસ્તી વધુ ગાઢ થઈ ગઈ. એને પાકો ભરોસો થયો

કે મનબડી ખૂબ જ વિશ્વાસપાત્ર સ્ત્રી છે અને એને પ્રેમ પણ કરે છે. એક દિવસ ખૂબ આવેગપૂર્વક એણે મનબડીને પોતાની બધી વાત કહી દીધી. મનબડી પાસે એને જરાસરખો સંકોચ ન થયો. મથુરાને પણ એણે બધી સાચી વાત કરી હતી, પરંતુ પૂરી વાત નહોતી કરી. આજે આખી સત્ય હકીકત બીજા માણસને કહ્યા પછી એનું મન હળવું થઈ ગયું. મનબડીએ પણ વાંસતીની ઇચ્છાનું સમર્થન કર્યું.

'મનબડી, તું એમને ઓળખે છે શું?'

'હું તો ઓળખું છું, પણ એ મને નથી ઓળખતા.'

'તો પછી એક કામ કર. હું તને એક પત્ર આપીશ. ગમે તે રીતે એ તું એમને આપી દેજે. પણ ધ્યાન રાખજે કોઈ ને ખબર ન પડી જાય.'

મનબડીએ વચન આપ્યું. એ પાભચિલા જઈને એકલી ધનંજયને મળી અને વાસંતી વિશે બધું કહ્યું. ધનંજય ભારે ચિંતામાં પડી ગયો. મનબડીએ આપેલો પત્ર કેટલીય વાર વાંચ્યો, 'પ્રિય ધનંજય, છેલ્લી વાર મળ્યા ત્યારે મને ખબર પડી ગઈ હતી કે તું પણ મારી જ જેમ જિંદગીમાં દુ:ખી થઈ રહ્યો છે. મનબડી મારા વિશે બધું જ કહી દેશે. આપણે હજુ બુઢ્ઢાં નથી થયાં. હજુ તો ઘણા દિવસો જીવવાનું છે. બાકી રહેલી જિંદગી આપણે શું આવી રીતે જ વીતાવીશું? શું આ બાબતનો કાંઈ ઉકેલ ન થઈ શકે? ઘણાં પુસ્તકો વાંચ્યાં, તોપણ પુનર્જન્મના પુણ્ય અંગે મને પૂરો વિશ્વાસ ન બેઠો. જે ઈશ્વરે આ જન્મમાં આવો નિષ્ઠુર વ્યવહાર કર્યો છે એ જ ઈશ્વર બીજા જન્મમાં સુખ આપશે એવો વિશ્વાસ કોણ કરી શકે? હું માનું છું કે હું તમારી બની ગઈ છું એ સાંભળીને લોકો હતપ્રભ બની જશે. પરંતુ...'

ધનંજયને જિંદગીનું સૌથી મોટું આશ્ચર્ય થયું. છેલ્લી વાર જે વાસંતીને આટલી સહનશીલ માની હતી, જે વાસંતીએ મનની દારુણ સ્થિતિમાં પણ હિંદુ વિધવા કહીને ગર્વ અનુભવ્યો હતો અને મનની યાતનાને આજીવન સહી લેવાની દૃઢ ખાતરી જેની આંખો અને મુખ પર દેખાઈ હતી, એ જ વાસંતીના મનનું આકસ્મિક પરિવર્તન, અદમ્ય હિંમત, સામાજિક મૂલ્યને તુચ્છ કરવાની પ્રબળ ઇચ્છા અને એની બની જવાની વ્યાકુળતાનો આભાસ જોઈને તે મહાસંકટમાં પડી ગયો, પત્ર હાથમાં ધ્રૂજવા લાગ્યો. કપાળ પર પસીનો વળી ગયો. મનબડીને કાંઈક કહેતાં કહેતાં અટકી ગયો. લાચાર

બનીને થોડી વાર બેસી રહ્યો.

એક અજાણી આશંકાએ મનબડીને બેચેન બનાવી દીધી. આખરે અચકાતાં અચકાતાં ધનંજયે ધીમેથી કહ્યું, "હું આજે બીજો પત્ર નહીં આપું. તું કહેજે, હું વિચાર કરું છું. કેવી રીતે શું વ્યવસ્થા કરવી પડશે એ વિશે હું જાતે દરંગિયાલ આવીને વાત કરીશ. હું પરમ દિવસે ત્યાં આવીશ.'

મનબડીએ બધી વાત વિગતથી કહી. વાસંતીની ચિંતા વધી ગઈ. તો શું છેવટે એનું પોતાનું જ અપમાન થયું? શું એણે એને સ્વાર્થી અને ચારિત્રહીન માની હશે?

બે દિવસ, બે રાત વાસંતીએ ખાવું, સૂવું છોડી દીધું. ધનંજય એના કહેવા પ્રમાણે એની પાસે ન આવ્યો, તેથી એના કહ્યા વિના જ મનબડી પાભચિલા ગઈ. ત્યાં બધી વાત સાંભળીને એને ખૂબ જ નિરાશા થઈ. સોનાઈના ઉત્તરકાંઠાના લોકો જેને દેવતા સમજતા હતા એ જ ધનંજય બરુઆ પોતાનાં ઘરબાર, મઝુઆ મહલદારને વેચીને ક્યાંક ચાલ્યો ગયો છે. ક્યાં ગયો તેની કોઈને ખબર નથી, કોઈને કશું કહીને નથી ગયો. માત્ર પાભચિલા ગામના મુખીને એટલું કહ્યું છે કે પોતે હવે પાભચિલા કે સોનાઈ-કાંઠે ક્યારેય નહીં આવે.

મનબડીને હતું કે આ વાત સાંભળતાં જ વાસંતી મૂર્છિત થઈ જશે, પરંતુ આ સાંભળીને એણે માત્ર એક વાર ઊંચે જોયું. આખું આકાશ જાણે પીળું પડી ગયું હતું. બંને આંખે આંસુથી છલકાઈ ગઈ. મનબડીને કશું જ કહ્યા વિના તે બિલ્લીના બચ્ચાની જેમ એના સૂવાના ઓરડામાં ચાલી ગઈ અને અંદરથી બારણાંની સાંકળ વાસી દીધી.

ત્યાર પછી વાસંતીએ મનબડી સાથે વાત કરવાનું પણ બંધ કરી દીધુ. પહેલાંની જેમ મૌન રહેનારી કન્યા જેવી થઈ ગઈ. સસરાની અભરાઈ પર રાખેલાં પુસ્તકો એ પોતાના ઓરડામાં લઈ આવી. ગંગાચીલની પાંખોમાં છ ઋતુઓના રંગ લાગ્યા, જીવનનાં સ્પંદન અનુભવવા માટે અને ઘટાદાર પાંખો ફફડાવવા માટે સોનાઈ ઉપર ગંગાચીલ નદીની માછલીનું નિશાન તાકીને ઝપટ મારે છે. નદીની માછલીઓ તરતી તરતી આગળ વધે છે.

ગંગાચીલની પાંખની હવા વાસંતીના દેહને સ્પર્શી જાય છે, પરંતુ એ નિશ્ચલ બેસી રહી છે. સુંદર સોનાઈ પહેલાંની જેમ વહ્યા કરે છે.